ક્ષુબ્ધતા–ઉદાસીનતાથી ઘેરાયેલ માનવી મહેંકભર્યા–સુવાસછલકતા વાતાવરણમાં પ્રવેશ કરે યા એની આસપાસ **મહેંક**નો માહોલ ફેલાઇ જાય તો ક્ષણભર એ ક્ષુબ્ધતા–ઉદાસીનતાથી દૂર થઇ જઇ પ્રસન્નતાની છાલક અનુભવે. બાહ્ય સ્તરની **મહેંક**નો પણ આવો અસ્થાયી પ્રભાવ હોય છે ખરો. સમાજજીવનમાં પુષ્પોને–ધૂપને–અત્તરને જે વિપુલ સ્થાન મળે છે તેનાં અનેક કારણોમાં એક કારણ આ પણ છે.

ગુલાબપુષ્પ હો, અગરુ ધૂપ હો કે આલા દરજ્જાનું અત્તર હો : **મહેંક** આ ત્રણે ય પ્રસરાવે છે. પરંતુ થોડું ચિંતન કરીએ તો સમજાશે કે **મહેંક** આપનાર આ ત્રણે ય પદાર્થોની શૈલી અલગ અલગ છે. ગુલાબ કંટકોની પીડા સહન કરી કરીને સુવાસ ફેલાવશે, ધૂપસળી બળી જઇને–ફના થઇ જઇને સુગંધ રેલાવશે, તો અત્તર પોતાનું અસ્તિત્વ અદશ્ય રાખીને **મહેંક** પ્રસરાવશે. પોતાની આ શૈલી દ્વારા તેઓ માનવીને મસ્ત સંદેશ આપે છે કે સહિષ્ણુ બનીને સત્કાર્યોની સુવાસ ફેલાવો, ફના થઇ જઇને ય સદાચારની સુગંધ રેલાવો અને અદશ્ય રહીને–ગુમનામ રહીને સેવાની **મહેંક** પ્રસરાવો.

- આચાર્ય વિજય રાજરત્નસૂરિ

(આ પુસ્તકનાં 'લેખકીય નિવેદન'માંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171

મહેંક

આચાર્ય વિજય રાજરત્નસૂરિ



# મહેંક

આચાર્ય વિજય રાજરત્નસૂરિ

# સાહિત્યયાત્રાનો સત્કાર

પૂજ્યપાદ શાસનપ્રભાવક
આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા. !
સાદર વંદના.

આપના માસક્ષમણપારણોત્સવે પ્રગટ થયેલ ત્રણે ય પુસ્તકો મળ્યા. આપની સાતત્યસભર સર્જનયાત્રાનાં અનુમોદક તો હતા જ. પરંતુ પ્રત્યક્ષ દર્શક પણ બન્યા.

વિશેષ... 'પર્યુષણાનો પયગામ' માટે કહીશ કે એક જ ગ્રંથના આધારે આટઆટલાં વર્ષો સુધી વિષયોનું વૈવિધ્યસભર ચિંતન આપના કહેવા પ્રમાણે ભલે 'એ મહાન શાસ્ત્રકારોની કમાલ' ગણાતી હોય... કિંતુ એ આપની ચિંતનસજ્જતાનું પરિચાયક છે!

પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ.ભ.શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.નો જીવનપ્રસંગ આપની ગુણાનુરાગદષ્ટિનાં દર્શન કરાવે છે. ખૂબ ગમ્યું.

- પૂ.આ. શ્રી ઉદયરત્નસૂરીશ્વરજી મ.સા.
(ડહેલાવાળા સમુદાય)

श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नमः
श्री शत्रुञ्जय-दिव्यवसन्तधाममण्डनआदिनाथाय नमः
श्री धर्मसूरिं प्रवरं नमामि * श्री गौतमगणधराय नमः * सूर्योदयं सूरिवरं नमामि

# મહેંક

લેખક

પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક
વ્યા.સા.ન્યા. તીર્થ પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર
સિદ્ધહસ્તસાહિત્યકાર શતાધિક ગ્રન્થસર્જક તેજસ્વીવક્તા
શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક

શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી - ડભોઈતીર્થ

ધર્મકૃપા પ્રકાશન * પુસ્તક ક્રમાંક-૧૯૮

**પ્રકાશક :**

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ**
**શ્રી પરિમલભાઈ સી. શાહ**
બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે, જૈન મંદિર પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

**પ્રાપ્તિસ્થાન :**

**શ્રી વિશાલભાઈ ડી. ગાલા**
બી-૧૪/૪૦૧, સૂર્યદર્શન, આનંદ નગર,
સી.એસ. રોડ, દહિંસર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૮.
મો.: ૯૮૩૩૦૦૬૧૬૪ / ૮૬૫૫૮૭૧૫૦૩

**પ્રકાશનતિથિ તથા સ્થળ :**

શ્રાવણ શુદિ-૧૧, તા. ૫-૮-૨૦૨૫.
પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનો ૧૨૨મો જન્મદિન.
પંકજ જૈન સંઘ - અમદાવાદ

**પ્રથમાવૃત્તિ પ્રત :**

૧૫૦૦

**મૂલ્ય :**

રૂા.૧૦૦

**મુદ્રક :**

**જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.**
૩૫૨/૫૪, ગીરગામ રોડ, મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન : ૪૩૬૬ ૭૧૭૧**

SAIYAM GOLDEN SERIES

50

*Aa. Rajratnasmri*

SAIYAM GOLDEN YEAR

# આનંદો...આનંદો...આનંદો

પૂજયપાદ શતાધિક ગ્રન્થસર્જક સિદ્ધહસ્તસાહિત્યકાર

**આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** ના

સંયમ સુવર્ણવર્ષનો પ્રારંભ વિ.સં.૨૦૮૪માં થાય છે.

તે વર્ષે પૂજયશ્રીની સાહિત્યયાત્રા

૧૨૫ પુસ્તકોનો MILE STONE પસાર કરશે.

પૂજયશ્રીના સંયમસુવર્ણવર્ષે પૂજયશ્રી તથા શિષ્ય - પ્રશિષ્યરત્નો દ્વારા સંસ્કૃત-પ્રાકૃત-ઈંગ્લીશ-ગુજરાતી ભાષામાં નવસર્જિત કુલ **50** પુસ્તકોનું પ્રકાશન થશે. તે સાથે ધર્મકૃપા ટ્રસ્ટની સાહિત્ય પ્રકાશનયાત્રા **265** પુસ્તકોનો MILE STONE પસાર કરશે.

## હાર્દિક અનુમોદન ...

શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાં
પૂજ્યપાદ શાસનપ્રભાવક
આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. એ
સ્વયં કરેલ માસક્ષમણ તેમજ પાલિતાણા
સંઘના 27 સહિત 123 માસક્ષમણ નિમિત્તે
પૂ.આ.ભ.શ્રી ધર્મરત્નસૂરિજી મ.સા. ની
પ્રેરણાથી શ્રી પાલિતાણા જૈન સંઘ

તથા

પૂજ્યપાદ શાસનશણગાર શતાધિક ગ્રન્થસર્જક
આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.
આદિની નિશ્રામાં વડોદરાશહેરમાં
વિ.સં.૨૦૭૯માં થયેલ 457 માસક્ષમણોની
અનુમોદનાર્થે
પૂ.સા.શ્રી વિશ્વધર્માશ્રીજી મ. ની પ્રેરણાથી
શ્રી મકરપુરા જૈન શ્વે.મૂ.ત.સંઘ-વડોદરા
તરફથી આ પ્રકાશનમાં ઉદાર લાભ
લેવાયો છે. પુણ્યવાન દાતાનું
હાર્દિક અનુમોદન.

– પ્રકાશક



Book No. 105 MAHEK / Mahek Starting Page / 3 June 2025    A-B-C-D Bhagwan photo PAGE aavshe



દર્ભાવતીતીર્થાધિનાયક પ્રાચીન અને પ્રભાવશાલી અર્ધપદ્માસનસ્થ

# શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

दर्भावतीमण्डलमण्डनं यो, निःशेषभूमीतलभूषणं यः ।
स्वरूपसम्पत्तिनिकेतनं य,–स्तं लोढणं पार्श्वजिनं स्तुवेऽहम्।।



ધર્મધામતીર્થાધિનાયક ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા

## શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન


श्री धर्मधामवरतीर्थपतिं गुणाढ्यं,
पार्श्वेश्वरं प्रवरनीलमणिप्रभाढ्यम्।
विश्वेश्वरं सकलमङ्गलगौरवाढ्यं,
नागेश्वरं जिनवरं प्रणमामि नित्यम्॥



ધર્મ–સૂર્યોદયધામતીર્થમંડન ચૌદ ફુટ ઉત્તુંગ પીતવર્ણા

## શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન

श्री धर्मसूर्यवरधाम्नि विराजमानं,
ध्यानस्थितं च दशहस्तमयप्रमाणम्।
स्वर्णप्रभं भविनतं भवसिन्धुयानं,
जीरावलाजिनवरं प्रणमामि नित्यम्॥




श्री शत्रुंजययुगादिदेव दिव्यवसन्तधामतीर्थमण्डन

# श्री आदिनाथ भगवान

तीर्थे स्थितं प्रवरदिव्यवसन्तधाम्नि, भक्त्योल्लसद्–भविकवृन्दसुसेव्यमानम् ।
शत्रुञ्जयाधिपतिरूप–समानरूपं, श्रीमद्‌युगादिजिनदेवमहं नमामि ।।


જૈનશાસનના મહાન જ્યોતિર્ધર ૧૩૫ જિનાલયપ્રણેતા પૂજ્યપાદ યુગદિવાકર



## આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

पुण्यप्रभाढ्यं गुणगौरवाढ्यं, श्री धर्मसूरिं प्रवरं नमामि ।
तेजश्छविं ज्ञानरविं नवीनं, सूर्योदयं सूरिवरं नमामि ।।

વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પ્રૌઢપ્રભાવશાળી પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક



## આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

श्री लोढण नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जययुगादिदेवदिव्यवसन्तधाममण्डनआदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि ✻ श्री गौतमस्वामिने नम: ✻ सूर्योदयं सूरिवरं नमामि

# મારું જીવન સુગંધી બને ...

## ... લેખકીય નિવેદન ...

**મહેંક કહો કે સુવાસ :** એ વાતાવરણને તો લિજ્જતદાર બનાવે જ છે. ઉપરાંત એની અસર, ભલે થોડો કે વધુ સમય, માનવીનાં મન પર પણ સર્જાતી હોય છે. 'ક્ષુબ્ધતા-ઉદાસીનતાથી ઘેરાયેલ માનવી મહેંકભર્યા-સુવાસછલકતા વાતાવરણમાં પ્રવેશ કરે યા એની આસપાસ મહેંકનો માહોલ ફેલાઇ જાય તો ક્ષણભર એ ક્ષુબ્ધતા-ઉદાસીનતાથી દૂર થઇ જઇ પ્રસન્નતાની છાલક અનુભવે. બાહ્ય સ્તરની મહેંકનો પણ આવો અસ્થાયી પ્રભાવ હોય છે ખરો. સમાજજીવનમાં પુષ્પોને-ધૂપને-અત્તરને જે વિપુલ સ્થાન મળે છે તેનાં અનેક કારણોમાં એક કારણ આ પણ છે.

ગુલાબપુષ્પ હો, અગરુ ધૂપ હો કે આલા દરજ્જાનું અત્તર હો : મહેંક આ ત્રણે ય પ્રસરાવે છે. પરંતુ થોડું ચિંતન કરીએ તો સમજાશે કે મહેંક આપનાર આ ત્રણે ય પદાર્થોની શૈલી અલગ અલગ છે. ગુલાબ કંટકોની પીડા સહન કરી કરીને સુવાસ ફેલાવશે, ધૂપસળી બળી જઇને-ફના થઇ જઈને સુગંધ રેલાવશે, તો અત્તર પોતાનું અસ્તિત્વ અદશ્ય રાખીને મહેંક પ્રસરાવશે. પોતાની આ શૈલી દ્વારા તેઓ માનવીને મસ્ત સંદેશ આપે છે કે સહિષ્ણુ બનીને સત્કાર્યોની સુવાસ ફેલાવો, ફના થઇ જઇને ય સદાચારની સુગંધ રેલાવો અને અદશ્ય રહીને-ગુમનામ રહીને સેવાની મહેંક પ્રસરાવો.


Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

પ્રસ્તુત **'મહેંક'** પુસ્તકમાં શુભની - સદ્‌ગુણોની - સદાચારની - સેવાની સ્થાયી સૌરભ પ્રસરાવવાનો બોધ આપતા લેખોનો સંગ્રહ છે. એમાં ગુંથાયેલ અનેક દૃષ્ટાંતો-સત્ય ઘટનાઓમાંથી એવી પ્રેરણા મળી રહે છે કે જે ગુલાબપુષ્પની-ધૂપની-અત્તરની ઉપર દર્શાવી તે શૈલીની હોય. ઝલકરૂપે આપણે એકેક ઉલ્લેખ કરીએ : **'જો તમે મનને શાંત રાખશો૦'** લેખમાંની ભાયખલાની સત્ય ઘટના સહન કરીને સત્કાર્યો કરવાની પ્રેરણા આપે છે, **'પુણ્ય-પાપની બારી'**ની ઘટના ફના થઇ જઇને પણ પોતાનો ધર્મ અદા કરવાની પ્રેરણા આપે છે, તો એ જ લેખનું **નીચી નજરે દાન આપતા નવાબનું દૃષ્ટાંત** અદશ્ય રહીને અર્થાત્ પ્રસિદ્ધિની લાલસાથી પર રહીને પરોપકાર કરવાની પ્રેરણા આપે છે.

પ્રાસમય ત્રિપદી-ચતુષ્પદી વગેરેથી અને સત્ય ઘટનાઓ-દૃષ્ટાંતોથી આવી આવી વૈવિધ્યસભર પ્રેરણાઓ આપતા આ પુસ્તકના તમામ લેખો **'ગુજરાત સમાચાર'** અખબારની વિખ્યાત કૉલમ **'અમૃતની અંજલિ'** માટે લખાયા છે અને તેમાં એ પ્રગટ પણ થઇ ચૂક્યા છે. આજે એ લેખો પુસ્તકાકાર ધરી રહ્યા છે ત્યારે, એ લેખો તેમજ અમારી ૧૦૯ પુસ્તકોની તમામ સાહિત્યયાત્રા જેઓશ્રીની પરમકૃપાથી જ સર્જાઇ છે તે અનંતોપકારી જીવનશિલ્પી ગુરુદેવો પૂજ્યપાદ મહાન શાસનજ્યોતિર્ધર **યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.** તેમજ પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક **સમર્થ વિદ્વાન આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પુનીત પદકમલમાં કૃતજ્ઞભાવછલકતાં હૈયે ભાવવંદના સાથે એ જ પ્રભુપ્રાર્થના કે પુસ્તકના લેખક-વાચક સહુનું જીવન સદ્‌ગુણોની સ્થાયી સૌરભનાં સ્તરે એ લક્ષ્યયુક્ત રહો કે :- **''મારું જીવન સુગંધી બને...''**

વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫
પૂ.યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ
} -વિજય રાજરત્નસૂરિ



Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

श्री लोढण नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जय–दिव्यवसन्तधाममण्डन आदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि ❊ श्री गौतमगणधराय नम: ❊ सूर्योदयं सूरिवरं नमामि

# પ્રકાશકીય પ્રકાશ

પૂજ્યપાદ સમર્થ સંઘનાયક મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર **આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.**ના શ્રાવણ શુદિ-૧૧ના ૧૨૨મા મંગલમય જન્મપર્વે પ્રસ્તુત **'મહેંક'** સહિત પાંચ-પાંચ પુસ્તકોનું પ્રકાશન કરતા અમે ગૌરવ સાથે ધન્યતા અનુભવીએ છીએ.

અમારી સંસ્થાના પ્રેરક પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસન પ્રભાવક **આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર અને અમારા વર્તમાન માર્ગદર્શક પૂજ્યપાદ **શતાધિકગ્રંથસર્જક આ.ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.,** ત્રણ પૂ. આચાર્યદેવો-બે પૂ. પંન્યાસજી ભગવંતો આદિ ૯૦ શ્રમણ-શ્રમણી ભગવંતો સાથે વિ.સં. ૨૦૮૦માં શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણાની પુણ્યભૂમિમાં સામૂહિક ચાતુર્માસાદિ આરાધનાર્થે પધારતાં અનેક યશસ્વી આરાધનાઓ-પ્રભાવનાઓના ચિરંજીવ ઈતિહાસનું ત્યાં સર્જન થયું. શાનદાર સ્વાગતયાત્રા સાથે ચેન્નઈભવનધર્મશાળામાં પ્રવેશ, ૭૦૦ આરાધકોનું સમૂહ ચાતુર્માસ, નિત્ય બે વારનાં પ્રવચનો, નિત્ય પ્રભાતે વાજતે-ગાજતે જયતળેટીયાત્રા અને વિધવિધ આયોજનો-અનુષ્ઠાનોમાં શિરમોર બન્યું સામૂહિક માસક્ષમણ આયોજન. આમ તો પૂજ્યશ્રી અને તેમના શિષ્યવૃંદના છેલ્લા આઠ ચાતુર્માસોમાં દરેક સંઘમાં સામૂહિક માસક્ષમણો યોજાય છે અને પાલિતાણાનાં ચાતુર્માસ પૂર્વે તેની કુલ માસક્ષમણ-સંખ્યા 2235 જેવી અ..ધ..ધ.. થઈ છે. પરંતુ પાલિતાણાનાં સમૂહ માસક્ષમણ અનેક રીતે યાદગાર નીવડ્યા.

એમાં પહેલી બાબત હતી **પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. દ્વારા સ્વયં માસક્ષમણ.** અઢળક શાસનપ્રભાવનાઓ-સાહિત્યસર્જન અને તપક્ષેત્રે એક ઉપવાસ પણ પરાણે કરાય તેવી મર્યાદિત શક્તિ છતાં **પૂજ્યશ્રીએ પ્રતિદિન નવ કલાક જાપ-લેખન-શાસનકાર્યો કરવા સાથે સંપૂર્ણ માસક્ષમણ અપ્રમત્તભાવે કર્યું એ દેવ-ગુરુકૃપાનો બેજોડ ચમત્કાર હતો !** શત્રુંજયેશ્વર દાદા આદીશ્વરપ્રભુએ જ



Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

જાણે આ માસક્ષમણ કરાવ્યું ન હોય ! પૂજ્યશ્રીની સાથે કુલ ૩૨ સંયમી ભગવંતો અને ગૃહસ્થવર્ગ મળીને ૧૨૩ તપસ્વીઓએ ૪૫-૩૬ આદિ ઉપવાસ સહિત માસક્ષમણ કર્યા. પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.એ યથાર્થ લખ્યું કે ''પાલિતાણાના સો વર્ષના ઈતિહાસમાં આ રીતની સામૂહિક માસક્ષમણઘટના સર્વપ્રથમ છે.'' પ્રવરસમિતિના તમામ પૂજ્યો સહિત ૫૦ થી વધુ ગચ્છાધિપતિઓ-આચાર્યશ્રીઓનાં પત્રોમાં પૂજ્યશ્રીનાં માસક્ષમણતપની હાર્દિક અનુમોદના નીતરતી હતી. પાલિતાણા ગામના સંઘમાં પૂજ્યશ્રીના પરિવારના ગુરુભગવંતોનું ચાતુર્માસ થતાં પાલિતાણા સંઘના ઈતિહાસમાં સર્વપ્રથમવાર ૨૭ માસક્ષમણો થયા. એક અજબ ઘટના એ બની કે માસક્ષમણના ૨૯મા ઉપવાસની મધ્યરાત્રિએ, શ્રી હસ્તિગિરિતીર્થે પ્રતિષ્ઠિત થનાર આદીશ્વરદાદાનું પ્રથમ અંજનવિધાન પૂજ્યશ્રીના હસ્તે થયું કે જેમાં પાલિતાણાસ્થિત તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય હતું.

૩૦મા ઉપવાસે સવારે ૭.૦૦ ક. પાલિતાણા માટે અભૂતપૂર્વ કહેવાય તેવો ૧૨૩ માસક્ષમણતપસ્વીઓનો ભવ્યાતિભવ્ય તપોયાત્રાવરઘોડો યોજાયો. પૂજ્યશ્રીસહિત ૩૨/૩૨ સંયમી ભગવંતોની નયનરમ્ય શિબિકાઓ, તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિભગવંતોની નિશ્રા, અનેક બેન્ડો-મંડળીઓ વગેરેનાં કારણે એ તપોયાત્રાવરઘોડો ઐતિહાસિક અને જાજરમાન બન્યો હતો. મુંબઈ વગેરે સ્થળોએથી લગભગ ૪૦૦૦ ભાવિકો-ગુરુભક્તો તેમાં જોડાયા હતા. બપોરે ભવ્ય તપ અનુમોદન મહાસભામાં સર્વ સમુદાયોના સૂરિભગવંતોએ જે ઉત્કૃષ્ટ ગુણાનુરાગથી પૂજ્યશ્રીની-માસક્ષમણતપસ્વી દશવર્ષીય પૂ. બાલમુનિ શ્રી જિનાંશરત્નવિજયજી મ.ની - સળંગ ૭૭૦ આયંબિલ પર (એક પણ એકાસણાદિ વિના) માસક્ષમણ કરનાર પૂ.સા.શ્રી ધ્યાનદર્શિતાશ્રીજી મ.ની તપશ્ચર્યા વગેરેની જબરજસ્ત અનુમોદના કરી હતી તે ખરેખર વિસ્મયવિભોર કરી દે તેવી હતી. માહોલ એવો સર્જાયો હતો કે સર્વ સમુદાયોને આ રીતે એક મંચ પર નિહાળી ચાર હજારથી વધુ ભાવિકો ધન્ય ધન્ય થઈ ગયા.

માસક્ષમણપારણાદિને પણ આ જ રીતે સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય, પૂ. પરમ ગુરુદેવ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું દેવરૂપે દેવવિમાનમાં આગમન અને એમના દ્વારા પૂજ્યશ્રીને પારણાનો Technology રચિત હૃદયંગમ Live Scene, પૂજ્યશ્રીલિખિત 101 થી 104 ક્રમાંકના પુસ્તકોનું

વિમોચન, સંયમીભગવંતો સહિતના સર્વ માસક્ષમણતપસ્વીઓ માટે ઉત્તમ પારણાવ્યવસ્થા, ઉપસ્થિત તમામ ભાવિકોને વહોરાવવાનો Chance અને સર્વ સંયમીઓને સ્વયં વાસનિક્ષેપ બાદ ઠેઠ ૧૨.૩૦ ક. પૂજ્યશ્રી દ્વારા પારણા, અદ્ભુત મહાપૂજા વગેરે આંખ-અંતર ધન્ય બનાવતા પ્રસંગો યોજાયા હતા. નિત્ય ત્રણે ય સમય ચાર હજાર ભાવિકોનાં સંઘસાધર્મિકવાત્સલ્ય, અવનવા સ્ટેજ કાર્યક્રમો, વ્રત-નિયમોનાં લાખેણાં ભેટણાદિથીયુક્ત આ મહાન માસક્ષમણ-મહોત્સવના પ્રતિઘોષ સમગ્ર જૈનશાસનમાં ઝિલાયા હતા. એક ઉલ્લેખનીય બાબત એ બની કે પાલિતાણાસ્થિત પર્યાયસ્થવિર પૂ. મુનિવર્ય શ્રી જયભદ્રવિજયજી મહારાજે ઉલ્લાસની ચરમ સીમાએ, માસક્ષમણ-અનુમોદનસભામાં એમ જણાવ્યું હતું કે **"આ. રાજરત્નસૂરિજીએ આટલી જવાબદારીઓ વચ્ચે પોતે માસક્ષમણ કરીને અમારા સમુદાયનું અને અમારા ગામ ડભોઇતીર્થનું ગૌરવ વધાર્યું છે. આજે હું જાહેર કરું છું કે આજનો દિવસ 'સમુદાય ગૌરવ' દિવસ છે.**

આ મહામહોત્સવનું જ નહિ, બલ્કે પાલિતાણાનાં સર્વ ચાતુર્માસોનું સર્વપ્રથમ અને શિરમોર આયોજન થયું **શત્રુંજય-સૂર્યોદયધામ**નાં નિર્માણનું. પૂજ્યશ્રી જયારે સિદ્ધક્ષેત્રમાં પધાર્યા ત્યારે પૂજયશ્રીનું એકમાત્ર લક્ષ્ય હતું, સ્વયંની માસક્ષમણતપસાધનાનું. પરંતુ નિયતિનું નિર્માણ એનાથી કાંઇક વિશેષ હશે. એથી **માસક્ષમણના ૨૮મા ઉપવાસે અચાનક માત્ર 5 Minuteમાં વિરાટ ભૂમિસંપાદન** સાથે શત્રુંજય સૂર્યોદયધામ નિર્માણનો નિર્ણય થયો. ૮૬ હજાર Square Feet નો વિરાટ ભૂમિખંડ મેવાડભવનની પાછળ અને હસ્તગિરિ Road touch લેવાયો. જયાંથી શત્રુંજયગિરિરાજ એકદમ નિકટ નિહાળાય છે તેવા આ પૂર્વાભિમુખ વિરાટ સ્થાનમાં ત્રિશિખરીય દેવવિમાનસદશ ભવ્યાતિભવ્ય જિનાલય, બે વિરાટ ઉપાશ્રયો, પૂ. યુગદિવાકર પરમ ગુરુદેવશ્રી તથા પૂ. દર્ભાવતીતીર્થોદ્ધારક પરમગુરુદેવશ્રીનું જીવનદર્શન કરાવતી આલીશાન Art Gallery, 184 ખંડોયુક્ત ચાર આલીશાન રાજમહેલ શા ધર્મશાળા ભવનો, પાંચ હજાર Square Feetના Pillarless ત્રણ વિરાટ ખંડો, ભોજનશાળા, વૃદ્ધ સંયમીઓ માટે સ્થિરવાસના વિશ્રામણાધામ, સરસ્વતીસદન આદિ વૈવિધ્યભરપૂર આયોજનો એટલા વિશાલ ફલક પર આયોજિત થયાં છે કે એક સાથે ૮૦૦ યાત્રિકો ચાતુર્માસ-નવાણું આદિમાં પધારે તો નિવાસ-ભોજન વગેરે માટે કોઇ જ મંડપની



Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

આવશ્યકતા ન રહે! આ ઉપરાંત 15000 Square Feetનો Open ભૂમિખંડ અલગ. માસક્ષમણના પારણાદિને આ આયોજનની ઘોષણા થતાંવેંત તેમાં લાભ લેવા ભાવિકોએ સ્વયંભૂ ધસારો કર્યો. એ પછી તુર્ત પર્યુષણામહાપર્વમાં બે જબરજસ્ત મોટા લાભ બે પુણ્યવંતા પરિવારોએ લેતાં માત્ર ૧૨ દિવસમાં જ સંપૂર્ણ આયોજનના ૭૫% લાભો અપાઇ ગયા. પૂજ્યશ્રી પર વરસતી બેજોડ પ્રભુકૃપા/ગુરુકૃપાનું આ નજરે નિહાળાતું પરિણામ હતું. એક નોંધપાત્ર બાબત એ હતી કે અન્યોને આવાં આયોજનોનું અને એને સફલ બનાવવાનું માર્ગદર્શન પૂજ્યશ્રીનાં આ આયોજનમાંથી પ્રાપ્ત થયું!

ઊછળતા ઉમંગે અને ભાવોની ભરતી વચ્ચે પર્યુષણામહાપર્વની આરાધના, પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા વિવિધ સ્થાનોમાં પર્યુષણા-મહાપર્વની અને જન્મવાચનાદિ આરાધનાઓ વગેરે બાદ આરાધકોની વિદાયદિનની અંતિમ તળેટીયાત્રામાં ને અંતિમ હિતશિક્ષામાં પણ આઠસો/આઠસો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા... પર્યુષણામહાપર્વ પછીના વિશ્રામના સમયખંડમાં પૂજ્યશ્રી દ્વારા સર્વ શ્રમણ-શ્રમણીભગવંતોને નિયમિત જીવનઘડતરની વાચનાઓ અપાઇ. આ ઉપરાંત વાગડ સમુદાયના પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.એ પાલિતાણાના સમસ્ત શ્રમણ-શ્રમણીગણ માટે સર્વ સમુદાયોના સૂરિભગવંતો દ્વારા 'વિમલાચલ વાચનાવૈભવ' નામે વાચનાશ્રેણિ યોજી ત્યારે પ્રથમ દિવસની વાચના પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની અને બીજા દિવસની વાચના પૂ.આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સા.ની હતી. બન્ને વાચનાઓથી શ્રમણ-શ્રમણી ભગવંતો ખૂબ પ્રભાવિત થયા. આ જ રીતે સામૂહિક સ્તરની 'અલૌકિક આગમવાચના'માં પણ ઉક્ત બન્ને પૂજ્યશ્રીઓની એકેક દિવસની વાચનાઓ રંગ લાવી. ફલશ્રુતિરૂપે, ઘણા સંયમીભગવંતોએ ત્યારે જ વાચનાસમય લંબાવવાની વિનંતિ કરી. તો તે પછી ચૈન્નઇભવનમાં એ જ વિષયને સમજવા સંયમીઓ પધાર્યા હતા. ઉલ્લેખનીય બાબત આમાં એ છે કે તાજેતરમાં એ બન્ને વાચનાશ્રેણિનું પુસ્તક પ્રકાશિત થયું તેમાં સર્વગ્રાહી પ્રસ્તાવના પણ પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની છે. આ ઉપરાંત નવપદ ઓળીની આવી જ સર્વ સમુદાયની યુવામુનિવરોની પ્રવચનમાળામાં પૂ. મુનિવર્ય શ્રી પ્રશમરત્નવિજયજી મ.સા.નું પ્રવચન ખૂબ સરસ યોજાયું હતું.



Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

શાશ્વતી આસો માસની ઓળીની આરાધનામાં પૂજ્યશ્રીએ સ્વયં સળંગ પાંચમી નવપદઓળીની તપ+વિધિપૂર્વક આરાધના કરી. આસો શુદિ ચૌદશે ત્રણસો જેટલા આરાધકોની ૪૭ દિવસીય ભવ્ય ઉપધાનતપઆરાધના શરૂ થઇ. આ જ અરસામાં પૂ.આ.શ્રી આગમરત્નસૂરિજી મ.સા. તથા પૂ.આ.શ્રી ધર્મરત્નસૂરિજી મ.સા. દ્વારા સૂરિમન્ત્ર દ્વિતીય પીઠિકાની આરાધના થઇ. બન્ને ય પીઠિકાનો પૂર્ણાહુતિસમારોહ ખૂબ ભવ્યતાથી યોજાયો. આસો વદિ-૧ના પૂ.પં.શ્રી હિતરત્નવિજયજી ગણિના સળંગ પાંચસો આયંબિલનો સમારોહ યોજાતાં પાલિતાણાસ્થિત વિવિધ સમુદાયના સૂરિભગવંતોએ તેમાં પધારી તપસ્વીની સુંદર ઉપબૃંહણા કરી હતી. પંન્યાસશ્રીએ ચાર વાર પાંચસો આયંબિલ અને તેમાં બે વાર તો સળંગ પાંચસો આયંબિલ કર્યા છે.

આ તરફ ઉપધાનતપ દરમ્યાન પ્રવચનો-વાચનાઓની હેલિ વરસી. તેના પ્રભાવે મૂળવિધિથી ઉપધાનતપ-૨૧ તપસ્વીઓ દ્વારા એક જ વસ્ત્રજોડ દ્વારા સંપૂર્ણ ઉપધાનતપ-એક આરાધક દ્વારા તમામની નીવિના બદલે આયંબિલ વગેરે વંદનીય વિશેષતાઓ સર્જાઇ. ઉપધાનતપમાં જ પૂ.સા.શ્રી વિશ્વધર્માશ્રીજી મ.ના એકાંતર ચૌદસો બાવન આયંબિલનો તપોત્સવ, પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના દીવાળીપર્વના ૫૮મા જન્મદિનનો પર્વોત્સવ વગેરે ધર્મપ્રભાવક ઉત્સવો થયા; તો પૂ.સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ. નો સમાધિમય કાલધર્મ થયો. છેલ્લે છેલ્લે પૂજ્યશ્રીના મુખે સંથારાપોરિસીઆધારિત પોણો કલાકની હિતશિક્ષા તે પૂ. સાધ્વીજીને પ્રાપ્ત થઇ. નૂતનવર્ષ-જ્ઞાનપંચમીપર્વ-ચાતુર્માસિકપર્વની ભવ્ય આરાધનાઓ સાથે ચાતુર્માસ યશસ્વી-યાદગારસ્વરૂપે સંપન્ન થયું.

અને... આવ્યો કાર્તિકીપૂર્ણિમાનો મહાયાત્રાદિન. ચાતુર્માસમાં શત્રુંજય-ગિરિરાજ યાત્રાનિષેધની સુવિહિત પરંપરાનુસાર સિદ્ધગિરિરાજ યાત્રાથી વંચિત ચતુર્વિધ શ્રી સંઘના હજારો-હજારો ભાવિકોએ તે પુનીત પર્વદિનથી ગિરિરાજયાત્રા શરૂ કરી. તદનુસાર, પૂજ્યશ્રીની નિશ્રામાં લગભગ ચારસો આરાધકોએ સામૂહિક નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના શ્રમણ-શ્રમણીભગવંતોએ પણ વિપુલ સંખ્યામાં નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના માત્ર શ્રમણવૃંદમાં ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રાની શૃંખલા સળંગ નવ વાર યોજાઇ, તો અન્ય શ્રમણ-



Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

શ્રમણીભગવંતોએ અનુકૂળતાનુસાર ચોવિહાર છટ્ઠ સહ સાત યાત્રા-અટ્ઠમ સહિત અગિયાર યાત્રાનો સિલસિલો જારી રાખ્યો. ખરી કમાલ સર્જાઇ શ્રાવક-શ્રાવિકાવર્ગની નવાણુંયાત્રામાં. ત્યાં એક શ્રાવકે ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા-ઉપર એક બિયાસણું-ઉપર ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા : આ ક્રમે સળંગ સાત વાર ચોવિહાર છટ્ઠ સહિત સાત-સાત યાત્રાઓ કરી! આ ખરેખર આશ્ચર્યકારક તપશ્ચર્યા હતી. આ ઉપરાંત અન્ય વિપુલ સંખ્યાના આરાધકોની ચોવિહાર છટ્ઠ સાથેની સાત યાત્રાઓ - અટ્ઠમ સાથેની અગિયાર યાત્રાઓ અલગ.

એક તરફ સામૂહિક નવાણુંયાત્રાનો પ્રારંભ થયો અને બીજી તરફ શરૂ થઇ પાંચ-પાંચ પદયાત્રાસંઘોની શૃંખલા. પૂજ્યશ્રીએ વ્યવસ્થા એ રીતે કરી હતી કે ૯૦ પૈકી ૪૫ જેટલા સંયમીભગવંતો એક પદયાત્રાસંઘમાં પધારે અને અન્ય તેટલા સંયમીઓ નવાણુંયાત્રા અનુષ્ઠાનમાં વિરાજે. બીજા પદયાત્રાસંઘમાં બન્ને સંયમીવર્ગનું સ્થાન પરાવર્તન થાય. જ્યારે પૂજ્યશ્રી સ્વયં તો દરેક પદયાત્રાસંઘમાં નિશ્રાપ્રદાન કરે. દરેક પદયાત્રાસંઘમાં આ ક્રમ રહ્યો. પ્રથમ પદયાત્રાસંઘ યોજાયો શ્રી કદંબગિરિથી શ્રી શત્રુંજયતીર્થાધિરાજનો. ૪૫ સંયમીભગવંતો, સવા ચારસો યાત્રિકો અને સંઘપતિ સ્વજનો સાથે પાંચસો પચાસ આરાધકોના આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીએ શ્રી કદંબગિરિ અને શ્રી શત્રુંજય ગિરિરાજના ઇતિહાસની રસપ્રદ ઘટનાઓ ગૂંથી લેતાં તે પ્રવચનો યાત્રિકો માટે લોહચુંબક જેવા આકર્ષક નીવડ્યા હતા. આવું જ વિશિષ્ટ આકર્ષણ પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા અને વિખ્યાત સંગીતકારો દ્વારા થતી ભક્તિસંધ્યામાં રહેતું. અબોલ જીવોની વિશિષ્ટ અનુકંપા-સ્થળે સ્થળે સંઘપતિ દ્વારા સાધારણખાતાનું દાન-અતિ ભવ્ય ગિરિરાજવધામણાં-શાનદાર પાલિતાણા નગરપ્રવેશ-ભવ્ય તીર્થમાળ વગેરે યુક્ત આ પ્રથમ પદયાત્રાસંઘ ચાર દિવસે સંપન્ન થયો.

પદયાત્રાસંઘ બાદ બીજા જ દિવસથી શરૂ થયો ભાયંદરનિવાસી યુવામુમુક્ષુ કુ. ઋત્વીબેન દક્ષેશભાઇ શાહ (વર્ષ-૨૩)નો દીક્ષામહોત્સવ. વિવિધ મહાપૂજનો-અષ્ટોત્તરીમહાભિષેક-જાજરમાન વર્ષીદાનયાત્રા વરઘોડો-ભવ્ય વિદાય સમારોહ બાદ કા.વદિ તેરશે ઊગતા સૂરજની સાખે તેઓનો પ્રવજ્યાપ્રદાન સમારોહ સિદ્ધગિરિરાજની પુણ્યવંતી ભૂમિ ઉપરના સમવસરણમહામંદિરના ધર્મસંકુલમાં યોજાયો. યુગદિવાકર સમુદાયમાં આ સર્વપ્રથમ પ્રસંગ હતો કે જેમાં દીક્ષાવિધાન

સિદ્ધગિરિરાજની પવિત્રતમ પુણ્યભૂમિની ઉપર થયું હોય! ભાગ્યવંતા મુમુક્ષુને પૂ.સા.શ્રી ઋષભમિત્રાશ્રીજી મ. રૂપે ઘોષિત કરી તેઓને પૂ.સા.શ્રી વિશ્વરત્નાશ્રીજી-વિશ્વમિત્રાશ્રીજી મ.ના પરિવારના પૂ.સા.શ્રી પ્રિયમિત્રાશ્રીજી મ. ના શિષ્યા કરાયા હતા.

તે પછી ઉપસ્થિત થયો ઉપધાનતપમાળારોપણનો મહોત્સવ. શાનદાર તપસ્વીવરઘોડો-તે જ દિવસે પૂ.સા.શ્રી કલ્પદ્રુમાશ્રીજી મ.ના ભદ્રતપનો સમાપનસમારોહ-મહાપૂજા-બાદશાહી સન્માનસમારોહ બાદ ત્રણ હજારથી વધુ ભાવિકોની ઉપસ્થિતિ વચ્ચે માળમહોત્સવ યોજાયો 'શત્રુંજય સૂર્યોદયધામ'ની નવસંપાદિત પુણ્યભૂમિ પર. એકદમ સમયબદ્ધ યોજાયેલ આ માળાપરોપણ-સમારોહ દરમ્યાન શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલની મુખ્ય શિલાઓની ઉછામણી થતાં દરેક ઉછામણી માતબર થઇ હતી. તે પછી પ્રત્યેક ઉપધાનતપસ્વીને પૂજ્યશ્રીના વરદ હસ્તે માળારોપણ કરાયું હતું.

ઉપધાનમાળારોપણના બીજા જ દિવસે પૂજ્યશ્રીનો વિહાર દ્વિતીય પદયાત્રાસંઘ નિમિત્તે અયોધ્યાપુરમ્તીર્થ તરફ થયો. આ પદયાત્રાસંઘમાં અન્ય તમામ આયોજનો તથા સંખ્યાદિ પૂર્વના સંઘ જેવા હતા. આ સંઘના સંઘપતિશ્રીનું ઔદાર્ય એવું હતું કે દરેક સ્થળે સાધારણ દાન લખાવવામાં તેઓ એક જ વાક્ય ઉચ્ચારે : ''સાહેબજી જે ફરમાવે તે દાન કરીશ. મારે ક્યાં ય આંક બોલવાનો જ નથી. કેમ કે આ સંઘ સાહેબજીની કૃપાનું પરિણામ છે.'' આ એ સંઘપતિ હતા કે જેમણે શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલમાં સર્વપ્રથમ લાભ શ્રાવકઉપાશ્રયના મુખ્ય નામાંકનનો લઇ મંગલાચરણ કરાવ્યું હતું. હવે યોજાયો વડોદરાનિવાસી યુવામુમુક્ષુ શ્રી શ્રીરાજકુમાર ચિરાગભાઇ શાહ (વર્ષ-૧૯) નો શાનદાર પ્રવ્રજ્યામહોત્સવ. દ્વિતીય પદયાત્રાસંઘની શાનદાર પાલિતાણાપ્રવેશયાત્રાની સાથે જ એમનો ભવ્યાતિભવ્ય વર્ષીદાનયાત્રા-વરઘોડો યોજાયો. હાથીની અંબાડીએ આરૂઢ થઇ નિયત સ્થળે જ વર્ષીદાન આપનાર યુવામુમુક્ષુનો સર્વ મહોત્સવકાર્યક્રમ સરસ સંપન્ન થયા બાદ માગશર શુદિ તેરશે ગિરિરાજ પર તીર્થમાળ અને ચૌદશના પુણ્યદિને એમનો દીક્ષાસમારોહ પણ શ્રી સિદ્ધગિરિરાજ ઉપર જ યોજાયો. સ્થળ હતું સમવસરણ-મહામંદિરની બરાબર સન્મુખનું બાબુનું દેરાસર.



Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

૧૩૦ વર્ષ પ્રાચીન આ જિનાલયના પરિસરમાં મુમુક્ષુની દીક્ષાનો સમારોહ આ સર્વપ્રથમ વાર જ યોજાયો હતો. બન્યું હતું કે બાબુદેરાસરના પરિસરમાં પૂજ્યપાદ પરમગુરુદેવ પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના ગુરુમંદિરની પ્રતિષ્ઠાનો નિર્ણય થયો હતો. તેનું શુભ મુહૂર્ત આજનું-માગશર શુદિ ચૌદશનું જ હતું. એથી એક તરફ ગુરુમંદિરની પ્રતિષ્ઠા, બીજી તરફ શ્રી શ્રીરાજકુમારની દીક્ષા, ત્રીજી તરફ નૂતન પૂ.સા.શ્રી ઋષભમિત્રાશ્રીજી મ.ની વડીદીક્ષા અને ચોથી તરફ વર્ધમાનતપની ૧૦૦મી ઓળીના પારણામહોત્સવની આમન્ત્રણ-પત્રિકાનો આલેખનવિધિ : આ ચારે ય ધર્મકાર્યો બાબુ જિનાલયપરિસરમાં મંડપરચના સાથે યોજાયા. ભાવિકોની ભરચક ઉપસ્થિતિ વચ્ચે મુમુક્ષુને રજોહરણ-પ્રદાનાદિ થયા બાદ અંતે તેઓને પૂ.આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય પૂ. નૂતન મુનિ શ્રી શાશ્વતરત્નવિજયજી મ. રૂપે ઘોષિત કરાયા. દીક્ષાવિધાન દરમ્યાન જ ગુરુમંદિરપ્રતિષ્ઠા-વડીદીક્ષાવિધિ-પત્રિકાલેખનાદિ સર્વ પ્રસંગો સંપન્ન થયા.

આ ચારે ય ધર્મકાર્યોના મહોત્સવ બાદ તુર્ત પૂજ્યશ્રીનો વિહાર થયો ઘોઘાતીર્થ તરફ. ત્યાંથી પ્રભુપાર્શ્વજન્મપર્વે શત્રુંજયમહાતીર્થનો અક્ષરશઃ ઐતિહાસિક પદયાત્રાસંઘ યોજાયો. પદયાત્રાસંઘના યાત્રિકોની સંખ્યા હતી ૧૨૯૦. યાત્રિકો માટે વ્યવસ્થા હતી Swiss tentsની. જેની રોજેરોજની વ્યવસ્થા કઠિનતમ હોય તે આ Swiss tentsની વ્યવસ્થા આઠે ય દિવસ જરા ય મુશ્કેલ ન બની. યાત્રિકોની Generation 80% ૨૨ થી ૫૦ વર્ષના વયજૂથની હતી. જે પ્રમાણમાં ખૂબ અલ્પ મળે. સંઘપતિ અને યાત્રિકો મહદંશ રાજસ્થાની હતા, જ્યારે નિશ્રાદાતા આપણા પૂજ્યશ્રી ગુજરાતી હતા. એમનાં પ્રવચનો ય ગુજરાતી ભાષામાં થતા. છતાં પ્રથમ જ દિવસે પ્રવચનનો માહોલ એવો જામી ગયો કે આઠે ય દિવસ વિરાટ પ્રવચનમંડપ Before time છલોછલ રહેતો. ઘોઘાતીર્થના અને શત્રુંજયતીર્થાધિરાજના રસપ્રદ ઈતિહાસોની સાથે Heart touch શાયરીઓ-સુવાક્યો-દષ્ટાંતોની જાણે છોળો ઊછળતી. સંઘપતિનો ઉલ્લાસ એવો અદ્‌ભુત હતો કે તમામ ૧૨૯૦ યાત્રિકોને સુવર્ણની Chainની પ્રભાવના-વિશિષ્ટ Kits વગેરે મળી પ્રત્યેકને રૂા. ૨૮ હજારની પ્રભાવના કરાઈ! પૂજ્યશ્રીની નિશ્રાના પદયાત્રાસંઘોમાં આવું ઔદાર્ય આ સર્વપ્રથમ હતું. આ ઉપરાંત માર્ગના દરેક ગામોમાં સાધારણનાં-જીવદયાનાં લાખો રૂપિયાનાં દાનો અલગ. સંઘ તો

Extraordinary હતો જ. પરંતુ સંઘનો પાલિતાણાનગરપ્રવેશ પણ એવો જ Extraordinary હતો. પ્રવેશ સામૈયામાં ૧૦/૧૦ તો ગજરાજ હતા. આ ઉપરાંત બેન્ડો-મંડળીઓની હારમાળાઓ અલગ. આ વર્ષે શત્રુંજયમહાતીર્થે યોજાયેલ સર્વ સંઘોમાં આ પદયાત્રાસંઘ ઔદાર્યની અને વ્યવસ્થાની દૃષ્ટિએ સૌથી શ્રેષ્ઠ હતો. આ સંઘની તીર્થમાળ ગિરિરાજ પર સાનંદ સંપન્ન થઇ.

હવે એક તરફ સામૂહિક નવાણુયાત્રા તીર્થમાળવિધાનાદિ સાથે સંપન્ન થઇ. તો બીજી તરફ ઉપસ્થિત થયો પૂ. સુદીર્ઘતપસ્વિની સા.શ્રી ધ્યાનરસાશ્રીજી મ.નો વર્ધમાનતપની ૧૦૦મી ઓળીનો સમાપનમહોત્સવ. ત્રિદિવસીય અર્હદ્‌મહાપૂજન-અન્યાન્ય અનુષ્ઠાનો-તપોવંદનાદિ કાર્યક્રમ બાદ પારણાદિને ભવ્ય તપોયાત્રાવરઘોડો યોજાયો. તે પછીની ધર્મસભામાં પૂજ્યો દ્વારા વર્ધમાનતપની વિશિષ્ટતાઓ સાથે તપસ્વીની સરસ ઉપબૃંહણા થઇ. તે પછી આવ્યો ચોથો અને શ્રી શત્રુંજયતીર્થાધિરાજનો અંતિમ સંઘ. આ પદયાત્રાસંઘ પણ ઘોઘાતીર્થથી જ આરંભાયો. પરંતુ પૂર્વના સંઘ કરતા આનો Root અલગ લેવાયો હોવાથી સંયમીભગવંતોને નવા નવા ગામ-નગરોના જિનાલયોનો લાભ મળ્યો. આ સંઘની યાત્રિકસંખ્યા હતી સાતસો પચાસ. આ સંઘના પ્રથમ જ દિને પૂ. નૂતન મુનિરાજ શ્રી શાશ્વતરત્નવિજયજી મ.નું વડીદીક્ષાવિધાન સુંદર માહોલમાં થયું. અનેકવિધ સુંદર વ્યવસ્થાઓ-સંઘપતિ દ્વારા ઔદાર્યભર્યા સાધારણાદિદાનો અને પ્રવચનોના જબરજસ્ત માહોલ સાથેના આ પદયાત્રાસંઘનો પાલિતાણાનગરપ્રવેશ થયો પોષ વદિ તેરશ પ્રભુ આદિનાથદાદાના પવિત્ર નિર્વાણકલ્યાણકદિને. એ જ દિવસે મહાન કાર્ય થયું શત્રુંજય સૂર્યોદયધામધર્મસંકુલના તમામ વિભાગોના મળી કુલ ૧૫૩ શિલાઓના સ્થાપનાસમારોહનું.

વહેલી પ્રભાતથી તે સ્થાને નવગ્રહાદિપૂજનઅનુષ્ઠાન પૂજ્યશ્રીના સંયમીવૃંદની નિશ્રામાં આરંભાઇ ચૂક્યું હતું. બરાબર સવા આઠ કલાકે પૂજ્યશ્રી ભવ્યાતિભવ્ય સામૈયાપૂર્વક તમામ સાતસો પચાસ પદયાત્રિકો સાથે ધર્મસંકુલમાં પધાર્યા. ૧૦૦થી વધુ શ્રમણ-શ્રમણીભગવંતો, અનેક દાનવીર ગુરુભક્તો સહિત લગભગ બે હજાર ભાવિકો અને નયનરમ્ય સંગીતસૂરાવલિ વચ્ચે મન્ત્રોચ્ચારપૂર્વક તમામ શિલાઓની સ્થાપનાવિધિ થઇ ત્યારે ગગનભેદી મન્ત્રોચ્ચારોથી ગિરિરાજ અને ગગનાંગણ સુદ્ધા ગુંજી ઊઠ્યા. તે પછીનાં પ્રવચનમાં પૂજ્યશ્રીએ મનોરથરૂપે માત્ર વિચાર રજૂ કર્યો કે ‘‘પ્રભુ-ગુરુકૃપા વરસી રહી છે. માટે જ કોઇ વિચાર ન હોવા



Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

છતાં આવું વિરાટ ધર્મસંકુલ અચાનક નક્કી થયું અને ભૂમિસંપાદન-ખનન-શિલાન્યાસ-Plan passing જેવાં કાર્યો પણ જાણે આંખના પલકારમાં થઇ ગયા. દાનની વર્ષા પણ ચમત્કાર ગણાય એટલી ઝડપથી થઇ છે. જો ત્રણ ચાતુર્માસમાં સમગ્ર સંકુલ તૈયાર થઇ જાય તો તે પછીના વર્ષે અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ ઉપરાંત પ્રથમ સામૂહિક ચાતુર્માસ-ઉપધાનતપ-સામૂહિક નવાણુંયાત્રા વગેરે આયોજનો આ ધર્મસંકુલમાં જ કરવાં. અને જો ચાર ચાતુર્માસમાં થાય તો તે પછીના વર્ષે આ તમામ આયોજનો કરવાં.''

યોગાનુયોગ એ વર્ષો પૂજ્યશ્રીના સંયમજીવનનાં ૫૦માં/૫૧માં વર્ષો હોવાથી ગુરુભક્તોએ ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ આપીને તુર્ત જ ત્રણે ય મોટાં આયોજનોનો લાભ લઇ લીધો. એક જ પરિવાર તરફથી સમગ્ર સામૂહિક ચાતુર્માસ, એક જ પરિવાર તરફથી સંપૂર્ણ ઉપધાનતપ અને એક જ પરિવાર તરફથી સમગ્ર સમૂહ નવાણુંયાત્રા ! આમાં એક પણ બાબત પૂર્વઆયોજિત ન હતી. અચાનક જ વિચાર રજૂ થયો અને અચાનક જ લાભોની જય બોલાઇ ગઇ! પ્રભુ-ગુરુકૃપાનો એ પુણ્યપ્રભાવ હતો. આ જ સમારોહમાં પૂ. તપસ્વિની સા.શ્રી ભાવવર્ષાશ્રીજી મ. ના શ્રેણિતપપારણાનો કાર્યક્રમ પણ સંપન્ન થયો. બીજા દિવસે ગિરિરાજ પર તીર્થમાળવિધાન બાદ એક દિવસના અંતરે પૂજ્યશ્રીની વિહારયાત્રા શરૂ થઇ. એ પૂર્વે, સળંગ સાત માસ પાલિતાણાની પુણ્યભૂમિમાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ઉપરોક્ત અદ્‌ભુત આરાધનાઓની-શાસનપ્રભાવનાઓની અખંડ શૃંખલા સર્જાઇ.

મહા શુદિ એકમે શરૂ થયેલ પૂજ્યશ્રીની વિહારયાત્રા શંખેશ્વરતીર્થના પદયાત્રાસંઘ માટે હતી. માત્ર પંદર દિવસમાં ઉગ્ર વિહાર સાથે પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા વિરમગામ નિકટના Highway touch શ્રી નાગેશ્વરપાર્શ્વનાથ-ધર્મધામતીર્થે. પૂજ્યશ્રીના ગુરુદેવની પ્રેરણાથી સર્જાયેલ આ વિહારધામની સંપૂર્ણ કાયાપલટ માત્ર ચાર માસમાં કરાઇ હતી. આલીશાન બે નૂતન ઉપાશ્રયોનું સંપૂર્ણ નવનિર્માણ, પૂ. સંયમીભગવંતોની વૈયાવચ્ચ અને વિહારસેવકોની સ્થિરતા માટે નૂતન વૈયાવચ્ચભવનનિર્માણ તેમજ જિનાલય-સુશોભનીકરણ થઇ ગયા બાદ આજે તેનો પ્રતિષ્ઠા-ઉદ્‌ઘાટન સમારોહ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો હતો. સમગ્ર પુનરુદ્ધાર તથા કાયમી વૈયાવચ્ચનો લાભ એક જ ગુરુભક્ત પરિવારે લીધો હતો. તેમના હસ્તે જિનાલયમાં શ્રી નેમિનાથપ્રભુની તથા દર્ભાવતીતીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા તેમજ નવનિર્મિત ધર્મસંસ્થાનોનાં ઉદ્‌ઘાટન થયાં.



Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

ત્યાંથી પૂજ્યશ્રી પધાર્યા શ્રી ભોંયણીતીર્થે. આ વર્ષનો કુલ પાંચમો પદયાત્રાસંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં અહીંથી પ્રારંભાયો. સિત્તેર સંયમીભગવંતો, ચારસો પચાસથી વધુ યાત્રિકો અને સિદ્ધગિરિરાજના સંઘો જેવી જ સુચારુ વ્યવસ્થા ધરાવતા આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીની પ્રવચનધારા વહી શ્રી શંખેશ્વરપ્રભુના ઇતિહાસ પર. પ્રવચનો અને ભક્તિસંધ્યાની જમાવટ સાથેના આ સંઘનું તીર્થમાળવિધાન શંખેશ્વરમહાતીર્થે થયા બાદ પૂજ્યશ્રીએ વધુ ત્રણ દિવસની સ્થિરતા કરી શ્રી શંખેશ્વરદાદાની વિશિષ્ટ ભક્તિ કરી. કુલ પાંચ દિવસની શ્રી શંખેશ્વરપ્રભુજીની ભક્તિ પછી હવે પૂજ્યશ્રીની વિહારયાત્રાએ કચ્છની દિશા સ્વીકારી.

લગભગ દશેક વર્ષથી પૂજ્યશ્રીનાં અંતરમાં એ ભાવ રમતા હતા કે યોગ આવે ત્યારે કચ્છના પ્રાયઃ કોઇ  ગામ બાકાત રાખ્યા વિના સમગ્ર કચ્છની તીર્થયાત્રા કરવી. એથી સાડા ત્રણ માસનો સમય ફાળવીને પૂજ્યશ્રીએ એ તરફનો વિહાર આરંભ્યો. બાવીશ શ્રમણભગવંતો, સોળ શ્રમણીભગવંતો અને દીક્ષાર્થીઓ વગેરે સહિતની એ વિહારયાત્રામાં **લગભગ બસો પચીશથી અધિક જિનાલયોનાં દર્શન-ચૈત્યવંદન-સંધ્યાભક્તિ-યથાશક્ય વિશિષ્ટ જાપ,** લગભગ દરેક સ્થળે સામૈયાં-પ્રવચનો અને ઘણા સ્થળે સંઘનવકારશીઓ, પોતાના ગામોમાં ગુરુદેવની પધરામણી પ્રસંગે મુંબઇના ગુરુભક્તોની ઉપસ્થિતિ અને સામૈયાં-નવકારશી આદિ લાભો, રાધનપુર-ભદ્રેશ્વરજી-વાંકી જેવા વિશિષ્ટ તીર્થોમાં બે બે દિવસની પ્રભુભક્તિ, સંયમી ભગવંતો માટે નિત્ય એકાંતર વાચનાઓ, ઉગ્ર વિહારો છતાં શ્રમણભગવંતોમાં ૭૭/૭૫ જેવી મોટી વર્ધમાનતપઓળી-એકાંતર વીશસ્થાનક ઉપવાસો, શ્રમણી ભગવંતોમાં સળંગ સાતસોથી વધુ આયંબિલ-ઓળીઓ આદિ તપશ્ચર્યાઓ અને પંચમ કર્મગ્રન્થાદિના અર્થો-સંસ્કૃત ચરિત્રવાચનાદિ અભ્યાસ પણ જારી રહ્યો.

કચ્છની એ યાત્રા બાદ જેઠ શુદિ-૧૨ના પૂજ્યશ્રી આદિ ૮૮ સંયમી-ભગવંતોનો અમદાવાદશહેરનો નગરપ્રવેશ અમદાવાદના વિવિધ જૈન સંઘોના ઉપક્રમે અઢળક વિશેષતાયુક્ત વિરાટ સ્વાગતયાત્રા સાથે શાનદાર સ્વરૂપે થયો. તે પછી અમદાવાદના વિવિધ સંઘોમાં સામૈયાં સાથે પૂજ્યશ્રીની પધરામણી-પ્રવચનો, સામૂહિક માસક્ષમણોની પ્રેરણાઓ, (૧) પંકજ જૈન સંઘ (૨) આંબાવાડી જૈન સંઘ (૩) ઓપેરા જૈન સંઘ (૪) નવકાર-વાસણા જૈન સંઘ



Book No. 105 MAHEK / Mahek Starting Page / 29 may 2025

(૫) ગૌતમ જૈન સંઘમાં શ્રમણ-શ્રમણીભગવંતો ઉભયના ભવ્ય ચાતુર્માસપ્રવેશો અને અન્યત્ર શ્રમણી ભગવંતોના ચાતુર્માસપ્રવેશો થયા. તેમાં પંકજ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશદિને, યુવામુમુક્ષુ કુ. જૈની શાહ (વર્ષ-૧૫)ને પૂજ્યશ્રીના શ્રીમુખેથી દીક્ષામુહૂર્ત પ્રદાન થયું હતું. સંયમીભગવંતોના કુલ પચીશ વૃંદોના ચાતુર્માસપ્રવેશ પચીશ સ્થાનોમાં થયા. તેમાં શ્રી ધર્મવિહાર જૈન સંઘ-પાલડીમાં ચાતુર્માસપ્રવેશ સાથે પૂજ્યશ્રીની પ્રેરણાથી નવનિર્મિત શિખરબદ્ધ જિનાલયના નૂતન શ્રી જિનબિંબાદિનો પણ ભવ્ય સામૈયાં સાથે નગરપ્રવેશ યોજાયો.

શ્રમણભગવંતોનાં ચાતુર્માસમાં દરેક સંઘોમાં વિશાલમેદની સમક્ષ પ્રવચનો-રવિવારીય યુવાશિબિરો-અનુષ્ઠાનો-રાત્રિપ્રવચનોની હારમાળા સર્જાઈ છે. આષાઢ વદિ છઠના સામૂહિક માસક્ષમણપ્રારંભના મંગલદિને પ્રથમ પચ્ચક્ખાણનો સમારોહ યોજાતાં 2700 ભાવિકો અટ્ઠમ અને તેથી વધુ ઉપવાસમાં જોડાયા અને હાલમાં 840 ભાવિકો નિર્વિઘ્નપણે માસક્ષમણપૂર્ણતા તરફ અગ્રેસર છે. તમામ તપસ્વીઓનો સંયુક્ત ઐતિહાસિક શાનદાર વર્ષીદાનયાત્રાવરઘોડો-Riverfront પર હજારોની મેદની વચ્ચે તમામ તપસ્વીઓનો પારણા સમારોહ-દરેક તપસ્વીનું સુવર્ણહારથી બહુમાન ઈત્યાદિયુક્ત ભવ્યાતિભવ્ય માસક્ષમણસમાપન મહોત્સવ આયોજિત થયો છે.આ સાથે નવ વર્ષોમાં પૂજ્યશ્રીની નિશ્રામાં કુલમાસક્ષમણ 3198 થયા છે.

આવી સાતત્યસભર શાસનપ્રભાવનાશ્રેણિ અને પોતાની નિત્યની વિશેષ આરાધનાઓ વચ્ચે પણ પૂજ્યશ્રીએ સાહિત્યસર્જનની ધારા અખંડ રાખી હોવાથી અમે આજના પુણ્યદિને પૂજ્યશ્રીના 105 થી 109 ક્રમાંકના પુસ્તકોનું પ્રકાશન કરવા ભાગ્યશાળી બન્યા છીએ. આ સાથે ધર્મકૃપાપ્રકાશનનો કુલ Mile Stone 198 થી 202 ક્રમાંકનો થયો છે અને માત્ર ત્રણ વર્ષોમાં તે આંક 265 ની માતબર સંખ્યાએ પહોંચશે. જે અમારા માટે ગૌરવપ્રદ બીના છે. આ પુસ્તકનાં વાંચન-મનનથી વાચકો શુભના શિખરો સર કરે એ જ અભ્યર્થના.

**વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫**
**પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ** } **- ધર્મકૃપા ટ્રસ્ટ**



Book No. 105 MAHEK / Mahek Starting Page / 1 Aug 2025

# વિ...ષ...ય...દ...ર્શ...ન


૧
સાબુ વસ્ત્રનાં મલિન ડાઘ દૂર કરે છે...
૧ થી ૬

૨
તમે જતું કરો છો એનો અર્થ એવો ય હોઈ શકે કે...
૭ થી ૧૨

૩
ઘડતર પથ્થરને પ્રતિમા બનાવે છે...
૧૩ થી ૧૮

૪
જો તમે મનને શાંત રાખશો તો દુનિયા શાંત લાગશે...
૧૯ થી ૨૪

૫
માનવસ્વભાવનું સૌથી નબળું પાસું છે ક્રોધ...
૨૫ થી ૩૦

૬
એક પણ ખોટી વાતને ‘આજ’ પર આવવા ન દેશો...
૩૧ થી ૩૬

૭
બુદ્ધિ મંદ હશે તો સારી વાત સમજી નહિ શકાય...
૩૭ થી ૪૨

૮
શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે કે કામરાગ અને સ્નેહરાગ...
૪૩ થી ૪૮

૯
મોહ અને ક્ષય : આ બે શબ્દોના પ્રથમાક્ષરથી...
૪૯ થી ૫૪

૧૦
સંપત્તિની સમૃદ્ધિ કોઈનાં આંસુ પડાવી શકે છે...
૫૫ થી ૬૦

૧૧
સાધનાની સમૃદ્ધિ સર્વોપરિ સમૃદ્ધિ છે...
૬૧ થી ૬૬

૧૨
જૈન શાસનની મૈત્રીભાવના :
૬૭ થી ૭૨

૧૩
અન્યોના ગુણોની પ્રશંસા કરશો તો ગુણવૃદ્ધિ થશે...
૭૩ થી ૭૮

૧૪
હું જ દુઃખમુક્ત થાઉં આ ભાવમાં સ્વાર્થની બદબૂ છે
૭૯ થી ૮૪

૧૫
આ સૃષ્ટિમાં વંદનપાત્ર જીવો બહુ અલ્પ છે...
૮૫ થી ૯૦

# વિ...ષ...ય...દ...ર્શ...ન


**૧૬** પ્રભુ! બુદ્ધિમાં દુષ્ટ તત્ત્વો ન પ્રવેશો... — ૯૧ થી ૯૬

**૧૭** આળસુ વ્યક્તિને ઉંબર પણ ડુંગર જેવો બને છે... — ૯૭ થી ૧૦૨

**૧૮** મૃત વ્યક્તિને બાળે તે છે સ્મશાનની ચિતા... — ૧૦૩ થી ૧૦૮

**૧૯** ઉત્તમ આચરણ વ્યક્તિને દિવ્યતા બક્ષે છે... — ૧૦૯ થી ૧૧૪

**૨૦** ભક્તિની સાત્ત્વિક શ્રદ્ધાના માનસરોવરના હંસ બનીએ... — ૧૧૫ થી ૧૨૦

**૨૧** વિહારસેવા દ્વારા જૈન શ્રમણ-શ્રમણીસંઘની... — ૧૨૧ થી ૧૨૬

**૨૨** શત્રુંજય તીર્થાધિરાજનાં સાન્નિધ્યમાં સામૂહિક... — ૧૨૭ થી ૧૩૨

**૨૩** પાલિતાણાના ૧૨૩ માસક્ષમણ-તપસ્વીઓના... — ૧૩૩ થી ૧૩૮

**૨૪** મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર... — ૧૩૯ થી ૧૪૪

**૨૫** પ્રૌઢપ્રભાવશાળી દર્ભાવતીતીર્થોદ્ધારક આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. — ૧૪૫ થી ૧૫૦

**૨૬** કદંબગિરિથી શત્રુંજયમહાતીર્થનો પદયાત્રા સંઘ... — ૧૫૧ થી ૧૫૬

**૨૭** અયોધ્યાપુરમ્થી શત્રુંજયમહાતીર્થ પદયાત્રા સંઘ... — ૧૫૭ થી ૧૬૨

**૨૮** ઘોઘાતીર્થથી શત્રુંજયમહાતીર્થનો પદયાત્રાસંઘ... — ૧૬૩ થી ૧૬૮

**૨૯** ઘોઘા-શત્રુંજય મહાતીર્થ સંઘ પ્રસંગે... — ૧૬૯ થી ૧૭૪

**30** પાલિતાણામાં ભવ્ય શત્રુંજય-સૂર્યોદયધામ : — ૧૭૫ થી ૧૮૦



1

## સાબુ વસ્ત્રનાં મલિન ડાઘ દૂર કરે છે...
## પશ્ચાત્તાપ આત્માનાં મલિન પાપ દૂર કરે છે...

કેટલાક શબ્દો પ્રથમ દૃષ્ટિએ લાગે સાવ સામાન્ય. પરંતુ એને જો પ્રતિબદ્ધતાપૂર્વક આત્મસાત્ કરવામાં આવે તો એ મન્ત્ર સમ પુરવાર થાય. ઉદાહરણરૂપે લઇએ ત્રણ શબ્દ : શિસ્ત-સમયબદ્ધતા-સમર્પિતતા. વિદ્યાભ્યાસથી લઇને વ્યાપાર સુધીના હર કોઇ ક્ષેત્રે આ ત્રણ શબ્દો મન્ત્ર સમ ચમત્કાર સર્જી શકે છે : જો એને પ્રતિબદ્ધતાપૂર્વક આત્મસાત્ કરાય તો. જેમ કે એક વિદ્યાર્થી તરુણ રમતગમત-હરવું ફરવું વગેરે મનમાં આવે તેમ કરવાને બદલે શિસ્તબદ્ધ રહે અને વિદ્યાભ્યાસને અગ્રતા આપી આવશ્યક્તા મુજબ જ અન્ય પ્રવૃત્તિઓ કરે. બીજા ક્રમમાં દરેક બાબતે સમય ધ્યાનમાં રાખીને પ્રવર્તે અર્થાત્ દરેક કાર્ય એના સમયે જ પૂર્ણ કરવાની તત્પરતા-ચીવટ રાખે અને ત્રીજા ક્રમમાં સમર્પિતતા અર્થાત્ પૂરેપૂરી શક્તિથી involve થઇ સંપૂર્ણ ભોગ આપી વિદ્યાભ્યાસનું મુખ્ય કાર્ય કરે. આ થયો શિસ્ત-સમયબદ્ધતા-સમર્પિતતાનો સંગમ. આવો સંગમ હોય તો વિદ્યાર્થી ચોક્કસ જ પ્રગતિ કરે-સફલતા વરે.

માત્ર વિદ્યાર્થી જ નહિ, રમતવીર-કલાકાર-વ્યાપારી વગેરે હર કોઇ વ્યક્તિ આ ત્રણ શબ્દો પ્રતિબદ્ધતાપૂર્વક આત્મસાત્ કરી મન્ત્ર જેવું પ્રભાવશાળી પરિણામ પ્રાપ્ત કરી શકે. માત્ર આ શબ્દો જ નહિ, અન્ય પણ શબ્દો આવા હોઇ શકે છે. આજે આપણે અહીં વિચારીશું ધર્મક્ષેત્રના સંદર્ભમાં આવા ત્રણ English શબ્દો કે જે "F" થી શરૂ થાય છે :

(૧) Faith :- Faithનો અર્થ છે શ્રદ્ધા-વિશ્વાસ. ધર્મક્ષેત્રે આ બહુ પાયાનું-અગત્યનું પરિબળ છે. જૈન ધર્મપરંપરા હો કે અન્ય : એમાં શ્રદ્ધા પર ભરપૂર ભાર અપાતો હોય છે. જૈન ધર્મપરંપરાની વાત કરીએ તો એ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ જણાવે છે. આમાં જેનું સ્થાન સર્વપ્રથમ છે એ સમ્યગ્દર્શનનો અર્થ જ શ્રદ્ધા છે. મૂલમાં શ્રદ્ધા જોઇએ. તે પછી જ જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગરૂપ બની શકે. ચાર દુર્લભ બાબતોમાં પણ જૈન ધર્મપરંપરાએ શ્રદ્ધાને સ્થાન આપી શ્રદ્ધા કેવું મહત્ત્વપૂર્ણ પરિબળ છે તે પ્રસ્થાપિત કર્યું છે. તો ભગવદ્ગીતા ''**श्रद्धावाल्लभते ज्ञानं**'' પંક્તિ લખી શ્રદ્ધાને પ્રથમ સ્થાન આપે છે.

એક વાત ખબર છે? વિજ્ઞાનનો અને ધર્મનો મૌલિક આધાર અલગ છે. વિજ્ઞાન દરેક બાબતે શંકાને પ્રાધાન્ય આપે કે આમ કેમ ? તેમ કેમ ? પછી એમાંથી સંશોધનો ચાલે અને નવી શોધની ઉપલબ્ધિ થાય. આ છે વિજ્ઞાનનો આધાર. જ્યારે ધર્મનો આધાર છે શ્રદ્ધા. જે સર્વજ્ઞવચન-પ્રભુવચન છે એનો હાર્દિક બહુમાનપૂર્વક નિઃસંશય સ્વીકાર કરવો અને એમનો દર્શાવેલ માર્ગ જ મોક્ષમાર્ગ છે એવી સુદૃઢ શ્રદ્ધા રાખવી. ''**तमेव सच्चं निःशङ्कं, जं जिणेहिं पवेइयं**'' આ ધર્મનો મૂલાધાર છે.

શ્રદ્ધા એવી રણકતી-અંતઃકરણપૂર્વકની હોવી જોઇએ કે એની સામે ભલભલી બુદ્ધિના ગજ ટૂંકા પડે-પાછા પડે. કરવા છે આવી ઝળહળતી શ્રદ્ધાનાં દર્શન? તો વાંચો આ મજાની સત્ય ઘટના :

એ હતા એક પ્રજ્ઞાચક્ષુ સંત. અત્યંત પવિત્ર-નિર્મલ-ઉચ્ચ જીવન એ જીવે. પૂજા-અર્ચના ને બાકીનો સમય રામનામનો જાપ : આ એમનો જીવનક્રમ. ખપપૂરતું જ એક વારનું ભોજન અને એક વારનું શયન એ કરે. એમનાં ભોજન માટે એમણે એક વિશેષ વ્યવસ્થા કરાવી હતી કે લોટ બાંધવાથી લઈને રોટલી બનાવવા સુધીની પ્રક્રિયામાં જોડાયેલ દરેક બહેનો હરેક તબક્કે 'રામ રામ' બોલતા જાય. જેનું અન્ન પવિત્ર એનું મન પવિત્ર આ દૃષ્ટિબિંદુથી કરાવાયેલ આ વ્યવસ્થા વર્ષો સુધી બરાબર અખંડ જારી રહી.

એક બપોરની વાત. સમય થયો અને સંતની કુટિરમાં રોટલી આવી. રોટલી બનતી હતી અલગ સ્થળે અને સંતનાં પાત્રમાં આવતી હતી અલગ સ્થળે. સંતને રોટલી બનવાની પ્રક્રિયા સાથે કોઈ દૂરનો ય સંપર્ક ન હતો. છતાં કમાલ એ થઈ કે પહેલો ટુકડો મુખમાં મૂકવા સંતે રોટીને હાથ લગાવ્યો અને એ આટલાં વર્ષોમાં પહેલીવાર થાળી હડસેલી દઈ બોલી ઊઠ્યા : ''**आज रोटी राम नहि बोलती है**'' સાંભળનાર સૌને આશ્ચર્ય થયું. એમણે પહેલી તપાસ એ કરાવી કે આજે રસોડામાં શી સ્થિતિ છે. પરિણામે એ ખબર પડી કે રોટલી બનાવનાર કાયમની બહેનો આજે આવી ન હતી. એથી બીજા બહેનોએ રોટલી બનાવી હતી. સૌને તાજુબી એ થઈ કે પ્રજ્ઞાચક્ષુ સંતને રોટલી હાથમાં લેતાંવેંત આ ખબર કેવી રીતે પડી! આ અંતરથી પ્રગટેલી શ્રદ્ધાનો ચમત્કાર હતો. એને બુદ્ધિનો કોઈ ગજ માપી શકે એમ ન હતો.

જૈન તત્ત્વચિંતકો કહે છે કે શ્રદ્ધા એકડો છે અને જ્ઞાન-ક્રિયા એની પછીના બે મીંડા છે. એકડા પછીના દરેક મીંડાની તાકાત દશ-દશગણી હોય એ મંજૂર. પરંતુ એકડો છે માટે એ મીંડાની તાકાત છે. એકડો ન હોત તો એ મીંડાનું કોઈ મૂલ્ય ન હોત. એ જ રીતે શ્રદ્ધા છે તો જ્ઞાન-ચારિત્રનું મૂલ્ય છે. શ્રદ્ધા વિનાના જ્ઞાન-ચારિત્રનું કોઈ મૂલ્ય નથી. આ સમજાવવા કાજે જ તત્ત્વાર્થશાસ્ત્રકારે કારિકાની શરૂઆત ''**सम्यग्दर्शनमूलं**'' પંક્તિથી કરી છે...'

(૨) Fear :- આમ તો ડર નકારાત્મક બાબત છે. એથી એ ન જોઇએ. કારણ કે ડર હોય તો શક્તિ હોવા છતાં એ રૂકાવટ લાવે. સરસ રજૂઆત કરી શકે એવી વ્યક્તિ ડરનાં કારણે મંચ પર જતાંવેંત થોથવાઇ જાય, તો હોંશિયાર વિદ્યાર્થી પણ ડરનાં કારણે પરીક્ષામાં દમદાર લખી ન શકે. ડર આવાં નુકસાનો સર્જતો હોવાથી નકારાત્મક બાબત ગણાય છે. એક સ્થળે ડર-ભય માટે મસ્ત વિધાન કર્યું છે કે ''ક્રોધને પાછળ આંખ હોય છે, જ્યારે ભયને આગળ આંખ હોય છે.'' મતલબ? ક્રોધના સમયે વ્યક્તિ જાણે આંધળી બની ગઇ હોય એમ કોઇ નુકસાન જોયા-વિચાર્યા વિના બેફામ વર્તે. ક્રોધ શાંત થઇ જાય ત્યારે પાછળથી એને નુકસાનો દેખાય-સમજાય. ભયનું આનાથી વિપરીત છે. એને કોઇ કામ કરતા પહેલા જ એમાં આવનાર કલ્પિત નુકસાનોની ભુતાવળ દેખાયા કરે. સરવાળે એ કોઇ કામ કરવા સજ્જ ન થાય.

ઉપરોક્ત રીતે ભય ચોક્કસ નકારાત્મક હોવા છતાં પાપો પ્રત્યે ભય અવશ્ય જરૂરી છે. પાપનો ભય જાગે તો વ્યક્તિ પાપથી દૂર રહે, અને જો અનિવાર્યપણે પાપ કરવું જ પડે તેવા સંયોગ હોય તો એ વ્યક્તિ પાપ ડંખતા હૈયે કરશે. એટલું જ નહિ, બનતી શક્યતાએ તે પાપનું પ્રાયશ્ચિત્ત પણ લેશે. જૈન શાસ્ત્રો બહુ સ્પષ્ટપણે સમજાવે છે કે પાપોથી બચવા માટે પાપમુક્ત બનવું શ્રેષ્ઠ વિકલ્પ છે અને પાપભીરુ બનવું એ બીજા નંબરનો યોગ્ય વિકલ્પ છે. કાં પાપમુક્ત બનો, કાં પાપભીરુ બનો. પરંતુ પાપનિષ્ઠુર તો ન જ બનો. પાપનિષ્ઠુરતા હોય ત્યાં પાપ પ્રત્યે કોઇ ડર-ભય-સંકોચ-છોછ તો ન હોય, બલ્કે પાપ ખૂબ

આનંદથી રાચી-માચી-નાચીને કરવાની વૃત્તિ હોય. આ બહુ ખતરનાક વૃત્તિ છે.

પાપો જો ડરતા ડરતા મજબૂરીથી થયાં હોય તો એ મોટા હોય તો પણ એનાં ફળ સામાન્ય મળે ને કેટલીક વાર તો એ પશ્ચાત્તાપનાં કારણે, ફળ આપ્યા વિના જ સાવ ખતમ થઇ જાય. એથી વિપરીત, પાપો જો નિષ્ઠુરતાથી થયાં હોય તો એ સામાન્ય સ્તરનાં હોય તો પણ બહુ મોટાં ખરાબ ફળ આપે. માટે પાપનો ડર રાખી એનાથી શક્ય ઉપાયે બચતા રહેવું જોઈએ. જેઓ જ્ઞાનીભગવંતોની આ હિતકારી વાત સ્વીકારે છે એમનો અભિગમ કેવો વંદનીય-પ્રશંસનીય હોય એ જાણવું છે? તો વાંચો આ સરસ ઘટનાઃ

ઇ.સ. ૨૦૧૯માં અમારું ચાતુર્માસ હતું મુંબઇ-પાર્લાના ચિંતામણિજિનાલયસંઘમાં. અનેક રીતે યાદગાર-યશસ્વી નીવડેલ એ ચાતુર્માસમાં શિરમોર નીવડેલ બાબતો બે બની. એક, સંઘના પંચમજલી આલીશાન ઉપાશ્રયનો ઉછામણી સમારોહ. કોઇના ઘરે પગલા કર્યા ન હતા, માત્ર પ્રવચનમાં જ માહોલ સર્જ્યો હતો. છતાં પરિણામ એ આવ્યું કે માત્ર બે જ રવિવારના ઉછામણીસમારોહમાં રૂ. બાવન ક્રોડ જેવી સાધારણખાતાની ઉપજ થઇ હતી! બીજી બાબત હતી માત્ર એ એક જ સંઘના આરાધકોએ એકસો સત્તાવન માસક્ષમણો કર્યા હતા. દર વર્ષે જ્યાં પાંચ-સાત માસક્ષમણો પણ મોટી સંખ્યા ગણાતી હોય ત્યાં આટલી વિરાટ સંખ્યાનાં માસક્ષમણો ખરેખર અજાયબી હતાં.

એમાં એક ચાલીશેક વર્ષનું દંપતી પણ માસક્ષમણ (સળંગ ત્રીશ ઉપવાસ)માં સામેલ હતું. બન્નેની ધર્મરુચિ-ઠરેલતા-ભાવુકતા પ્રથમ નજરે જ નોંધપાત્ર લાગે તેવા હતા. માસક્ષમણ શાતાપૂર્વક થયાના અઠવાડિયામાં તેઓ અમારી પાસે

પોતપોતાની અલગ વાર્ષિક આલોચનાનોંધ લઈને આવ્યા. એક વર્ષમાં જે જે દોષો સેવાયા હોય-પાપ થયા હોય એનો એકરાર અને પ્રાયશ્ચિત્ત માંગવાની વાત આ નોંધમાં હોય. અમે સહજભાવે કહ્યુંઃ ''હજુ તાજું જ માસક્ષમણ કર્યું છે. આ આલોચનાનો તપ પર્યુષણા પછી જ કરવાના હશો. તો આલોચનાપ્રાયશ્ચિત્ત પર્યુષણા પછી આપીએ?'' તેઓ કહે : ''આપને સમય ન હોય તો અલગ વાત છે.બાકી અમે પ્રતિવર્ષ પર્યુષણા પૂર્વે આલોચના લઈએ છીએ અને પ્રાયશ્ચિત્તતપ પણ તરત શરૂ કરી દઈએ છીએ. આ વર્ષે પણ એમ જ કરવાની ભાવના છે.''

અમે એમની સત્ત્વશીલ પાપભીરુતાને મનોમન વંદન કર્યા.

(૩) Force :- Force અર્થાત્ રુચિ-રસનો જુસ્સો વ્યક્તિને Picture જોવામાં જેટલો આવશે એટલો પ્રવચનમાં પ્રાયઃ નહિ આવે. દેશ-વિદેશમાં ફરવામાં વ્યક્તિને જેટલી મજા આવશે એટલી એક સ્થળે અવશ્યમેવ રહી ઉપધાન કરવામાં પ્રાયઃ નહિ આવે. સરેરાશ વ્યક્તિમાં જોવાતો આ સામાન્ય ક્રમ ઉલટાય અને મોજ-મજાના ભૌતિક અવસરો કરતા પણ ધર્મઆરાધનામાં રસ-રુચિનો જુસ્સો વધુ પ્રગટે એ આ ત્રીજા "F" નું હાર્દ છે.

'છેલ્લે પાપભીરુતાના સંદર્ભમાં મસ્ત વાત : સાબુ વસ્ત્રોના મલિન ડાઘ દૂર કરે છે. પશ્ચાત્તાપ આત્માનાં મલિન પાપ દૂર કરે છે.

✿ ✿ ✿



# 2

## તમે જતું કરો છો એનો અર્થ એવો ય હોઇ શકે કે તમે સચ્ચાઇ કરતા સમજદારીને વધુ મહત્ત્વ આપ્યું છે!

વ્યક્તિનો Approach–અભિગમ કેવી મહત્ત્વપૂર્ણ બાબત છે તે Batsmanની રમત પર નજર કરવાથી સુપેરે સમજાય તેમ છે. ધારો કે એક Batsman પહેલા બરાબર Set થાય–પછી પણ જરા ય જોખમ લીધા વિના બિલકુલ સલામત શૈલીથી જ રમે તો એવું ય બને કે કટોકટીના તબક્કે એ Teamને Match જીતાડી ન શકે. એથી વિપરીત અન્ય Batsmanનો Approach એવો છે કે કોઇ પણ પરિસ્થિતિમાં હાર ન માનવી. Ball ખૂબ ઓછા બચ્યા હોય અને Run ઘણા કરવાના હોય એવા કટોકટીભર્યા તબક્કે એ જીતવાના ઝનૂનથી રમે, જોખમ ઉઠાવી જરૂર પડ્યે અર્ધી Pitch પર આવીને ફટકાબાજી કરે તો એવું ય બને કે એ અશક્ય જણાતો વિજય હાથવગો કરી શકે.

ધ્યાનથી વિચારીશું તો અહીં ફર્ક આવડતનો નથી, ફર્ક અભિગમનો–

Approachનો છે. માત્ર Cricketમાં જ નહિ, જિંદગીની રમતમાં પણ અભિગમ-Approach ઘણો મોટો ફર્ક સર્જે છે. જરૂર એ નથી કે જિંદગીની રમતમાં અભિગમ ઝનૂનભર્યો જ હોવો જોઇએ. જરૂર એ છે કે ચોક્કસ લાભદાયી Approach-અભિગમ હોવા જ જોઇએ. એ અભિગમ તે તે પરિસ્થિતિનો સર્વાંગીણ ક્યાસ કાઢીને અપનાવવાના હોય, આંખ મીંચીને નહિ. આ રીતે અપનાવાતા ઉચિત અભિગમોનો લાભ બહુ જોરદાર થાય. આવો, આપણે ત્રણ લેખમાં આવા કુલ ચાર ઉપયોગી અભિગમ પર વિચારવિહાર કરીએ :

**(૧) જતું કરવાનો અભિગમ :-** Englishમાં જેને Let Go Nature કહેવાય છે એ છે આ જતું કરવાનો અભિગમ. દૈનંદિન જીવનમાં કેટકેટલી ય નાની-મોટી ઘટનાઓ એવી બનતી રહે છે કે જેમાં આપણને અન્યાય થયો હોય-નુકસાન થયું હોય યા પરેશાની થઇ હોય. આવા સમયે દરેક બાબતનો તંત પકડી રાખી અંત ન લાવવામાં આવે તો એનાં કારણે માનસિક સંક્લેશથી લઇને ઘર્ષણ-ઝઘડા-મોટાં નુકસાનો ઘણી વાર થઇ જતાં હોય છે. આવી સ્થિતિમાં ઉપયોગી થાય છે આ જતું કરવાનો અભિગમ. આ માટે કેટલાક માપદંડ આવા વિચારી શકાય :

(A) જે બાબત સાવ નજીવી-નગણ્ય હોય એ બાબતનો તંત ન પકડવો. આવો તંત કોઇ લાભ વિના ક્યારેક મોટાં નુકસાનોની ભેટ ધરી દેતો હોય છે. (B) જે બાબત ગણનાપાત્ર હોય. પરંતુ એમાં જીદ કરવા જતાં-તંત પકડવા જતા તે બાબતની અપેક્ષાએ બહુ મોટાં નુકસાન સર્જાવાની સંભાવના હોય તો એ ગણનાપાત્ર જણાતી વાતમાં ય જતું કરવાનો અભિગમ દાખવવો. (C) જેમાં ખૂબ માનસિક સંતાપ થાય, દિવસો-મહિનાઓ-વર્ષો સુધી ચિત્ત સંક્લેશગ્રસ્ત-અસમાધિમય બને એવી બાબત મોટી હોય તો ય જતી કરવી. કારણ કે એ સંક્લેશગ્રસ્ત-કષાયગ્રસ્ત મનોદશા ભવભ્રમણા વધારી આત્મિક દૃષ્ટિએ

ભયાનક નુકસાન નોંતરે. (D) જે બાબતની પકડ બહુજનવર્ગમાં આપણી પ્રતિષ્ઠાને લાંછન લગાવે એ બાબત મહત્ત્વની હોય તો પણ જતી કરવી. કારણ કે પ્રતિષ્ઠા ગુમાવવા કરતા મહત્ત્વની બાબતની નુકસાની વેઠવી બહેતર છે.

જ્યાં આવા માપદંડો રાખ્યા વિના જે તે-ગમે તેવી બાબતોમાં તંત પકડી રખાય ત્યાં નુકસાનો કેવા કલ્પનાતીત થાય એ જાણવું છે? તો દષ્ટિપાત કરો ઇતિહાસની આ વિ-લક્ષણ ઘટના પર. આ એવી ઘટના છે કે જેમાં નજીવી વાત નહિ, બલ્કે કાંઇ જ લેવા-દેવા ન હોય એવી બાબતે તંત પકડી ક્યાં ય ભરપાઇ ન કરી શકાય એવું નુકસાન નોંતરાયું હતું. ઘટના એ કાંઇક આવી હતી :

પ્રાચીન વિશાલ વલ્લભી સામ્રાજ્યનો સમ્રાટ શિલાદિત્ય. એની રાજધાની વલ્લભીપુરમાં એના રાજમહેલની સામે કાકુ નામે વણિકની હવેલી હતી. કાકુ પણ શ્રીમંત અને તંતીલો હતો. એક વાર કાકુની દીકરી અગાશીમાં રત્નમય કાંસકીથી કેશસજ્જા કરી રહી હતી. એ દશ્ય નિહાળ્યું એની વયની રાજકુમારીએ. રત્નજડિત કાંસકી રાજકુમારીને બેહદ પસંદ આવી ગઇ. એણે રાજા શિલાદિત્ય પાસે એ કાંસકી અપાવવાની માંગણી કરી. એમાં બાળહઠનો અને રાજહઠનો સંગમ હતો. સમ્રાટે રાજકન્યાને એ જ કાંસકી અપાવવાનું વચન દીધું. એમણે કાકુને કાંસકી આપવાનું ફરમાન કર્યું. કાકુની દીકરીને કાંસકી પ્રાણથી પ્યારી હતી. એથી એણે કાંસકી આપવાનો નનૈયો ભણી દીધો. સત્તાના તોરમાં છકી ગયેલ શિલાદિત્યે નાનકડા યુદ્ધ જેવું છમકલું કરી કાકુના પહેરેગીરોને માર મરાવ્યો અને સૈનિકોને હવેલીમાં મોકલી રત્નની કાંસકી ધરાર પડાવી લીધી.

કાકુ પણ તંતીલો હતો. આ અપમાનથી ભૂરાંટો થઇ એ પરદેશી રાજાઓ પાસે ગયો. સમ્રાટ શિલાદિત્યની તમામ નબળી લશ્કરી કડીઓની માહિતી આપી એણે પરદેશી શાસકોને આક્રમણ માટે ઉશ્કેર્યા. એટલું જ નહિ, ઠેઠ વલ્લભીપુર સુધી એમને લઇ આવ્યો. ભયાનક યુદ્ધમાં સમ્રાટ શિલાદિત્ય મરાયો અને

સૈકાઓથી જામેલું વલ્લભીસામ્રાજ્ય સંપૂર્ણ ધ્વસ્ત થઇ ગયું! કાકુ પણ પૂરેપૂરો ખુવાર થઇ ગયો!

જરાક વિશ્લેષણ કરીએ આ ઇતિહાસની વિ-લક્ષણ ઘટનાનું. મહાન વલ્લભી સામ્રાજ્યની તુલનાએ રત્નની કાંસકી સાવ નજીવી-તુચ્છ ચીજ હતી. એ કાકુની હોવાથી શિલાદિત્યને તો એનાથી ખરેખર કોઇ લેવા-દેવા જ ન હતી. માત્ર તંત ખાતર-જીદ ખાતર સમ્રાટે વાત જતી ન કરી. એમાં નુકસાન સર્વસ્વ ગુમાવવારૂપે આવ્યું!

હવે નિહાળીએ બીજો માપદંડ. આમાં જે તે બાબત સાથે વ્યક્તિને સીધું લાગતું-વળગતું હોય અને નુકસાન નજરે આવે એવું હોય. બની શકે કે એનું પ્રમાણ ઓછું-વધું હોય. પરંતુ એની સામે તંત-જીદ પકડવામાં જે નુકસાન હોય એ અત્યંત હોય. આવી સ્થિતિમાં-સંભાવનામાં વ્યક્તિએ મનસ્વીપણે-સ્વચ્છંદીપણે ન વર્તાય. બલ્કે સંભવિત વિરાટ નુકસાન નજર સમક્ષ રાખીને મન વાળવાપૂર્વક તંત છોડી દેવાનો-જતું કરવાનો અભિગમ રાખવો જોઇએ. જો આવો અભિગમ ન રખાય તો કેવા પ્રચંડ નુકસાનમાં તણાવું પડે એનું ઇતિહાસપ્રસિદ્ધ ઉદાહરણ છે દુર્યોધન.

ચૌદ વર્ષનો પાંડવોનો વનવાસ પૂર્ણ થયો ત્યારે પાંડવો-કૌરવો વચ્ચે યુદ્ધ ન થાય તે માટે વિષ્ટિકારની ભૂમિકા અદા કરી હતી શ્રીકૃષ્ણે. એમનું લક્ષ્ય એકમાત્ર એ હતું કે ભાઇઓ-ભાઇઓ વચ્ચે યુદ્ધ ન થાય અને લોહીની નદીઓ ન વહે. એ માટે પાંડવોનો વ્યાજબી હક જતો કરીને એમણે દુર્યોધન સમક્ષ Minimum માંગણી રજૂ કરી કે 'પાંડવોને માત્ર પાંચ ગામનું રાજ્ય આપી દે.' આ પ્રસ્તાવમાં દુર્યોધનને સો ટકા

લાગતું-વળગતું હતું અને પાંચ ગામ જવા દેવા જેટલું નુકસાન એને હતું. પરંતુ એની સામે તંત પકડવામાં ભયંકર યુદ્ધનું-પરાજયનું-કુલસંહારનું જે સંભવિત નુકસાન હતું એ ખૂબ તોતિંગ હતું. એથી ખરેખર તો દુર્યોધને તંત જતો કરવા જેવો હતો. પરંતુ એણે મનસ્વી-ઉદ્દંડ બની તંત પકડી રાખતા સ્વચ્છંદી ઉત્તર આપ્યો ''પાંચ ગામ તો શું, સોયની અણી પર રહે તેટલી ભૂમિ પણ પાંડવોને આપવા હું તૈયાર નથી. પાંડવોને જે જોઇતું હોય તે માંગીને નહિ, યુદ્ધ કરીને લે.'' શાણપણ વિનાના આ તંતનું જે કરુણ પરિણામ આવ્યું એ જગપ્રસિદ્ધ છે. સમગ્ર સામ્રાજ્ય તો એના હાથમાંથી ગયું. ઉપરાંત કૌરવકુલનો સંહાર થયો અને દુર્યોધન યુદ્ધમાં ભયંકર પીડા સાથે કમોતે મર્યો એ અલગ.

ત્રીજો માપદંડ આપણે એ વિચાર્યો હતો કે જેનાથી મન સતત સંક્લેશગ્રસ્ત-કષાયગ્રસ્ત રહે એવી બાબત આપણા માટે મોટી હોય તો પણ જતી કરવી. ઉદાહરણરૂપે લઇએ મોટી રકમની ઉઘરાણી. ધારો કે તમારી મોટી રકમ ફસાઇ ગઇ છે અને એ પરત આવે એવી કોઇ શક્યતા જણાતી નથી. તમારા હિતેચ્છુઓ એ સમયે તમને વાંકી આંગળીએ ઘી કાઢવાની સલાહ આપે અર્થાત્ રકમ દબાવી દેનારના હાથ-પગ ભંગાવવા કે જાનથી ખતમ કરવાનો ઉપાય સૂચવે. તમે ધર્મિષ્ઠ છો. એથી આમાં મન કાયમ સંક્લેશમય-કષાયગ્રસ્ત રહે એની તમને ભીતિ અનુભવાય. તમે કોઇ ગુરુભગવંતનું માર્ગદર્શન લો. તો એ તમને એ જ સમજાવશે કે 'મન સંક્લેશગ્રસ્ત બને એવી કોઇ મારામારી જેવી હીન પ્રવૃત્તિ કરાવવા કરતા એ રકમ તમારી હતી જ નહિ એમ માની એને જતી કરો. એનાથી સંક્લેશ-દુર્ગતિ આદિથી બચી તો જવાશે.' ના, આ માત્ર કોરી કલ્પના નથી. આવો ઉપદેશ ઝીલીને ચિત્તસમાધિ ખાતર લાખો-ક્રોડો રૂ.ની ઉઘરાણી જતી કરનાર પુણ્યાત્માઓ

આજે ય મોજૂદ છે, અમારા પરિચયમાં છે. મુખ્યત્વે આત્માર્થી પુણ્યાત્માઓ આ માપદંડ અનુસાર જતું કરવા તત્પર થાય.

આપણે અંતિમ માપદંડ એ વિચાર્યો હતો કે પ્રતિષ્ઠાને લાંછન લાગે તેમ હોય ત્યારે મહત્ત્વની બાબત પણ જતી કરવી. આ સંદર્ભમાં આપણા દૃષ્ટિબિંદુથી મૂલવીએ રામચન્દ્રજીની જીવનઘટનાને. તેઓ જ્યેષ્ઠ રાજકુમાર હોવાથી રાજ્ય પર હક એમનો જ હતો. આ બાબત આગળ ધરીને એમણે પિતા દશરથરાજાની વાત માનવાનો ઇન્કાર કર્યો હોત તો પરમ પિતૃભક્ત અને મર્યાદાપુરૂષોત્તમ તરીકેની એમની પ્રતિષ્ઠાને લાંછન લાગત. એમણે પિતાનો પડ્યો બોલ તત્કાલ બહુમાનથી ઝીલવાનો અને રાજગાદી જતી કરવાનો જે અભિગમ દાખવ્યો એનાથી તેમની પ્રતિષ્ઠા લોકહૃદયમાં બહુ વ્યાપક રીતે વૃદ્ધિ પામી. અલબત્ત, રામચન્દ્રજીએ પ્રતિષ્ઠા લક્ષ્યમાં રાખી રાજગાદી જતી કરી ન હતી. એમણે તો વિશુદ્ધ પિતૃભક્તિથી જ એ અભિગમ દાખવ્યો હતો. માત્ર આપણા દૃષ્ટિબિંદુથી આ ઘટના મૂલવતાં આપણને એ ચોક્કસ પ્રતીતિ થશે કે પ્રતિષ્ઠાને હાનિ પહોંચે એ કરતાં મહત્ત્વની બાબતને જતી કરવી એ ઉત્તમ શાણપણ છે.

છેલ્લે એક સરસ વાત : **તમે જ્યારે કાંઇક જતું કરો છો ત્યારે એનો અર્થ એ નથી કે તમે ખોટા છો. કેટલીક વાર એનો અર્થ એ હોય છે કે તમે સચ્ચાઇ કે ન્યાય કરતા સમજદારીને મહત્ત્વ આપ્યું છે !**

✿ ✿ ✿



3

# ઘડતર પથ્થરને પ્રતિમા બનાવે છે...
# આદર્શો માનવીને મહાન બનાવે છે...

કુદરતની-કર્મસત્તાની મોટી સોગાદરૂપે મળેલ આ જીવનને વધુ સાર્થક-વધુ ઉન્નત બનાવવા માટે કેટલાક સરસ દૃષ્ટિબિંદુઓ-અભિગમો અપનાવવા ખાસ આવશ્યક છે. ગત લેખથી આપણે ચાર એવા અભિગમો પર વિચારણા આરંભી છે કે જે સહુ જનોને સ્વીકાર્ય બની રહે. ન એમાં કોઇને ધર્મનો બાધ આવે, ન એમાં કોઇને સમાજના-જ્ઞાતિના રિવાજનો બાધ આવે. આજના લેખમાં વિચારીશું એમાંના બીજા અને ત્રીજા ક્રમના અભિગમ.

**(૨) અન્યોને સમજવાનો અભિગમ :-** ધ્યાનથી નિરીક્ષણ કરીશું તો એ ખ્યાલમાં આવશે કે આજે અચ્છા અચ્છા શિક્ષિત-Well Educated લોકોને ય મહદંશે એ બાબતનો ધખારો હોય છે કે પોતાની વાત બીજાને કેવી રીતે ઝડપથી સમજાવી દેવી. એમને રસ હોય છે પોતાની વાત જલ્દીથી સમજાવી દેવામાં, બીજાની વાત ધ્યાનથી સમજવામાં નહિ. એમના આ ધખારા અન્યો સાથેની

ચર્ચામાં-વાર્તાલાપમાં ઘણી વાર આવા વાક્યોથી વ્યક્ત થાય છે કે ''તમે પહેલા મારી વાત સમજો... તમે મારી વાત સમજતા જ નથી.'' ઇત્યાદિ. કમાલ છે ને! પોતે સામી વ્યક્તિની વાત સમજવામાં જરા ય દિલચશ્પી ધરાવતા નથી એનો કોઇ વિચાર નહિ અને સામેની વ્યક્તિ પોતાની વાત પોતે ચાહે એ રીતે જ સમજે તેવો દુરાગ્રહ. પછી ક્યાંથી આવી ચર્ચાનાં વલોણામાંથી સંવાદનું નવનીત પ્રગટે?

એક સરસ વિધાન આ સંદર્ભમાં ટાંકવા જેવું છે કે ''આજે સંભળાવનાર લોકો ઘણા છે, સંભળાવનારાની અપેક્ષાએ સાંભળનાર લોકો અલ્પ છે, સાંભળનારની અપેક્ષાએ સમજનાર લોકો એથી ય અલ્પ છે અને સમજનારની અપેક્ષાએ એ મુજબ વર્તનાર વર્ગ તો અત્યંત અલ્પ છે!'' આ એકદમ વાસ્તવદર્શી વિધાનનો સૂર એ છે કે સામી વ્યક્તિની વાત સાંભળવી-સમજવી અને એ મુજબ વર્તવુંઃ આમાં બહુ જૂજ લોકોને રસ છે. ઘણા બધા તો સામી વ્યક્તિની વાત સાંભળવાનો માત્ર Physically દેખાવ કરતા હોય છે. સાંભળવાની એ ક્ષણોમાં ય એનું ચિત્ત સામી વ્યક્તિને સમજવામાં રમતું ન હોય, બલ્કે સામી વ્યક્તિને પોતાની વાત કયા શબ્દોથી સમજાવી દેવી-ગળે ઉતારી દેવી એ જ ચક્કરમાં એનું ચિત્ત રમતું હોય.

અમે માનીએ છીએ કે જે વ્યક્તિ સામી વ્યક્તિની વાત સાંભળવામાં-સામી વ્યક્તિને સમજવામાં રસ ધરાવતી હોય એ જ વ્યક્તિ અવસરે પોતાની વાત એને બહુ સરલતાથી સમજાવી શકે. બીજો મોટો લાભ એ થાય કે સામી વ્યક્તિને સમજવાથી ઘણી વાર આપણી સમજમાં જે ગલત બાબત હોય એનો ખ્યાલ આવે અને એ ગલત સમજથી આપણે મુક્ત થઇએ. હા, આપણે ભલે જાતને વિદ્વાન-નિષ્ણાત સમજતા હોઇએ અને સામી વ્યક્તિને એની કક્ષાનુસાર અલ્પજ્ઞ-અભણ કે ગમાર સમજતા હોઇએ. તો પણ ક્યારેક એવું ય બની શકે કે એની સમજ સામે આપણી સમજ ગલત હોઇ શકે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો ઇતિહાસની આ સત્ય ઘટના :

મહાન રાજનીતિજ્ઞ તરીકે પંકાયેલ ચાણક્ય. એ રાજનીતિનાં ક્ષેત્રનું એવું બેજોડ વ્યક્તિત્વ હતું કે સેંકડો-હજારો વર્ષ પછી ય આજના માહેર રાજનીતિજ્ઞ માટે 'આ તો ચાણક્ય જેવા છે' એવા વાક્યપ્રયોગ થાય છે. આ ચાણક્યે કોઇની સહાય વિના એકલે હાથે વિરાટ નંદસામ્રાજ્ય ધ્વસ્ત કર્યું હતું અને ચન્દ્રગુપ્તને મહાન સમ્રાટ બનાવ્યો હતો.

પણ... શરુઆતના તબક્કે તો મહાન કૂટનીતિજ્ઞ ચાણક્યને ય પીછેહઠ કરવી પડી હતી. બન્યું હતું એવું કે પહેલી વારમાં નંદસામ્રાજ્ય સામે બાથ ભીડવા ચાણક્યે એક જ યુદ્ધમાં આર-પારનો જંગ ખેલવાનો વ્યૂહ અપનાવ્યો હતો. એથી સરહદી પ્રદેશ જીતવાના બદલે એણે સીધી રાજધાની પાટલિપુત્ર સુધી કૂચ કરી અને ત્યાં જ મોટું યુદ્ધ ખેલ્યું. આમાં ચાણક્યને બન્ને બાજુથી માર પડ્યો. નંદરાજાની વિરાટ સેનાએ એને આગળથી ભીંસમાં લીધો અને સરહદ તરફથી આવેલ સેનાએ એને પાછળથી ભીંસમાં લીધો. હારવાની અણી પર આવી ગયેલ ચાણક્ય અને ચન્દ્રગુપ્ત જીવ બચાવીને ત્યાંથી ભાગી ગયા. ચાણક્યનાં મનમાં એ મંથન ચાલતું હતું કે વ્યૂહરચનામાં થાપ ક્યાં ખાધી?

ગ્રામીણ વ્યક્તિના વેશમાં બન્ને અંતરિયાળ ગામડાંઓમાંથી પસાર થઇ રહ્યા હતા. સાંજના સમયે કકડીને ભૂખ લાગતા તેઓ એક ઘરમાં પ્રવેશ્યા. ઘરના વૃદ્ધ માજીએ **'अतिथिदेवो भव'**ની સંસ્કૃતિ અનુસાર બન્ને અજાણ્યા અતિથિને આવકારી જમવા બેસાડ્યા. એ જ સમયે ઘરે આવેલ યુવાન પુત્રને પણ માજીએ અતિથિઓ સાથે જમવા બેસાડ્યો. અત્યંત ગરમ ગરમ ખીચડી ત્રણે ય ને પીરસાઇ. ક્ષુધાતુર પુત્રે તુર્ત ખીચડીની વચ્ચે હાથ નાંખ્યો. કોળિયો તો ન ભરી શકાયો, પણ એનો હાથ તીવ્રપણે દાઝી ગયો. યુવાન પુત્ર ચીસ પાડી ઊઠ્યો. માજી હસતા હસતા બોલી ઉઠ્યાઃ ''અલ્યા, તું પણ પેલા ચાણક્ય અને ચન્દ્રગુપ્ત જેવો મૂર્ખ છે. ગરમ ગરમ ખીચડીમાં વચ્ચે હાથ ન નંખાય. એને છેડે છેડેથી છૂટી પાડીને વાપરવી જોઇએ.''

ગુપ્ત વેશે રહેલ ચાણક્ય અને ચન્દ્રગુપ્ત પોતાનાં નામ સાંભળી ચમકી

ઊઠ્યા. ચાણક્યે પોતાની ઓળખ ખુલ્લી કર્યા વિના પૂછ્યુંઃ ''માજી! ચાણક્ય-ચન્દ્રગુપ્તે શી મૂર્ખતા કરી?'' એ જ હાસ્ય સાથે માજી બોલ્યા : ''બસ, આ મારા પુત્ર જેવી જ મૂર્ખતા એ બન્નેએ કરી. ગરમ ખીચડી જેમ છેડે છેડેથી ખવાય, એમ ચાણક્યે પહેલા સરહદનો વિસ્તાર ટુકડે ટુકડે જીતવા જેવો હતો. એમાં એ તુર્ત સફલ થાત અને નંદસમ્રાટના સૈન્યની શક્તિનો એને અંદાજ પણ આવી જાત. પરંતુ આવું કાંઇ કર્યા વિના એણે સીધું રાજધાની પર આક્રમણ કર્યું. એથી એ પણ મારા દીકરાની જેમ દાઝી ગયો ને હાર્યો!''

ચાણક્ય જેવા મહાન વિદ્વાન અને નિષ્ણાત રાજનીતિજ્ઞે અભણ માજીની વાત માત્ર ધ્યાનથી સાંભળી જ નહિ, સમજી પણ ખરી અને અમલમાં ય લીધી. બીજી વાર એણે વ્યૂહરચના બદલી. સરહદના વિસ્તારો જીતતા જીતતા એ આગળ વધ્યો અને છેલ્લે પાટલિપુત્રના યુદ્ધમાં વિજેતા બની નંદસામ્રાજ્ય ધ્વસ્ત કર્યું! અન્યોને સમજવાનો આ પ્રભાવ હતો : પછી ભલે ને સામી વ્યક્તિ અભણ હોય. વાતમાં તથ્ય હોય તો એને ય સાંભળી-સમજી શકાય. આ જ 'Wavelength' પર સંસ્કૃત સાહિત્યમાં સરસ સૂત્ર મળે છે કે 'बालादपि हितं ग्राह्यम्' મતલબ કે હિતકારી વાત જો નાના બાળક પાસેથી પણ મળે તો એને સાંભળવાની-સમજવાની સજ્જતા રાખવી જોઇએ.

**(૩) આદર્શોને અનુસરવાનો અભિગમ :-** એક વાત નિશ્ચિત છે કે લક્ષ્ય જેવું રખાય તે પ્રમાણેના લાભ-નુકસાન વ્યક્તિને થાય. લક્ષ્ય જો ચોરી-વ્યસન-વ્યભિચાર જેવાં કનિષ્ઠ રખાય તો વ્યક્તિને નુકસાન થાય અને બાહ્ય યા અભ્યંતર સ્તરે પ્રગતિ થાય તેવાં લક્ષ્ય રખાય તો લાભ થાય.

બાહ્ય સ્તરની પ્રગતિનાં કેટલાક ઉદાહરણો જોઈએ. ધારો કે એક બાળક મોટો થઈને Doctor-વકીલ-C.A. થવાનું લક્ષ્ય રાખતો હોય તો એ લક્ષ્ય સર કરવાથી એને આર્થિક લાભ સરસ થાય. સરેરાશ સામાન્ય નોકરીયાતને આર્થિક અસુરક્ષિતતા જેટલી નડે એટલી આ બાળકને ન નડે. એમાં ય જો એ Powerful હોય તો તો આર્થિક રીતે સદ્ધરતા અનુભવે... ધારો કે એક બાળકે Cricket વગેરેમાં રમતવીર બનવાનું લક્ષ્ય રાખ્યું હોય અને એ તે લક્ષ્ય ઉત્કૃષ્ટપણે સર કરે તો એને આર્થિક સદ્ધરતા ઉપરાંત વ્યાપક પ્રસિદ્ધિ મળે. પંદર-વીશ વર્ષનો સમયખંડ જીવનનો એવો મળે કે જે એને સતત Celebrityનું માન-સન્માન અપાવે... ધારો કે એક બાળક વૈજ્ઞાનિક થવાનું લક્ષ્ય રાખે અને એ લક્ષ્ય ઉત્તમપણે સર કરે તો એને આર્થિક સદ્ધરતા મળે. ઉપરાંત ઇતિહાસમાં ચિરંજીવ ગૌરવવંતું સ્થાન પણ મળે. એની શોધ પ્રજાને જેટલી ઉપયોગી-ઉપકારક, એટલી એની સ્મૃતિ ચિરંજીવ.

ઉપર જે જણાવ્યા તે ફકત બાહ્ય સ્તરનો લાભ કરાવતાં લક્ષ્યો છે. જ્યારે આદર્શોને અનુસરવાનો અભિગમ એટલે કે આદર્શને લક્ષ્ય બનાવી જીવવાનો અભિગમ એવો છે કે જે અભ્યંતર સ્તરે તો લાભ કરાવે જ, ઉપરાંત બાહ્ય સ્તરે પણ લાભ કરાવે. આપણે અહીં ઉચ્ચતમ આધ્યાત્મિક આદર્શોનો ઉલ્લેખ એટલે નથી કરતા કે અહીં સર્વસામાન્ય જનસમૂહ આત્મસાત્ કરી શકે એવા આદર્શો રજૂ કરવા છે. એનાથી અભ્યંતર લાભ ઉપરાંત બાહ્ય લાભ પણ વિવિધરૂપે થાય છે.

દયા - કરુણા - પરોપકાર - પ્રામાણિકતા-સત્યનિષ્ઠા-સદાચાર વગેરે આવા આદર્શો છે. એને સામાન્ય જનસમૂહની કોઇ પણ વ્યક્તિ ધર્મ-પરંપરાઓના બાધ વિના અને સંસારત્યાગ જેવા મોટા આધ્યાત્મિક પરાક્રમ વિના પણ આત્મસાત્ કરી શકે છે. શરત માત્ર એટલી જ કે

વ્યક્તિમાં આદર્શોને આત્મસાત્ કરવાનો-અનુસરવાનો અભિગમ સન્નિષ્ઠ હોવો જોઈએ. દયા-કરુણાના સન્નિષ્ઠ અભિગમે મેઘરથ રાજાને આગળ જતાં સોળમા તીર્થંકર શાંતિનાથ ભગવાન બનવા સુધીનો લાભ કરાવ્યો, તો પરોપકારના સન્નિષ્ઠ અભિગમે નયસાર રાજવીને ચોવીશમા તીર્થંકર મહાવીરપ્રભુ બનાવવાનાં મંગલાચરણ કરાવ્યા હતા.

આ થયા ઉપરોક્ત આદર્શોના અભ્યંતર સ્તરનાં પ્રાચીન ઉદાહરણો.

ઉપરોક્ત આદર્શોને સન્નિષ્ઠભાવે અનુસરી બાહ્ય સ્તરે ટોચની લોકપ્રિયતા પ્રાપ્ત કરનાર વર્તમાનકાલીન ઉદાહરણ ટાંકવું હોય તો યાદ આવે ગાંધીજી. એમનાં જીવનમાં દયા-કરુણાદિ અનેક ગુણો હતા. પણ તુર્ત નજરે તરી આવે તેવો ટોચ કક્ષાનો ગુણ હતો સત્યનિષ્ઠાનો. સ્વયં ગાંધીજી એમની આત્મકથામાં એ ભાવની વાત લખે છે કે ''સત્યવાદી હરિશ્ચન્દ્રરાજાનું જીવન બાળવયે નાટકમાં જોયું એની મન પર ઘેરી અસર થઇ. રાત્રે ખૂબ ભાવુકતાથી દૃઢ સંકલ્પ કર્યો કે મારે પણ રાજા હરિશ્ચન્દ્ર જેવા સત્યવાદી થવું જ.'' આ આદર્શોને અનુસરવાનો અભિગમ હતો. આ સંકલ્પે મોહનદાસમાંથી મહાત્મા ગાંધીજીનું સર્જન કર્યું. આ સંકલ્પે એમની પાસે 'સત્યના પ્રયોગો' નામે સત્યમંડિત આત્મકથા લખાવી અને આ સંકલ્પે એમને વિશ્વના તમામ રાજપુરુષો કરતા અધિક લોકપ્રિય નેતા બનાવ્યા.

છેલ્લે એક સરસ વાત : ઘડતર પથ્થરને પ્રતિમા બનાવે છે... આદર્શો માનવીને મહાન બનાવે છે...

✿ ✿ ✿



# 4

## જો તમે મનને શાંત રાખશો તો દુનિયા શાંત લાગશે...
## જો તમે મનને અશાંત રાખશો તો દુનિયા અશાંત લાગશે...

Operation જોખમી હોય અને દર્દીની જલ્દી સાજા થવાની શક્યતાઓ વિશે અનુભવી Doctorને પૂછવામાં આવે તો Doctor એનાં અલગ અલગ કારણોમાં એક કારણ એ પણ સાંકળશે દર્દીનો Approach-અભિગમ. દર્દી જો જબરજસ્ત Positive અભિગમ-પ્રબળ જિજીવિષા ધરાવતો હશે તો High Risky Operation હશે તો પણ Doctor દર્દીની જલ્દી સાજા થવાની શક્યતા વધુ જણાવશે અને દર્દી જો Negative Approach ધરાવતો હશે તો Operation મધ્યમ જોખમી હોવા છતાં Doctor એની જલ્દી સાજા થવાની શક્યતા અલ્પ જણાવશે. આ એમ જણાવે છે કે Approach-અભિગમ કેવી મહત્ત્વભરી બાબત છે.

આપણે એથી જ, વ્યક્તિ માટે બહુ ઉપયોગી-ઉપકારક પુરવાર થાય તેવા ચાર અભિગમોનું વિશ્લેષણ છેલ્લા બે લેખોથી કરી રહ્યા છીએ. આજે આ ત્રીજા લેખમાં કરીશું અંતિમ-ચોથા અભિગમ અંગે વિશ્લેષણ.

**(૪) શાંત બની રહેવાનો અભિગમ :-** કેટલીક વ્યક્તિઓ હોય છે Cool Minded એનાં જીવનમાં કોઇ મોટી આસમાની-સુલતાની સર્જાઇ જાય તો પણ એનું વર્તન-એના શબ્દો શાંત હોય : જાણે એનાં દિમાગમાં Ice Factory ન ખૂલી હોય! એથી વિપરીત કેટલીક વ્યક્તિઓ હોય છે એકદમ Short Temper. સાવ નજીવી ઘટના બની હોય તો ય એના Re-actionમાં એ આભ તૂટી પડ્યું હોય એવી ઉગ્રતા-વ્યગ્રતા દાખવે : જાણે એનાં દિમાગમાં Bomb Factory ન ખૂલી ગઇ હોય! વસ્તુતઃ આ બન્ને સાવ વિભિન્ન Approachની અસર બન્ને પ્રકારની વ્યક્તિઓનાં જીવનમાં બહુ મોટી થતી હોય છે. પહેલા પ્રકારની વ્યક્તિઓને શાંત અભિગમનાં કારણે પારાવાર લાભ થાય છે, તો બીજા પ્રકારની વ્યક્તિઓને ઉગ્ર અભિગમનાં કારણે પારાવાર નુકસાન થાય છે. આપણે અહીં હવે વિચારીશું શાંત અભિગમ દાખવવાનાં કારણે થતાં કેટલાક સરસ લાભો.

પહેલો લાભ એ છે કે શાંત રહેનાર-ઉગ્ર ન થનાર વ્યક્તિની છાપ હંમેશા ઉમદા ઊપસે છે. સામી વ્યક્તિ એકદમ ઉગ્રતામાં હોય, આવેશમાં ને આવેગમાં એ પ્રતિપક્ષી વ્યક્તિ માટે બેફામ ગલીચ આક્ષેપો કરે અને માહોલ બગાડવાની કોશિશ કરે એ સમયે વ્યક્તિ જો શાંત મક્કમતા દાખવે તો પ્રથમ નજરે જ અન્યોનાં મનમાં એના શાંત-ઉગ્રતાવિહીન પ્રતિભાવની મોટી-ઉમદા અસરો સર્જાય. શાંત મક્કમતાનો અર્થ બોલવું નહિ એવો નથી. એનો અર્થ એટલો જ છે કે પ્રતિભાવ જે સ્તરનો અપાય તે ઉગ્રતાવિહીન-શાંત સ્વરૂપનો હોય. જરૂરિયાત હોય ત્યાં શાંતિથી એકેક દલીલ સાથે વ્યક્તિ પોતાની બાજુ મજબૂત રજૂ કરી શકે અને જરૂરિયાત ન હોય ત્યાં વ્યક્તિ સામી વ્યક્તિની મોં-માથા વિનાની રજૂઆતને નગણ્ય માની મૌન પણ રહે. બન્નેમાં પ્રધાનતા શાંત-આવેશરહિત પ્રતિભાવની જ હોય. આ રીતે, શાંત પ્રતિભાવ આપનારની છાપ કેવી ઉમદા-મસ્ત ઊપસે એનો એક અમારો જ અનુભવ શેર કરીએ :

ઇ.સ. ૨૦૧૧નું અમારું ચાતુર્માસ મુંબઇના માતબર ગણાય એવાં સ્થાનમાં હતું. એક દિવસ કોઇ ધાર્મિક કાર્યક્રમ માટે અમારે એક Buildingમાં જવાનું હતું. દેરાસરના એક Trustee અમને લેવા આવ્યા. Buildingના ભાઇઓ હજુ

પહોંચ્યા ન હતા. અમે અને Trustee ઉપાશ્રયમાંથી બહાર આવ્યા. ત્યાં સામેથી એક ભાઇ પૂજાવસ્ત્રોમાં આવ્યા. એ ભાઇ આ Trusteeના વિરોધી હતા અને વિવેકશૂન્ય ઉગ્રતા ધરાવતા હતા. કોઇ જ નિમિત્ત-કોઇ જ કારણ વિના એ ભાઇ અમારી પાસે આવી Trustee માટે જોરશોરથી ચિલ્લાવા લાગ્યા કે મહારાજ સાહેબ! આ એક પણ Trustee લાયક નથી. બધા બદમાશો ભેગા થયા છે. આ લોકોને તો મારવા જ જોઇએ. પાંચ-સાત Minute સુધી એણે આવી આવી બાબતો એટલી ભરડી કે અમને થયું હવે આ Trustee પણ દિમાગનો કાબૂ ગુમાવી આની સાથે ઝઘડો કરી બેસશે. પરંતુ Trustee ધરાર એક શબ્દ ન બોલ્યા. છેલ્લે પેલા ભાઇ ચિલ્લાતા ચિલ્લાતા ચાલ્યા ગયા કે ''આ બધા ગેંડાની ચામડીવાળા છે. કાંઇ અસર જ થવાની નથી.'' Trustee તો ય મૌન રહ્યા.

પેલા ગર્જનાખોર ભાઇ દૂર થયા પછી અમે Trusteeને પૂછ્યું : ''તમે ઉશ્કેરાયા નહિ એનું અમને સુખદ આશ્ચર્ય થયું.'' જવાબમાં Trusteeએ કહ્યું : ''સાહેબજી! આ ઝઘડો કરવા જ આવ્યો હતો. મેં એની સામે જવાબો આપ્યા હોત તો એ લાંબો તમાશો કરત. હું સમજીને સાવ મૌન રહ્યો. એટલે થાકીને એણે ચાલતી પકડી. એને મુદ્દાસર સમજાવીએ તો એ સમજવા તૈયાર નથી. એથી આના માટે મૌનનો વિકલ્પ જ શ્રેષ્ઠ છે. પાંચ Minuteમાં એની રામાયણ પૂરી થઇ ગઇ.'' અમે ખૂબ પ્રભાવિત થઇ ગયા Trusteeની આ શાંત મક્કમતા પર. પ્રસંગ બાદ ઉપાશ્રયે પરત આવી અમારી અંગત Diaryમાં બે લીટીમાં આ ઘટના નોંધી એના પર અમારો પ્રતિભાવ લખ્યો કે **''ક્યારેક ફટકાબાજીમાં નહિ, Over maidan રમવામાં વધુ કૌશલ્ય હોય છે!''**

શાંત રહેવાનો બીજો મજાનો લાભ છે મુશ્કેલ પરિસ્થિતિમાં સમુચિત નિર્ણય. જે વ્યક્તિ Short Temper હોય એ મુશ્કેલ પરિસ્થિતિ સર્જાય ત્યારે માનસિક શાંતિ-સંતુલન ગુમાવી આડેધડ પગલાં લેવા માંડે. જેનાથી સરવાળે લાભના બદલે નુકસાન થાય. એથી વિપરીત, દિમાગ ન ગુમાવનાર શાંત અભિગમની વ્યક્તિ મુશ્કેલ પરિસ્થિતિમાં ય 'હવે શું થઇ શકે છે' એનો વિચાર શાંતપણે કરી મુશ્કેલીમાંથી બહાર આવવાના પ્રયાસ કરશે. જે સરવાળે લાભદાયી નીવડે. ખબર છે પેલું સરસ વિધાન? એ કહે છે કે **''પગમાં દોરી ગુંચવાઇ ગઇ**

હોય ત્યારે ગમે તેમ કૂદાકૂદ કરવા કરતા એક સ્થળે બેસીને ગૂંચ શાંતિથી ઉકેલવાની કવાયત વધુ બહેતર છે. કૂદાકૂદ કરવાથી દોરી વધુ ગુંચવાશે અને શાંતિથી પ્રયાસ કરવાથી ગૂંચ જલ્દી ઉકેલાશે.'' સરખાવીએ આ વિધાન સાથે આપણા સ્વયંના અનુભવોને. મુશ્કેલ પરિસ્થિતિમાં જ્યારે આપણે ઉગ્રતાથી-વ્યગ્રતાથી આડેધડ કૂદાકૂદ કરી હશે ત્યારે સમસ્યાની દોરી વધુ ને વધુ ગુંચવાઈ હશે અને જ્યારે શાંત ચિત્તના પ્રયાસો કર્યા હશે ત્યારે સમસ્યા જલ્દી ઊકલી હશે. આ વાસ્તવિકતાની સબળ પ્રતીતિ માટે આપણે યાદ કરીએ એક પ્રેરક સત્ય ઘટના :

અમેરિકાની એક કંપનીએ Engineerની ભરતીના Interviewની જાહેરાત આપી. એ વાંચીને એક કુશલ Engineer બહુ મોટી આશા સાથે Interview આપવા ગયો. એ બેરોજગાર હોવાથી એને નોકરીની તાતી જરૂર હતી અને Engineeringમાં એ નિષ્ણાત હોવાથી એને નોકરી મળવાની પ્રબળ આશા હતી. પણ રે નસીબ! એનો નંબર Interviewમાં આવ્યો ત્યાં Manager એ કહ્યું: ''હમણાં જ Management એ Engineerની પસંદગી કરી લીધી છે. એથી હવે Interviewનો અવકાશ નથી.'' પેલા ઉમેદવારને એક Minute માટે થયું કે આ કેવું વિચિત્ર Management છે કે જે Interviewમાટે ઉમેદવારોને બોલાવે છે અને Interviewની પ્રક્રિયા અધૂરી રાખી ભરતી પણ કરી દે છે! એને અન્યાય થયાનું અને તક ચાલી ગયાનું દુઃખ થયું. પણ એણે હોબાળો કરવાને બદલે મન શાંત રાખી 'હવે શું થઈ શકે છે' એના પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

જરા ય નારાજગી દર્શાવ્યા વિના એણે Managerને

કહ્યું : ''Sir! મારો Interview લેવાયો હોત તો Companyને લાભ થાત. કેમ કે હું Engineeringમાં નિષ્ણાત છું. છતાં હવે નિર્ણય બદલાવો શક્ય નહિ હોય એ હું સમજું છું. તમે મને એ કહો કે બીજું કોઇ નોકરીનું સ્થાન તમારી Companyમાં ખાલી છે?'' એની વાતચીતની સૌમ્ય રીતભાત અને આત્મવિશ્વાસથી Manager પ્રભાવિત થઇ ગયો. એ બોલ્યો : ''માત્ર એક Typistની જગ્યા ખાલી છે. હું Managementને કહી તમને એ નોકરી અપાવી શકું.'' ઉમેદવારે હા કહી અને સાત દિવસ પછી નોકરી શરૂ કરવાનો નિર્ણય કરાવ્યો. હકીકત એ હતી કે એને Typing આવડતું જ ન હતું. એથી એણે સાત દિવસનો સમય માંગ્યો હતો. સાત દિવસમાં પૂરી લગનથી એ Typing બરાબર શીખી ગયો. નોકરીમાં ખંતથી કાર્ય કરી આગળ વધતો ગયો. નસીબે સાથ આપતા એ ઉપર ઉપરનું સ્થાન સર કરતો રહ્યો અને એક દિવસ એ અમેરિકાનો પ્રમુખ બન્યો! એમનું નામ હર્બટ હૂવર!

જો Interviewના એ દિવસે એમણે શાંત દિમાગથી કામ લેવાના બદલે હોબાળો મચાવ્યો હોત તો જીવનને સ્થિરતા બક્ષતું પહેલું પગલું એ ભરી શક્યા ન હોત.

શાંત અભિગમનો ત્રીજો લાભ છે વાત વણસે નહિ-વાત બગડતી અટકે. એક Short Temper વ્યક્તિ કોઇ નજીવી અપ્રિય ઘટનાનો ભોગ બનશે તો તુર્ત ગુસ્સામાં-આવેશમાં આવી જઇ શાંત માહોલને ય અશાંત બનાવી દેશે-નહિ બગડેલ બાબતને ય બગાડી દેશે. એથી વિપરીત એક વ્યક્તિ શાંત-સ્વસ્થ અભિગમ ધરાવતી હશે તો અ-શાંત બનવા જઇ રહેલ માહોલને ય શાંત બનાવી દેશે-બગડતી બાબતને ય સુધારી દેશે. કરવી છે આ બન્ને શક્યતાઓની એક સાથે પ્રતીતિ? તો વાંચો આ નાનકડી ઘટના :

રેલવે સ્ટેશને Train ઊભી રહી અને આઠ-દશ વર્ષનો એક ગરીબ-અભણ બાળક ડબ્બામાં બૂમ પાડતા પ્રવેશ્યો : ''ગરમાગરમ ભજીયા...ગરમાગરમ ભજીયા.'' ચોમાસાનો વરસાદી માહોલ હતો. એમાં ગરમાગરમ ભજીયાની Offer આવતા Groupવતી એક યુવાને ભજીયાંનો Order આપ્યો. બાળક પડીકું મૂકી રૂપિયા લઈ ઝડપથી નીચે ઊતરી ગયો. આ તરફ પડીકું ખોલતાં જ એક Short Temper યુવાન ગુસ્સે થઈ ગયો. કેમ કે આ પડીકામાં ઉપરના સાત-આઠ ભજીયા જ ગરમ હતા. નીચે બધા ઠંડા હતા! એ યુવાન ગાજ્યો : '' હમણાં જ નીચે ઊતરી એ જુઠાબોલા બાળકને ફટકારું.'' Groupમાં અન્ય યુવાન શાંત-સ્વસ્થ અભિગમનો હતો. એણે ઠંડું પાણી રેડતા કહ્યું : ''રહેવા દે, ભૂલ બાળકની નથી. આપણી છે.'' ''કેમ એમ?'' Groupના અન્ય તમામ યુવાનો એક સાથે બોલી ઊઠ્યા. પેલા શાંત યુવાને સમજાવવા માંડ્યું : ''જુઓ, એ બાળક બોલ્યો હતો ગરમાગરમ ભજીયા. ભાષાના નિયમ મુજબ ગરમ-અગરમ (=ઠંડા) શબ્દ ભેગા થાય ત્યારે ગરમાગરમ શબ્દ બને. એ જે રીતે ગરમ-ઠંડા ભજીયા બોલ્યો એ જ રીતે આમાં ગરમ-ઠંડા Mix ભજીયા છે. અર્થઘટનમાં ભૂલ આપણી છે. માટે મારવાની વાત માંડી વાળ. તું નીચે ઊતરી એને શોધીશ-મારીશ ત્યાં સુધીમાં Train પણ ચાલુ થઈ જશે.'' બધાએ હસતા હસતા વાતની માંડવાળ કરી લીધી.

છેલ્લે એક વાત : **તમે જો મન શાંત રાખશો તો દુનિયા શાંત લાગશે... તમે જો મન અશાંત રાખશો તો દુનિયા અશાંત લાગશે.**

✿ ✿ ✿



5

# માનવસ્વભાવનું સૌથી નબળું પાસું છે ક્રોધ...
# પર્યુષણાનું સૌથી સબળું પાસું છે ક્ષમાપના...

માનવસ્વભાવને સૌથી નડતું અને સૌથી નબળું પાસું હોય તો તે છે ક્રોધ. એનાથી બાહ્ય સ્તરે પારિવારિક-સામાજિક સંબંધોનો ખાતમો બોલાઇ જાય છે, તો અભ્યંતર-આત્મિક સ્તરે ચીકણાં કર્મો બંધાવા સાથે ભવભ્રમણનો વ્યાપ વધી જાય છે. એથી જ પર્યુષણાનું મહાપર્વ 'મિચ્છા મિ દુક્કડં'નો ભાવ હૃદયથી કેળવી ક્ષમાધર્મને બુલંદ બનાવવાની પ્રેરણા આપે છે.

ક્રોધ અંગે કેટલા ય સચોટ નિરીક્ષણો-ચિંતનો ચિંતકો દ્વારા થતા હોય છે. આપણે Car Driver અને ક્રોધી વ્યક્તિની સરખામણી દ્વારા બે સચોટ નિરીક્ષણો કરીએ : (૧) Car Driver ક્યારે ય અકસ્માત્ સર્જવાનું લક્ષ્ય રાખીને Driving કરતો નથી. છતાં બને છે એવું કે ક્યારેક તો એનાથી અકસ્માત્ થઇ જાય છે. એ અકસ્માત્ ઘણી વાર એવો હોય છે કે એનાથી હાડકાં ખોખરાં થઇ જાય, તો

ક્યારેક જીવન પણ સમાપ્ત થઇ જાય. બરાબર એ જ રીતે, કોઇ વ્યક્તિ સંબંધ બગાડવાની-વૈરની પરંપરા સર્જવાના લક્ષ્યથી ક્રોધ કરતી નથી. પરંતુ બને છે એવું કે ક્રોધ પર કાબુ ન રહેવાનાં કારણે ઉગ્રતા એવી બેહદ બની જાય કે સંબંધોનો અગ્નિસંસ્કાર થઇ જાય-વૈરવિરોધની દીર્ઘ પરંપરા સર્જાય. એ હદ સુધી કે ક્યારેક એમાં જાન પણ જાય. (૨) ઝડપ અને ઝઘડો, બન્નેનું લક્ષ્ય જલ્દીથી ઇષ્ટસિદ્ધિનું હોય છે. પરંતુ ઘણી વાર બને છે એવું કે Car Driver બેહદ ઝડપ વધારી એવો જીવલેણ અકસ્માત્ કરી બેસે કે ઇષ્ટ લક્ષ્યસિદ્ધિથી કાયમ વંચિત થઇ જાય. એ જ રીતે ક્રોધી વ્યક્તિ બેહદ ક્રોધથી એવો ભયંકર ઝઘડો કરી બેસે કે એ પણ ઇષ્ટ લક્ષ્યસિદ્ધિથી કાયમ વંચિત રહી જાય.

શું કરવું આ બેહદ-બેલગામ ક્રોધથી બચવા માટે? એના પણ અલગ અલગ ઉપાયો શાસ્ત્રો-ચિંતકો દ્વારા મળી રહે છે. આપણે આવા કુલ નવ ઉપાયોમાંથી થોડા આજના લેખમાં અને થોડા આગામી પર્યુષણાના લેખમાં વિચારીશું :

**(૧) દંડનીતિ :-** ચાણક્યની રાજનીતિ શત્રુને પરાસ્ત કરવા કે પાછો ધકેલવા શામ-દામ-દંડ-ભેદરૂપ ચાર પદ્ધતિ દર્શાવે છે. એમાં દંડનીતિ એ છે કે શત્રુને બળપ્રયોગથી દંડ આપવો-શિક્ષા કરવી. આનાથી શત્રુ પરાસ્ત થઇ શરણે આવી જાય. યા તો શિક્ષા સહન કરી પરત ફરી જાય. પછી સ્થિતિ એ સર્જાય કે એ જલ્દી ફરી વાર માથું ન ઊંચકે. બસ, આ જ નીતિ ક્રોધ નામના અભ્યંતર શત્રુ સામે Apply થવી જોઇએ. ક્રોધનાં ભયાનક નુકસાનો સમજી-વારંવાર એનો વિચાર કરી જેઓ એને કાબૂમાં લેવા સન્નિષ્ઠ પ્રયાસો કરે છે એ આત્માર્થી આરાધકો આ દંડનીતિનો સફળ ઉપયોગ કરે જ છે. આપણે એક-બે ઝલક આની જોઇએ :

* સમ્રાટ અકબરપ્રતિબોધક જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજીમહારાજની શિષ્યપરંપરાના એક મુનિવર. નામ એમનું પ્રેમવિજયજી મહારાજ. એ એવા

આત્માર્થી આરાધક હતા કે આજથી વિ.સં. ૨૦૮૦ થી ૪૪૧ વર્ષ પૂર્વે વિ.સં. ૧૬૩૯માં એમણે શ્રમણજીવનના પંચાચારનાં પાલન માટે પીસ્તાલીશ નિયમો સ્વેચ્છાએ લીધા હતા. ક્રોધથી તો તેઓ દૂર જ હતા. પરંતુ ક્યારેક ખૂબ તપસ્યા કે ખૂબ કષ્ટો હોય તો એકાદ કડક શબ્દ બોલાઇ જાય. આટલો નાનકડો પણ ગુસ્સો જીવનમાં ન રહે તે માટે એમણે પીસ્તાલીશ નિયમમાં એક નિયમ એ રાખ્યો હતો કે **ભૂલમાં પણ જો એક કડક-કઠોર શબ્દ બોલાઇ જાય તો એના દંડરૂપે-પ્રાયશ્ચિત્તરૂપે દશ બાંધી નવકારમાળા ગણવી!** ગુસ્સો તો દૂર, કડક એક શબ્દ પણ ન બોલાઇ જાય એની ય કેવી કાળજી-દંડનીતિ!

* એક જૈન શ્રીમંત ક્રોધ ન આવે તેની આવી જ કાળજી ધરાવે. એમણે પણ સદ્‌ગુરુના ઉપદેશથી ક્રોધને પરાસ્ત કરવા દંડનીતિને અનુસરતો એક નિયમ લીધો. હજુ શરૂઆતના દિવસો હતા. એમાં એકવાર તેઓ Taxiમાં કોઇ વ્યાપારીને ત્યાં સોદો કરવા નીકળ્યા. માર્ગનો બરાબર ખ્યાલ નહિ હોય કે પછી જાણી-બુઝીને, Taxiવાળાએ ખૂબ લાંબુ ચક્કર લઇને Taxi વ્યાપારીની Office તરફ લીધી. વધુ પડતો સમય વ્યર્થ જવાથી ભાઇને સહજપણે જ ગુસ્સો-નારાજગી પ્રગટી. એમણે Taxiવાળાને બે વાક્ય કડક કહ્યા. ત્યાં જ સહસા યાદ આવ્યું કે 'મારે તો ક્રોધ નહિ કરવાનો નિયમ છે અને જો ભૂલમાં ક્રોધ થઇ જાય તો દંડ-સજા અપનાવવાની છે.' તત્ક્ષણ શાંત-મૌન થઇ જઇને એમણે ખીસામાંથી રૂ. પાંચ હજાર કાઢી પેલા Taxiવાળાને આપતા કહ્યું : ''લે ભાઇ, આ મારા ક્રોધનો દંડ. મારે નિયમ છે કે જેના પર ગુસ્સો આવે એને મારે રૂ. પાંચ હજાર આપવા.'' Taxiવાળો આશ્ચર્યસ્તબ્ધ થઇ ગયો! અપકાર પર ઉપકાર કરનાર આવી વ્યક્તિ એણે જીવનમાં પ્રથમવાર જ નિહાળી હતી. એ પેલા શ્રીમંતને ઝૂકી ગયો. એના લાખ ઇન્કાર છતા શ્રીમંત એને રૂ. પાંચ હજાર આપીને જ રહ્યા. આ હતી ક્રોધ સામેની દંડનીતિ...

**(૨) ભેદનીતિ :-** ચાણક્યની શત્રુ માટેની ચાર નીતિમાં જે બે નીતિ

ક્રોધને અંકુશમાં લેવા ઉપયોગી બને તેવી છે તેમાંની બીજી નીતિ છે આ ભેદ. ભેદનીતિ એમ કહે છે કે જે શત્રુઓ છે, તેમાં પરસ્પર ભેદ-જુદાઇ થઇ જાય તેવી નીતિ-તેવા ઉપાયો અજમાવવા. એનાથી સરવાળે શત્રુઓનું જોર તૂટી જાય. અંગ્રેજો જે Divide N Ruleની નીતિ અપનાવતા હતા તે આ ભેદનીતિનું જ સ્વરૂપ છે. આપણે વિચારીએ ક્રોધ નામે આત્મિક શત્રુના સંદર્ભમાં આ ભેદનીતિ.

ક્રોધને સહાય કરનાર-મજબૂત કરનાર ત્રણ શત્રુઓ છે : મન, વચન અને કાયા. કેમ કે! ક્રોધ જન્મે છે મનમાં. પછી એ કાબૂમાં ન રહે તો વ્યક્ત થાય છે વચનમાં. વચન જ્યારે ક્રોધમય-કઠોર-અપશબ્દમય બને ત્યારે ક્રોધ પહોંચી જાય છે કાયામાં અને ત્યારે છૂટા હાથની મારામારીથી લઇ ખૂનામરકી સુધીની ભયાનક દુર્ઘટનાઓ આકાર લે છે. આ રીતે ક્રોધના Supporter-સહાયક બને છે મન-વચન અને કાયારૂપ ત્રણ શત્રુઓ.

હવે એમાં ભેદનીતિનો અમલ આ રીતે કરાય. ક્રોધ જ્યારે મનમાં પ્રગટે ત્યારે મજબૂત સંકલ્પ કરવો કે 'એને વચન અને કાયા સુધી પહોંચવા નથી જ દેવો. એને આ બે સહાયક શત્રુઓથી પ્રબળ પ્રયાસપૂર્વક દૂર જ રાખવો છે.' કેટલી ય એવી વ્યક્તિઓ જોવા મળી છે કે જે ગુસ્સાનું વાતાવરણ સર્જાય ત્યારે પ્રયાસપૂર્વક સાવ મૌન-ચૂપકીદી પકડી લે : મજબૂત દલીલ કરી સામી વ્યક્તિ પર હાવી થઇ જવાય તેવી સ્થિતિ હોય તો ય! શું કારણ ? આ જ ભેદનીતિનું કે મનના ક્રોધને વચન-કાયા સુધી નથી જ જવા દેવો. ધારો કે પ્રયાસ ટૂંકો પડ્યો અને ઉતાવળમાં મનનો ક્રોધ વચન સુધી આવી ગયો તો વ્યક્તિ ત્યાં Break

લગાવી એને કાયા સુધી ન જવા દે, મારામારી વગેરે જેવા Re-action ન આવવા દે. એ બગડેલ માહોલમાંથી તત્કાલ વિદાય લઇ લે-દૂર થઇ જાય, એકાંતમાં જઇ મનને શાંત-સ્વસ્થ બનાવવામાં લાગી જાય. ખબર છે પેલા મહાન તત્ત્વચિંતક સંતની વાત?

એ તત્ત્વચિંતક સંત સમયનું મૂલ્ય એવું સમજતા હતા કે એક ક્ષણ પણ નિરર્થક ન જવા દે. એ સતત કાંઇ ને કાંઇ ચિંતન-લેખન કે ધ્યાન ધરવા જેવી સત્પ્રવૃત્તિમાં લીન રહે. એક દિવસ શિષ્યે જોયું કે તેઓ એક ખંડમાં ખૂણે કાંઇ જ કર્યા વિના બેસી રહ્યાં હતા. એ ત્યારે ચિંતન-લેખન તો કરતા ન હતા, ધ્યાન પણ ધરતા ન હતા. શિષ્યને આશ્ચર્ય એટલે થયું કે આવું દૃશ્ય એણે આ પ્રથમવાર જ નિહાળ્યું હતું.

કુતૂહલ શમાવવા એણે સંત પાસે જઇ નમ્રતાથી પૂછયું : ''ગુરુજી! આપ શું કરી રહ્યાં છો અત્યારે?'' સંતે શિષ્ય ચોંકી જાય તેવો ઉત્તર આપ્યો : ''અત્યારે હું એક તોફાની વરુને બહાર ધકેલવાની જહેમત કરી રહ્યો છું.'' ''વરુ? વરુ અહીં છે જ ક્યાં?'' શિષ્યે ગુંચવાઇ જતા પૂછ્યું. સંતે સ્પષ્ટતા કરી : ''જો, સાંભળ. વરુ બહાર નહિ, મારી ભીતરમાં-મનમાં પ્રવેશીને તોફાને ચડ્યું છે. એ વરુનું નામ છે ક્રોધ. એ વચન અને કાયાનાં સ્તરે પહોંચી જઇ નુકસાનો ન કરે તે માટે સમતામય વિચારોના ભાલાઓથી એને બહાર ધકેલવા-ભગાડવા હું અહીં સાવ એકલો બેઠો છું!''

તો, આ થઇ ભેદનીતિ. જેમાં ક્રોધને વચન-કાયાથી દૂર રાખવાનો પ્રબળ પુરુષાર્થ છે...

**(૩) વિલંબનીતિ :-** સંસ્કૃત સાહિત્યમાં એક સરસ સુભાષિત મળે છે. એનો પૂર્વાર્ધ આ છે કે ''**सहसा विदधीत**

न क्रिया-मविवेक: परमापदां पदम्.'' એ એમ કહે છે કે કોઇ પણ પ્રવૃત્તિ ઉતાવળમાં અર્થાત્ વિપરીત ઘટનાના આવેગમાં તાત્કાલિક પ્રતિક્રિયારૂપે ન કરવી. કારણ કે આવેગભર્યાં હૈયે અપાતી પ્રતિક્રિયામાં સાર-અસારનો કૃત્ય-અકૃત્યનો, યોગ્ય-અયોગ્યનો વિવેક રહેતો નથી. એ સુભાષિત બીજી પંક્તિમાં આનાથી ય સરસ વાત કરે છે કે અવિવેક ભયાનક મોટી વિપત્તિઓનું સ્થાન છે. અહીં તર્ક એકદમ બરાબર જોડાય છે કે જે આવેગભરી પ્રવૃત્તિ વિવેક વિના-પરિણામના વિચાર વિના કરાય તેનું પરિણામ ભયાનક નુકસાનરૂપે જ આવે. બન્ને પંક્તિનાં કથનનો સાર એ છે કે આવેગના સમયે-ગુસ્સાની ક્ષણે કોઇ તાત્કાલિક પ્રતિક્રિયા ન આપવી, બલ્કે વિલંબનીતિ અપનાવવી.

ગુસ્સાની ક્ષણે વિલંબનીતિ માટે એક પ્રયોગ કરવા જેવો છે. ગુસ્સામાં સામી વ્યક્તિને જે એલફેલ સુણાવી દેવા મન બેકાબૂ બની જતું હોય એ વાતો તે સમયે એક કાગળમાં લખવી. લખવામાં સમય જશે એટલે મન એલફેલ સંભળાવી દેવાના ધખારાથી તે સમયમાં દૂર થશે. ત્યારબાદ ચાર-પાંચ કલાકે એ પત્ર ફરી વાંચવો. લગભગ એવું બનશે કે તમને એ પત્રની વાતો વાહિયાત લાગશે. પત્ર ફાડી દેવાનું અને આવું કાંઈ ન બોલવાનું તમને યોગ્ય લાગશે. આ છે વિલંબનીતિનું સરસ પરિણામ.

છેલ્લે વિલંબનીતિના સંદર્ભમાં એક વાત : **ઊકળતા પાણીમાં વ્યક્તિનું પ્રતિબિંબ બરાબર ન દેખાય, શાંત પાણીમાં જ બરાબર પ્રતિબિંબ દેખાય. એમ ઊકળતા મનમાં પરિસ્થિતિનું સાચું પ્રતિબિંબ ન દેખાય, શાંત મનમાં જ સાચું પ્રતિબિંબ દેખાય.**

✿ ✿ ✿



# 6

## એક પણ ખોટી વાતને 'આજ' પર આવવા ન દેશો...
## એક પણ સારી વાતને 'કાલ' પર જવા ન દેશો...

આપણી વિ-લક્ષણ માનસિકતાનું પ્રતિબિંબ એક સંસ્કૃત સુભાષિતમાં બરાબર ઝિલાયું છે કે :-

**धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवा:।**
**फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादरा:।।**

ભાવાર્થ કે ધર્મનું બાહ્ય સ્તરનું ફળ વિચારીએ તો એ છે સુખ-સમૃદ્ધિ-સત્તા-સૌંદર્ય-સુયશ વગેરે અને પાપનું બાહ્ય સ્તરનું ફળ છે દુઃખ-દૌર્ભાગ્ય-પરાધીનતા-વિરૂપતા-અપયશ વગેરે. આ ખ્યાલ હોવા છતાં મહદંશ લોકોની માનસિકતા એવી છે કે એમને ધર્મનું ફળ જોઇએ છે અર્થાત્ સુખ-સમૃદ્ધિ આદિ ઇષ્ટ છે. પરંતુ એનાં કારણરૂપ કષ્ટમય ધર્મારાધના-તપ વગેરે કરવાની એમની સજ્જતા નથી. એથી વિપરીત એમને પાપનું ફળ અર્થાત્ દુઃખ-દૌર્ભાગ્ય આદિ ઇષ્ટ નથી. પરંતુ એનાં કારણરૂપ પાપોથી વિરમવાની એમની કોઇ તત્પરતા નથી!

આ એવી વિચિત્ર માનસિકતા થઈ કે જે બાબત જોઈએ છે એ અપાવનાર માર્ગે ડગ ભરવા નથી અને જે બાબત નથી જોઈતી એ અપાવનાર માર્ગથી વિરમવું નથી!

જે વ્યક્તિ સમજદાર-વિચક્ષણ છે તે આવી માનસિકતાથી વહેલી તકે મુક્ત થઈ જાય. ઈષ્ટ અપાવનાર માર્ગે એ ડગ ભરે જ અને અનિષ્ટ અપાવનાર માર્ગથી એ વિરમે જ. આ બન્ને બાબતોમાં અગ્રતાક્રમની દૃષ્ટિએ પહેલી વાત છે અનિષ્ટના માર્ગથી વિરમવું અર્થાત્ પાપપ્રવૃત્તિઓથી અટકવું. આ પાપપ્રવૃત્તિઓના વિરામ માટે આ લેખમાં આપણે Tripal "D" એટલે કે D અક્ષરથી શરૂ થતાં ત્રણ ઇંગ્લીશ શબ્દોનાં માધ્યમે વિચારણા કરીએ :

**(૧) Delay :-** જેમાં જીવહિંસા પ્રચૂર થાય એ રીતના જીવનવ્યવહારો પાપ છે, તો અસત્ય-ભાષણ-જૂઠ પણ પાપ છે; અણહકનું પડાવી લેવાની વૃત્તિ પાપ છે, તો દુરાચાર-વ્યભિચાર- અબ્રહ્મસેવન પણ પાપ છે; સંપત્તિ આદિની સંગ્રહવૃત્તિ-પરિગ્રહ પાપ છે, તો અભક્ષ્ય / અપેયસેવન-વ્યસન પણ પાપ છે. આ અને આવાં આવાં પાપો મુખ્ય બે કારણે થતાં હોય છે : એક, શોખનાં કારણે. બે, આવશ્યકતાનાં-જરૂરિયાતનાં કારણે. બન્ને પ્રકારનાં પાપોથી મુક્ત થવું અતિશય કઠિન છે. પરંતુ પારસ્પરિક તુલના કરીએ તો શોખનાં પાપોથી મુક્ત થવું એ બીજા પ્રકારની અપેક્ષાએ થોડું આસાન છે.

પાપ શોખનાં હોય કે સ્વભાવગત ખામીનાં હોય, આવશ્યક્તાનાં હોય કે ઉપેક્ષાનાં-બેદરકારીનાં હોય : એનાથી મુક્ત થવાનો પ્રથમ સોપાન જેવો ઉપાય છે પાપને Delay કરવું. જો વ્યક્તિ પાપથી સદંતર દૂરી ન કરી શકતી હોય તો એને ભૂમિકારૂપે આ પ્રથમ સોપાન સર કરવું કે એ પાપ બનતી શક્યતાએ પાછું ઠેલતું જવું. ઉદાહરણરૂપે છે હિંસાનું પાપ. ધારો કે કોઈ અણબનાવ-ઝઘડો યા ગેરસમજથી એક વ્યક્તિએ સામી વ્યક્તિને ખતમ કરવાનો કે મોટી ઈજા કરવાનો નિર્ણય કર્યો. એ સમયે એણે એ નિર્ણયનો તત્કાલ અમલ ન કરવો, બલ્કે મન જ્યાં સુધી સજ્જ કરી શકાય ત્યાં સુધી એણે એ નિર્ણય Delay કરતો જવો, એનો અમલ લંબાવતા જવો.

આમ કરવાના અનેક લાભો છે. એમાંથી ત્રણ લાભોનો માત્ર નિર્દેશ કરીએ. એક લાભ એ કે Delayના એ સમયખંડમાં વ્યક્તિના વિચારો બદલાઇ જાય તો એ હિંસાના પાપથી બચી જાય. બીજો લાભ એ કે સંયોગો સાવ બદલાઇ જાય તો એ સ્થિતિમાં હિંસાની આવશ્યકતા ન રહે. ત્રીજો લાભ એ કે કદાચ એ સમયખંડમાં વ્યક્તિનું આયુષ્ય પૂર્ણ થઇ જાય તો એ વ્યક્તિનાં જીવનનાં ખાતામાં પાપના પક્ષે મોટી Balance ન ઉમેરાય. આ સંદર્ભમાં આપણે ટાંકીશું 'ભરહેસર' નામે જૈન સ્તોત્રમાં મહાન વિભૂતિરૂપે નામ પામેલ એક સમયના ખુંખાર ચોર વંકચૂલનો જરૂરી જીવનપ્રસંગ :

રાજકૂલમાં જન્મેલ પુષ્પચૂલ રાજકુમાર એનાં વ્યસનો-વિચિત્ર હરકતોનાં કારણે વંકચૂલ નામ પામ્યો અને સગા પિતા રાજવીએ થાકીને એનો દેશનિકાલ કર્યો. વંકચૂલે જંગલમાં નાનું ગામ-ચોરપલ્લી વસાવી ડાકુગીરી આદરી. એક વાર, માર્ગ ભૂલી જવાથી એની પલ્લીમાં ચાતુર્માસી પર્વના દિવસે આવી ચડેલ જૈન મુનિઓએ એમની શાસ્ત્રમર્યાદા જાળવવા ત્યાં ચાતુર્માસ રહેવાની અનુમતિ માંગી. કોઇ ઉપદેશ ન આપવાની શરતે વંકચૂલે જૈન મુનિઓને ત્યાં રહેવા દીધા. ચાતુર્માસ બાદ પ્રસ્થાન સમયે જૈન મુનિઓએ વંકચૂલને ચાર નાના નિયમો એવા આપ્યા કે જે એને પરવડી શકે-એ સ્વીકારી શકે. એમાંનો પ્રથમ નિયમ હતો કે 'કોઇ પણ વ્યક્તિ પર હુમલો કરતાં પૂર્વે સાત ડગલા પાછું હટવું'. આ નિયમ બીજું કાંઇ નહિ, હિંસાનામે પાપને Delay કરવાની તરકીબ હતી.

એક રાતનો પ્રસંગ. મોટી લૂંટ ચલાવવાના પ્રયાસમાં નિષ્ફળ જઇ રાજસૈનિકોથી માંડ માંડ બચેલ વંકચૂલ સાથીઓ સાથે પલ્લી પર પહોંચ્યો. પોતાના ઘરે પ્રવેશતા થાકેલ-હારેલ એણે જે દૃશ્ય જોયું એનાથી એ નખશિખ સળગી ઊઠ્યો. શય્યામાં એની પત્ની સાથે કોઇ પુરુષ સૂતો હતો. બન્ને બેવફા પ્રેમીપંખીડાઓને સજા-એ-મોત આપવાના ઇરાદા સાથે વંકચૂલે તાતી તલવાર કાઢીને ઊગામી. ત્યાં જ એને યાદ આવ્યો સાત ડગલાં પાછા હટવાનો નિયમ. ક-મને એ એકેક ડગલું પાછો જતો ગયો. બરાબર છટ્ઠા ડગલે એની તલવાર

પાછળની ભીંત સાથે અથડાઇ. અવાજ આવતાં જ શય્યામાંની બન્ને વ્યક્તિ જાગી ગઇ. જે પુરુષવેશમાં હતી એ વંકચૂલની બહેન હતી. એણે કહ્યું : ભાઇ! તારા ગયા પછી ગત રાત્રિએ અહીં એક નાટ્યમંડળી ખેલ માટે આવી હતી. એના કલાકારો જાસૂસ જેવા લાગવાથી મેં તારો વેશ પરિધાન કર્યો અને પલ્લીમાં તારી ગેરહાજરી નથી એ પુરવાર કરવા અમે સાથે નાટ્યખેલ નિહાળ્યો. રાત્રે ખૂબ મોડું થઇ જતાં અમે એ જ વેશમાં નિદ્રાધીન થઇ ગયા!''

વંકચૂલ વિસ્મિત થઇ ગયો નિયમ દ્વારા થયેલ આ આબાદ બચાવથી. જો સાત ડગલાં પાછાં હટવા દ્વારા એણે પાપ Delay ન કર્યું હોત તો આજે એના હાથે નિર્દોષ બહેનની અને પત્નીની હત્યાઓ થઇ ગઇ હોત! પાપને Delay કરવા યાદ રાખીએ આ મજાનું સૂત્ર કે **''એક પણ ખોટી બાબતને 'આજ' પર આવવા દેવી નહિ અને એક પણ સારી બાબતને 'કાલ' પર જવા દેવી નહિ.''**

**(૨) Delete :-** પાપ Delay કરવાની વાત એ વ્યક્તિઓ માટે છે કે જેમનામાં પાપને Delete કરી નાંખવાનું-સાવ જ ભૂંસી નાંખવાનું સત્ત્વ નથી-સામર્થ્ય નથી. બાકી જો આવું સામર્થ્ય હોય તો પાપ પ્રવૃત્તિને-ખરાબ કૃત્યોને Delete જ કરી દેવા જોઇએ. ક્યાંક આવું સત્ત્વ-સામર્થ્ય સ્વયમેવ એકાએક પ્રગટે છે : જેમ કે ડાકુ દઢપ્રહારી. ખીર જેવી સામાન્ય બાબતમાં એણે જગતની ચાર ઘોર હત્યાઓ કરી તે પછી એનામાં સ્વયમેવ પશ્ચાત્તાપનો પાવક પ્રગટ્યો અને એના પરિણામરૂપે જૈન મુનિના સંગે એણે જીવનમાંથી તમામ પાપો Delete કરવાનો પ્રબળ-પ્રચંડ અને પરિણામદાયી પુરુષાર્થ કર્યો... ક્યાંક આવું સત્ત્વ સદ્‌ગુરુ ભગવંતનાં વચનોથી પ્રગટતું હોય છે :

જેમ કે સમ્રાટ કુમારપાલ. પૂર્વાવસ્થામાં કોઇ છોછ વિના-આ પાપ છે એવું માન્યા વિના માંસાહાર કરનાર સમ્રાટ કુમારપાલમાં સદ્‌ગુરુદેવ શ્રી હેમચન્દ્રાચાર્યના સંગે એવું સત્ત્વ પ્રગટ્યું કે સ્વયં તો પાપથી દૂર થયા, ઉપરાંત અઢાર દેશનાં પોતાનાં સામ્રાજ્યમાંથી હિંસાનો જાણે દેશનિકાલ કરાવ્યો... ક્યાંક એ સત્ત્વ પ્રગટે છે સામૂહિક આરાધનાઓમાંથી. પોતાની સાથેના અન્યાન્ય આરાધકોનાં જીવનમાંથી પ્રેરણા લઇને કે સમૂહમાં થયેલ શ્રેષ્ઠ આરાધનામાંથી પ્રેરણા લઇ વ્યક્તિ સ્વકીય જીવનમાંથી પાપો Delete કરે. અમને આવો અનુભવ થયો હતો ઇ.સ. ૨૦૨૨માં :

એ વર્ષે અમારું ચાતુર્માસ હતું મુંબઇના બોરીવલી-ગીતાંજલિ જૈન સંઘમાં. એ અને અમારા શિષ્યવૃંદોનાં જ્યાં ચાતુર્માસ હતા તે અન્ય સંઘો મળી કુલ પાંચ સંઘોમાં એ વર્ષે Highest Record સર્જાયો અને કુલ માસક્ષમણો થયા પાંચસો અટ્ઠાવન! પારણાના બીજા દિવસે બપોરે અમારી પાસે એક માસક્ષમણ કરનાર દંપતી આવ્યું. એમાંના ભાઇએ અશ્રુઝરતી આંખે કબૂલાત કરી કે ''મને Cigaretteનું ભયંકર વ્યસન છે. આ તપ નિમિત્તે મારે એ પાપ કાયમ છોડવું છે!'' એમના પત્નીએ પ્રેરણા કરીઃ ''હજુ આનાથી ય મોટું પાપ તમે કરો છો. એ ય કબૂલ કરી એનો કાયમી ત્યાગ કરો.'' એ પાપ હતું દારુનું સેવન. ભાઇએ રડતી આંખે-રડતાં અંતરે એ વ્યસનની પણ કબુલાત કરી એનો કાયમી ત્યાગ કર્યો.

જો આપણને પાપનું ફળ ઇષ્ટ નથી, તો પાપને જીવનમાંથી Delete કરવા જેવો શ્રેષ્ઠ વિકલ્પ અન્ય કોઇ નથી.

**(૩) Divert :-** પાપ Delete કરવા જેવું કૌવત ન હોય અને પરિણામ Delete જેવું જોઇતું હોય તો છે આ ત્રીજો વિકલ્પ. પ્રવાસમાં જે માર્ગ પર કામ ચાલતું હોય-ખાડો હોય એ માર્ગ થોડો બદલી દઇ-Side પર જઇ વ્યક્તિ ટૂંક સમયમાં આસાનીથી મૂળ માર્ગ પર ગોઠવાઇ જાય. બસ, આ જ વાત અહીં છે કે પાપપ્રવૃત્તિ જલ્દી છૂટતી ન હોય તો એને એ રીતે Divert કરી દેવાય-વળાંક આપી દેવાય કે પરિણામે આત્મા પાપમુક્તિનાં મૂળ લક્ષ્ય પર આસાનીથી ગોઠવાઇ જાય. જૈન શાસ્ત્રોમાં આવું એક ઉદાહરણ મળે છે પ્રભુ આદિનાથ અને તેમના અટ્ઠાણું પુત્રોનું. પિતાએ આપેલ રાજ્યનું સ્વામીત્વ એ પુત્રો ધરાવતા હતા. પરંતુ મોટા ભાઇ ભરતે ચક્રવર્તી બનવા અટ્ઠાણું ભાઇઓને યુદ્ધ અથવા શરણાગતિનું આહ્વાન કરતા એ મુંઝાયા. સગા ભાઇ સાથે યુદ્ધ કરે તો પરમપિતાની અપકીર્તિ થાય અને ઝૂકી જાય તો નબળાઇ દેખાય. શું કરવું તે ન સમજાતાં તેઓ આદિનાથપ્રભુ પાસે સલાહ માટે આવ્યા. પ્રભુએ આ Divertની નીતિ અપનાવી યુદ્ધહિંસાનું પાપ ન થાય એ માટે ઉપદેશ એવો વૈરાગ્યસભર આપ્યો કે અટ્ઠાણું ભાઇઓ-રાજાઓ સંસાર ત્યાગીને સંયમી બની ગયા! ન યુદ્ધનું પાપ, ન નાલેશીભરી શરણાગતિ. નવો જ માર્ગ અને છતાં હિંસા નામે પાપથી મુક્તિ!

છેલ્લે એક વાત : **પ્રસન્નભાવે પાપો કરશો તો પાપો જામી જશે... પશ્ચાત્તાપભાવે પાપો કરશો તો પાપો વિરમી જશે.**

✿ ✿ ✿



# 7

## બુદ્ધિ મંદ હશે તો સારી વાત સમજી નહિ શકાય ...
## બુદ્ધિ મલિન હશે તો સારી વાત સ્વીકારી નહિ શકાય...

ક્ષેત્ર ભૌતિક હોય કે આધ્યાત્મિક, ધંધાકીય હોય કે ધાર્મિક, સેવાકીય હોય કે સ્વાર્થિક : દરેક ક્ષેત્રે બુદ્ધિનું એક ચોક્કસ કક્ષાનું મહત્ત્વ હોય છે. ભૌતિક-ધંધાકીય અને સ્વાર્થનાં ક્ષેત્ર હોય તો તો ત્યાં બુદ્ધિની બોલબાલા ડગલે ને પગલે નિહાળવા મળે. કારણ કે બુદ્ધિશક્તિ વિના-ઝળહળતી હોંશિયારી વિના ન તો તે તે બાબતોનાં પરિણામદાયી આયોજનો થઇ શકે, ન તો અણધારી પરિસ્થિતિમાં યોગ્ય તાત્કાલિક નિર્ણયો બુદ્ધિશક્તિ વિના થઇ શકે! ધાર્મિક-આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ શાસ્ત્રોની સમજ-તત્ત્વનો બોધ બુદ્ધિપ્રતિભા વિના ન થઇ શકે, તો સેવાકીય ક્ષેત્રમાં ય આયોજનોની સફલતા બૌદ્ધિક વિચારણાભર્યા Planning વિના ન થઇ શકે. આ એમ સમજાવે છે કે બુદ્ધિ ચોક્કસ કક્ષા સુધી ખૂબ ઉપયોગી પરિબળ છે.

બુદ્ધિમાન બનવું કોને ન ગમે, ભલા? બુદ્ધિમાનને મળતું મહત્ત્વ જોઈએ- એને મળતી સફલતા નિહાળીને બુદ્ધુ જેવી વ્યક્તિને ય બુદ્ધિમાન બનવાના ઓરતા પ્રગટે. પણ સબૂર! માત્ર બુદ્ધિ મળી જાય એવા ઓરતા રાખવા જેવા નથી. એકલી બુદ્ધિ તો સ્વાર્થપરસ્ત બનાવી સ્વ-પર માટે નુકસાનકારી પણ નીવડી શકે. માટે જ બુદ્ધિ નહિ, સદ્બુદ્ધિ મળે એવી પ્રભુપ્રાર્થના કરવાનું વિધાન કરાય છે. આવો, બુદ્ધિના કેટલાક પ્રકારો સરલતાથી સમજાય એ રીતે વિચારીએ અને એના દ્વારા હેય અર્થાત્ ત્યાજ્ય તેમજ ઉપાદેય અર્થાત્ અપનાવાય તેવા પ્રકારોની સમજ મેળવીએ :

**(૧) મંદ બુદ્ધિ :-** જૈન કર્મશાસ્ત્રના સિદ્ધાંત મુજબ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય પ્રબળ હોય ક્ષયોપશમ અત્યંત અલ્પ હોય ત્યારે આ મંદ બુદ્ધિની અવસ્થા વ્યક્તિમાં સર્જાતી હોય છે. કેટલા ય બાળકો જન્મથી જ એવા મંદ બુદ્ધિના હોય છે કે જે ખાવું-પીવું-શારીરિક હાજતો-બેસવું-ઊઠવું જેવી સામાન્ય બાબતોની ય સમજ ધરાવતા નથી હોતા, તો કેટલી ય વ્યક્તિઓ એવી હોય છે કે બીજાઓ જે વાત ઈશારામાત્રથી સમજી જાય તે વાત વ્યવસ્થિત સમજાવ્યા પછી પણ સમજી ન શકે; કેટલી ય વ્યક્તિઓ એવી હોય છે કે જે પોતે કહેવા-સમજાવવા ધારેલ સાવ સામાન્ય વાતને બરાબર કહી-સમજાવી ન શકે, તો કેટલી ય વ્યક્તિ એવી હોય છે કે જેને આપણે સમજાવ્યું હોય કાંઈક અને એ સમજી જાય કાંઈક બીજું જ. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ રમૂજકથા :

ગામડાગામના એક ખેડૂત પાસે એક હટ્ટો-કટ્ટો યુવાન નોકરી માટે આવ્યો. એનો દેહ એકદમ પડછંદ-મજબૂત હતો, પણ ઊપલો માળ-દિમાગ જાણે કે સાવ ખાલી હતું. Common sense જેવી કોઈ વાત એનામાં હતી નહિ. એને જે સૂચના અપાય એના કોરા શબ્દ જ એ પકડે. એનો ભાવ-હાર્દ શું છે તેની એને કાંઈ ગતાગમ ન પડે. હા, એનામાં સરલતા હતી ખરી. પગાર માટે કોઈ આંટીઘૂંટીની વાત કરવાના બદલે એણે ખેડૂતને કહ્યું : ''તમે મને ફક્ત બે ટંકના

રોટલા આપજો. ભોજન એ જ પગાર ગણી લઇશ અને તમે કહેશો એ કામ કરીશ.'' વગર પગારના કામની વાત સાંભળી ખેડૂત લલચાઇ ગયો.

ખેડૂતે માત્ર બે ટંકનાં જમણની જવાબદારી રાખી વિના પગારે પેલા કદાવર યુવાનને નોકરીએ રાખી લીધો. યુવાનને ઝાઝી ગતાગમ ન પડે. તો પણ કામ કરવામાં તકલીફ ન થાય તે માટે એણે સરલ શરત રાખી કે 'હું કરું એ તારે કરવાનું.' ખેડૂતનાં મનમાં થોડો લોભ એ હતો કે મારા જેટલી જ મહેનત આ હૃષ્ટ-પુષ્ટ યુવાનને વગર પગારે કરાવું. યુવાન તો સાવ ભોળો-વિચારશૂન્ય જેવો હતો. એથી એણે આ શરત મંજૂર રાખી.

બીજે દિવસે પ્રભાતે એની નોકરી શરૂ થઇ. ખેડૂતે માથે સામાનની અને વસ્ત્રોની પોટલી લીધી. યુવાનને માથે એણે પાણીનો મોટો ઘડો મુકાવ્યો. આગળ ખેડૂત અને પાછળ યુવાન : બન્ને દોઢ કિ.મી.ની મંઝિલ પૂર્ણ કરી ખેતરે પહોંચ્યા. ત્યાં પહોંચતાવેંત થાકેલ ખેડૂતે મસ્તક પરની પોટલી જમીન પર નાંખી. અક્કલના ઓથમીર પેલા યુવાને પણ પાણીથી છલોછલ માટીનો ઘડો મસ્તક પરથી જોશભેર જમીન પર પટક્યો. ઘડો તૂટી ગયો અને પાણી બધું વ્યર્થ ગયું. યુવાનના આ પાગલપન પર ખેડૂતને જોરદાર ગુસ્સો આવ્યો. ગુસ્સામાં ને ગુસ્સામાં એણે પેલા બેવકૂફ યુવાનને ત્રણ-ચાર લાફા ઝીંકી દીધા. આનાથી યુવાન વિફર્યો. એણે ત્રણ ચાર લાફા ખેડૂતને એવી તાકાતથી માર્યા કે ખેડૂત બે-ત્રણ ગુંલાટ ખાઇ ગયો. જમીન પર પડતાં જ એ ડરી ગયો કે આ ભીમના ભાઇ જેવો યુવાન ગણતરીની પળોમાં એનો ઘડો લાડવો કરી નાખશે.

આ ડરમાં ને ડરમાં ઊભો થઇ ખેડૂત ગામ તરફ જોરથી દોડવા માંડયો. પેલો યુવાન પણ ખેડૂતનો પીછો પકડી પગલે પગલું દબાવતો પાછળ દોડ્યો. ગભરાયેલ ખેડૂત યુવાનના ગુસ્સાથી બચવા મુઠ્ઠીઓ વાળી શ્વાસ ચડે એટલું ઝડપી દોડવા માંડ્યો. એમાં એનો છાતી પર વીંટાયેલ ખેસ પણ પડી ગયો. પાછળવાળો યુવાન પણ ખેસ ફેંકી એટલી જ ઝડપે દોડતો હતો. માંડ માંડ

ગામની વસતિ સુધી પહોંચેલ ખેડૂતને ગભરાટથી દોડતો જોઇ ગામજનોને કુતૂહલ થયું. પાછળ દોડતા યુવાનને જોઇ એમને કાંઇક રહસ્ય સમજાયું. મધ્યસ્થી કરવાની ભાવનાથી દશેક મજબૂત વડિલો આગળ આવ્યા. એમણે પેલા ગભરાયેલ ખેડૂતને સાન્ત્વન આપી ઊભો રાખ્યો. યુવાન આવતાં જ વડિલોએ એને ટપાર્યો કે ''ભલા આદમી! આ તારો માલિક છે. કાંઇ વાંધો પડે તો શાંત રહેવાનું, સહી લેવાનું. આમ પહેલે જ દિવસે તું ખુન્નસ પર ઊતરી આવે તો તારી નોકરી ટકશે ક્યાંથી?

''અરે વડિલો! ખુન્નસ જેવી કોઇ જ વાત નથી. આ તો હું મારી નોકરીના કરાર મુજબ જ કરું છું આમણે મારી સાથે ગઇ કાલે શરત કરી હતી કે ''હું કરું એ તારે કરવાનું.'' એ ખેતરે ગયા, તો હું ખેતરે ગયો. એમણે મસ્તક પરથી પોટલી ફેંકી, તો મેં મસ્તક પરથી પાણીનું માટલું ફેંક્યું. એમણે મને કચકચાવીને ચાર લાફા માર્યા, તો મેં પણ ક્ચકચાવીને ચાર લાફા માર્યા. એ ગામ તરફ દોડ્યા, તો હું પણ ગામ તરફ દોડ્યો. એમણે ખેસ ફેંક્યો, તો મેં પણ ખેસ ફેંક્યો. આમાં ખુન્નસની વાત જ ક્યાં છે? આ તો કરાર મુજબની નોકરી છે.'' પેલા મધ્યસ્થી બનેલ વડિલો હસી હસીને બેવડ થઇ ગયા. ખેડૂતને બ્રહ્મજ્ઞાન થયું કે આ બુદ્ધિના બળદિયાને મફતમાં ય નોકરી ન રખાય...

ખેડૂતે જે સંદર્ભમાં 'હું કરું એ કરવાનું' કહ્યું હતું એનાથી સાવ વિપરીત સંદર્ભમાં પેલા નાસમજ યુવાને એ શબ્દોનો અમલ કર્યો. કારણ? મંદ બુદ્ધિ. આ મંદ બુદ્ધિ જીવન માટે એક અભિશાપ છે. મંદ બુદ્ધિની વ્યક્તિને એકાદ શ્લોક કે એકાદ સારી વાત સ્મૃતિમાં સ્થિર ન કરાવી શકાય. કદાચ બહુ મહેનતથી યાદ

રખાવીએ, તો તે ક્યારે એમાં 'ઓડનું ચોડ' કરી બેસે એ ધારી ન શકાય. માટે મંદબુદ્ધિ અવસ્થા જીવન માટે ત્યાજ્ય છે...

**(૨) મલિનબુદ્ધિ :-** આ છે ત્યાજ્ય કક્ષાની બુદ્ધિનો બીજો પ્રકાર. આ પ્રકારમાં બુદ્ધિ મંદ જરા ય ન હોય. અરે! ઘણી વાર તો બુદ્ધિ એવી ધારદાર-તીવ્ર હોય કે સરેરાશ કેટલી ય વ્યક્તિઓ એ બુદ્ધિ સામે છક્કડ ખાઈ જાય. છતાં આ બુદ્ધિ ત્યાજ્યની કક્ષામાં એટલા માટે આવે છે કે એ મલિન છે, સ્વ-પરને નુકસાનકારક છે. આપણે આ મલિન બુદ્ધિ કેવી હોય? એની બે-ત્રણ ઝલકો નિહાળીએ :

એક, જેઓની બુદ્ધિ ધારદાર હોવા છતાં મલિન છે તેઓ પોતાની તીવ્ર બુદ્ધિનો ઉપયોગ અન્યોને સમસ્યાથી મુક્ત કરવામાં ન કરે. બલ્કે અન્યોને સકંજામાં સપડાવવા કરે : જેમ કરોળિયો નાના ક્ષુદ્ર જંતુઓને પોતાની જાળમાં સપડાવવાની કોશિશ કરે એમ. મલિન બુદ્ધિવાળી વ્યક્તિ બુદ્ધિની તીવ્રતાના જોરે 'મુખમેં રામ ઔર બગલમેં છુરી' ન્યાયે દંભી-કપટી વલણ દ્વારા ભલભલાને શીશામાં ઉતારી દે.

બે, કોઈ પણ શુભ કાર્ય સમાજને-સંસ્થાને ચાહે તેવું લાભદાયી-હિતકારી કેમ ન હો. પરંતુ જેની બુદ્ધિ તીવ્ર છતાં મલિન છે એ વ્યક્તિનો Ego કોઈ અગ્રણીઓ-કાર્યકરો સાથે ટકરાય યા એની જીદ-હઠાગ્રહ ન સંતોષાય તો એ વ્યક્તિ પોતાની મલિન બુદ્ધિના સથવારે દાવપેચ રમી પેલું શુભ કાર્ય રફે-દફે કરી વાળે. એને શુભ કાર્યની ઉપયોગિતામાં રસ ન હોય. પોતાનો Ego - જીદ સંતોષવામાં જ રસ હોય...

ત્રણ, જો એ તીવ્ર છતાં મલિન બુદ્ધિની વ્યક્તિ ધર્મવિરુદ્ધ-સમાજવિરુદ્ધ આચરણ કરતી હોય યા વ્યસનોની કુટેવ ધરાવતી હોય તો એને કોઇ ગમે તેટલી સરસ રીતે સમજાવે છતાં એ આડી-અવળી દલીલો-કુતર્કો કરી એ હિતોપદેશ સ્વીકારશે નહિ, બલ્કે પોતાનાં ગલત આચરણને પુષ્ટિ આપવાની દલીલો કરશે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ રમૂજકથા :

મુલ્લાજી ધાર્મિક અભ્યાસાદિ ધરાવતા હોવા છતા દારુનું સેવન કરતા હોય તેવી એમના સમાજના કેટલાકને શંકા હતી. પરંતુ હોંશિયાર મુલ્લાજી રંગે હાથ ઝડપાતા ન હતા. એક વાર અચાનક તેઓ પીધેલ અવસ્થામાં લોકનજરમાં આવી ગયા. કેટલાક હિતસ્વીઓએ એમને કહ્યું : ''તમારાથી દારુ પિવાય જ કેમ?'' મુલ્લાજીએ મલિન બુદ્ધિનો ચમકાર દર્શાવતો ઉત્તર આપ્યો : ''અરે! કુરાનમાં જ લખ્યું છે કે દારુ પીવો.'' સ્તબ્ધ થઇ ગયેલ હિતસ્વીઓએ બરાબર પીછો પકડી રાખતા કહ્યું : ''કઇ જગ્યાએ કુરાનમાં આ શબ્દો છે એ બતાવો.'' મુલ્લાએ કુરાનના એક પેજની પંક્તિ દર્શાવી. હિતસ્વીઓએ તુર્ત કહ્યું : ''અહીં તો સ્પષ્ટ લખ્યું છે કે દારુ પીવો એ બુરાઇ છે.'' મુલ્લાજીએ ઠંડે કલેજે બેશરમી દર્શાવી કે ''હું હજું 'દારુપીવો' એટલા શબ્દો સુધી જ પહોંચ્યો છું. આગળનું વાંચન મેં કર્યું જ નથી!'' આ છે મલિન બુદ્ધિનાં કરતૂત.

છેલ્લે એક વાત : **બુદ્ધિ મંદ હશે તો સારી વાત સમજી નહિ શકાય... બુદ્ધિ મલિન હશે તો સારી વાત સ્વીકારી નહિ શકાય...**

✿ ✿ ✿



8

# શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે કે કામરાગ અને સ્નેહરાગ કરતાં પણ સહુથી વધુ ખતરનાક છે દૃષ્ટિરાગ...

વ્યક્તિનાં જીવન પર સારી-નરસી બહુ ઘેરી અસર સર્જી શકે એવું તત્ત્વ છે એની બુદ્ધિ. એ તીવ્ર હોય-સંસ્કારવાસિત હોય અને સન્માર્ગગામી હોય તો વ્યક્તિનાં જીવન પર ઘેરી સારી અસરો સર્જી શકે. બુદ્ધિ જો એનાથી વિપરીત હોય તો એ ઘેરી નરસી અસરો સર્જી શકે. આપણે એ બુદ્ધિ અંગે કેટલાક પ્રકારોની વિચારણા ગત લેખથી શરૂ કરી છે. આજે એમાં થોડું આગળ વધીએઃ

**(૩) મતાંધ બુદ્ધિ :-** અહીં 'મત' શબ્દનો અર્થ છે વ્યક્તિ પોતે જે ધર્મને-સંપ્રદાયને-ધર્મના એક વિભાગસ્વરૂપ પક્ષને અનુસરતી હોય તેનો અભિપ્રાય-વિચારો-રજૂઆત. પોતાના ધર્મની-સંપ્રદાયની-પક્ષની રજૂઆત પર સત્યતા-અસત્યતાનો યોગ્યતા-અયોગ્યતાનો સાર-અસારનો કોઇ વિચાર કરવા જે વ્યક્તિ બિલકુલ તૈયાર જ ન હોય અને ઝનૂનથી પોતાની જ વાત ખરી ઠેરવવાની વૃત્તિ ધરાવે તેને કહેવાય મતાંધ. આવી વ્યક્તિની બુદ્ધિને કહેવાય મતાંધ બુદ્ધિ.

જૈન શાસ્ત્રોમાં આવી મતાંધ બુદ્ધિ માટે એક શબ્દપ્રયોગ કરાયો છે **દૃષ્ટિરાગ.** જરા વિસ્તારથી સમજીએ આ દૃષ્ટિરાગની ભયાનકતા.

જૈન પરંપરા રાગ-દ્વેષને આત્માના સૌથી ખતરનાક અને સૌથી વધુ નુકસાનકારક શત્રુઓ માને છે. આ રાગ-દ્વેષનાં કારણે જ જીવની ભવપરંપરા ચાલે છે અને કર્મબંધનું ચક્કર ચાલે છે. એ બન્નેમાં પણ દ્વેષ કરતાં રાગને અત્યંત નુકસાનકારી શત્રુ ગણાયેલ છે. આ રાગના મુખ્ય ત્રણ પ્રકાર છે : (A) કામરાગ. વાસનાજનિત પ્રેમને-આસક્તિને કહેવાય છે કામરાગ. સરેરાશ વ્યક્તિઓ આત્મદૃષ્ટિએ સૌથી નુકસાનકારી રાગ તરીકે આ 'કામરાગ'ને માને છે. (B) સ્નેહરાગ. વાસનાજનિત સિવાયના પ્રેમને-લાગણીને કહેવાય છે આ સ્નેહરાગ. પિતા-પુત્ર, માતા-પુત્ર, ભાઇ-બહેનના પ્રેમને કહેવાય છે સ્નેહરાગ. (C) પોતાના મતની નજરે દેખાતી અસંગત-અયુક્ત વાતને ય જરા પણ અયુક્ત ન માની એનો ઝનૂનપૂર્વક બચાવ કરવો, અન્યોને ઝનૂનથી તોડી પાડવા તે છે દૃષ્ટિરાગ.

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય જેવા મહાન સારસ્વત પૂર્વાચાર્ય આ ત્રણ રાગ અંગે કયો અભિપ્રાય ધરાવે છે તે એમના જ રચેલ 'વીતરાગસ્તોત્ર' ગ્રન્થના એક શ્લોક દ્વારા એમના જ શબ્દોમાં નિહાળીએ. તેઓ વીતરાગસ્તોત્રના છટ્ઠા પ્રકાશમાં ફરમાવે છે કે :-

**कामरागस्नेहरागा-विषत्करनिवारणौ।**
**दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि।।**

ભાવાર્થ કે 'કામરાગ' ભલે ખતરનાક હોય ને 'સ્નેહરાગ' ભલે કર્મબંધકારક હોય, પરંતુ દૃષ્ટિરાગના મુકાબલે એ બન્ને રાગ જલ્દીથી નિવારી શકાય છે. ખરો ખતરનાક-ભયંકર છે દૃષ્ટિરાગ. ભલભલા સજ્જનો-સંતો પણ એનું જલ્દી નિવારણ કરી શકતા નથી. કારણ ? એક જ કે કામરાગ-સ્નેહરાગમાં પાપની બુદ્ધિ છે. માટે એને જલ્દી મારી હટાવી શકાય છે. જ્યારે દૃષ્ટિરાગમાં ધર્મની બુદ્ધિ છે, ઝનૂનમાં ય 'ધર્મરક્ષા'નો કાતિલ કેફ છે. માટે એનું-મતાંધતાનું

આસાનીથી નિવારણ બહુ મુશ્કેલ છે. દૃષ્ટિરાગી વ્યક્તિની માનસિકતા કેવી હોય એ જાણવું છે ? તો વાંચો આ રમૂજી કથા :

મમ્મીનો એકનો એક નાનકડો વહાલસોયો દીકરો ચીન્ટુ. દીર્ઘ પ્રતીક્ષા પછીનો એનો જન્મ અને એકનો એક કુંવર હોવાથી 'મા' ને એના પર જબરજસ્ત પક્ષપાત હતો. નજરે દેખાતી ભૂલ હોય તો ય એ ચીન્ટુ વિરુદ્ધની કોઈ વાત સાંભળવા તૈયાર ન થાય. એક વાર એવું બન્યું કે ચીન્ટુ સળંગ પાંચ દિવસ Schoolમાં મોડો પહોંચ્યો. અન્ય બાળકોમાં ગેરશિસ્તના સંસ્કારો ન આવે તે માટે Schoolના Principalએ ચીન્ટુનો પ્રવેશ અટકાવી એની માતાને Schoolમાં બોલાવી. Principalએ ઘટનાક્રમ રજૂ કરી ચીન્ટુને Punishmentની વાત કરી. 'મારો દીકરો ભૂલ કરે જ નહિ' આવો મજબૂત દૃષ્ટિરાગ ધરાવતી માતા આવેશમાં આવી ગઈ. એ છણકા સાથે ચીન્ટુને લઈ ચાલતી પકડતા ગુસ્સાભેર બોલી : ''તમારી School રોજ Bell વહેલો બજાવી દેતી હશે. બાકી મારો ચીન્ટુ મોડો પડે એવો છે જ નહિ! હું એને બીજી Schoolમાં ભણવા મૂકી દઈશ !''

Common sense એમ કહે છે કે Bell જો પાંચ દિવસ વહેલો બજ્યો હોત તો બધા જ બાળકો મોડા થયા હોત, એકલો ચીન્ટુ નહિ. આમ છતાં ચીન્ટુની મમ્મીએ બે-ધડક ચીન્ટુનો તદ્દન ગલત બચાવ કર્યો એ દૃષ્ટિરાગનું વરવું પરિણામ હતું...

મતાંધતા-દૃષ્ટિરાગ જો એક સિક્કો હોવાની કલ્પના કરીએ, તો એ સિક્કાના બે પાસા કલ્પવા જોઈએ. કરુણતા એ છે કે તે બન્ને પાસા વરવા છે - નુકસાનકારક છે ! પહેલું પાસુ છે પોતાના મતની નજરે તરી આવતી ક્ષતિ હોય તો ય બેધડક-બેશરમ એનો બચાવ કરવો કે જે ચીન્ટુનાં ઉદાહરણમાં સ્પષ્ટ પ્રતિબિંબિત થાય છે. બીજું વરવું પાસુ એ કે પોતાના મતથી અલગ-વિપરીત પક્ષ નિતાંત ખોટો જ છે એવું ઝનૂનથી માનીને એ પક્ષની તથાકથિત ચુંગાલમાં કોઈ ન આવી જાય એના માટે આંખો મીંચીને પ્રતીકાર કરવો-પ્રતિપક્ષને ખોટો ઠેરવવો.

આ ઝનૂનમાં-આ ધૂનમાં સરેરાશ વ્યક્તિનું કેવું નિકંદન નીકળી જાય- એ કેવી ઉભયભ્રષ્ટ થઈ જાય એ જાણવું છે ? તો વાંચો આ માર્મિક કથાઃ

સમી સાંજે ખેતરમાં ખાટલો ઢાળી આરામ કરવા તત્પર ખેડૂતે માર્ગ પરથી કોઈ સંતને પગપાળા જતા જોયા. 'अतिथिदेवो भव'ની ભાવનાથી વાસિત ખેડૂતે દોડતા જઈ સંતને જમણનો-રાત્રિના નિવાસનો લાભ આપવા વિનંતિ કરી. સૂરજ ઢળવા પર હતો. એથી સંતે પણ જરૂરિયાત જોઈ આમન્ત્રણ સ્વીકારી લીધું. ભોજન પછીનાં ભજનોએ ખેડૂતના પરિવારમાં રંગત લાવી દીધી. સંતે માપી લીધું કે ખેડૂતનું જીવન કોરી પાટી જેવું છે. કોઈ સંત કે મત સાથે એ જોડાયો નથી. એથી પ્રભાતે જવાની ક્ષણે સંતે ખેડૂતને નાનકડો નિયમ આપ્યો કે ''તમારે રોજ 'सोऽहं' આ મન્ત્રની એક માળા ગણવી. માત્ર 5 Minute લાગશે ને તમને પરલોકનું ભાતું બંધાશે.'' માત્ર 5 Minuteની જ વાત હતી. માટે ખેડૂતે એ મન્ત્ર સ્વીકારી લીધો. સંત અદ્વૈત મતના હતા. એ રાજી થયા કે ચલો, મારા પંથનો એક અનુયાયી વધ્યો. જો કે, ખેડૂતને મન્ત્રના અર્થની કે અદ્વૈત મતની કોઈ ગતાગમ ન હતી.

છ માસ બાદ એવી જ સમી સાંજે બીજા સંત ખેડૂતની કુટિરે પધાર્યા. રાત્રે એવો જ ભજનોનો જલસો થયો. સવારે વિદાય થતાં પૂર્વે સંતને ખબર પડી કે આ 'सोऽहं' મન્ત્રનો જાપ કરે છે. એ દ્વૈત મતના હતા અને આ મન્ત્ર અદ્વૈત મતનો હતો. સંત મનોમન ભડકી ગયા કે આને અદ્વૈતની પકડમાંથી તો ગમે તે ઉપાયો છોડાવવો જ છે. ખેડૂત સાથેની વાત પરથી એમણે માપી લીધું કે આ મન્ત્ર છોડવા તૈયાર નહિ થાય. કોઈ પણ ભોગે પ્રતિપક્ષના મતથી બચાવવા એ સંતે Master Stroke ખેલ્યો. એમણે ખેડૂતને કહ્યું : ''મારી સ્મૃતિમાં મારા માન ખાતર આ મન્ત્રમાં

એક અક્ષર ઉમેરીને તું જાપ કર.'' ખેડૂતે આ સંતનું માન રાખવા હા કહી. સંતે 'दा' અક્ષર ઉમેરી મન્ત્ર બનાવ્યો 'दासोऽहं'. ખેડૂતને આ રમત સમજાઈ નહિ પરંતુ આમાં રમત બહુ મોટી હતી. 'सोऽहं' એટલે જે તે એ જ હું. આ મન્ત્ર પરમાત્મા સાથે અદ્વૈતનો-એકરૂપતાનો સૂચક હતો. જ્યારે 'दासोऽहं' મન્ત્ર પ્રભુ સાથે દ્વૈતનો-ભેદનો સૂચક હતો કે હું દાસ અને પ્રભુ મારા સ્વામી!

છ માસ બાદ પહેલાના સંત આવ્યા. એમણે ય મન્ત્રમાં એક અક્ષર વધારવાનો દાવ રમી મન્ત્ર કર્યો 'सदा सोऽहं'. આમાં વળી પાછો અદ્વૈત મત પુષ્ટ થતો હતો. આ રીતે એમણે પોતાના અનુયાયીને પોતાના વાડામાં બાંધ્યો. છ માસ બાદ બીજા સંત આવ્યા. એમણે વળી 'दा' અક્ષર ઉમેરી મન્ત્ર કરાવ્યો. 'दासदासोऽहं' આમ દર છ મહિને મન્ત્રમાં એકેક અક્ષર ઉમેરાતો ગયો. ખેડૂતનો સમય પણ વધુ જતો હતો અને એને મન્ત્ર બોલવામાં ય તકલીફ થતી હતી. પરિણામ એ આવ્યું કે કંટાળીને એણે છેલ્લે માળા ગણવાનું જ બંધ કરી દીધું !

મતાંધ વ્યક્તિઓ સરેરાશ વ્યક્તિને કેવી પરેશાન-હેરાન કરી નાંખે એનો આ નાદર નમૂનો છે...

**(૪) મૂઢ બુદ્ધિ :-** મૂઢતા એટલે મોહમયતા-પ્રબળ આસક્તિ. આ પ્રબળ આસક્તિનાં કારણે પ્રાજ્ઞ વ્યક્તિની બુદ્ધિ પણ એવી સૂનમૂન થઈ જાય-લકવાગ્રસ્ત થઈ જાય-કુંઠિત થઈ જાય કે એ સામાન્ય સ્થિતિમાં કરી શકે તેવો વિચાર પણ ન કરી શકે. કેટલીક વાર આપણી આસપાસ એવું નિહાળાય છે યા આપણે સ્વયં એ સ્થિતિ અનુભવીએ છીએ કે અણધારી મોટી દુર્ઘટનાના Shockરૂપે-ઝટકારૂપે આપણી બુદ્ધિ કેટલોક સમય કિંકર્તવ્યમૂઢ થઈ જાય. બસ, આવી જ અવસ્થા વ્યક્તિ-વસ્તુ પરની પ્રબળ આસક્તિથી જ્યાં સર્જાય તેને કહેવાય છે મૂઢ બુદ્ધિ.

પ્રબળ આસક્તિનાં કેન્દ્રો સામાન્યપણે ચાર છે : શરીર-સ્વજન-સંપત્તિ અને સામગ્રી. અમારા ખ્યાલમાં એક એવી વ્યક્તિ છે કે જેનો દેહ-શરીર પૂરી જિંદગી સ્વસ્થ હતું. છેલ્લે એકાએક Gangrene થઈ જતાં અનિવાર્યપણે તાત્કાલિક અર્ધા ઉપર એક હાથ કપાવવો પડ્યો. આ ઘટનાથી એની મતિ મૂઢ બની ગઈ- એને સખત Shok લાગ્યો કે આ ઠૂંઠો હાથ જોઈ લોકો મશ્કરી કરશે- મારું ખરાબ દેખાશે ઈત્યાદિ. એણે ઘરમાં જ પુરાઈ રહેવાનું રાખ્યું અને ... માનશો? સતત દુઃખી રહેવાનાં કારણે બાર જ દિવસમાં એ વ્યક્તિ પરલોક સીધાવી ગઈ !

સ્વજનરાગના સંદર્ભમાં યાદ આવે બલદેવ-વાસુદેવ. જૈન પરંપરા અનુસાર આ બન્ને ભાઈઓ હોય. એમની ગણના અતિઉત્તમ પુરુષોમાં થાય. એક અવસર્પિણી કાળમાં આવા કુલ ત્રેસઠ જ પુરુષ થાય. એમાં નાનો ભાઈ વાસુદેવ ત્રિખંડેશ્વર સમ્રાટ બને. એ પહેલા મૃત્યુ પામે. બલદેવ પ્રબળ બુદ્ધિમાન હોવા છતાં અત્યંત આસક્તિવશ બલદેવને ન મૃત માને, ન એનો અગ્નિસંસ્કાર કરવા દે. છ માસ સુધી એ બલદેવનો મૃતદેહ સાથે ને સાથે રાખી ફર્યા કરે ! આ થઈ સ્વજનની આસક્તિરૂપ મૂઢ બુદ્ધિ. આના જેવી જ મૂઢતા ઘણી વ્યક્તિઓ સંપત્તિ-સામગ્રીમાં અનુભવે છે. આ મૂઢ બુદ્ધિ પણ મતાંધ બુદ્ધિની જેમ ત્યાજ્ય છે...

આ મૂઢ બુદ્ધિ આપણામાં ન પાંગરે એ માટે સ્વાધ્યાય કરીએ આ પંક્તિનો કે :-

**દેહ-મન-વચન-પુદ્‌ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;**
**અક્ષય-અકલંક છે જીવનું, જ્ઞાન-આનંદ સ્વરૂપ રે...**

✿ ✿ ✿



9

## મોહ અને ક્ષય :
## આ બે શબ્દોના પ્રથમાક્ષરથી બને 'મોક્ષ'.
## જે સાધક મોહ ક્ષય કરે એને મોક્ષ હાથવેંતમાં છે...

માનવીના મુકાબલે હાથી જેવા પ્રાણીનું શારીરિક બળ અનેકગણું અને જબરજસ્ત છે. પરંતુ માનવી પાસે બુદ્ધિ એવી Powerful છે કે એનાં બળે તે હાથી પર પણ સંપૂર્ણ અંકુશ ધરાવે છે. આ બુદ્ધિનાં બળે માનવી આકાશમાં ઊંચે ઊંચે પહોંચ્યો છે, તો સમુદ્રના અતલ પેટાળમાં સફર કરી આવ્યો છે. એ દૃષ્ટિએ બુદ્ધિને મહત્ત્વપૂર્ણ પરિબળ માનવું રહે. આ બુદ્ધિના 'મ' અક્ષરથી આરંભાતા જે ચાર પ્રકારો છેલ્લા બે લેખોમાં નિહાળ્યા એ શૃંખલામાં આજે અંતિમ બે પ્રકારો નિહાળીશું.

**(૫) મિત્રબુદ્ધિ :-** જગતના સર્વ જીવો મારા મિત્ર છે–સહુ જીવો સાથે મારે મૈત્રી છે. આ વિભાવનાને કહેવાય છે મિત્રબુદ્ધિ યાવત્ મૈત્રીભાવના. પ્રારંભની ચાર બુદ્ધિ ત્યાજ્ય કક્ષાની–જીવનમાં આત્મસાત્ ન કરવા જેવી હતી, જ્યારે હવેની બે બુદ્ધિ જીવનમાં આત્મસાત્ કરવા જેવી છે. આપણે એ પૈકી આ મિત્રબુદ્ધિ અર્થાત્ મૈત્રીભાવનાની કેટલીક વિશેષતાઓ પર વિચારણા કરીશું.

મિત્રબુદ્ધિ-મૈત્રીભાવનાની પ્રથમ વિશેષતા એ છે કે તે સામી વ્યક્તિનું બૂરું-અહિત ન ઇચ્છે. કારણ કે વ્યક્તિ સામેની વ્યક્તિનું હિત-શુભ ઇચ્છે તો જ મિત્રબુદ્ધિ-મૈત્રીભાવના ટકી શકે. વ્યવહાર જગતમાં આપણે નિહાળીએ છીએ કે સાચો મિત્ર હોય એ પોતાનાં મિત્રનું હિત જ-શુભ જ ઇચ્છે. બસ, એ જ મુજબ સાચી મૈત્રીભાવના એ છે કે જેમાં અન્ય જીવોનું હિતચિંતન હોય. એથી જ 'શાંતસુધારસ' ગ્રન્થકાર ભગવંતે મૈત્રીભાવની વ્યાખ્યા કરતાં આ પંક્તિ લખી છે કે ''**मैत्री परेषां हितचिन्तनं यत्.**'' મતલબ કે અન્યોનાં હિતનું ચિંતન એ મૈત્રીભાવના છે.

મિત્રબુદ્ધિ-મૈત્રીભાવનાની બીજી વિશિષ્ટતા એ છે કે સામી વ્યક્તિએ આપણો અપરાધ કર્યો હોય, અરે! મોટામાં મોટું નુકસાન પણ કર્યું હોય, તો ય એને વિરોધી ન માનવી-એને શત્રુ ન માનવો. 'શાંતસુધારસ' ગ્રન્થકાર આ માટે પંક્તિ લખે છે કે ''**चिन्त्यो जगत्यत्र न कोऽपि शत्रुः**'' એટલે કે આ સૃષ્ટિમાં કોઇને પણ આપણો શત્રુ ન માનવો. આ સંદર્ભમાં એક સરસ પદાર્થ આપણે સમજીએ.

જૈન પરંપરામાં સોળ પૈકી અંતિમ ચાર ભાવનાઓ દર્શાવાઇ છે મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્ય. તત્ત્વાર્થશાસ્ત્રમાં આ ચારે ય ભાવનાના વિષયો દર્શાવાયા છે કે કઇ ભાવના કોના માટે ધરવી. જેમ કે કરુણા અર્થાત્ દુઃખ દૂર કરવાની ભાવના દુઃખી જીવો માટે જ હોય, સુખી જીવો માટે નહિ. એટલે કરુણાનો વિષય દુઃખી જીવો જ હોય તે નિશ્ચિત થયું. આ રીતે ત્યાં દરેક ભાવનાના વિષયો દર્શાવાયા છે. તેમાં મૈત્રીભાવનાનો વિષય દર્શાવાયો છે સર્વ જીવો. મતલબ કે તે જીવ સુખી હોય કે દુઃખી, ગુણવાન હોય કે નિર્ગુણ, આપણો અપરાધી હોય કે હિતકારી : તો પણ એના પ્રત્યે મિત્રબુદ્ધિ-મૈત્રીભાવના જ ધારણ કરવી. મૈત્રીભાવનાનો વિષય 'સર્વ જીવો' દર્શાવવા દ્વારા શાસ્ત્રકારો આપણને એ પદાર્થ આપે છે કે કોઇ પણ જીવને, શત્રુને પણ, શત્રુ ન માનવો. બલ્કે મિત્ર જ માનવો. યાદ કરીએ આનાં અનુસંધાનમાં મૈત્રીભાવના માટેની પેલી પ્રસિદ્ધ ગીતપંક્તિ કે :-

**મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;**
**શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે...**

મિત્રબુદ્ધિની-મૈત્રીભાવની ત્રીજી વિશિષ્ટતા છે સંબંધ સુધરવાની ત્વરિત શક્યતા. જે વ્યક્તિ મિત્રબુદ્ધિ-મૈત્રીભાવના ધરાવે છે એ વ્યક્તિનો અભિગમ સામી વ્યક્તિના અપરાધને-ગુનાને જતો કરવાનો રહે. જ્યાં અપરાધને-ગુનાને અગ્રિમતા અપાય ત્યાં સંબંધમાં મડાગાંઠ સર્જાય. આ મડાગાંઠનાં કારણે સંબંધ જલ્દી તો ન સુધરે, બલ્કે ક્યાંક જીવનભર પણ એ ન સુધરે. જ્યાં અપરાધને-ગુનાને ભૂલી જવાય-નજરઅંદાજ કરાય ત્યાં મડાગાંઠ તો નહિ, સાવ સામાન્ય ગાંઠ પણ ન સર્જાય. અપરાધ ભૂલી જવાની વૃત્તિમાં સ્થિતિ કેવી ગાંઠવિહોણી-Soft-સહજ બની રહે એ જાણવું છે? તો વાંચો આ મજાની ઘટના :

એક સંત સાથે કોઇ ભાઇને વિચારધારાનો વાંધો હતો. એમાં કોઇક નાનકડી ઘટના એવી બની ગઇ કે જેમાં ભાઇને મનની ભડાશ કાઢવાનો મોકો મળી ગયો. એ સંત પાસે આવ્યા અને અતિશય ગુસ્સામાં બેફામ-બેલગામ અપશબ્દોની-ગાળોની બોછાર વરસાવવા માંડ્યા. લગભગ એક કલાકથી વધુ સમય એ ભયાનક આક્રોશથી ગુસ્સો ઠલવતા રહ્યા. પરંતુ એ One sideનો વ્યવસાય હતો. સામે સંતની કોઇ પ્રતિક્રિયા ન હતી. એ સાવ મૌન રહી ભાઇનો આક્રોશ-આક્ષેપ સાંભળતા રહ્યા. બોલી બોલીને થાકી ગયા પછી ભાઇ ઘરે જતા રહ્યા.

ગુસ્સાનો પારો ઊતર્યા પછી રાત્રે ભાઇને લાગ્યું કે પોતે વધુ પડતો ગુસ્સો કર્યો છે, અણછાજતા શબ્દો પ્રયોજ્યા છે. પોતાનો બેફામ વાણીવિલાસ અને સંતની અવ્વલ કક્ષાની સહનશીલતા : બન્નેની રાત્રિના એકાંતમાં ભાઇનાં મન પર ઘેરી અસર થઇ. એમણે મનોમન નિર્ણય કર્યો કે કાલે સંતને મળી માફી માંગી લેવી. બીજા દિવસે સંત પાસે જઇ એમણે ગઇ કાલનાં વર્તન બદલ માફી માંગી. સંતે એમને માફી માંગતા અટકાવીને કહ્યું : ''મને તમારી કોઇ વાતથી માઠું જ

નથી લાગ્યું. માટે માફીની જરૂર નથી.'' પેલા ભાઇએ આશ્ચર્ય અનુભવતા જણાવ્યું : ''એમ કેવી રીતે બની શકે? હું આટલા બધા અપશબ્દો-ગાળો બોલ્યો એની તમને અસર કેમ ન થાય?'' સંતે પ્રતિભાવમાં ભાઇને સરસ વાત કરી : ''ધારો કે તમે મને મીઠાઇનો થાળ ભેટ આપતા હો અને હું એનો સ્વીકાર ન કરું તો એ થાળ મારી પાસે રહે કે તમારી પાસે?'' ''મારી પાસે જ રહે.'' ભાઇએ ઉત્તર આપ્યો. ''બસ, તો એ જ રીતે આમાં પણ સમજવું. તમે મને અપશબ્દો-ગાળો આપી. પણ મેં એને સ્વીકારી જ નથી. એથી એ મારી પાસે નહિ, તમારી પાસે જ રહી છે. હવે તમે જ કહો, એની અસર મને ક્યાંથી થાય?'' ભાઇનો સંત પ્રત્યેનો આદર એકદમ વધી ગયો. એમનો સંત પ્રત્યેનો ગુસ્સો હવે ભક્તિમાં પલટાઇ ગયો.

જ્યાં મિત્રબુદ્ધિ-મૈત્રીભાવના છે ત્યાં સંબંધ કેવા ત્વરિત સુધરે તે આ ઘટનામાં પ્રતબિંબિત થાય છે.

મિત્રબુદ્ધિની-મૈત્રીભાવનાની ચોથી વિશિષ્ટતા છે દ્વેષનિમિત્તક કર્મબંધનો અભાવ. કર્મબંધનાં મોટાં નિમિત્તો બે છે : રાગ અને દ્વેષ. કમઠ અને મરુભૂતિને પરસ્પર જે કર્મબંધ થયો એનું નિમિત્ત દ્વેષ હતો. પછીના જન્મથી મરુભૂતિનો આત્મા ભલે કમઠ પ્રત્યેના દ્વેષથી મુક્ત થઇ ગયો. તો પણ દશ ભવ સુધી એની ઘેરી ગલત અસરો સર્જાઇ. મૈત્રીભાવના સામી વ્યક્તિ પર દ્વેષ થવા દેતી નથી. ધારો કે સામી વ્યક્તિએ પ્રત્યક્ષપણે, અપરાધ કર્યો હોય તો ય મૈત્રીભાવયુક્ત વ્યક્તિ એમ વિચારશે કે આ અપરાધી વ્યક્તિનો કોઇ વાંક નથી. મારાં પૂર્વકાલીન કર્મ એવા ઉદયમાં આવ્યા છે જેનાથી મને તકલીફ થઇ-નુકસાન થયું. સામી વ્યક્તિ તો નિમિત્ત છે, મુખ્ય કારણ મારાં કર્મ છે, ગજસુકુમાલ

મહામુનિવરના માથે ધગધગતી સગડી મુકાઇ ત્યારે એમણે આવો જ વિચાર કર્યો હતો. આવા ઉત્તમ વિચારનું પરિણામ એ આવે છે કે નવો કર્મબંધ તો થતો નથી. ઉપરાંત પુરાતન કર્મોની નિર્જરા થાય છે...

**(૬) મોહક્ષયબુદ્ધિ :-** બુદ્ધિનો આ પ્રકાર પણ ઉત્તમ-ઉપાદેય છે. 'મોહ' શબ્દનો એક મુખ્ય અર્થ છે આસક્તિ. આ આસક્તિ વ્યક્તિ પર પણ હોઇ શકે અને વસ્તુ પર પણ હોઇ શકે. કોઇ સૌંદર્યમયી વ્યક્તિ પર આકર્ષણ થવું એ વ્યક્તિસંબંધી આસક્તિ છે, તો ગુલાબજાંબુ-કેરીનો રસ જેવા પદાર્થો પર આકર્ષણ થવું એ વસ્તુસંબંધી આસક્તિ છે. જેઓ મોક્ષમાર્ગના આરાધક છે-અધ્યાત્મજગતમાં પ્રવેશ્યા છે એ ન તો વ્યક્તિ પર આસક્ત થાય છે, ન તો વસ્તુ પર. જેઓ સન્નિષ્ઠપણે આ મર્યાદાને અનુસરે છે એમની બુદ્ધિને કહેવાય છે મોહક્ષયની બુદ્ધિ. આ માર્ગના સાચા સાધકો પોતાની જાતને એવી કેળવણી આપે છે કે જેનાથી વ્યક્તિ-વસ્તુ પરનું આકર્ષણ તૂટતું જાય.

એક-બે પંક્તિનાં બે ઉદાહરણો જોઇએ તો, અમારા સમુદાયમાં દાયકાઓ પૂર્વે એક મહાત્મા એવા થયા હતા કે જેમણે દીક્ષાદિનથી કાલધર્મ (અવસાન) સુધી પોતાના એક પણ સ્વજનનો પ્રત્યક્ષ પરિચય તો ન હતો રાખ્યો, ઉપરાંત પત્ર-Phone વગેરેથી પરોક્ષ પરિચય પણ ન હતો રાખ્યો. કારણ એ જ કે સ્વજન પર પણ આસક્તિ ન રહે. આમાં સ્નેહરાગસંબંધી આસક્તિ ય ન રહે એની તકેદારી હતી. તો અમારા સમુદાયમાં વર્તમાનમાં એક સાધ્વીજી એવા છે કે જે સ્વાદનું આકર્ષણ-આસક્તિ ન રહે તે માટે દાળ અને ભાત, શાક અને રોટલી ભેગા વાપરતા નથી. સામાન્ય વ્યક્તિને આ

અશક્ય જ લાગે. જૈન શ્રમણોની પરિભાષામાં એને સંયોજનાદોષથી મુક્તિ ગણવામાં આવે છે.

મોહના–આસક્તિના સંબંધમાં એક વાત ખાસ સમજવાની છે કે જેના પર આસક્તિ છે એ જ વ્યક્તિ/વસ્તુ આત્મકલ્યાણમાં અવરોધક બની રહે છે યાવત્ અધઃપતનનું કારણ બને છે. આપણે એ સમજતા હોઈએ તો ય આચરણસમયે જાણે કે એ સમજ વિલુપ્ત થઈ જાય છે. પરિણામ એ આવે છે કે તે જ નિમિત્ત મારક બને છે : પેલા હરણની ઘટનાની જેમ.

જંગલમાં વસતું એક હરણ પાણીમાં જેટલી વાર પોતાનું પ્રતિબિંબ નિહાળે એટલી વાર એનાં મસ્તક પરનાં બે ઉત્તુંગ વાંકડિયા શિંગડા નિહાળી હરખાય. એને એમ થતું કે મારા દેહનું સૌથી અધિક આકર્ષણ આ શિંગડા જ છે. એનાં મનમાં સૌથી વધુ વિચાર શિંગડાના જ ચાલે અને એનાથી એ આનંદ આનંદ અનુભવે. એક વાર એ અસાવધ હતું અને ચિત્તો એનાથી ખૂબ નજીક આવી ગયો. હરણે 'હરણફાળ' ભરીને ભાગવા માંડ્યું. આગળ હરણ અને પાછળ ચિત્તો. પગના જોર પર હરણને લાગ્યું કે બચી જવાશે. એને પહેલી વાર લાગ્યું કે જે પગ પર ક્યારે ય ગૌરવ લીધું ન હતું એ જ એને બચાવી રહ્યા છે. દોડતાં દોડતાં અચાનક ઝાડીમાં હરણનાં ઉત્તુંગ શિંગડા એવા ભેરવાઈ ગયા કે જોરદાર પ્રયત્ન પછી ય એ નીકળી ન શક્યા. હરણ હવાતિયાં મારતું રહ્યું અને ચંદ Minute માં એને આંબી ગયેલ ચિત્તાએ એનો શિકાર કરી લીધો!

છેલ્લે એક મસ્ત વાત : **મોહ અને ક્ષય, આ બે શબ્દોનો પહેલો પહેલો અક્ષર લઈએ એટલે શબ્દ બને મોક્ષ. જે સાધક મોહક્ષય કરે એને મોક્ષ હાથવેંતમાં છે...**

✿ ✿ ✿



10

## સંપત્તિની સમૃદ્ધિ કોઇનાં આંસુ પડાવી શકે છે...
## સદ્‌વિચારોની સમૃદ્ધિ કોઇનાં આંસુ લૂંછી શકે છે...

આકાશમાં ચન્દ્ર બીજની રાત્રિએ પણ નિહાળવા મળી શકે છે અને પૂર્ણિમાની રાત્રિએ પણ નિહાળવા મળી શકે છે. પરંતુ દર્શકને બીજના ચન્દ્રની અપેક્ષાએ પૂર્ણિમાના ચન્દ્રનું દર્શન વધુ આહ્‌લાદક-પ્રિય લાગે છે. કારણ? એ જ કે બીજના ચન્દ્ર પાસે કળાની સમૃદ્ધિ સાવ ઝાંખી-પાંખી હોય છે, જ્યારે પૂર્ણિમાના ચન્દ્ર પાસે કળાની સમૃદ્ધિ ટોચ કક્ષાની હોય છે. એક નહિ, સોળ સોળ કળા એને વરેલી હોય છે.

રાજાનાં દર્શન રાજમહેલમાં ય થઇ શકે અને રાજસભામાં રાજસિંહાસન પર પણ થઇ શકે. પરંતુ મુલાકાતીને રાજમહેલના રાજા કરતાં રાજસિંહાસનના રાજાનું દર્શન વધુ અસરકારક-વધુ પ્રભાવશાળી લાગે. કારણ? એ જ કે રાજમહેલના રાજા સામાન્ય વસ્ત્રોમાં સજ્જ હોય-અલંકાર વગેરેથી રહિત હોય એવું બની શકે. જ્યારે રાજસિંહાસનારૂઢ રાજા મહામૂલાં વસ્ત્રો-અલંકારો મુકુટ-રાજદંડ વગેરે વિશિષ્ટ સમૃદ્ધિથી દેદીપ્યમાન હોય.

સાર એ થયો કે સમૃદ્ધિ વ્યક્તિત્વની શોભા-આભામાં બહુ નોંધપાત્ર વૃદ્ધિ કરી શકે. પણ... સબૂર! યાદ રહે કે 'સમૃદ્ધિ' શબ્દ સાંભળતાંવેંત ગૃહસ્થ વ્યક્તિને જે યાદ આવે છે તે રૂપિયા-સુવર્ણ-રજત વગેરે જ સમૃદ્ધિ હોવાનું માની લેવાની જરૂર નથી. એ તો સ્થૂલ સમૃદ્ધિ છે. સમૃદ્ધિ એ સિવાયની પણ હોય છે. આવો, આપણે કુલ બે લેખોમાં આ સ્થૂલ સમૃદ્ધિ સહિત કુલ ચાર સમૃદ્ધિ અંગે વિચારવિહાર કરીએ :

**(૧) સંપત્તિની સમૃદ્ધિ :-** વાસ્તવિકતાનાં સ્તરે વિચારીએ તો એક વાત ચોક્કસ છે કે **''अर्थमनर्थं भावय नित्यम्.''** જેવા વિચારસ્ફુલિંગો ભલે આપવામાં આવે, છતાં સંસારી વ્યક્તિને જીવનવ્યવહારમાં ડગલે ને પગલે સંપત્તિની જરૂર પડે જ છે. ઈષ્ટ સ્થાને પહોંચવા માટે Rikshaw - Taxi કે busમાં બેસવું હોય તો ય એને સંપત્તિની આવશ્યક્તા રહે, તો ખાવા-પીવાની ચીજ-વસ્તુ જોઈતી હોય તો ય એના માટે સંપત્તિ વિના એ શક્ય ન રહે; સંતાનને શિક્ષણ આપવા માટે ય એને સંપત્તિની જરૂરિયાત રહે, તો માંદગી સમયની સારવાર માટે ય રકમની આવશ્યક્તા રહે. સંસારત્યાગી શ્રમણ '**અકિંચન**' રહી શકે છે. કારણ કે એમને પ્રભુએ 'ધર્મલાભ' કહી યાચનાનો અધિકાર આપ્યો છે, જ્યારે સંસારી વ્યક્તિને આવો, 'ધર્મલાભ' કહી યાચના કરવાનો, અધિકાર નથી આપ્યો.

પણ સાથે જ, સંપત્તિની અનાપ-સનાપ સંગ્રહખોરીની મનોવૃત્તિ ન થઈ જાય તે માટે સિક્કાના બીજા પડલની જેમ વાસ્તવિકતાનું બીજું પાસું પ્રભુએ એ દર્શાવ્યું છે કે સંપત્તિનો પરિગ્રહ પાપ છે. આવશ્યકતા પૂરતું સંપત્તિનું ઉપાર્જન અલગ વાત છે અને સંપત્તિની સંગ્રહખોરી અલગ વાત છે. તકલીફ મોટી ત્યાં છે કે સમજદાર ગણાતી વ્યક્તિ પણ આ બે વચ્ચેનો ભેદ જાણે કે સમજતી ન હોય એમ વર્તે છે અને લાલસાવશ વધુ ને વધુ સંપત્તિનો સંગ્રહ કર્યે જાય છે.

એક વાત ખબર છે ? કોઇ વ્યક્તિ 'ચા'ની શોખીન હોય અને સામે ચા મસાલેદાર મળતી હોય તો એ એકના બદલે બે કપ ચા વાપરી જશે, કદાચ વધુમાં વધુ ત્રણ કપ વાપરી જશે. પરંતુ પછી તો એ અટકશે જ. કોઇ વ્યક્તિને ગુલાબજાંબુ ખૂબ પ્રિય હોય અને સામે એ ભરપૂર મળતા હોય તો એ ચાર-પાંચને બદલે સાત-આઠ ગુલાબજાંબુ આરોગી જશે, કદાચ એકાદ-બે એથી ય વધુ આરોગી જાય. પરંતુ પછી એ અટકશે જ. પણ અફસોસ એ છે કે ચા પીવામાં યા ગુલાબજાંબુ વાપરવામાં ક્યાં અટકવું એ સમજતી વ્યક્તિ સંપત્તિના સંગ્રહમાં ક્યાં અટકવું એ સમજવા તૈયાર નથી. ત્યાં એની વૃત્તિ પ્રાયઃ એ જ હોય છે કે જેટલું મળે તેટલું ભેગું જ કરો-સંગ્રહ કરી લો.

આ વૃત્તિ પર Break લગાવવા જૈન પરંપરા જૈન ગૃહસ્થ માટે-સાંસારિક વ્યક્તિ માટે 'પરિગ્રહપરિમાણ' નામે પાંચમું અણુવ્રત દર્શાવે છે. ધ્યાનાકર્ષક બાબત અહીં એ છે કે જૈન શ્રમણ માટે જે પાંચમું મહાવ્રત દર્શાવાયું છે તેમાં 'અપરિગ્રહ' અર્થાત્ સંપત્તિના સંપૂર્ણ ત્યાગનું વિધાન જૈન શાસ્ત્રોએ કર્યું છે. પરંતુ એ જ શાસ્ત્રોએ ગૃહસ્થ વ્યક્તિ માટે 'અપરિગ્રહ' નહિ, બલ્કે 'પરિગ્રહપરિમાણ'નું વ્રત દર્શાવી વાસ્તવિક અભિગમ દર્શાવ્યો છે. પરિગ્રહપરિમાણ એટલે સંપત્તિની મર્યાદા-સીમા રાખવી. એવી મર્યાદા કે જેમાં જીવનની જરૂરિયાતો ઉચિતપણે સાચવવાનું લક્ષ્ય હોય, સંગ્રહખોરીનું નહિ. વળી પુણ્યોદયનાં કારણે મર્યાદાથી વધુ સંપત્તિ ઉપાર્જિત થઇ જાય તો સમયાંતરે એનો ધર્મકાર્યોમાં-સેવાકાર્યોમાં દાનરૂપે વપરાશ કરી દેવો. આ બહુ વાસ્તવિક અભિગમ છે.

આનું અન્ય એક સરસ પરિણામ વ્યક્તિને એ પ્રાપ્ત થાય કે વણજોઇતાં Tensionથી-માનસિક ચિંતાઓથી દૂરી રહે. જે વ્યક્તિની વૃત્તિ સંપત્તિની વૃદ્ધિની હશે તે સંપત્તિ વધશે તેમ તેમ નવાં નવાં વ્યવસાયોમાં-નવી નવી બાબતોમાં એનું રોકાણ કરી સંપત્તિનો વ્યાપ વધારવામાં રાચશે. આ ચક્કરમાં

સતત નવાં Tension-જવાબદારીઓનો જમેલો-ઘણી વાર મોટાં નુકસાનો વગેરેની ભરમાર સર્જાતી હોય છે જે ઘણાનાં જીવનમાં અનુભવસિદ્ધ છે. આ સંદર્ભમાં યાદ કરીએ એક નાનકડી મજાની ઘટના :

ઈમર્સન નામે એક શ્રીમંત સજ્જન. પુણ્યોદયે એની પાસે સંપત્તિ વિપુલ હતી. પરંતુ એ સંપત્તિથી ય વિશેષ એની પાસે ઉત્તમ સમજ હતી. એથી એને સંપત્તિ માટે આંધળી દોટ પસંદ ન હતી. એક વાર કોઇ વ્યક્તિએ આવીને એમને કહ્યું : ''નગરના અમુક વિસ્તારમાં હાલ જમીનના ખુલ્લા Plot છે. જમીન ખૂબ સસ્તામાં મળે છે. સંપત્તિનું રોકાણ કરી મોટી જમીન પાણીના ભાવે ખરીદી લો. ભવિષ્યમાં એના ભાવ ખૂબ વધશે.'' ઈમર્સને મલકાતા મુખે કહ્યું : ''રહેવા દો, મારે જમીનને માલિક બનાવવી નથી.'' પેલી વ્યક્તિ ઈમર્સનના ઉત્તરથી અચરજ પામી ગઇ. એણે કહ્યું: 'કેમ આવું બોલો છો? તમે જમીનના માલિક બનશો. જમીન તમારી માલિક નથી બનવાની.'' ઈમર્સને હસતા હસતા કહ્યું : ''હું બરાબર જ કહું છું. મારે જમીનને મારી માલિક નથી બનાવવી. હું જો જમીન લઉં તો મારે એની રક્ષા માટે Compound Wall બનાવવી પડે-કોઇ એમાં અતિક્રમણ ન કરે એની તકેદારી રાખવી પડે. જમીનનું આવી આવી રીતે મારે ધ્યાન રાખવું પડે માટે ખરા અર્થમાં એ માલિક થાય અને હું એની ચાકરી કરનાર થઉં. આવુ કરીને હું મારા હાલના પ્રશાંત-પ્રેમાળ જીવનસરોવરમાં અશાંતિનો પથ્થર નાખવા નથી ચાહતો.'' પેલી વ્યક્તિ ચૂપ થઇને ચાલી ગઇ.

સતત ઉપર પહોંચવાની મથામણના આજના યુગમાં કેટલા ય ને આ ગણિત બંધબેસતું ન પણ થાય. પરંતુ બિલકુલ સચ્ચાઇ સંપત્તિની સમૃદ્ધિનાં ક્ષેત્ર આ જ છે કે એક સીમા-મર્યાદા પછી અટકવામાં જ શાણપણ છે. આ માટે જાતને સમજાવતા રહેવું કે **''થોભ, નહિ તો થાકી જઇશ...''**

**(૨) સદ્‌વિચારની સમૃદ્ધિ :-** સંપત્તિની સમૃદ્ધિ કરતાં સદ્‌વિચારની સમૃદ્ધિ બેશક ચડિયાતી છે. આપણે સંપત્તિ અંગેના જ એક વિચાર દ્વારા એ પુરવાર કરીએ. ધારો કે સંપત્તિ એમ ને એમ તિજોરીમાં ધરબાયેલી રહે તો એ સંપત્તિ સમાજ માટે વરદાનરૂપ પુરવાર નહિ જ થાય. એનાથી સમાજને કોઇ લાભ નહિ થાય. એ જ સંપત્તિ સમાજ માટે વપરાય તો વરદાનરૂપ જરૂર પુરવાર થાય. ધ્યાનથી વિશ્લેષણ કરીશું તો સમજાશે કે સંપત્તિ વરદાનરૂપ બને એનું કારણ એ સન્માર્ગે વપરાય તે છે અને એ સન્માર્ગે વપરાય તેનું કારણ એના માલિક શ્રીમંતનાં મનમાં પ્રગટેલ સદ્‌વિચાર છે. મતલબ કે સંપત્તિને વરદાનરૂપ બનાવનાર સદ્‌વિચાર જ છે. એ ન પ્રગટે તો સંપત્તિ વરદાનરૂપ ન બની શકે. સાર એ થયો કે સંપત્તિ નહિ, સદ્‌વિચારની સમૃદ્ધિ ચડિયાતી છે.

સદ્‌વિચારની સમૃદ્ધિના અન્ય બે-ત્રણ લાભો સંક્ષેપમાં નિહાળીએ. જો સદ્‌વિચારો ધરાવનાર વ્યક્તિ પાસે અનુયાયી વર્ગ હોય તો એના શુભ વિચારો બસો-પાંચસો વ્યક્તિઓ ઝીલીને સમાજમાં એનો પ્રચાર-પ્રસાર કરશે. એ વિચારો વર્તનમાં અમલી બનવાથી અનેક સ્થળે અનેક વ્યક્તિઓને એનો લાભ થશે.. બીજી બાબત એ કે એ સદ્‌વિચારો પુસ્તક

કે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા અસરકારક રીતે રજૂ થયા હોય તો દાયકાઓ અને સૈકાઓ સુધી એની શુભ અસરો સમાજ પર પથરાયા કરે અને કૈંક રચનાત્મક વૃત્તિ-પ્રવૃત્તિઓ વિસ્તરિત થતી રહે.. અરે! આવું કાંઇ પણ ન હોય અને સાવ સામાન્ય-સહજ સ્થિતિમાં સદ્‌વિચાર અપાયો હોય તો એ ય કેવો પરિણામદાયી નીવડે એ જાણવું છે? તો વાંચો આ મજાની ઘટના :

દશ વર્ષના બાળકને એક વર્ષની સતત માંગણી પછી નવીનકોર Cycle મળી. એ Cycleને જીવની જેમ સાચવી જરા ય ઘસરકો ન પડવા દે. એક સાંજે દાદીમાએ વાતવાતમાં એટલું જ કહ્યું કે ‘‘કેટલાક ઘસરકા સારા ગણાય.’’ બાળકને તુર્ત તો કાંઇ ન સમજાયું. પરંતુ રાત્રે બહુ વિચારતા એને અર્થ સમજાયો. બીજે દિવસે સાંજે એ આવ્યો ત્યારે Cycle પર ત્રણ ઘસરકા હતા. માતાએ પૂછ્યુંઃ ‘‘આજે Cycle કેમ બગાડી લાવ્યો?’’ દીકરાએ હસતા હસતા કહ્યું : ‘‘મમ્મી! આ તો સારા ઘસરકા છે. આજે મેં નિઃસ્વાર્થપણે ત્રણ મોટાં સેવાનાં કાર્યો આ Cycle દ્વારા કર્યા. એમાં દરેક વખતે એકેક ઘસરકો પડ્યો છે.’’ માતા ખુશ થઇ ગઇ.

છેલ્લે એક વાત : **સંપત્તિની સમૃદ્ધિ કોઇનાં આંસુ પડાવી શકે છે... સદ્‌વિચારની સમૃદ્ધિ કોઇનાં આંસુ લૂંછી શકે છે...**

✿ ✿ ✿



# 11

## સાધનાની સમૃદ્ધિ સર્વોપરિ સમૃદ્ધિ છે ...
## એનાથી સિદ્ધિની પ્રાપ્તિ અવશ્ય થાય છે ...

સંપત્તિની સમૃદ્ધિ જીવનને જે આનંદથી તર-બ-તર ન કરી શકે તે આનંદથી તર-બ-તર કરી શકે તેવી અન્ય પણ વિવિધ સમૃદ્ધિઓ આપણી આસપાસ અવશ્ય છે. એ માત્ર સાત્ત્વિક આનંદ જ અર્પે છે એમ નથી, બલ્કે એથી ય વિશેષ જીવનને ઉચ્ચ ભૂમિકાઓ પણ સર કરાવે છે. આવો, ગત લેખથી આરંભેલ વિવિધ સમૃદ્ધિઓ સંબંધી વિચારણામાં આજે આપણે ત્રીજા અને ચોથા ક્રમની સમૃદ્ધિ અંગે વિચારવિહાર કરીએ.

**(૩) સંવેદનાસમૃદ્ધિ :-** સંસ્કૃત ભાષાનો શબ્દ છે ‘સંવેદના’. એમાં બે શબ્દનું સંયોજન છે : સમ્+વેદના. સમ્નો અર્થ છે સમાન અને વેદનાનો અર્થ છે પીડા. અકસ્માત્-રોગ-દુર્ઘટના વગેરેનાં કારણે જે વ્યક્તિ પીડિત-પરેશાન હોય તેના જેવી-સમાન પીડાની લાગણી એને નિહાળતાં-એની વાત સાંભળતા

અનુભવાય એને કહેવાય સંવેદના. આવી સંવેદનાની સમૃદ્ધિ ધરાવનાર વ્યક્તિ જો સક્ષમ હોય તો માત્ર સંવેદના અનુભવીને જ વિરમી ન જાય, બલ્કે સામી વ્યક્તિને પોતાની ક્ષમતાને અનુરૂપ સહાયક થાય. એક-બે ઉદાહરણ દ્વારા એ સમજીએ :

ધારો કે એક દરિદ્ર વ્યક્તિ બે દિવસથી અન્ન વિનાની હોવાથી ક્ષુધાપીડિત છે. તો સંવેદના ધરાવતી વ્યક્તિ એને નિહાળીને એવી જ પીડા અનુભવશે. પછી જો એ શક્તિસંપન્ન હશે તો આગળ વધશે કે આને પેટભરપૂર ભોજન આપી આની ક્ષુધાની આગ શમાવું. આ વિચારનો અમલ કરી એ સામી વ્યક્તિનાં ક્ષુધાનાં દુઃખનું નિવારણ કરશે.. ધારો કે એક વ્યક્તિ Cancer થી પીડિત છે. તો સંવેદના ધરાવતી વ્યક્તિ એનું બેહદ-બેકાબૂ દુઃખ જોઈ અંતઃકરણથી દ્રવી જશે. સારવાર શ્રેષ્ઠ હોવા પછીની ય સ્થિતિ આ હોવાથી એ ઉપચારના માર્ગે ભલે સહાયક ન થઈ શકે. પરંતુ એ એની પાસે બેસી એને આશ્વાસન-સાન્ત્વન મળે એવી સરસ પ્રેરણાદાયી વાતો કરશે. એથી વિશેષ ક્ષમતા હશે તો દર્દીનું મન આર્તધ્યાનમાં ન જાય-અસમાધિમાં ન જાય તે માટે સમાધિદાયક ઉપદેશ-ઉદાહરણો આપશે. છેવટે કાંઈ ન કરી શકાય તેમ હશે તો એ સંવેદનાભરી પ્રાર્થના કરશે. કેવી હોય સંવેદનાથી ભીની-ભીની પ્રાર્થના એ જાણવું છે ? તો વાંચો આ મજાની-પ્રેરણાદાયી સત્ય ઘટના :

જૈન પરંપરાનું એક સુવિખ્યાત યાત્રાધામ શંખેશ્વરતીર્થ. લાખો યાત્રિકોનું એ અજોડ આસ્થાકેન્દ્ર છે. યાત્રિકોનો પ્રવાહ ત્યાં નિરંતર વહેતો રહે અને એ પ્રભુ સમક્ષનો ભંડાર પણ છલકાવતો રહે. દર મહિને એ ભંડારની રકમ ગણવા સેવાભાવી કાર્યકરો જાય ત્યારે ભંડારમાંથી ભાવુક ભક્તોએ કરેલ પ્રાર્થનાની થોડી ચિટ્ઠીઓ પણ નીકળે. એમાં એક નાના આઠ-દશ વર્ષના બાળકે લખેલ પ્રાર્થનાચિટ્ઠી એવી નીકળી કે એ વાંચતા કાર્યકરોની આંખમાં, એ બાળકની સંવેદના માટે, અહોભાવનાં આંસુ આવી ગયા. બાળકની એ ચિટ્ઠી કાંઈક આવી હતી :

‘‘હે પ્રભુ શંખેશ્વરદાદા ! તમારે મારી એક પ્રાર્થના ધ્યાનમાં લઈ એ પ્રમાણે મારું કામ કરી આપવાનું છે. હું જે Buildingમાં રહું છું એની આસપાસ કૂતરાં-બકરી-ગાયો વગેરે ફરતા હોય છે. એ કોઈને કાંઈ નુકસાન કરતાં નથી. તો પણ ઘણા લોકો એમને પથ્થરો-લાકડીઓ વગેરેથી ખૂબ માર મારી એ અબોલ જીવોને ઈજાગ્રસ્ત કરે છે. મારાથી પશુઓનું આ દુઃખ જોવાતું નથી. સાથે જ હું એ હેરાન કરનારાઓને અટકાવી પણ શકતો નથી. કેમ કે મારી એવી તાકાત નથી. હું મોટો થઉં ત્યારે તમે મને પશુઓનો Doctor બનાવી દેજો. જેથી હું આવા તમામ ઈજાગ્રસ્ત પશુઓની સેવા-સારવાર કરી શકું. મારે પૈસા કમાવવા Doctor નથી બનવું, પશુઓની તકલીફો દૂર કરવા Doctor બનવું છે. મારું આટલું કાર્ય તમે કરી આપજો ને ?’’

શું છે આ બાળહૃદયના શબ્દો? સં-વેદનાનું અર્થાત્ પશુઓના જેવી-સમાન માનસિક વેદનાનું સાકાર સ્વરૂપ. આ સંવેદનશીલતા જ્યારે ટોચ સર કરે-પરાકાષ્ઠાની કક્ષા પામે ત્યારે ‘જગતના તમામ જીવોને વાસ્તવિક સ્વરૂપે સર્વ દુઃખોથી મુક્ત કરવાની મને શક્તિ મળો’ની વિશ્વકલ્યાણની ભાવના હૈયે ઘુંટાય અને એના પરિણામરૂપે તીર્થંકર બનવાનું – અરિહંત પરમાત્મા બનવાનું સૌભાગ્ય મળે! સાર એ થયો કે સંવેદનાની સમૃદ્ધિ તો આત્માને પરમાત્મા બનાવવા સુધીનું પ્રબળ સામર્થ્ય ધરાવે છે.

હવે નિહાળીએ ‘સંવેદના’ શબ્દનો જરા અલગ અર્થ. ‘સંવેદના એટલે અન્યોનાં દુઃખની સમાન અનુભૂતિ’ આ જ અર્થ પર્યાપ્ત નથી. સંવેદનાનો અન્ય એક અર્થ છે હૃદયની ભીનાશ. યાદ રહે કે માટી ભીની-આર્દ્ર-કોમળ બને તો જ તેમાં બીજ અંકુરિત-સંવર્ધિત થાય. તેમ હૃદયની ભૂમિ સંવેદનાથી ભીની ભીની થાય ત્યારે જ એમાં સદ્‌ગુણોનું-ઉત્તમ ભાવોનું વપન-સંવર્ધન થાય. હૈયાની ભીનાશ એટલે? કોઇ પણ વ્યક્તિમાં સારી બાબત-વિશિષ્ટ ગુણ નિહાળતાંવેંત હૈયું એનાથી ભાવિત-પ્રભાવિત થઇ જાય, ઓળઘોળ થઇ જાય. આનું પરિણામ

એ આવે કે આજે નહિ તો કાલે એ સંવેદનશીલ વ્યક્તિમાં તે તે શુભ બાબત-વિશિષ્ટ ગુણ અશક્ય લાગતા હોય તો ય વિસ્તાર પામે. અમારા આ શબ્દો ઠાલાં બોધવચન નથી, બલ્કે સ્વાનુભૂતિમાંથી પ્રગટેલ શબ્દો છે. બે ઉદાહરણ આ સંદર્ભમાં અમારાં જીવનનાં જ નિહાળીએ :

* જૈન પરંપરામાં આયંબિલતપનો ખૂબ મહિમા છે. અલબત્ત, આયંબિલતપ ખૂબ કઠિન છે. કેમ કે એમાં તમામ રસ-કસરહિત માત્ર બાફેલ ભોજન જ દિવસમાં એક વાર વાપરવાનું હોય. જેને ફાવે એ જ આમાં આગળ વધી શકે. બાકીનાને તો એક આયંબિલમાં ય ધોળે દિવસે તારા દેખાય. અમારી સ્થિતિ આયંબિલક્ષેત્રે આવી હતી. આથી સુડતાળીશ વર્ષનાં સંયમજીવનમાં અનિવાર્ય સિવાય કોઇ આયંબિલ કર્યા ન હતા. પરંતુ આયંબિલતપ કરનાર પ્રત્યે સંવેદના-હૈયાનો અહોભાવ ખૂબ.

કોરોનાકાળના પ્રારંભે ચૈત્રી ઓળીમાં અમારા તમામ વીશ શિષ્યોને ચૌદશનું આયંબિલ હતું. એકમાત્ર અમે જ આયંબિલમાંથી બાકાત. હૈયે ખૂબ સંવેદના-ભીનાશ પ્રગટી એ દિવસે કે 'મને પણ આ બધા સાથે આયંબિલનો લાભ ક્યારે મળશે?' આ હૈયાની સાચી સંવેદનાએ માત્ર પાંત્રીશ દિવસમાં બહુ મોટું પરિણામ આપ્યું. બરાબર પાંત્રીશમા દિવસે અમે એકાએક એકાંતર પાંચસો આયંબિલનો પ્રારંભ કર્યો. અમે કુલ ઓગણસાઠ સંયમીઓ એમાં સાથે રહ્યા. અને... સવા બે વર્ષ સુધીમાં અમારા પાંચસો આયંબિલ કોઇ જ અવરોધ વિના પૂર્ણ થયા! હૈયાની સાચી સંવેદનાનું આ અશક્ય છતાં શક્ય પરિણામ આવ્યું.

* છેલ્લા આઠ વર્ષોમાં અમારા તથા શિષ્યવૃંદના ચાતુર્માસોમાં સામૂહિક માસક્ષમણ-સળંગ ત્રીશ ઉપવાસનું

તપ યોજાય છે. ચોવીશે ય કલાક તમામ પ્રકારના આહારનો ત્યાગ અને ઉકાળેલ પાણી માત્ર દિવસના અમૂક કલાક જ વાપરવાની છૂટ : આ જૈન ઉપવાસ છે. સળંગ ત્રીશ દિવસ આહારના અંશ પણ વપરાશ વિના રહેવું કેવું ભગીરથ-અતિ કઠિન છે તે જૈન ઉપવાસના ઉપરોક્ત જેવા નિયમોથી સમજી શકાય તેમ છે. આમ છતાં પ્રભુની અને અમારા દિવંગત ગુરુદેવોની અનુપમ કૃપાવર્ષાના પ્રભાવે અમારા હસ્તક આઠ ચાતુર્માસમાં કુલ માસક્ષમણો થયા ત્રેવીશસો અટ્ઠાવન!

આ દરેક ચાતુર્માસમાં આરાધકોને માસક્ષમણની પ્રેરણા આપતાં અને એમને માસક્ષમણ કરતાં નિહાળી અમને પણ સંવેદના પ્રગટતી કે ''એક સમય મારો પણ આવે જેમાં મારાથી માસક્ષમણ થાય.'' જો કે અમારા માટે એ અશક્ય એટલા માટે હતું કે સત્તાવન વર્ષના જીવનકાળમાં એક ઉપવાસથી વધુ ઉપવાસ (છટ્ઠનો એક પ્રસંગ છોડીને) કદાપિ કર્યો ન હતો. આ સ્થિતિમાં માસક્ષમણની વાત એટલે Paralysisવાળી વ્યક્તિ Everest આરોહણની વાત કરે એના જેવી બીના. પરંતુ વર્ષો સુધી અન્યોને માસક્ષમણ કરાવતા હૈયે એવી ભીની ભીની સંવેદના જામતી રહી કે માસક્ષમણ જેવું અશક્ય તપ પણ હમણાં વિ.સં. ૨૦૮૦ના ચાતુર્માસમાં બિલકુલ નિરાબાધ થયું. ચોક્કસ જ એમાં મુખ્ય પરિબળ પ્રભુકૃપા અને ગુરુકૃપા જ હતા. પરંતુ આનુષંગિક એક મહત્ત્વનું પરિબળ આ હાર્દિક સંવેદના પણ હતું!

**(૪) સાધનાસમૃદ્ધિ :-** આ લેખ અમે સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાંથી લખી રહ્યા છીએ. અહીંની ચેન્નઇ ધર્મશાળાના જે ખંડમાં અમારી સ્થિરતા છે ત્યાંથી અમે દિવસમાં જાણે કે સો વાર શત્રુંજયગિરિરાજનાં દર્શન કરીએ છીએ. દરેક વેળા ગિરિરાજને હાથ જોડી નમન કરતાં જે

વિચારો આવે છે એ જ સંક્ષેપમાં આ **સાધનાસમૃદ્ધિ**નાં વિવરણરૂપે ટાંકવા છે. એમાં મુખ્ય ચાર સોપાન છે. પહેલું સોપાન છે **સંકલ્પ.** આમાં સાધક પોતાનું લક્ષ્ય નિશ્ચિત કરવા સાથે સાધનાનો નિર્ણય કરે. જેમ કે પ્રભુ આદિનાથની વાણી ઝીલી પુંડરીક સ્વામીએ પાંચ ક્રોડ મુનિવરો સાથે શત્રુંજયગિરિરાજ પર કર્મક્ષયની સાધનાનો નિર્ણય કર્યો... બીજું સોપાન છે **સત્ત્વ.** કષ્ટો આવે તો પણ નિશ્ચિત સાધનામાંથી પીછેહઠ ન જ કરવાની વાત આમાં હોય છે. જેમ કે પુંડરીક સ્વામીએ કે પાંચ ક્રોડમાંથી એક પણ મુનિએ ભયંકર કષ્ટો છતાં સાધના ન જ છોડી, બલ્કે સત્ત્વથી આગળ વધારી...ત્રીજું સોપાન છે **શૌર્ય.** પોતાની તમામ તાકાતનો સંપૂર્ણ ઉપયોગ કરી લક્ષ્યસિદ્ધિ માટે મચી પડવું તે છે **શૌર્ય.** જેમ કે પુંડરીક સ્વામી વગેરે પાંચ ક્રોડ મુનિઓ અનશન-મૌન-ધ્યાનનાં માધ્યમે તન-વચન-મનથી કર્મક્ષય માટે **શૌર્ય**થી મચી પડ્યા... ચોથું સોપાન છે **સિદ્ધિ. સંકલ્પ-સત્ત્વ-શૌર્ય** એકત્ર થાય એટલે સિદ્ધિ મળે જ મળે. જેમ કે પુંડરીકસ્વામી આદિ પાંચે ય ક્રોડ મુનિઓ શત્રુંજયગિરિ પર સિદ્ધિપદ પામ્યા. આપણે પણ જીવનમાં સાધનાસમૃદ્ધિને આ રીતે વિસ્તારવી જોઇએ.

છેલ્લે એક વાત : **સાધનાની સમૃદ્ધિ સર્વોપરિ સમૃદ્ધિ છે... એનાથી સિદ્ધિની પ્રાપ્તિ અવશ્ય થાય છે...**

✿ ✿ ✿



12

# જૈન શાસનની મૈત્રીભાવના : સર્વ જીવો રાગ-દ્વેષથી મુક્ત થાઓ ને સર્વ જીવો શાશ્વત સુખથી યુક્ત થાઓ

જૈન પરંપરાએ અનેક અદ્‌ભુત અલૌકિક અને મૌલિક પ્રદાનો દ્વારા જગત પર અપ્રતિમ ઉપકારો કર્યા છે. એણે આધ્યાત્મિક કલ્યાણ માટે તો અનેક અદ્વિતીય-અન્યત્ર ન મળે તેવા મૌલિક ઉપાયો દર્શાવ્યા છે. ઉપરાંત વ્યાવહારિક જીવનને સ્પર્શે એને સુખ-શાંતિ-સંતોષમય બનાવે તેવી ય અનેક બેજોડ બાબતો દર્શાવી છે.

ઉદાહરણરૂપે બે બાબત લઇએ. એમાં એક છે વિચારનાં ક્ષેત્રે અનેકાંતદષ્ટિ. કોઇ એક વિષયમાં વ્યક્તિ પોતાના Angle થી વિચારીને પોતે જ સાચી છે-સામી વ્યક્તિ ખોટી છે એમ આસાનીથી માની લેતી હોય છે. પરંતુ અનેકાંતદષ્ટિ દ્વારા જૈન પરંપરા એ પ્રતિપાદન કરે છે કે ‘તમે જેમ તમારા દષ્ટિબિંદુથી સાચા છો તેમ સામી વ્યક્તિ પણ એ જ વિષયમાં એના દષ્ટિબિંદુથી સાચી હોઇ શકે છે. જેમ કે

પુત્રીની દૃષ્ટિએ એક સ્ત્રી માતા હોય છે, તો એ જ સ્ત્રી પોતાની માતાની દૃષ્ટિએ પુત્રી હોય છે.' આ અનેકાંતદૃષ્ટિ વ્યાવહારિક જીવનને આગ્રહમુક્ત-અનાગ્રહી કરી પ્રેમાળ-સદ્ભાવસભર બનાવે...બીજી વાત છે આચારનાં ક્ષેત્રે અપરિગ્રહ અને અહિંસા. આ બન્ને તત્ત્વો અન્યત્ર ઓછે-વધતે અંશે ભલે નિહાળવા મળે. પરંતુ જૈન પરંપરામાં જે ઊંડાણથી-વ્યાપકતાથી આ બે તત્ત્વોનું નિરૂપણ છે એ અજોડ છે. એને આત્મસાત્ કરવાથી વિષમતાઓ અને વૈર-વિરોધ નાબુદ થઇ શકે છે.

જેમ ઉપરોક્ત તત્ત્વો જૈન શાસનનું અદ્ભુત પ્રદાન છે, તેમ ભાવનાઓ પણ જૈન પરંપરાનું ઉત્તમ પ્રદાન છે. મનને-આત્માને સમ્યક્ વિચારોમાં સ્થિર કરવાનું કાર્ય આ ભાવનાઓ કરે છે. આમ તો આવી ભાવનાઓ સોળ છે. પરંતુ આપણે અહીં ચાર લેખો દ્વારા અંતિમ ચાર ભાવનાઓનું આછું દર્શન કરીશું :

**(૧) મૈત્રીભાવના :-** સ્વજન હોય કે પરજન, ચિરપરિચિત હોય કે સાવ અપરિચિત, ઉત્તમ મિત્ર હોય કે કટ્ટર દુશ્મન : આવા આવા તમામ જીવો પ્રત્યે-તમામ વ્યક્તિઓ પ્રત્યે અંતઃકરણપૂર્વક મિત્રભાવ કેળવવો તેનું નામ છે મૈત્રીભાવના. અહીં બિલકુલ સુયોગ્ય પ્રશ્નો એ જાગે કે દરેકે દરેક જીવો અર્થાત્ ગમે તેવા પાપી-દીન-દરિદ્ર પ્રત્યે મિત્રભાવ ક્યાંથી પ્રગટે? અને બીજી વાત એ કે જે કાયમ વિરોધ કરનાર-કટ્ટર દુશ્મન હોય એના પ્રત્યે મિત્રભાવ ક્યાંથી પ્રગટે? આપણે આ બન્ને પ્રશ્નના ઉત્તર થોડા વિસ્તારથી સમજીએ.

વ્યવહાર જગતમાં એવું નિહાળાય છે કે વ્યક્તિ પોતાના Levelની વ્યક્તિ સાથે મિત્રતા રાખે, ગમે તેની સાથે નહિ. ક્રોડાધિપતિ શ્રીમંત ગરીબ ભિક્ષુક સાથે મૈત્રીસંબંધ ન રાખે, તો જબરજસ્ત હોંશિયાર-પ્રાજ્ઞોત્તમ વ્યક્તિ મૂર્ખશિરોમણિ સાથે મિત્રતા ન કેળવે. જ્યારે આ મૈત્રીભાવના તો Levelના હોય કે ન હોય, દરેકે દરેક જીવ સાથે મૈત્રીભાવ કેળવવાનું જણાવે છે. આ અશક્ય જેવી લાગતી વાતને શક્ય બનાવવા જૈન શાસ્ત્રો બહુ અદ્ભુત અને મજબૂત વિચારધારા આપે છે

કે જેમ દરેક બીજમાં એક વિરાટકાય વૃક્ષ છુપાયેલ છે તેમ દરેક આત્મામાં એક શુદ્ધસ્વરૂપી અનંત ગુણમય પરમાત્મા છુપાયેલ છે. ફક્ત એ બન્નેની વર્તમાન સ્થિતિ એવી છે કે એમની એ શક્યતાઓ સુષુપ્ત છે. પરંતુ એટલામાત્રથી એ બીજની અને એ આત્માની ઉપેક્ષા ન કરાય. યોગ્ય તક મળતાં જ બીજ વિરાટ વૃક્ષ અને આત્મા સર્વગુણમય પરમાત્મા બને જ. માટે આત્માના વર્તમાન પર્યાયને નહિ, એના ભાવિ શુદ્ધ પર્યાયને લક્ષ્યમાં રાખી એના પ્રત્યે મૈત્રીભાવ કેળવવો. જૈન પરિભાષામાં એ શુદ્ધ પર્યાયને ત્યારે સત્તાગત સ્વરૂપ કહેવાય છે. અરે! આપણા જેવાની ક્યાં વાત? સ્વયં સર્વ કર્મમુક્ત સિદ્ધ ભગવંતો પણ એમને ભાવિના શુદ્ધ સ્વરૂપે નિહાળે છે એમ 'નિજ સત્તાએ શુદ્ધ સ્વરૂપે પેખતા' પંક્તિ કહે છે. નિયમ એ નિશ્ચિત થઇ શકે કે આપણે જ્યારે સંભાવનારૂપે પણ સામી વ્યક્તિ મહાન હોવાની ધારણા-વિચારણા કરીએ ત્યારે, એના વર્તમાન દેખાવથી આપણામાં પ્રગટેલ તિરસ્કારવૃત્તિ-તુચ્છતા આપોઆપ ઓગળી જાય છે-દૂર થઇ જાય છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ મજાની ઘટના :

ઇંગ્લેન્ડના રાજા એક વાર પ્રજાનાં સુખ-દુઃખની જાતમાહિતી મેળવવા ગુપ્તવેશે એકલા થોડા ગામોમાં ઘૂમવા નીકળી ગયા. એમનો પહેરવેશ ગ્રામ્યજનનો હતો. માર્ગમાં એક લશ્કરી છાવણી દેખાતાં તેઓ એમાં પ્રવેશ્યા. અંદર એક લશ્કરી અધિકારી ખુરશી પર પગ લંબાવી ચિરુટ પી રહ્યો હતો. ગ્રામીણ વ્યક્તિએ (રાજાએ) પેલા અધિકારીને પીટ્સબર્ગ જવાનો માર્ગ પૂછ્યો. તુમાખીભર્યા અધિકારીએ જવાબમાં એક જોરદાર લાત ફટકારી દેતાં તુચ્છતાથી કહ્યું: ''બેવકૂફ! મારા જેવા મોટા અધિકારીને માર્ગ પૂછવાની તું હિંમત કરી જ કેમ શકે?''

ધૂળમાં રગદોળાયેલ ગ્રામીણ જને ગુસ્સા વિના ખૂબ નમ્રતાથી કહ્યું :''મને ખબર નહિ કે આપ કોઇ મોટા અધિકારી હશો.'' પોતાનો અહં પોષાવાથી ગેલમાં આવી ગયેલ પેલા અધિકારીએ ગમ્મત કરી :''ચાલ, તું કલ્પના કરીને કહે કે હું કયો અધિકારી છું.'' ગ્રામીણ જને કહ્યું :''સર! આપ હવાલદાર છો?'' ''ના,

એથી આગળ.'' ''તો આપ Assistant Lieutenant છો?'' ''ના, એથી ય આગળ.'' ''અચ્છા, તો આપ Lieutenant છો?'' ''ના, એથી ય ઉપર.'' તો તો આપ Captain હશો.'' ''હા, હવે તને ખબર પડી કે હું કેટલો મોટો અધિકારી છું.''

હળવાશ સર્જાઇ હોવાથી હવે ગ્રામીણ જને દાવ લેતાં કહ્યું:''Captainસાહેબ! આપ તો બહુ મોટા અધિકારી નીકળ્યા. પણ હવે આપ મારા માટે કલ્પના કરશો કે હું કોણ છું? કેમ કે હું ગ્રામ્ય પ્રજાજન નથી. હું પણ સૈન્યસેવા સાથે સંલગ્ન છું.'' ગમ્મતના મૂડમાં રહેલ Captainએ શરુઆત કરી : ''તું હવાલદાર હોઇશ.'' ''ના, Sir. આગળ.'' "Assistant Lieutenant?" ''ના, હજુ આગળ.'' Lieutenant? ''ના, એથી ય ઉપર.'' Captainની ભાષામાં થોડી સભ્યતા આવી ગઇ:''તો પછી શું તમે Captain છો?'' ''ના, એનાથી પણ ઉપર.'' હવે Captain એ ખુરશી છોડી દીધી. ઊભા થઇને એણે નમ્રતાથી પૂછ્યું :''તો શું આપ Major છો?''હજુ ઉપર.'' ''તો તો આપ Field Marshal હશો.'' ''હજુ થોડા આગળ.'' Captain અદબથી સલામ ભરતા કહ્યું:''તો શું આપ સૈન્યના સર્વોપરિ અર્થાત્ ઇંગ્લેન્ડના સમ્રાટ છો?'' ''હા, હવે તમારી કલ્પના સાચી.'' ગ્રામ્યવેશના રાજાએ કહ્યું.

તે જ ક્ષણે Captain એ પોતાની પિસ્તોલ સમ્રાટને ધરતા કહ્યું:''આપ ગોળી મારી મને ખતમ કરી દો. કારણ કે મેં આપને લાત મારવાનો બહુ મોટો ગુનો કર્યો છે.'' સમ્રાટે પોતાનું ઓળખપત્ર રજૂ કરી Captainના ખભે લાગણીથી હાથ મૂકીને કહ્યું : ''મારા વફાદાર સેવકોનો જાન લેવાની મૂર્ખતા હું ન કરું.

પરંતુ આજની ઘટનાની સજારૂપે, તમારે કાયમ કોઇ પણ-નાનામાં નાની વ્યક્તિ સાથે વર્તન કરતાં એ વિચાર કરવાનો કે આ ગુપ્તવેશે રહેલ સમ્રાટ હોઇ શકે છે. એનાથી આપોઆપ તમારાં વર્તનમાંથી તુચ્છતા ઓગળી જશે.'' Captain એ બાંહેધરી આપી અને ઉદાર રાજા ત્યાંથી વિદાય થયા.

જો નાનામાં નાના પ્રજાજનમાં સમ્રાટની સંભાવનાના વિચારથી Captain એના પ્રત્યે આદરયુક્ત-બહુમાનયુક્ત બની શકતો હોય તો, દરેક જીવમાં શિવત્વનાં-દરેક આત્મામાં પરમાત્માનાં દર્શનથી આપણે એના પ્રત્યે મૈત્રીભાવયુક્ત કેમ ન થઇ શકીએ? થઇ જ શકીએ. બસ, આ ભૂમિકા સર થાય એ માટે જ દરેક જીવના સત્તાગત શુદ્ધ સ્વરૂપને નિહાળવાનો ઉપાય દર્શાવાયો છે...

હવે બીજો પ્રશ્ન કે વ્યવહારમાં આપણો કાયમ વિરોધ કરનાર - કટ્ટર દુશ્મન પ્રત્યે મૈત્રીભાવ શે પ્રગટે? આનો ઉત્તર સરસ રીતે મળી રહે છે 'શાંતસુધારસ' ગ્રન્થની મૈત્રીભાવનાના એક શ્લોકમાંથી. એ શ્લોક એમ કહે છે કે :-

सर्वेऽप्यमी बन्धुतयाऽनुभूता:,
सहस्रशोऽस्मिन् भवता भवाब्धौ।
जीवास्ततो बन्धव एव सर्वे,
न कोऽपि ते शत्रुरिति प्रतीहि।।

ભાવાર્થ કે હે જીવ! સંસારચક્રમાં તેં અનંતાનંત જન્મો કર્યા છે. એ જન્મોમાં તેં સંસારના સહુ જીવો સાથે એકાદ-બે વાર નહિ, હજારો-લાખો વાર ભાઇનો સંબંધ બંધ્યો છે. એટલે વાસ્તવિકતામાં તો આ સંસારના દરેક જીવ તારા માટે ભાઇ જ છે. તો પછી એ માત્ર આ જન્મમાં વિરોધી હોય એટલામાત્રથી એને શત્રુ-દુશ્મન માનવાની જરૂર નથી. એક દૃષ્ટાંત આ સંદર્ભમાં સંક્ષેપથી નિહાળીએ :

સમાજમાં ક્રોડોનાં દાન કરનાર એક સજ્જનને બહુ યશ મળતો જોઇ એમની જ જ્ઞાતિના એક ઈર્ષ્યાળુએ સજ્જનને બદનામ કરવાનો કારસો રચ્યો. એ ખુદ તો સાવ ભૂખડીબારસ હતો. છતાં ઈર્ષ્યાએ એને શ્રીમંત સાથે બાથ ભીડવા પ્રેર્યો. એણે શ્રીમંત પર ચારિત્ર્ય વિષયક આક્ષેપો કરતી હલકટ પત્રિકા નનામી બહાર પાડી. શ્રીમંતના સમર્થકો ઉશ્કેરાયા. પરંતુ સમજુ શ્રીમંતે એમને શાંત રાખ્યા. એમ કહીને કે ''ગમે તેમ તો ય એ આપણો જ જ્ઞાતિબંધુ છે.'' બે-ચાર માસ શ્રીમંતની પ્રતિષ્ઠા પર ધૂળ ઊડી. પરંતુ પછી બધું પૂર્વવત્ થઇ ગયું.

એનાં આ દુષ્કૃત્યનું પરિણામ હો કે ગમે તે, છ માસ બાદ એ ભયંકર આર્થિક તંગીમાં આવી ગયો. માથે દેવું અને ઘરે ભોજનનાં ફાંફા. શ્રીમંતના સમર્થકો ખુશ થઇ ગયા કે કુદરતે એને બરાબરનું ફળ આપ્યું. શ્રીમંતને સમાચાર મળતાં એમણે સમર્થકોની ના છતાં રૂપિયા વીશ હજારની રોકડ સહાય નનામી મોકલી. સમર્થકોએ કહ્યું : ''નામ તો લખો. એની આંખ ઊઘડે.'' શ્રીમંતે ઉત્તર દીધો : ''એણે પત્રિકા નનામી કરી, તો આપણે સહાય નનામી કરી! હિસાબ પૂરો. ગમે તેમ તો ય એ આપણો જ્ઞાતિબંધુ છે.'' જો જ્ઞાતિબંધુ હોવામાત્રથી આવો મિત્રભાવ-સહાયભાવ શ્રીમંત દાખવી શકે, તો હજારો-લાખો વારના પૂર્વજન્મના બંધુ હોવાના નાતે શત્રુ પર મિત્રભાવ જરૂર પ્રગટી શકે.

છેલ્લે એક વાત : **સર્વ જીવો રાગ-દ્વેષથી મુક્ત થાઓ ને સર્વ જીવો શાશ્વત સુખથી યુક્ત થાઓ આ જૈન શાસનની શ્રેષ્ઠ મૈત્રીભાવના છે.**

✿ ✿ ✿



# 13

## અન્યોના ગુણોની પ્રશંસા કરશો તો ગુણવૃદ્ધિ થશે...
## અન્યોના દોષો વાગોળ્યા કરશો તો દોષવૃદ્ધિ થશે...

જીવનની શ્રેષ્ઠ મૂડી કઇ ગણાય? પૈસો? જેઓ પૈસાની જીવનવ્યવહારોમાં નિહાળાતી ઉપયોગિતાને જ કેન્દ્રમાં રાખી વિચારે છે તેઓ એમ માને છે કે જીવનની શ્રેષ્ઠ મૂડી પૈસો છે. પરંતુ આ માત્ર ઉપરછલ્લી વિચારણાનું પરિણામ છે. જેમણે સંપત્તિને શ્રેષ્ઠ મૂડી માની એને જ એકમાત્ર ધ્યેય બનાવી દીધું છે એ શ્રીમંત બની જાય તો પણ એનાં જીવનમાં આ જ ધ્યેયનાં કારણે સર્જાતા સંક્લેશો-સતત Tension-આરોગ્યના અગ્નિસંસ્કાર કરી દે તેવી હાયવોયો વગેરે નિહાળીએ તો એમ માનવું જ રહે કે સંપત્તિ જીવનની શ્રેષ્ઠ મૂડી ન હોઇ શકે. હા, એનો જરૂર પૂરતો-આવશ્યકતાનુસાર સંગ્રહ ગૃહસ્થ વ્યક્તિ કરી શકે ખરી. પરંતુ એ જીવનની શ્રેષ્ઠ મૂડી-એકમાત્ર ધ્યેય ન હોઇ શકે.

જીવનની શ્રેષ્ઠ મૂડી છે પ્રસન્નતા. આ પ્રસન્નતાને અધ્યાત્મનો-ધર્મનો સંસ્પર્શ આપીએ તો એને કહી શકાય સંક્લેશમુક્ત સમાધિમય સહજ પ્રસન્ન

અવસ્થા અને સરેરાશ દુન્યવી સ્તરનો સંસ્પર્શ આપીએ તો એને કહી શકાય મનની સદાબહાર આનંદસભર અવસ્થા. સંપત્તિ કે સુવિધાનાં સાધનો ભલે અલ્પ હોય, તો ય વ્યક્તિની ભીતરમાં જો પ્રસન્નતા છલકાતી હોય તો એનો પમરાટ આસપાસ-ચોપાસને મહેંકાવી દે. ચાર ભાવનાની વિચારણાના ઉપક્રમમાં આજે આપણે જે બીજી ભાવનાની વિચારણા કરવાની છે તે, જીવનમાં આ પ્રસન્નતાનો પમરાટ ફેલાવે તેવી છે. આવો, આપણે એ ભાવના પર વિચારવિહાર કરીએ :

**(૨) પ્રમોદભાવના :-** પ્રમોદ શબ્દનો અર્થ છે પ્રસન્નતા-આનંદ. એ પ્રગટાવે તેનું નામ છે પ્રમોદભાવના. પણ...સબૂર! એક વાત અહીં ખાસ ખ્યાલમાં રાખવી કે કામ-ભોગની સુખસામગ્રીથી જે તુચ્છ આનંદ પ્રગટે એને અહીં પ્રમોદરૂપે ગણવાનો નથી. બાળક મનપસંદ ચોકલેટ મળી જતાં ખુશખુશાલ થઇ જાય એ પ્રમોદભાવ નથી, તો યુવાન વ્યક્તિ મનગમતા પાત્ર સાથે લગ્ન થઇ જતાં રાજીની રેડ થઇ જાય તે ય પ્રમોદભાવ નથી; પ્રૌઢ વ્યાપારી વ્યવસાયમાં સંપત્તિની રેલમછેલ થઇ જતાં હર્ષથી હસુ હસુ બની રહે એ પ્રમોદભાવ નથી, તો વૃદ્ધ વ્યક્તિ શારીરિક આરોગ્ય પરત મળતાં આનંદવિભોર બની જાય તે ય પ્રમોદભાવ નથી. કારણ કે આ બધા જ આનંદ પૌદ્ગલિક છે અને આભાસી છે. પૌદ્ગલિક આનંદ ક્યારે ય કાયમી હોતો નથી. પુદ્ગલની સામગ્રી દૂર થાય એટલે એ આનંદ પણ દૂર થઇ જાય-નંદવાઇ જાય. જેમ કે ચોકલેટ-મનપસંદ વિજાતીય પાત્ર-સંપત્તિ કે આરોગ્ય દૂર થતાં જ ક્રમશઃ પૂર્વોક્ત બાળક-યુવાન-વ્યાપારી અને વૃદ્ધનો આનંદ અવશ્ય નંદવાઇ જ જવાનો. આભાસીનો અર્થ છે વાસ્તવિક નહિ, માત્ર ઉપરછલ્લો-દેખાવનો આનંદ. ભીતરના-અપૌદ્ગલિક આનંદની સામે આ ઉપલક આનંદની કોઇ વિસાત નથી-હેસિયત નથી!

પ્રમોદભાવના જે આનંદની વત કરે છે તે પુદ્ગલ આધારિત નથી, બલ્કે ગુણવત્તા આધારિત છે. સામી વ્યક્તિમાં અલ્પ યા મહાન નાના યા મોટા જે જે વિશિષ્ટ માર્ગસ્થ સદ્ગુણો હોય એને જાણતાવેંત-નિહાળતાવેંત હૈયું

ગુણાનુરાગજનિત આનંદથી છલકાઇ જાય-પ્રમોદથી ઉભરાઇ જાય તે છે પ્રમોદભાવના. સામી વ્યક્તિ પોતાની છે કે પરાયી, મામૂલી છે કે પ્રતિષ્ઠિત, સમર્થક છે કે વિરોધી : આવી કોઇ બાબતને પ્રમોદભાવનામાં સ્થાન નથી હોતું. ત્યાં સ્થાન હોય છે માત્ર શુદ્ધ ગુણાનુરાગને. એથી જ પ્રમોદભાવનાને ગુજરાતીમાં વ્યાખ્યાયિત કરતી પેલી કાવ્યપંક્તિમાં સરસ લખાયું છે કે :-

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય વહે...

આ પ્રમોદભાવનાના લાભો અઢળક છે. આપણે તે પૈકી ફક્ત ત્રણ લાભ નિહાળીએ : (A) કોઇ વ્યક્તિમાં વિલસતી ચારિત્રશીલતા-પવિત્રતા, કોઇ વ્યક્તિમાં મહોરેલ દીન-દુઃખીની સેવા, કોઇ વ્યક્તિમાં પાંગરેલ અપ્રતિમ ઉદારતા વગેરે સદ્ગુણો નિહાળી પ્રમોદસંપન્ન વ્યક્તિમાં જે ભીતરી પ્રસન્નતા-આનંદ છલકાય છે તે એને ભીતરથી ભરપૂર તર-બ-તર રાખે. એને ખાલીપાનો અનુભવ ન થાય. એ આનંદ આભાસી કે તકલાદી નહિ, મૌલિક છે. માટે એ દીર્ઘકાલીન બની રહે અને જ્યાં જ્યાં ગુણો નિહાળવા મળશે ત્યાં ત્યાં વધુ ને વધુ સમૃદ્ધ થશે. (B) પ્રમોદભાવના વ્યક્તિના ઇર્ષ્યાનામે દુર્ગુણને જડમૂળથી ખતમ કરે છે. જેમ કે કોઇ વ્યક્તિ એની ગુણાઢ્યતાનાં કારણે લોકમાં મશહૂર થાય-સમાજપ્રસિદ્ધ થાય તો પ્રમોદભાવસંપન્ન વ્યક્તિને એની ઇર્ષ્યા-બળતરા નહિ થાય, બલ્કે આનંદ-પ્રસન્નતા જ થશે. (C) પ્રમોદભાવનાનો પર્યાયવાચી અન્ય શબ્દ અનુમોદના છે. શાસ્ત્રો એમ કહે છે કે એક વ્યક્તિ કોઇ સુકૃત-ધર્મકાર્ય કરીને જેટલો લાભ પ્રાપ્ત કરે એટલો જ લાભ અન્ય વ્યક્તિ કેવલ અનુમોદનાથી-પ્રમોદભાવથી પ્રાપ્ત કરી શકે છે : પછી ભલે ને એ અનુમોદના-પ્રમોદભાવ વ્યક્ત હો કે અવ્યક્ત.

કરવી છે આની પ્રતીતિ? તો વાંચો જૈન ચરિત્રગ્રન્થોની આ હૃદયસ્પર્શી ઘટના :

રાજવંશી કુલપરંપરા અને શ્રેષ્ઠ સૌંદર્ય ધરાવતા બલભદ્રમુનિ જંગલમાં સાધના કરતા હતા. તપના પારણાદિને ભિક્ષા માટે એ ગામ-નગરમાં પધારે ત્યારે

નગરસ્ત્રીઓ પોતાનાં કાર્યો વીસરી જઇ મુનિનાં સૌંદર્યને એકીટસે નિહાળ્યા કરે : જેમ ભ્રમર પુષ્પનો રસાસ્વાદ તલ્લીનભાવે માણ્યા કરે એમ. ભાવિમાં કાંઇ અનિષ્ટ ન બને એ માટે બલભદ્રમુનિએ નિર્ણય કર્યો કે 'મારે પારણા માટે પણ ગામ-નગર સુધી જવું નહિ. જંગલમાં કોઇ પ્રવાસી પાસેથી જો કાંઇ ખપતી ભિક્ષા મળી જાય તો પારણું કરવું. નહિ તો ઉપવાસ કરવા.' એમણે આ રીતની અત્યંત ઘોર સાધના જારી રાખી.

જંગલનું એક માસુમ મૃગ મુનિની સાધનાથી પ્રભાવિત થઇ ગયું. એ ભલે બોલી કાંઇ શકતું ન હતું, પરંતુ ઘણું બધું સમજી શકતું હતું. એ સતત મુનિની આસપાસ રહી એમની પવિત્ર ઊર્જા માણે. એને મુનિના તપની અને પારણાની પદ્ધતિ પણ સમજાઇ ગઇ હતી. એથી એ જંગલમાં ભમવા નીકળે, કોઇ પ્રવાસી-સાર્થવાહ પાસે ભાતાનો યોગ જુએ તો તુર્ત ઊછળતું-કૂદતું મુનિવર પાસે આવે. મુનિને ઇશારાથી સાથે ચાલવા કહે અને પ્રવાસી-સાર્થવાહ સુધી લઇ જઇ મુનિને પારણું કરાવે! મુનિ અને મૃગ, બન્ને આ પદ્ધતિથી બરાબર પરિચિત થઇ ગયા હતા. મુનિને ભિક્ષા મળે ત્યારે એમનાં તપને-સાધનાને ટેકો મળ્યાના ખ્યાલથી મૃગલું આનંદથી-પ્રમોદભાવથી નાચી ઊઠતું.

એક મધ્યાહ્નની વાત. સુથારકાર્ય કરતો કોઇ પ્રવાસી જંગલમાં એક વૃક્ષની મોટી ડાળ કાપતો હતો. એની પાસે ભાતાનો ડબ્બો જોતાં માસુમ મૃગલું ખુશી ખુશીથી દોડતું બલભદ્રમુનિ પાસે ગયું અને મુનિને પોતાની સાથે લઇ સુથાર સુધી આવ્યું. જંગલમાં મુનિવર નિહાળી વિસ્મયવિભોર સુથાર ઠેઠ સુધી કપાવા આવેલ ડાળી અધૂરી રાખી નીચે ઉતર્યો. ખૂબ ભાવથી ડબ્બો ખોલી એણે ભોજનસામગ્રી મુનિને વહોરાવવા માંડી. મુનિ, મૃગ અને

મુસાફર : ત્રણે ય યોગાનુયોગ પેલી કપાવા આવેલ ડાળ નીચે જ ઊભા હતા. ભવિતવ્યતાવશ એકાએક જોરદાર વાવાઝોડું આવતા ડાળ એ રીતે તૂટી પડી કે એ નીચે રહેલ ત્રણે ય પર જોશભેર પડી અને ત્રણે ય ત્યાં જ એક સાથે મૃત્યુ પામ્યા!

મુનિ તપ નામે સુકૃત કરનાર હતા, સુથાર ભિક્ષારૂપે ટેકો આપવા દ્વારા નવી તપપરંપરા જાણે કે કરાવનાર હતો અને મૃગલું એ બે ય ને નિહાળી મનોમન ખુશ થનાર માત્ર અનુમોદના કરનાર જ હતું. પરંતુ શાસ્ત્રોએ જણાવ્યું કે ત્રણે ય એક જ સમાન ફળ પામી એક જ સાથે પાંચમો સ્વર્ગલોક પામ્યા. કવિવર પંડિત શ્રી વીરવિજયજી મહારાજે આ અદ્ભુત ઘટનાને આ પંક્તિમાં યાદગાર-ચિરસ્મરણીય બનાવી છે કે :-

**મૃગ બળદેવમુનિ રથકારક,**
**ત્રણ હુઆ એક ઠાયો;**
**કરણ-કરાવણ ને અનુમોદન,**
**સરિખાં ફળ નીપજાયો..**

જૈન સંસ્કૃત સાહિત્યનો એક બે-જોડ ગ્રન્થ છે 'શાંતસુધારસ.' એમાં આપણે વિચારીએ છીએ તે ચાર સહિત કુલ સોળ ભાવનાનું હૃદયંગમ નિરૂપણ સોળ પ્રકાશમાં-સોળ વિભાગમાં છે. દરેક વિભાગ છંદોબદ્ધ અને ગેય : બે શૈલીમાં રચાયો છે. તેમાં પ્રમોદભાવનાના પ્રકાશમાં-વિભાગમાં એક છંદોબદ્ધ શ્લોકમાં એમ જણાવાયું છે કે ''પ્રમોદગુણ દ્વારા જે પુણ્યાત્મા સમતામાં નિમગ્ન થાય છે એનામાં (૧) માનસિક પ્રસન્નતા ખૂબ વિકસ્વર થાય છે અને (૨) તે તે વિશિષ્ટ સદ્ગુણો એનામાં વિશદપણે પ્રગટે છે.'' શ્લોકની આ બીજી વાત એ સિદ્ધાંતને સમર્થન આપે છે કે **'ગુણની અનુમોદનાથી ગુણની પ્રાપ્તિ થાય છે.'** આપણે આ

સિદ્ધાંતની સત્યતા-સાર્થકતા એક અદ્ભુત ઘટના દ્વારા સંક્ષેપમાં માણીએ :

જૈન શાસનમાં 'સુકૃતસાગર' રૂપે પંકાયેલા માંડવગઢના મન્ત્રીશ્વર પેથડશાહનાં આંગણે એક પ્રભાતે કોઇ દૂત પત્ર અને ભેટણું લઇને આવ્યો. પેથડશાહે પત્ર વાંચ્યો. એમાં લખ્યું હતું કે ''પાટણના જૈન અગ્રણી ભીમશ્રેષ્ઠીએ યુવાવયે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યુ છે. તે નિમિત્તે ભારતભરના તમામ બ્રહ્મચર્યવ્રતધારીઓને તેઓએ આ મૂલ્યવાન ભેટ પાઠવી છે.'' ભીમશ્રેષ્ઠીના બ્રહ્મચર્યવ્રતની વાત વાંચી પેથડશાહ પ્રમોદભાવથી તર-બ-તર થઇ ગયા. પરંતુ પછીની વાત વાંચી તેઓ મુંઝાઇ પણ ગયા. કેમ કે પોતે બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યુ ન હતું. આ ભેટ સમજફર્કથી અહીં આવી હતી. વ્રતસ્વીકાર વિના એ લેવાય નહિ અને પરત મોકલે તો ઔચિત્ય ન ગણાય.

શું કરવું? એ માટે એમણે પત્ની પ્રથમિણીદેવીને અભિપ્રાય પૂછ્યો. પત્નીએ સાવ સહજતાથી કહ્યું : ''એમાં મુંઝાવાનું શું? આપણે અત્યારે જ આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારીએ. પછી ભેટ પરત મોકલવાનો પ્રશ્ન જ ન આવે.'' એમનું ચરિત્ર કહે છે કે બન્નેએ તે ક્ષણે યાવજ્જીવ બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું. ત્યારે પેથડશાહની વય હતી બત્રીશ વર્ષ અને પત્નીની વય હતી અટ્ઠાવીશ વર્ષ! ગુણાનુમોદનથી ગુણપ્રાપ્તિ થાય તે આનું નામ.

છેલ્લે એક વાત : **અન્યોના ગુણોની પ્રશંસા કરશો તો ગુણવૃદ્ધિ થશે... અન્યોના દોષો વાગોળ્યા કરશો તો દોષવૃદ્ધિ થશે...**

✿ ✿ ✿



14

# ‘હું જ દુઃખમુક્ત થાઉં’ આ ભાવમાં સ્વાર્થની બદબૂ છે...
# ‘સહુ દુઃખમુક્ત થાઓ’ આ ભાવમાં પરાર્થની ખુશબૂ છે...

ધારો કે કોઇ પ્રશ્ન કરે : ‘‘પશુની લાક્ષણિકતા શું?’’ તો એનો ઉત્તર છે પશુતા અર્થાત્ વિવેકહીનતા. દરેક પશુમાં આ લક્ષણ જોવા મળશે કે એ વિવેકહીન હોય છે. ખાન-પાન-મલમૂત્રવિસર્જનાદિમાં એને કોઇ સ્થળનો-સભ્યતાનો સંકોચ નથી હોતો, તો હિંસક પશુઓમાં એવું ય નિહાળાય છે કે જે એમની ખાન-પાનાદિ સુવિધાનું ધ્યાન રાખતી હોય એ જ વ્યક્તિ પર, જરાક કાંઇ વિપરીત બનતાં, એ પશુ આક્રમણ કરી બેસે અને જાન સુદ્ધા લઇ લે. Circusમાં અને હિંસક પ્રાણીઓ પોતાનાં આંગણે પાળનારનાં જીવનમાં આવા કિસ્સા ઘણા નિહાળવા મળે છે.

હવે ધારો કે કોઇ પ્રશ્ન કરે : ‘‘માનવીની લાક્ષણિકતા શું?’’ તો એનો ઉત્તર છે માનવતા અર્થાત્ દયા-કરુણા-સમસંવેદના. આપણે આ જ અર્થમાં

'માનવતા' શબ્દનો પ્રયોગ વારંવાર કરતા હોઇએ છીએ. ઉદાહરણરૂપે જોઇએ તો, જ્યાં દુષ્કાળ-ધરતીકંપ જેવી હોનારત સર્જાઇ હોવા છતાં સહાય-મદદના બદલે લૂંટફાટ-ગરજનો લાભ લેવા તોતિંગ ભાવવધારો જેવાં પરિબળો દેખાતા હોય ત્યાં આપણે શબ્દપ્રયોગ કરીએ છીએ કે ''અહીં માનવતા મરી પરવારી છે.''

કમાલ એ છે કે પશુની પશુતા અને માનવીની માનવતા વચ્ચે સરખામણી કરીએ તો તારણો અજાયબ મળે. જેમ કે (A) પશુઓ એમની વિવેકહીનતાસ્વરૂપ પશુતા જલ્દી ત્યજતા નથી, જ્યારે માનવો એમની દયા-કરુણાસ્વરૂપ માનવતા બહુ આસાનીથી ત્યજી દે છે. (B) પશુઓ એમની પશુતા ત્યજે તો એમાં એમની સંસ્કારિતા-મહત્તા વધી હોવાનું ગણાય છે, જ્યારે માનવો માનવતા ત્યજે તો એમાં એમની સંસ્કારિતા-મહત્તા ઘટી હોવાનું ગણાય છે. (C) પશુતા વધે તો અન્યોને મોટાં નુકસાનો થાય, માનવતા ઘટે તો અન્યોને મોટાં નુકસાનો થાય.

આપણે જે ચાર ભાવનાઓનું ક્રમશઃ ચિંતન છેલ્લા બે લેખોથી કરી રહ્યા છીએ તેમાં આજે ત્રીજા ક્રમે એવી અદ્‌ભુત ભાવના આવે છે કે જે વિશ્વમાં માનવતાની દયા-કરુણાની જબરજસ્ત વૃદ્ધિ કરે, અન્યોનાં દુઃખ દૂર કરવાનું મહિમામંડન કરે. આવો, આપણે એ ત્રીજી ભાવના અંગે વિચારવિહાર કરીએ :

**(૩) કરુણાભાવના :-** 'કરુણા'નું અર્થઘટન કરતાં 'શાંત સુધારસ' ગ્રન્થમાં લખાઇ છે આ પંક્તિ કે ''**कारुण्यमार्ताङ्गिरुजां जिहीर्षा.**'' મતલબ કે દુઃખી જીવોના દુઃખો-પીડાઓ દૂર કરવાની તીવ્ર ઝંખના-એને યોગ્ય યથાશક્ય પ્રયાસનું નામ છે કરુણા. જૈન પરંપરામાં આ કરુણાના દ્રવ્ય અને ભાવ : બે વિભાગ છે. આપણે ક્રમશઃ બે ય પ્રકાર પર વિચારણા કરીશું.

જૈન પરંપરા હો કે અજૈન પરંપરા, દરેક ભારતીય ધર્મપરંપરાઓમાં દયા-કરુણાનો મહિમા પ્રબળપણે નિહાળવા મળશે. જૈન પરંપરામાં 'પંચસૂત્ર' ગ્રન્થ કહે છે ''**करुणा य धम्मप्पहाणजणणी.**'' મતલબ કે કરુણા તો ધર્મની મહાન માતા છે. તો અજૈન પરંપરામાં સંત તુલસીજી કહે છે કે ''**दया धर्म का मूल है.**''

અરે! બે ક્ષણ ધર્મપરંપરાઓનાં કથન બાજુ પર રાખીએ તો, જેઓ માત્ર સામાન્ય સંસ્કારસિંચન જેવું લક્ષ્ય ધરાવે છે તે કવિઓ-સાહિત્યકારો પણ દયા-કરુણાને મહત્ત્વ ખૂબ આપે છે. ઉદાહરણરૂપે નિહાળીએ તો, એક કાવ્યપંક્તિમાં સાવ સહજપણે પરલોકસંબંધી વાત આમ લખાઇ છે કેઃ-

કુદરત તમને પહેલું પૂછશે, સુખ-દુઃખનું કાંઇ પૂછ્યું'તું?
દર્દભરી આ દુનિયામાં તેં, કોઇનું આંસુ લૂંછયું'તું?

કરુણાભાવનાનો મહિમા કેવો વ્યાપક છે તે આ ઉલ્લેખો પરથી સમજી શકાય છે. એક મહત્ત્વનું પાસું આ કરુણાનું એ છે કે એનાથી દુઃખી-પીડિત જીવોને યથાશક્ય શાતા-સુવિધા મળે છે, તો બીજું અગત્યનું પાસું એ પણ છે કે એનાથી કરુણાભાવિત વ્યક્તિને પણ અણધાર્યો શાતા-સુવિધા-પ્રસિદ્ધિનો લાભ મળે છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ પ્રેરક સત્ય ઘટના :

ઘોડાનાં જીન બનાવવાના કારખાનાનો માલિક સાયમન બ્રેઇલ. એક વાર એ કારખાને આવ્યો ત્યારે એની સાથે એનો ત્રણ વર્ષનો નાનકડો પુત્ર લુઇ બ્રેઇલ પણ આવ્યો. થોડી વારે બહારનું કોઇ કાર્ય આવતાં સાયમન બહારનાં કામે નીકળી ગયો. નાનકડા-નાસમજ બાળકને પોણો-એક કલાક રમવા માટે જાણે કે મોકળું મેદાન મળી ગયું. કારખાનાના કારીગરો પોતાનાં કાર્યમાં વ્યસ્ત હતા, તો બાળક અહીં-તહીં રમવામાં મસ્ત હતો. ભવિતવ્યતા ભયાનક હશે. એથી નાસમજ બાળક ત્યાં રહેલ ચામડું કાપવાના અને ચામડામાં છેદ પાડવાના ઓજારોથી રમતો હોવા છતાં કોઇએ એને અટકાવ્યો નહિ.

એવામાં અચાનક બાળકે ચામડામાં છેદ માટે વપરાતો મોટો સોયો ઉઠાવ્યો. રમતમાં ને રમતમાં બાળકના હાથે જ સોયો એક આંખમાં ઘૂસી ગયો. લોહીની ધાર વછૂટી, બાળકનાં મુખમાંથી વેદનાવશ ભયંકર ચીસો નીકળી. કારીગરોને ત્યારે ખ્યાલ આવ્યો કે મોટી દુર્ઘટના સર્જાઇ ગઇ છે. બાળકને તત્કાલ Hospitalમાં લઇ જવાયો. એના પિતા સાયમન દોડતા ત્યાં ધસી ગયા. પણ

દાયકાઓ પૂર્વેનાં મર્યાદિત સાધનો અને મર્યાદિત તબીબી વિજ્ઞાનવિકાસ આદિ કારણે બાળકની આંખ બચી ન શકી. અધૂરામાં પૂરું એ આંખનું Infection બીજી આંખમાં એવી રીતે ફેલાઇ ગયું કે એ આંખની રોશની પણ સાવ જ બુઝાઇ ગઇ. બાળક નાની વયથી સંપૂર્ણ દૃષ્ટિહીન બની ગયું.

પેરીસ શહેરની અંધ બાળકો માટેની શાળામાં લુઈને અભ્યાસ માટે દાખલ કરાયો. એની બુદ્ધિશક્તિ અને રુચિ તીવ્ર હોવાથી ભણવામાં એ સફલ રહ્યો અને જોતજોતામાં એ સ્નાતક થઇ ગયો! નવાં નવાં વાંચનનો એને ખૂબ શોખ. દૃષ્ટિસંપન્ન વિદ્યાર્થી પાસે એ પુસ્તકો બોલીને વંચાવે અને પોતે સાંભળીને પુસ્તકનો રસાસ્વાદ માણે. એનું કાર્ય તો મિત્રોનાં કારણે આ રીતે થતું. પરંતુ એને સતત એ વિચાર સતાવ્યા કરતો કે અગણિત દૃષ્ટિહીન લોકો વાંચનથી વંચિત રહી જાય છે, અગત્યનાં પત્રો-તાર વગેરેના સંદેશથી વંચિત રહી જાય છે. તેનો ઉપાય શો કરવો? દૃષ્ટિસંપન્ન લોકોની જેમ જ સ્વાશ્રયી રહી દૃષ્ટિહીન લોકો જાતે જ વાંચી શકે એવું કાંઇક કરવું જોઇએ.

એ સહુ અંધજનોના હિત માટે એકાંતમાં અવનવા ઉપાયો વિચારે. એમાં એણે સાંભળ્યું કે યુદ્ધસમયે રાત્રે એક મથકેથી બીજા મથકે ગુપ્ત સંદેશ પહોંચાડવા જાડા કાગળ પર ટપકા ઉપસાવવાની પદ્ધતિ પ્રચલિત છે. આ વાત પરથી એણે સોય દ્વારા છ ટપકાં અને તેંતાળીશ ચિહ્ન ધરાવતા મૂળાક્ષરો – સંયુક્ત સ્વર – ઉચ્ચારના સમાવેશ સાથે લિપિ તૈયાર કરી! પૂરા વિશ્વના અંધજનોમાં આ લિપિ પ્રચલિત બની અને સહુ અંધજનો જાતે વાંચતા થઇ ગયા. સહુએ એને 'બ્રેઇલ લિપિ' રૂપે પીછાણી. સહુ અંધજનોને સહાયક થવાની

કરુણાભાવનાએ વિશ્વના અંધજનોને તો શાતા-સુવિધા આપી, ઉપરાંત લૂઇને ખુદને ય શાતા-સુવિધા આપી. આ સિવાય 'બ્રેઇલ લિપિના સર્જક' રૂપે લૂઇને ચિરકાલીન યશ-પ્રસિદ્ધિ મળી એ અલગ!

હવે વિચારીએ કરુણાનું બીજું અને ઊંડાણભર્યું પાસું. એ છે ભાવકરુણા. એક વ્યક્તિને એક દિવસની ભૂખ-તરસની પીડાથી મુક્તિ આપવી કે આગળ વધતાં એક જન્મની પારિવારિક-વ્યાવસાયિક વિડંબણાથી મુક્તિ આપવી તે દ્રવ્ય કરુણા છે. કારણ કે એમાં બાહ્ય-ભૌતિક દુઃખોથી મુક્તિ છે. પરંતુ જેમાં જન્મ-મરણની ભવચક્રની પરંપરા ખતમ કરે તેવા ધર્મની પ્રાપ્તિ હોય, કામક્રોધાદિ દોષોથી અને એના દ્વારા કર્મોથી મુક્તિની વાત હોય એ ભાવકરુણા છે. આ ભાવકરુણામાં આત્મિક દુઃખોથી મુક્તિ તરફ લઇ જવાની બાબત હોય છે. યાદ રહે કે ભૌતિક દુઃખો દૂર કરી આપતી દ્રવ્યકરુણાથી અન્ય જીવને થતો લાભ વધુમાં વધુ એક જન્મ સુધીનો હોય છે, જ્યારે આત્મિક દુઃખો દૂર કરી આપતી ભાવકરુણાથી અન્ય જીવને થતો લાભ જન્મોજન્મ સુધી અસર કરનાર હોય છે યાવત્ જન્મ-મરણના ફેરા ટાળી દે તેવો હોય છે. માટે દ્રવ્ય કરતાં ભાવકરુણા બેશક શ્રેષ્ઠ છે.

અલબત્ત, જ્યાં દ્રવ્યકરુણા અર્થાત્ બાહ્ય દુઃખો દૂર કરવાની બાબત અગ્રિમતા ધરાવતી હોય ત્યાં ભાવ નહિ દ્રવ્યકરુણા જ અગ્રિમ હોય તે ખાસ સમજવું. પરંતુ બન્ને પ્રકારની કરુણા સરખાવીએ તો મુખ્યતા-પ્રધાનતા ભાવકરુણાની જ હોય તે પણ સમજવું. ભાવકરુણા કેવું અદ્‌ભુત પરિણામ લાવે તે જાણવું છે? તો વાંચો પ્રભુમહાવીરદેવનાં આધ્યાત્મિક વિકાસની આ પ્રથમગાથા :

નયસાર નામે મુખી એમના રસાલા સાથે જંગલમાં કાષ્ઠ કાપવા ગયા હતા. મધ્યાહ્નના ભોજન પૂર્વે કોઇ સાધુ-અતિથિનો લાભ મળે એ માટે એણે દૂર સુધી નજર કરી. એમાં માર્ગ ભૂલેલા બે મુનિવરો એમને દેખાયા. એમણે શ્રમણોને બહુમાનથી લઇ આવી આહાર-પાણી વહોરાવ્યા અને ભોજન બાદ નયસાર સ્વયં શ્રમણોને સાચા માર્ગ સુધી મૂકવા ગયા. નયસારની સરલતા-વિવેક-સાધુ પ્રત્યેનો આદર નિહાળી શ્રમણોને એમને ધર્મ સમજાવવાની-સંસારમુક્તિ તરફ ડગ મંડાવવાની ભાવકરુણા જાગી. આ સમગ્ર ઘટના સત્તાવીશ ભવસ્તવનમાં આલેખતા કવિરત્ન પં.વીરવિજયજી મહારાજે સરસ પંક્તિ લખી છે કે :-

પગવટીએ ભેળા કર્યા રે, મુનિ કહે દ્રવ્ય એ માર્ગ;
સંસારે ભૂલા ભમો રે, ભાવમારગ અપવર્ગ..

મુનિવરોએ એવી રીતે ધર્મ સમજાવી નવકારમન્ત્ર આપ્યો કે નયસારને અનાદિમિથ્યાત્વના નાશ સાથે સમ્યક્ત્વ પ્રાપ્ત થયું, શુદ્ધ ધર્મનો પ્રથમ એકડો ઘુંટાયો અને સત્તાવીશમા ભવે ભગવાન મહાવીરદેવ બની તેઓ સંસારમુક્ત થયા! મુનિવરોની ભાવકરુણાનું આ પરિણામ હતું.

છેલ્લે એક વાત : 'હું જ દુઃખમુક્ત થાઉં' આ ભાવમાં સ્વાર્થની બદબૂ છે...' સહુ દુઃખમુક્ત થાઓ' આ ભાવમાં પરાર્થની ખુશબૂ છે...

✿ ✿ ✿



# 15

## આ સૃષ્ટિમાં વંદનપાત્ર જીવો બહુ અલ્પ છે, ક્ષમાપાત્ર જીવો ઘણા છે, પરંતુ ધિક્કારપાત્ર જીવ એકે ય નથી...

વર્ષા ભરપૂર વરસવાનાં કારણે નદીનું સ્તર ભયજનક સપાટીથી પણ ઉપર હોય અને એ પ્રવાહ અત્યંત વેગીલો બની ધસમસતો વહી રહ્યો હોય તો એ પ્રવાહ વચ્ચે ટકી શકાય ખરું? પહેલી નજરે જ આપણો જવાબ હોય ના. ધસમસતો એ પ્રવાહ કાચી ક્ષણમાં આપણને ક્યાંના ક્યાં ફંગોળી દે-તાણી જાય એની કોઇ કલ્પના ન થઇ શકે. આ આપણી સામાન્ય કલ્પના-વિચારણા છે. પરંતુ અમે એમ કહીએ છીએ કે કલ્પનાને-વિચારણાને વધુ ઊંડાણસભર-ધારદાર બનાવીએ તો સમજાશે કે જે પાણીના તોફાની પ્રવાહ વચ્ચે પણ અડીખમ ટકી રહે છે અને પ્રવાહને શાંત પાડી દે-થંભાવી દે છે એને Damનું સ્થાન-માન મળે છે. Damનાં કારણે નદીનો તોફાની પ્રવાહ અભિશાપ બનતો અટકી જાય. એટલું જ નહિ, જલસંચયનાં કારણે ગ્રીષ્મકાળ-દુષ્કાળ જેવા સમયમાં એ આશીર્વાદરૂપ પણ બની જાય.

જેમ પાણીના ધસમસતા પ્રવાહો વચ્ચે ટકવું આસાન નથી હોતું. તેમ વિચારોના ધસમસતા પ્રવાહો વચ્ચે ટકવું ય જરા પણ આસાન નથી હોતું. ધારો કે બે વ્યક્તિ પરસ્પર વિરુદ્ધ મુદ્દાઓ પર ધારદાર વિચારો મૂશલધાર વર્ષાની જેમ વરસાવતી હોય ત્યારે ક્ષણમાં એક વ્યક્તિ સાચી લાગે, તો ક્ષણમાં બીજી વ્યક્તિ સાચી લાગે. મૂંઝવણ એ થઇ જાય કે સાચું કોણ-ખોટું કોણ એ નક્કી ન થઇ શકે. આપણે એમના ધસમસતા વિચારપ્રવાહમાં તણાઇ જઇએ ઘડીભર, એવું ય બને. પણ... સબૂર! જે વ્યક્તિ પરસ્પર વિરોધી પ્રવાહમાં તણાઇ ન જાય, બલ્કે વિવેકપૂર્વક બન્નેમાંથી સાર-અસારનું તારણ કાઢે એ જ વ્યક્તિ ન્યાયાધીશનું સ્થાન-માન પામે. મધ્યસ્થ રહેનાર વ્યક્તિને બાહ્ય જગતમાં જો આ રીતે સ્થાન-માન મળે છે, તો અભ્યંતર જગતમાં તો એને ઘણો બધો લાભ મળતો હોય છે. આવો, આપણે એના કેટલાક લાભો છેલ્લા ત્રણ લેખોથી વિચારાતી ભાવનાઓની શૃંખલાની અંતિમ-ચોથી ભાવનાનાં વિશ્લેષણ દ્વારા નિહાળીએ :

**(૪) માધ્યસ્થ્યભાવના :-** જૈન દર્શનપ્રરૂપિત મૈત્રી આદિ ભાવનાઓમાં અંતિમ ભાવનાનું નામ છે માધ્યસ્થ્ય. 'માધ્યસ્થ્ય' શબ્દનો અર્થ છે મધ્યમાં રહેવું-વચ્ચે રહેવું. ના, અહીં કાંઇ બે વ્યક્તિઓના અલગ અલગ વિચારપ્રવાહમાં વચ્ચે-મધ્યસ્થ રહેવાની વાત નથી. અહીં એનાથી બહુ ઊંચી-અધ્યાત્મનો સંસ્પર્શ કરાવે એવી અદ્ભુત વાત છે કે ન રાગના પ્રવાહમાં ખેંચાવું, ન દ્વેષના પ્રવાહમાં ખેંચાવું. બે ય ની વચ્ચે સંતુલિત-મધ્યસ્થ રહેવું. એક ઉદાહરણથી સમજીએ આ વાત.

ધારો કે એક વ્યક્તિ દુષ્ટ છે-ખોટાં કાર્યો કરનારી છે. એની હિતચિંતા કરી 'એ આ જન્મમાં જેલ વગેરે સજા ન પામે અને પરલોકમાં દુર્ગતિ ન પામે' એવી શુભ ભાવનાથી તમે એને હૃદયથી સમજાવી. તમને લાગ્યું કે તમારી હાર્દિક અપીલ-સમજાવટ એને જરૂર અસર કરશે જ. એમાં વળી એણે સુધરી જવાનું વચન આપ્યું. એથી તમને સંતોષ થયો. પરંતુ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ એનાં કારનામાંથી તમને સમજાતું ગયું કે પેલું વચન અને એ પછીના થોડા

દિવસોનો ઉપરછલ્લો દેખાવ માત્ર દંભ હતો-છેતરપીંડી હતી. એ નમૂનો તો એવો ને એવો દુષ્ટ-બદમાશ છે.

આ સ્થિતિમાં સામાન્યપણે હર કોઇ વ્યક્તિને એ દુષ્ટ પર ગુસ્સો આવે કે 'એનાં હિત માટે મેં જહેમત કરી તો ય એણે છેતરપીંડી કરી. આવા ના-લાયકો માટે કોઇ પ્રયત્ન જ ન કરવો વગેરે.' પરંતુ જૈન શાસનની માધ્યસ્થ્ય ભાવના ત્યારે આપણને દ્વેષમાં ન તણાવાનું-મધ્યસ્થ રહેવાનું સમજાવે છે કે ''તારે એની ભવિતવ્યતા પાપબહુલ છે-એ ભારેકર્મી છે એમ વિચારી મનને એના પ્રત્યે દ્વેષગ્રસ્ત ન થવા દેવું. જો તું એના પ્રત્યે દ્વેષગ્રસ્ત-તિરસ્કારયુક્ત થઇશ તો તું તારું આત્મિક નુકસાન અચૂક કરી બેસીશ. આ સ્થિતિ તારા માટે કોઇ જ દષ્ટિબિંદુથી યોગ્ય નથી. કોઇ ન સુધરે, એમાં તારે તારી જાતનું નુકસાન વહોરવાની શી જરૂર?'' અધ્યાત્મસારગ્રન્થમાં આવું માર્ગદર્શન આપતી પંક્તિ લખાઇ છે કે ''**पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या**'' ભાવાર્થ કે ભયંકર પાપી વ્યક્તિ ઉપર પણ 'એની ભવસ્થિતિ-ભવિતવ્યતા આવી હશે' સમજીને દ્વેષ ન કરવો.

શાસ્ત્રોનો આ વિચાર એવો અફલાતૂન છે કે એનાથી સામી વ્યક્તિની ખામીનો સહજ સ્વીકાર થાય છે અને એ દ્વારા મન સરલતાથી એના પ્રત્યે દ્વેષમુક્ત રહે છે. એક નિયમ ખાસ ધ્યાનમાં રાખો કે જ્યારે સામી વ્યક્તિની ખામીનો તમે સહજ સ્વીકાર નથી કરી શકતા ત્યારે એના પ્રત્યે દ્વેષ-તિરસ્કાર જાગે અને ખામીનો સહજ સ્વીકાર કરી શકો તો એના પ્રત્યે માધ્યસ્થ્ય-સમ મનોવૃત્તિ જાગે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ પ્રેરક સત્ય ઘટના :

ભારતનાં સ્વાતન્ત્ર્ય પૂર્વેનો સમય. ત્યારે ભાવનગર રાજ્યના લોકપ્રિય દીવાન હતા સર પ્રભાશંકર પટણી. એ ઘણાં ઘણાં લોકોપકારનાં કાર્યો કરતા હોવાથી એમના સમયમાં ખૂબ લોકપ્રિય હતા.પરંતુ આ લોકપ્રિયતા એમની જ્ઞાતિની એક સામાન્ય વ્યક્તિને ખૂબ ખટકતી હતી. ક્યારે તક મળે અને પ્રભાશંકરને અપમાનિત કરવા એ એની હલકટ મુરાદ હતી. એ સતત એ ધ્યાન

રાખતો હતો કે પ્રભાશંકર ક્યાં ચૂકે છે–ભૂલ કરે છે. એમાં એને એક ભૂલ ધ્યાનમાં આવી ગઇ. બન્યું એવું હતું કે પ્રભાશંકરે એમની જ્ઞાતિનાં કાર્યમાં કોઇ દાન લખાવ્યું હતું અને કાર્યવ્યસ્તતામાં એ રકમ ભરવાનું ભુલાઇ ગયું.

બસ, પેલી વાંકદેખુ વ્યક્તિએ આ મુદ્દો પકડી લીધો. જ્ઞાતિની કારોબારીની **Meeting** પ્રભાશંકરના ઘરે હતી ત્યાં જ એણે આક્રોશથી આ મુદ્દો ચગાવતાં એલફેલ કહી નાંખ્યું કે ''દાન જાહેર કરી મોટા ભા થાવ છો અને પછી રકમ ભરવામાં ભાગંભાગ કરો છો. આવા દંભ–દેખાડા બંધ કરો.'' ધારત તો પ્રભાશંકર એને આસાનીથી ચૂપ કરી શકત. પરંતુ એક પણ અક્ષરનો ઉત્તર આપ્યા વિના એ ઘરની અંદર ગયા અને બોલેલી રકમ લઇ આવી તત્કાલ આપી દીધી.

જ્ઞાતિજનોની વિદાય બાદ પ્રભાશંકર ઘરના પરિસરમાં ઊભા હતા ત્યાં એમના યુવાન પુત્રે મનનો ઊભરો ઠલવ્યો કે ''પિતાજી! આપણે આજ સુધી ક્યારે ય કોઇ રકમ ન ભરી હોય એવું બન્યું નથી. માત્ર વિસ્મરણનાં કારણે આ એક જ રકમ બાકી રહી હતી. એમાં પેલી વ્યક્તિ ગમે તેમ અનાપ–સનાપ બોલી ગઇ તો આપે એને કડકાઇથી ખખડાવાના બદલે સાંભળી કેમ લીધું? મારી દૃષ્ટિએ તો એને કડક જવાબ આપવો જોઇતો હતો.''

આનો ઉત્તર તુર્ત આપવાના બદલે પ્રભાશંકરે પરિસરમાં થોડે દૂર નજર કરી. ત્યાં એમનો વર્ષો જૂનો બાગવાન છોડને જલસિંચન કરતો હતો. એ દિવ્યાંગ હતો–એક પગે લંગડો હતો. પ્રભાશંકરે એને હાક મારી :

"જલ્દીમાં જલ્દી તું અહીં આવ." પેલો આવવા માંડ્યો. પરંતુ દિવ્યાંગ હોવાથી એની ગતિમાં વેગ ન હતો. પ્રભાશંકરે ગુસ્સાથી કહ્યું : "તને જલ્દી આવવાનું કહ્યું તો ય તું જલ્દી કેમ નથી આવતો? મારી વાત માનવાની તારી ફરજ નથી?" પુત્રે પિતાની સામે જોઇને કહ્યું : "પિતાજી! આને શારીરિક મર્યાદા છે. એ વિકલાંગ હોવાથી જલ્દી ચાલી નથી શકતો. એના પર ગુસ્સો કેમ કરાય?" તુર્ત આ શબ્દો પકડીને પ્રભાશંકરે કહ્યું : "બેટા! બસ આ જ દૃષ્ટિબિંદુ પેલા જ્ઞાતિજન માટે મારું છે. આ શરીરથી વિકલાંગ હોવાથી આના પર ગુસ્સો બિનજરૂરી છે, એમ પેલો મારા માટે માનસિક વિકલાંગ છે. તેથી એના પર ગુસ્સો ય બિનજરૂરી છે!"

પ્રભાશંકરની આ વિચારધારા માધ્યસ્થ્યને અનુરૂપ છે કે જેમાં સામી વ્યક્તિની ખામી પ્રત્યે સમવૃત્તિ છે, આક્રોશ-તિરસ્કારાદિ નથી...

એક વાત ખબર છે? **આ જગતમાં વંદનપાત્ર જીવો બહુ ઓછા છે, ક્ષમાપાત્ર જીવો ઘણા બધા છે, જ્યારે ધિક્કારપાત્ર જીવ એક પણ નથી.** જરા વિસ્તારથી સમજી એ આ વાત. જે જીવોએ સાધના દ્વારા જીવનમાં સમતા-અનાસક્તિ વગેરે ઉત્તમ ગુણો વિકસાવ્યા હોય તે જીવો છે વંદનપાત્ર. સ્વાભાવિક જ છે કે આવા ઉત્તમ જીવો અન્યોની સંખ્યાની સરખામણીમાં બહુ અલ્પ જ હોય... જે જીવો ખાન-પાન-રહેઠાણની બાબતોમાં જ જીવન સમાપ્ત કરે છે તે સહુ જીવો છે ક્ષમાપાત્ર. કારણ કે ખરેખર તો આ જીવનમાં આત્મોત્થાનની સાધના કરવાની છે. જે જીવો આ નથી કરતા અને બાહ્ય બાબતોમાં જ જીવનની 'ઇતિશ્રી' માને છે એના પર અરુચિ ન રખાય. બલ્કે એને ક્ષમા-દયાપાત્ર ગણાય... જે જીવો કનિષ્ઠ સ્તરે ઊતરી જઇ જીવનમાં હત્યા-હિંસા-વ્યસન-વ્યભિચારાદિમાં ડૂબી જાય એ જીવો ઉપર પણ, પૂર્વે જણાવ્યું તે

દૃષ્ટિબિંદુથી, ધિક્કાર-તિરસ્કાર તો ન જ દાખવવો. એટલે ઉપરોક્ત વાક્યમાં લખાયું છે કે ધિક્કારપાત્ર જીવ એક પણ નથી.

આ જ વાતને પુષ્ટ કરતું અન્ય એક દૃષ્ટિબિંદુ પણ યાદ કરીએ. જેઓ સર્વગુણસંપન્ન-સર્વદોષમુક્ત કેવલી ભગવંતો છે એમની દૃષ્ટિમાં ય એક પણ જીવ ધિક્કારપાત્ર-તિરસ્કારપાત્ર નથી, તો જેઓ દોષોથી વ્યાપ્ત છે અને બહુ અલ્પ ગુણો ધરાવે છે તેવી આપણા જેવી વ્યક્તિઓ માટે કોઇ પણ જીવ ધિક્કાર-તિરસ્કારપાત્ર ન જ હોઇ શકે. જે સ્વયં કીચડગ્રસ્ત છે એને અન્ય કીચડગ્રસ્તને વખોડવાનો કે એના પર હસવાનો-મશ્કરી કરવાનો અધિકાર ક્યાંથી હોય?

છેલ્લે એક સરસ વાત : ‘શાંતસુધારસ’ સંસ્કૃત ગ્રન્થ માધ્યસ્થ્યભાવના માટે બે અદ્‌ભુત વિશેષણ આપે છે ‘कुशलसमागम’ અને ‘आगमसार.’ મતલબ કે માધ્યસ્થ્યથી કુશલની અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ ક્રમશઃ થાય છે અને માધ્યસ્થ્ય તો આગમોનો-સમગ્ર શાસ્ત્રોનો સાર છે !

✿ ✿ ✿



# 16

## પ્રભુ ! બુદ્ધિમાં દુષ્ટ તત્ત્વો ન પ્રવેશો, એ દુર્બુદ્ધિ ન બનો. મારી બુદ્ધિમાં શુભ તત્ત્વો જ પ્રવેશો, એ સદ્બુદ્ધિ બનો.

આમ તો ધર્મક્ષેત્રે બુદ્ધિ કરતા હૃદયને પ્રાધાન્ય સામાન્યતઃ અપાય છે. કારણ કે હૃદય છે ત્યાં લાગણી-ભાવુકતા-સંવેદનશીલતા ઝળહળતી હોય છે. જ્યારે માત્ર કોરી બુદ્ધિ જ્યાં છે ત્યાં લેખાંજોખાં-ગણતરી-તર્કની કર્કશતા હોય છે. માટે શાસ્ત્રાભ્યાસ જેવા બૌદ્ધિક ક્ષેત્ર સિવાય સર્વત્ર હાર્દિકતાની બોલબાલા ધર્મક્ષેત્રે હોય છે, બૌદ્ધિકતાની નહિ. આમ છતાં આજે આ લેખમાં આપણે બુદ્ધિના એવા ચાર પ્રકાર વિચારીશું કે જેમાં ગલત પ્રકારના પરિહારના અને ઉત્તમ પ્રકારોના સત્કાર-સ્વીકારનો નિર્દેશ હોય. 'સ્' અક્ષરથી શરૂ થતાં એ ચાર પ્રકાર સંક્ષેપમાં કાંઇક આવા છે :

**(૧) સ્વાર્થબુદ્ધિ :-** બુદ્ધિનો આ છે ગલત પ્રકાર કે જે પરિહાર્ય છે. આ બુદ્ધિ ધરાવનાર વ્યક્તિ હંમેશા પોતાના લાભને જ કેન્દ્રમાં રાખતી હોય. અરે! કરુણતા ત્યાં છે કે આવી વ્યક્તિ પોતાના સ્વાર્થની સિદ્ધિ ખાતર અન્યોને

પારાવાર નુકસાન પહોંચાડવા ય સજ્જ રહે. શેરડીનો સંચો ચલાવનાર વ્યક્તિ શેરડીને વારંવાર પીલી એના રસનું બુંદે બુંદ નિચોવી લે છે અને એનો કૂચો કરી ફેંકી દે છે, તો અત્તર બનાવનાર પુષ્પોની પાંખડીએ પાંખડી પીસી નાંખી એનો અર્ક સેરવી લે છે અને કરમાઇ ગયેલી-શોષાઇ ગયેલી પાંખડીઓને ફગાવી દે છે. શું છે આ? બીજાને કારમું નુકસાન કરીને ય સ્વાર્થ સાધી લેવાની કનિષ્ઠ બુદ્ધિ. શેરડી-પુષ્પપાંખડીની આ અવદશાને તો હજુ સ્થાવર હિંસાનો ભાગ સમજી લોકવ્યવહારની દૃષ્ટિએ ક્ષન્તવ્ય માની શકાય. પણ આ જ કનિષ્ઠ બુદ્ધિ જો માનવી-પ્રાણી વગેરેમાં પ્રયોજાય તો ક્રૂર ત્રસ હિંસાનાં કારણે એવી સ્વાર્થબુદ્ધિની વ્યક્તિ ઇન્સાન મટી શયતાનની ભયાનક કક્ષાએ પહોંચી જાય. એક-બે ઉદાહરણ આવાં જોઇએ.

* સાપની ચામડી વધુ મુલાયમ રહે તે માટે સાપને ખીલીથી થડ સાથે જડી દઇ જીવતે જીવ એની ચામડી ઉતારાય છે. સાપને એમાં પારાવાર વેદના વેઠવી પડે છે. કારણ એટલું જ કે માનવીની મુલાયમતા પ્રત્યેની ઘેલછા.

* માનવીની આંખમાં Shampoo જાય તો કેવું નુકસાન થાય એ જાણવા આલ્બિનો જાતિના સસલાની આંખમાં જાણીબુઝીને એ Shampoo નાંખી અખતરો કરાય છે. એ સસલાની આંખ માનવીની આંખ સાથે મળતી હોવાથી એના પર આ પ્રયોગ કરાય છે. કરુણતા એ છે કે એ સસલાની આંખમાં આંસુની ગ્રન્થિ ન હોવાથી એને આંખ ગુમાવવા સુધીનાં નુકસાનો થાય છે. કારણ માત્ર માનવીની શોખ પોષવાની ઘેલછા.

માનવીની આવી નિર્દય-નિષ્ઠુર સ્વાર્થબુદ્ધિ નિહાળીને જ સચોટ કટાક્ષ કરાયો છે આ પંક્તિમાં કે :-

**એકમાંથી એક જાય, તો રહે માત્ર શૂન્ય;**
**પણ માનવમાંથી માનવ જાય, તો રહે માત્ર શયતાન.**

**(૨) સત્યબુદ્ધિ :-** બુદ્ધિનો આ પ્રકાર સત્કાર્ય-સ્વીકાર્ય છે. કારણ કે

સ્વાર્થબુદ્ધિમાં જે પોતાના લાભનું હોય એ જ કરવાની વાત હોય છે, જ્યારે આ સત્યબુદ્ધિમાં જે સત્ય હોય-યોગ્ય હોય એ જ કરવાની વાત હોય છે. પછી ભલે એ સત્ય-યોગ્ય બાબતમાં પોતાનો વ્યક્તિગત લાભ જરા ય ન હોય યાવત્ નુકસાન હોય! આજે ય એવી વિરલ વ્યક્તિઓ, ભલે અત્યલ્પ પ્રમાણમાં, નિહાળવા મળી શકે છે કે જે સત્યપ્રિય-સિદ્ધાંતનિષ્ઠ બની રહી પોતાના અયોગ્ય લાભને આસાનીથી ઠુકરાવવા તત્પર હોય.

**(૩) સહાયબુદ્ધિ :-** જીવનમાં આત્મસાત્ કરવા જેવી આ બુદ્ધિમાં કેન્દ્રસ્થાને 'સ્વ' નહિ, અન્ય હોય છે. પ્રધાનતા સ્વાર્થની નહિ, પરાર્થની હોય છે. આ બુદ્ધિ ધરાવતી વ્યક્તિ અન્યો માટે શક્ય હદે કરી છૂટવા સજ્જ રહે. એ ગરીબ-દરિદ્રને જીવનોપયોગી સામગ્રી આપશે, તો રોગિષ્ઠને Doctor-દવાનો સંયોગ આપશે; નિરાશમાં આશાનો સંચાર કરશે, તો નાની-સામાન્ય વ્યક્તિને હૂંફ-હામ આપશે. આવું કરવામાં એને બાહ્ય લાભ-સ્થૂલ ઉપલબ્ધિ ભલે કાંઇ ન થતી હોય, અરે! ક્યારેક તો પોતાનો ભોગ પણ થોડો-ઘણો આપવાનો આવે, તો ય આ બુદ્ધિ ધરાવતી વ્યક્તિનાં હૈયે આનંદ-પ્રસન્નતા હોય.

હમણાં બીજા ક્રમે દર્શાવી એ સત્યબુદ્ધિ જીવનમાં હોય ત્યારે વ્યક્તિની નિષ્ઠા કેવી પ્રલોભનમુક્ત-યોગ્યતાપરસ્ત હોય અને આ ત્રીજા ક્રમની સહાયબુદ્ધિ જીવનમાં હોય ત્યારે વ્યક્તિની ભાવના અન્ય માટે-જરૂરિયાતમંદ માટે કેવી ઉપકારમય-ઉપયોગિતામય હોય તે બન્ને એક જ દૃષ્ટાંતમાં નિહાળવી છે? તો વાંચો આ પ્રથમ નજરે સામાન્ય ભાસતી છતાં હૃદયને ઝકઝોરી દે એવી ઘટના :

જીવનની સર્વ જરૂરી સુવિધાઓથી સંપન્ન ગણાય તેવા એક ઉચ્ચ મધ્યમવર્ગીય સંસ્કારી સજ્જન. એ ક્રોડોપતિ-અબજોપતિ ભલે ન હતા. કિંતુ જરા ય અભાવગ્રસ્ત પણ ન હતા. એક સાંજે નિરાંતની પળોમાં એ ઘરે હતા. ત્યાં એમનાં વસ્ત્રો ધોવાનું-ઇસ્ત્રી કરવાનું કાર્ય કરતો કર્મચારી આવ્યો. એણે

ઇસ્ત્રીસજ્જ વસ્ત્રો આપ્યા. સજ્જને એની સામે જોઇ કહ્યું : ''ભાઇ! મહિનો પૂરો થવા આવ્યો છે. આ મહિનાની રકમ આજે જ લઇ લે.''

ઉત્તરમાં કર્મચારીએ હિસાબની Note બતાવીને કહ્યું : ''એક વાર જરાક આ હિસાબ પર નજર કરી લેશો ?'' સજ્જનને આશ્ચર્ય થયું. એ હસીને બોલ્યા : ''આટલા વર્ષોમાં મેં ક્યારે ય તારી Note જોવા માંગી છે કે આજે તું બતાવી રહ્યો છે? મને તારી વાત પર-વચન પર વિશ્વાસ જ છે. Note જોવાની શી જરૂર છે? તું રકમ બોલ. એટલે આપી દઉં.'' કર્મચારી બોલ્યો : ''આજની વાત જુદી છે. તમારે નહિ, મારે રકમ આપવાની છે. આ Noteમાં લખ્યું છે કે તમારા પાંચસો રૂપિયા આ મહિનાના મારે Less કરવાના છે. પરંતુ કુલ પંદરસો રૂપિયા મારે તમને આપવાના બાકી હોવાથી હવે મારે તમને એક હજાર રૂપિયા આપવાના છે.''

''મારા પંદરસો રૂપિયા? મેં વળી ક્યારે તને પંદરસો રૂપિયા આપ્યા? કોઇ સમજફેર છે.'' સજ્જને કાંઇ ન સમજાતા કહ્યું. કર્મચારીએ ખુલાસો કર્યો : ''મારો નિયમ છે કે વસ્ત્રો ધોતાં પહેલા હું ખીસા Check કરું છું. જેથી એમાં રૂપિયા હોય તો ધોવાઇ ન જાય. પંદર દિવસ પહેલા તમારો જે Shirt આવ્યો હતો એના ખીસામાં પંદરસો રૂપિયા રહી ગયા હતા. ખરેખર તો મારે તમને બીજા જ દિવસે પહોંચાડી દેવા જોઇતા હતા. પરંતુ એ સમયે મને રૂપિયાની સખત જરૂર હતી. એથી મેં મન મનાવ્યું કે થોડા દિવસ પછી રકમ પરત કરી દઇશ. એમાં આ પંદર દિવસ ખેંચાઇ ગયા. પણ... સાચું કહું? છેલ્લા ત્રણ દિવસથી મારા ભગવાનની છબીને દીવો-અગરબત્તી કરતાં હું ભગવાન સામે આંખ નથી માંડી શકતો. મને સખત શરમ આવે છે કે મેં તમારી રકમ અણહકથી રાખી મૂકી છે!''

સજ્જન સ્તબ્ધ થઇ ગયા આ નાના માણસની મોટી વિચારધારાથી. એ ગદ્ગદ્ભાવે બોલી ઊઠ્યા : ''ભાઇ! આ પંદરસો રૂપિયા કાંઇ બહુ મોટી રકમ નથી. તું એ રાખી લે તો એનાથી તારું જીવન શ્રીમંત બની જવાનું નથી, તો એ રૂપિયા મને ન મળે તો મારું જીવન દરિદ્ર બની જવાનું નથી. પણ તારા આ વિચારોમાં અને વર્તનમાં તારી સંસ્કારોની શ્રીમંતાઇ છલકે છે. આજના સમયમાં અબજો રૂપિયાના આસામીઓ પણ સરેઆમ ભ્રષ્ટાચાર-છેતરપીંડી કરી ક્રોડો રૂ. અનીતિથી આંચકી લેવામાં શરમ રાખતા નથી. જ્યારે તને અનાયાસે મળેલ પંદરસો રૂપિયા પણ ખૂંચે છે-નડે છે-શરમ આપે છે. ભાઇ! નાસ્તો કરીને જા. એ પંદરસો રૂપિયા તારે જ રાખવાના છે.''

ઇસ્ત્રીવાળાએ આંખમાં ઝળઝળિયા સાથે કહ્યું: ત્રણ દિવસથી મારા ભગવાન જાણે મને કહી રહ્યા છે કે પહેલા બે હાથે મહેનત કર અને પછી એ બે હાથ વચ્ચે રહેલ પેટ ભર. અણહકનો પૈસો ન લે.'' સજ્જને એની પીઠ થપથપાવતા કહ્યું: ''હવે આ પંદરસો રૂપિયા અણહકના નથી, હકના છે. કારણ કે હું તને એ ભેટ આપું છું. તું એ નહિ લે તો મને દુઃખ થશે.'' બોલતા બોલતા એમણે હિસાબની Noteમાંથી પંદરસો રૂપિયાની Entry કાઢી નાંખી અને પંદરસો ઉપરાંત એ માસના પાંચસો રૂપિયા ય આપ્યા!

આ ઘટનામાં એક તરફ ઇસ્ત્રીવાળાની સત્યનિષ્ઠા ઝળહળે છે કે જેમાં એની સત્યબુદ્ધિ લાભનો નહિ, યોગ્યતાનો જ વિચાર કરે છે. તો બીજી તરફ સજ્જનની સહાયકતા ઝળહળે છે કે જેમની બુદ્ધિ સહાયને જ અગ્રતા આપે છે...

**(૪) સમર્પણબુદ્ધિ :-** જે બુદ્ધિમાં ડહાપણના-દોઢડહાપણના પરાક્રમો ન હોય. હોય માત્ર શ્રદ્ધેય તત્ત્વો

પ્રત્યેની સમર્પણશીલતા. એને કહેવાય સમર્પણબુદ્ધિ. ભલે ને કોઇ વ્યવહારશાણી વ્યક્તિ ધારદાર સલાહ આપે તો ય એની સમર્પિતતા ડગે નહિ. સ્વીકાર્ય સ્તરની આ બુદ્ધિના સંદર્ભમાં અમને યાદ આવે છે મુંબઇ-સાંઘાણી એસ્ટેટ સંઘના પ્રારંભકાળની ઘટના. ત્યારે ત્યાં માત્ર નાનકડું ગૃહ જિનાલય હતું. સંસ્થાનો વહીવટ પણ Registered ન હતો. તે સમયે ગંગાબાઇ નામે મરાઠી વ્યક્તિ ત્યાં Serviceમાં હતી. મંદિર પાસે કોઇ મૂડી ન હતી. એથી બહેને કહ્યુંઃ ''મંદિર થોડું પગભર થશે પછી પગાર લઇશ.'' બે-એક વર્ષ બાદ મંદિર થોડું પગભર અને Registered થયું ત્યારે વાત એ આવી કે પગાર લેવા ક્યાં સહી કરવાની રહે, ક્યાં અંગૂઠો લગાવવાનો રહે. બહેન સંપૂર્ણ અશિક્ષિત હોવાથી સહી નહિ, અંગૂઠાની છાપની વાત આવી. ગંગાબાઇ સમર્પણ બુદ્ધિ ધરાવતા હતા. એ કહેઃ **''ભગવાનના મંદિરને અંગૂઠો ન બતાવાય. અંગૂઠો બતાવવો એટલે 'કાંઇ નહિ કરું'નો સંકેત. હું એ નહિ કરું.''** પછી તો તેઓ એ વિચારમાં આવી ગયા કે 'મારે ભગવાનનાં કાર્યના પૈસા જ ન જોઇએ. એ મારી શુદ્ધ સેવા જ બની રહો.' આને કહેવાય સમર્પણ બુદ્ધિ.

છેલ્લે એક પ્રભુપ્રાર્થનાઃ **''પ્રભુ, બુદ્ધિમાં દુષ્ટ તત્ત્વો ન પ્રવેશો. એ દુર્બુદ્ધિ ન બનો. મારી બુદ્ધિમાં શુભ તત્ત્વો પ્રવેશો. એ સદ્‌બુદ્ધિ બનો.''**

✿ ✿ ✿



17

# આળસુ વ્યક્તિને ઉંબર પણ ડુંગર જેવો બને છે...
# ઉદ્યમી વ્યક્તિને ડુંગર પણ ઉંબર જેવો બને છે...

શિસ્તના-સમયબદ્ધ અભ્યાસના આગ્રહી શિક્ષક નાના બાળવિદ્યાર્થીઓથી પરેશાન એટલા માટે હતા કે એ બાળકો આળસુ અને બેદરકાર હતા. મોટા ભાગના બાળકો Homework કર્યા વિના જ આવે. એક સાંજે શિક્ષકે શાળામાં બાળકોને તાકીદ કરી કે કાલે બધા બાળકો Homework કરીને જ આવજો. નહિ તો શિક્ષા થશે. તો ય મોટા ભાગના બાળકો Homework કર્યા વિના જ શાળાએ ગયા. શાળા શરૂ થયા બાદ શિક્ષકે Homework પર ધ્યાન આપી પહેલા-બીજા-ત્રીજા...એમ આગળની હરોળના બાળકોને પૂછવા માંડ્યું. લગભગ દરેક બાળકે નીચી મૂંડીએ Homework ન કર્યું હોવાનું કહ્યું.

હવે શિક્ષકનો ગુસ્સો ફાટી નીકળ્યો. એમણે જોરથી કડકાઈભરેલી રાડ પાડીઃ ''જેણે જેણે Homework ન કર્યું હોય એ દરેક બાળક આંગળી ઊંચી કરે.'' શિક્ષકનું બદલાયેલું સ્વરૂપ જોઈ બાળકો થથરી ગયા. મોટા ભાગના બાળકોએ ભૂલ કબૂલ કરતા હોય તેમ આંગળી ઊંચી કરી. પરંતુ છેલ્લી બેઠક

પરના એક બાળકે ધરાર આંગળી ઊંચી ન કરી. એ પૂરા વર્ગનો ઠોઠ વિદ્યાર્થી હતો. શિક્ષકને ખાતરી હતી કે આણે તો Homework ન જ કર્યું હોય. છતાં એણે બિન્ધાસ્ત આંગળી ઊંચી ન કરી હોવાથી ગુસ્સે ભરાયેલ શિક્ષકે એને ઝપટમાં લીધો :''કેમ રે! તેં આંગળી ઊંચી કેમ નથી કરી?'' પેલા ઠોઠસમ્રાટે ઠંડે કલેજે જવાબ આપ્યો :''Sir ! મને તો આંગળી ઊંચી કરવાની ય આળસ આવે છે!''

આ રમૂજકથા આળસની-પ્રમાદની ખતરનાક પકડનું બહુ સરસ પ્રતિપાદન કરી જાય છે. આળસ ભાતભાતનાં સ્તરના લોકોને મોટાં નુકસાન કરાવે છે. શૈક્ષણિક પ્રગતિમાં Homework મહત્ત્વની બાબત હોવા છતાં આળસ-પ્રમાદ વિદ્યાર્થીને એનાથી વંચિત રાખે છે, તો સમજણની વયે આવી ચૂકેલ કેટલા ય યુવાનોને વ્યવસાય-Service જેવી જીવાદોરીસમી બાબતમાં આળસ નુકસાન કરાવી પીછેહઠ કરાવે છે; જીવનનાં ચોક્કસ સ્વપ્નાં સેવનાર કલાકારોને-વિજ્ઞાનીઓને-રમતવીરોને આળસ એમનાં સ્વપ્નાં સાકાર કરવાથી વંચિત કરી દે છે, તો ધર્મીજનોની ધર્મારાધનાની સુવર્ણ તક મળી હોય તો ય એનાથી વંચિત કરી દેવાનું કાર્ય આ આળસ કરે છે.

આ આળસ-પ્રમાદ અને એના પ્રતિપક્ષી પુરુષાર્થ માટે એક જ શ્લોકમાં સરસ વાત કરાઇ છે કે :-

आलस्यं हि मनुष्याणां, शरीरस्थो महान् रिपुः।
नास्त्युद्यमसमो बन्धुः, यं कृत्वा नावसीदति ।।

ભાવાર્થ કે માનવીનો સૌથી નજીકમાં નજીક રહેલ શત્રુ છે આળસ અને સૌથી નજીકમાં નજીક રહેલ મિત્ર છે ઉદ્યમ-પુરુષાર્થ. કારણ કે બન્ને માનવીના શરીરમાં જ રહેલાં છે. કોઇ શત્રુ યા મિત્ર શરીરની અંદર તો ઊતરી ન જ શકે. એથી આ બન્ને માનવીના સૌથી નિકટના શત્રુ અને મિત્ર છે. પ્રમાદ-આળસ ઉપર જણાવ્યું તેમ મોટાં નુકસાનો કરે, તો પુરુષાર્થ ઘણા બધા લાભો કરે. આપણે પુરુષાર્થના-સતત ઉદ્યમશીલતાના ત્રણ ફાયદા જોઇએ. ખૂબી એ છે કે એ ત્રણે ય 'ક' અક્ષરથી શરૂ થાય છે :

**(૧) કંટાળો આવે નહિ :-** જે વ્યક્તિ સતત ઉદ્યમશીલ-પુરુષાર્થી છે એને 'સમય પસાર નથી થતો... કાંઇ કામ સૂઝતું નથી..' જેવી ફરિયાદો - કંટાળો નહિ આવે. કંટાળો-ઉપરોક્ત ફરિયાદો એને જ હોય છે કે જેઓ આળસુ-એદી છે. ઉદ્યમી વ્યક્તિ કાર્યમાં એવી પરોવાયેલી હોય-ગળાડૂબ હોય કે એને 'સમય ક્યાં પસાર થઇ ગયો' એની ખબર પણ ન પડે. 'હજુ વધુ સમય મળે તો સારું' આ એના મનોરથો-ભાવો હોય. 'કામ કામને સુઝાડે' એ ન્યાયે એને પોતાનાં ક્ષેત્રમાં નવી નવી આંતરસૂઝ-સમજ વધવા માંડે. એથી 'કામ સૂઝતું નથી' ની ફરિયાદ પણ એને ન નડે. પરિણામ એ આવે કે કંટાળાનું એનામાં નામ-નિશાન ન રહે.

આ સંદર્ભમાં અમે અહીં યાદ કરીશું ત્રણસોથી વધુ વર્ષ પૂર્વે થઇ ગયેલ જૈન પરંપરાના મહાન શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરને. એ શ્રુતસમાધિને વરેલ મહર્ષિ હતા. એટલે કે સમાધિમાં ઊતરી ગયેલ સંન્યાસીને જેમ સમાધિમાંથી જલ્દી બહાર ન લાવી શકાય, તેમ શ્રુતસર્જનમાં ઊતરી ગયેલ એ મહર્ષિને શાસ્ત્રસર્જનની પ્રવૃત્તિમાંથી જલ્દી બહાર ન લાવી શકાય. એ યુગમાં એમના શિષ્યોએ સ્વહસ્તાક્ષરમાં લખેલ અનુભવનો સાર આવો છે કે બપોરે ગોચરી (ભોજન માટેની ભિક્ષા) આવી ગઇ હોય, શિષ્યો યશોવિજયજીને કહે કે ''હવે ગ્રન્થસર્જન માટેની કલમ અને પેજ મૂકી દો, પહેલા ગોચરી વાપરી લઇએ.'' તો શ્રીમદ્ યશોવિજયજીનો ઉત્તર રોજ રોજ એ હોય કે ''બસ, આ ત્રણ-ચાર પંક્તિ બાકી છે-આ નવો સરસ વિચાર મનમાં આવ્યો છે એ પહેલા લખી લઉં. પછી તરત ગોચરી કરવા આવી જઇશ.'' શિષ્યો એ લખાણ પૂર્ણ થવાની પ્રતીક્ષા કરે. ત્યાં બને એવું કે બેની પાંચ-સાત મિનિટ જતી રહે. શિષ્યો કહે : ''આપનો એ નવો વિચાર હજુ લખાયો નથી? વાર કેમ લાગે છે?'' તો તેઓ કહે : ''એ લખાઇ ગયું. પણ હવે એક નવો સરસ પદાર્થ એવો સ્ફૂર્યો છે કે એ લખ્યા વિના ચેન નહિ પડે.'' આ ઘટનાક્રમ વારંવાર ચાલે. છેવટે શિષ્યો શ્રી યશોવિજયજીના હાથમાંથી કલમ લઇ લે, ખૂબ વિનંતિ કરી ગોચરી સ્થાન સુધી લઇ આવે, ત્યારે યશોવિજયજી ભોજન કરે.

ત્રણસોથી અધિક વર્ષ પૂર્વે લખાયેલ બિલકુલ આ જ ભાવના શબ્દો આપણી બે વાતને પૂરેપૂરું દઢ સમર્થન આપે છે. એક એ કે પ્રવૃત્તિશીલ વ્યક્તિને કંટાળા જેવી-સમય પસાર થતો નથી જેવી ફરિયાદ ન હોય. એને તો સમય ઓછો પડે. બીજી વાત એ કે ઉદ્યમી વ્યક્તિને કામ સૂઝતું નથી જેવી ફરિયાદ ન હોય. કામ જ કામની સૂઝ આપતું રહે : જેમ મહોપાધ્યાયજી ભગવંતને એક પદાર્થમાંથી નવા નવા પદાર્થોની સ્ફુરણા થતી હતી એમ.એક મહત્ત્વની નોંધપાત્ર બાબત એ છે કે આળસુને 'સમય પસાર થતો નથી'ની ફરિયાદ હોવા છતાં એ કોઇ ખાસ કાર્ય કરી શકતો નથી અને ઉદ્યમીને 'સમય નથી રહેતો'ની સમસ્યા હોવા છતાં એ ઘણાં ઘણાં કાર્યો ઝડપથી કરી શકે છે. છે ને કમાલ...

**(૨) કુવિચારો આવે નહિ :-** એક સરસ-સચોટ કહેવત છે કે 'નવરું મગજ એટલે શયતાનનું કારખાનું.' જેને કાંઇ કામ કરવું નથી એવી આળસુ વ્યક્તિનાં નવરાધૂપ મગજમાં દુનિયાભરના Negative વિચારો-વિકૃતિઓ-વિકારો ઘૂમ્યા કરે. આવા વિચારોમાંથી જ શયતાની પ્રવૃત્તિઓનો જન્મ થતો હોવાથી યથાર્થપણે જ ઉપરોક્ત કહેવતમાં નવરા મગજને શયતાનનું કારખાનું ગણાવાયું છે. નવરું મગજ એ વ્યક્તિને પોતાને તો શયતાન બનાવે, ઉપરાંત એના સાથીદારોને ય શયતાન બનાવે. એટલે દરેક વ્યક્તિએ મન-મગજને સતત પ્રવૃત્તિમાં પરોવવું જોઇએ. શરત એટલી કે એ પ્રવૃત્તિ-બાબતો શુભ હોવી જોઇએ અથવા કોઇને ન નડે એવી હોવી જોઇએ.

પૂર્વોક્ત કહેવતનો જે સૂર છે એ જ સૂરને વધુ સારી રીતે પ્રસ્તુત કરતી વાત 'પ્રશમરતિ'નામે જૈન ગ્રન્થમાં દષ્ટાંત સાથે મળે છે. એ ગ્રન્થની એકસો વીશમી કારિકામાં (શ્લોકમાં) સંયમી શ્રમણ-શ્રમણીભગવંતોની મુખ્યતાએ મજાના પદાર્થની પ્રરૂપણા

કરાઇ છે કે સંયમના વિવિધ યોગોમાં- પ્રવૃત્તિઓમાં આત્માને/મનને **નિરંતર** જોડી રાખવું. આમાં **નિરંતર** શબ્દ ખૂબ મહત્ત્વનો છે. મનને શુભ પ્રવૃત્તિઓમાં એ હદે નિરંતર જોડી રાખવું કે એ નવરું જ ન પડે. સમીકરણ આ યાદ રાખવું કે નવરું મન નુકસાન કરશે અને નિરંતર શુભમાં જોડાયેલ મન લાભ જ કરશે. એ ગ્રન્થે 'પૈશાચિક આખ્યાન' દ્વારા એક કાલ્પનિક કથાનકનો નિર્દેશ કર્યો છે. કથા કાંઇક આવી છે :

એક વ્યક્તિએ ઓછામાં ઓછી મહેનતે ઝડપથી માલામાલ થઇ જવા માટે સ્મશાનમાં જઇ ભૂતને-પિશાચને વશ કરવાની સાધના કરી. મેલી વિદ્યાની સાધનાથી ભૂત પ્રત્યક્ષ તો થયું. પરંતુ એણે બહુ વિચિત્ર ભયંકર શરત રાખી કે ''તું મને જે જે કાર્ય આપીશ તે તમામ હું પૂરી નિષ્ઠાથી કરીશ. પરંતુ તારે મને સતત કામ આપવું જ પડશે. જો તેં મને કામ વિનાનો-નિવૃત્ત રાખ્યો તો તે જ ક્ષણે હું તારું ભક્ષણ કરી જઇશ, તારો નાશ કરી દઇશ.''

પેલી વ્યક્તિને થોડી ચિંતા તો થઇ. પરંતુ એની પાસે ઘણાં અને મુશ્કેલ કાર્યો હોવાથી કાંઇ વાંધો નહિ આવે એમ મન બનાવ્યું. એણે પહેલું કાર્ય બતાવ્યું કે ''ગામનાં મુખ્ય સ્થાને મારા માટે સાત મજલાનો વિશાલ મહાલય બનાવી દે.'' મનમાં એમ કે આટલું કાર્ય કરતાં પિશાચને વરસ-સવા વરસ તો થશે જ. પણ આ તો ભૂત. એની શક્તિ કલ્પનાતીત હતી. માત્ર બે Minuteમાં દૈવી શક્તિથી એણે સાત મજલાનો મહેલ ખડો કરી દીધો. પેલી વ્યક્તિને હવે પાકો ડર લાગ્યો કે 'આ તો પેટ ચોળીને શૂળ ઊભું કરવા જેવું થયું. મેં ક્યાં આ ભૂત જગાડ્યું?' છતાં એણે 'દુકાન બનાવી દે-સીમમાં ખેતર અપાવી દે' જેવાં અન્યાન્ય કાર્યો આપવા માંડ્યાં. કાર્ય અપાયાની બે ક્ષણમાં જ ભૂત એ કરીને માથે ઊભું રહે. કંટાળેલ-ભયભીત થયેલ એ વ્યક્તિ એના બુદ્ધિશાળી મિત્રનાં શરણે ગઇ. મુશ્કેલીની જાણ કરી.

બુદ્ધિમાન મિત્રે જાણે આ કાંઇ સમસ્યા જ ન હોય એમ હસતાં હસતાં ચબરાક ઉપાય દર્શાવ્યો. ઉપાય ખરેખર અક્સીર હોવાથી એ ખુશી ખુશી થઇ ગયો. એ મુજબ એણે ભૂતને કહ્યું : ''મારા સાત મજલાના મહાલયના પરિસરમાં બરાબર વચ્ચે સાત મજલા જેટલો ઉત્તુંગ મનોહર પતલો ત્રાંબાનો Pipe બનાવી દે.'' એ કરીને ભૂત તરત જ હાજર થઇ ગયું. પેલી વ્યક્તિએ કહ્યું : ''હવે નવું કાર્ય ન બતાવું ત્યાં સુધી તારે અદૃશ્ય રહી આ Pipe પર ચડ-ઊતર કર્યા કરવાનું. હું યાદ કરું ત્યારે આવી જવાનું.'' ઉપાય એવો અફલાતૂન હતો કે વ્યક્તિનાં તમામ કાર્યો ય થતા રહ્યાં અને મોતનો કોઇ ભય પણ ન રહ્યો.

આ કાલ્પનિક કથાનો ઉપનય આ છે કે ભૂતનાં સ્થાને છે મન. એને જો બરાબર કામમાં પરોવ્યું તો એ આપણે ચકિત થઇ જઇએ એવાં કાર્યો ય કરાવી આપે અને જો નવરું પડ્યું તો આપણને નષ્ટ-ભ્રષ્ટ પણ કરી દે. બુદ્ધિમાન મિત્ર જેવા સદ્ગુરુભગવંત આપણને સમજાવે છે કે જો આ મનને તમે શુભ પ્રવૃત્તિના Pipe સાથે જોડી રાખશો તો એ સદ્ગતિ અને પરમગતિ અપાવવાની કલ્પનાતીત કમાલ ભાવિમાં સર્જી દેશે અને વર્તમાનમાં કુવિચારો-કુવાસનાઓરૂપી ભાવમૃત્યુના ભયથી મુક્ત રાખવાની કમાલ સર્જશે...

**(૩) કુનેહ વિકસાવે :-** જે વ્યક્તિ કર્મઠ બની સતત પોતાનાં કાર્યમાં પરોવાયેલી હોય એ તે તે કાર્યોમાં કુનેહ પ્રાપ્ત કરે જ, બરાબર હથોટી મેળવી જ લે. સાવ અભણ કારીગરો પોતપોતાનાં કાર્યમાં એવા કાબેલ હોય છે કે એની એ વિષયની કાબેલિયત સામે ભલભલા શિક્ષિતો ય પાણી ભરે. આ પ્રત્યક્ષ નિહાળાતી અનુભવસિદ્ધ બાબત છે...

છેલ્લે એક વાત : **આળસુ વ્યક્તિને ઉંબર ડુંગર સમ બની જાય છે... ઉદ્યમી વ્યક્તિને ડુંગર પણ ઉંબર સમ બને છે...**

✿ ✿ ✿



# 18

## મૃત વ્યક્તિને બાળે તે છે સ્મશાનની ચિતા...
## જીવંત વ્યક્તિને બાળે તે છે ઈર્ષ્યાની ચિતા...

ઘરના કેટલાક Furniture-કેટલાક કબાટ એવા હોય કે જેનો ઉપરનો ભાગ બિલકુલ બરાબર લાગતો હોય. પરંતુ અંદરના ભાગે એવી ઊધઈ ફેલાઈ ગઈ હોય કે જે એનાં અસ્તિત્વ સામે જબરજસ્ત ખતરો સર્જી દે. જો સમયસર એનો ઉપાય ન થાય તો એ અણદેખાતી ઊધઈ અવશ્યમેવ તે Furniture-કબાટ વગેરેનું અસ્તિત્વ મીટાવી જ દે. જેને ઝાઝી સમજ ન હોય એને ઊધઈ બહુ સામાન્ય સમસ્યા લાગે. પરંતુ જેને ઊધઈની ઝડપથી ફેલાઈ જવાની અને લાકડાં વગેરેને કોરી ખાવાની ક્ષમતાની સમજ છે એને ઊધઈ બહુ જ ખતરનાક ભયાનક સમસ્યા લાગે.

બસ, આ ઊધઈ જેવી છે ઈર્ષ્યા. વ્યવહારકૌશલ્ય-હોંશિયારી ધરાવતી વ્યક્તિઓમાં એ એવી સીફતથી છુપાઈને રહે કે એનામાં ઈર્ષ્યાવૃત્તિ છે એવો અંદાજ-અણસાર પણ સામી વ્યક્તિને ન આવે : એ ઈર્ષ્યા હોય છે જાણે લાકડાની ભીતરમાં છુપાયેલી ઊધઈ. ઊધઈનું કાર્ય જેમ કોરી ખાવાનું હોય છે

એમ ઈર્ષ્યાનું કાર્ય પણ વ્યક્તિની ભીતરને વ્યક્તિના દિલ-દિમાગને કોરી ખાવાનું જ હોય છે. બીજું સામ્ય બહુ મોટું એ છે કે ઊધઇ જેમાં ઉત્પન્ન થાય તે લાકડું-કાગળ વગેરે પદાર્થને જ કોરે છે. એ જ રીતે ઈર્ષ્યા પણ જેનામાં ઉત્પન્ન થાય એ જ વ્યક્તિનાં દિલ-દિમાગને સતત કોરતી રહે છે, સામી વ્યક્તિના દિલ-દિમાગને નહિ. ખાસ ખ્યાલમાં રહે કે ઈર્ષ્યા જેના માટે થઇ હોય એ વ્યક્તિને નુકસાન થાય યા ન પણ થાય. પરંતુ ઈર્ષ્યા જે વ્યક્તિમાં ઉત્પન્ન થઇ હોય એને તો નુકસાન થાય, થાય અને થાય જ. ઈર્ષ્યાની આ બહુ મોટી વિ-લક્ષણતા છે કે જે એના ધારકને-ઈર્ષાળુ વ્યક્તિને જાણે ખ્યાલમાં જ નથી હોતી.

હમણાં ઈર્ષ્યા માટે બહુ સચોટ અને મજાનું નિરીક્ષણ વાંચ્યું કે **''ઈર્ષ્યા કમરના દુઃખાવા જેવી છે. X-Rayમાં દેખાય નહિ, પણ હેરાનગતિ સતત કર્યા જ કરે!''** વ્યક્તિ પડી ગઇ હોય-અકસ્માત્ થયો હોય તો હાડકામાં કે કરોડરજ્જુના મણકામાં થયેલ નુકસાનો X-Rayમાં ઝિલાય. હાડકું તૂટી ગયું છે કે Aircrack છે તે X-Ray બતાવી દે. Fracture હોય ત્યાં જરૂર મુજબ Plaster-પાટો બંધાય અને Aircrack હોય તો દવા અને સમયથી નુકસાન સરભર થાય. કેવી રીતે Treatment કરવી તે X-Rayનાં નિદાનથી નક્કી થાય. પણ...કમરનો દુઃખાવો? એ કોઇ X-Rayમાં ઝીલી ન શકાય.એટલે સાચું તારણ-કારણ ન મળી શકે. ફક્ત 'વા છે' જેવા અંદાજિત કારણો પકડી અંદાજિત સારવાર જ કરવી પડે. પણ એટલું નક્કી કે એ દુઃખાવો, રહે ત્યાં સુધી જોરદાર અસરો સર્જીને ચેન ન પડવા દે.

ઈર્ષ્યા આ કમરના દુઃખાવા જેવી છે. એની ખાસિયત ક્રોધ વગેરે દોષો કરતા અલગ છે. ક્રોધ આવે તો એનું કારણ સ્પષ્ટ જાણી શકાય છે કે સંબંધિત વ્યક્તિ આપણી સામે થઇ જાય છે યા તો આપણું માનતી નથી. એથી એનો ઉપાય પણ નક્કી કરી શકાય કે સંબંધિત વ્યક્તિ શાંતિથી બોલે-સામી ન થાય યા આપણું માની લે તો ક્રોધ શાંત થઇ જાય. લોભ જાગે તો એનું કારણ સ્પષ્ટ જાણી શકાય છે કે અમુક સંપત્તિ કે Property હસ્તગત થઇ નથી માટે એની લાલસા જાગી છે.

એ ધારેલ ચીજ મળી જાય એટલી એની લાલસા-લોભ તત્કાળ પૂરતો શમી જાય છે. પણ ઈર્ષ્યા? કમરના દુઃખાવાની જેમ એનાં કારણ સમજી શકાતા નથી. જેની સાથે આપણને સીધેસીધું કાંઇ લાગતું વળગતું ન હોય એવી વ્યક્તિની ઉન્નતિ સામે ઈર્ષ્યા થાય, તો જેની સાથે લાગે-વળગે છે એવી વ્યક્તિની આપણને કાંઇ જ અડતી-નડતી ન હોય તેવી બાબત સામે ય ઈર્ષ્યા થાય. આપણું દિમાગ પણ એ ઈર્ષ્યાનું યથાર્થ કારણ સમજી ન શકે. કેમ કે જેમનાથી કાંઇ લાગતું-વળગતું નથી એ વ્યક્તિઓથી નુકસાન તો થવાનું જ ક્યાં છે? તો પછી એની ઈર્ષ્યા શેની? આમ યથાર્થ કારણ પણ પકડાય નહિ અને એનો યથાર્થ ઉપાય પણ સમજાય નહિ. સામી વ્યક્તિને એના પુણ્યથી ને પુરુષાર્થથી પ્રાપ્ત થયેલ ઉન્નતિથી વિના કારણ વંચિત કરવી દલીલથી કે પ્રવૃત્તિથી આસાન નથી હોતું. વસ્તુતઃ ઈર્ષ્યા શમાવવાનો આવો કોઇ ઉપાય યોગ્ય કે કારગત ન ગણાય.

આમ છતાં, પૂર્વે કહ્યું તેમ બને છે એવું કે ઈર્ષ્યાળુ વ્યક્તિ ઈર્ષ્યાનાં કારણે ભીતરથી પોતે જ પીડાતી રહે. ઈર્ષ્યા એને ભીતરથી કોરી ખાય : જેમ ઊધઇ કાષ્ઠને-કાગળને કોરી ખાય એમ. આ ઈર્ષ્યાની બળતરા વધતી જાય ત્યારે ઈર્ષ્યાળુ વ્યક્તિ મર્યાદા ઓળંગીને, કાંઇ લાગતું-વળગતું ન હોવા છતાં, પોતાની ઈર્ષ્યાપાત્ર વ્યક્તિને પછાડવાના કારણ વિનાના ધમપછાડા કરે. એમાં પરિણામ મોટે ભાગે 'ખાડો ખોદે તે પડે' કહેવત જેવું આવે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ મસ્ત કાલ્પનિક કથા :

કથા કહે છે કે એક યુવાને ઓછામાં ઓછી મહેનતે અને વ્યવસાયના જરા ય જોખમો વિના માલેતુજાર બની જવાનો એક કીમીયો વિચાર્યો. એ મુજબ એણે શંકરના મંદિરે જઇ એ ભોળાદેવ પ્રત્યક્ષ થઇ વરદાન માંગવાનું કહે ત્યાં સુધી પલાંઠી જમાવી અખંડ જાપસાધના શરૂ કરી. એના વિચારો સ્પષ્ટ હતા કે આ સાધનામાં ભલે થોડા દિવસ ભૂખ-તરસ સહન કરવા પડે. પરંતુ પછી તો કાયમ લીલાલહેર જ છે. એથી થાક્યા વિના અડગભાવે એણે ઉપવાસ અને જાપસાધના જારી રાખી. એક દિવસ...બે દિવસ...ચાર દિવસ...સાત દિવસ. સાતમી

રાત્રિએ એની સાધનાને સિદ્ધિ વરી. કાલ્પનિક કથા કહે છે કે રાત્રે શંકરે પ્રત્યક્ષ થઇ પેલા ભક્તને કહ્યું : ''માંગી લે, જે જોઇએ તે આપવા હું તૈયાર છું.''

ભોળા મહાદેવને એમ કે સાત-સાત દિવસથી આ નકોરડા ઉપવાસ સાથે સાધના કરે છે. તો ભલે આની એકાદ મનઃકામના સારી રીતે પૂર્ણ થઇ જતી. પરંતુ પેલો યુવાન તો મોટા ગજાનો 'નમૂનો' હતો. એણે શંકરને મૂંઝવણમાં મૂકી દે તેવું 'એક' વરદાન માંગ્યું કે ''હું જ્યારે જે માંગું ત્યારે તે તમારે મને આપવાનું.'' શંકર ચોંકી ગયા આ ઉસ્તાદ ભક્તની ચાલાક માંગણીથી. આમાં તો એની એકાદ માંગણી નહિ, જીવનભરની માંગણી પૂર્ણ કરવાની વાત હતી. શંકર હવે સાવધ થઇ ગયા. પોતાનું વચન પાછું ન પડે અને આ ઉસ્તાદ એનો દુરુપયોગ ન કરી શકે એવો ઉપાય તુર્ત વિચારી એ  બોલ્યા : ''તથાસ્તુ. તું જ્યારે જે માંગે તે હું તને આપીશ. પરંતુ શરત એટલી કે તને જેટલું મળશે એનાથી Double તારા પડોશીને મળશે.'' શંકરે એની ઇર્ષ્યાળુ વૃત્તિની દુઃખતી નસ બરાબર દબાવી. શંકરને ખાતરી હતી કે આ ચક્રવ્યૂહમાં એ યુવાન બરાબર ફસાશે અને એને વધુ પડતી ઉસ્તાદી બદલ જોરદાર સબક શીખવા મળશે.

પેલો ઇર્ષ્યાળુ યુવાન અકળાઇને જોરથી ચિલ્લાયો : ''પ્રભુ, આ તો સરાસર અન્યાય છે. સાત દિવસ નકોરડા ઉપવાસનું કષ્ટ સહન મેં કર્યું અને વગર મહેનતે મારા પડોશીને મારાથી Double લાભ! આ બની જ કેમ શકે?'' શંકરે ઠંડે કલેજે કહ્યું : ''મેં તારી માંગણી પૂર્ણ કરી જ છે. તને જીવનભર જે જોઇએ એ મળવાનું જ છે. એટલે તારે ફરિયાદ કરવાનું કોઇ કારણ નથી. બીજાને હું શું આપું છું તેનાથી તારે કોઇ નિસબત નથી.'' પેલો યુવાન મોં વકાસીને જોતો રહ્યો અને શંકર તુર્ત અંતર્ધાન થઇ ગયા.

ધૂંઆપૂંઆ થયેલ યુવાન ઘરે ગયો. પણ એ કાચી માયા ન હતો. એણે શંકરને પાઠ ભણાવવાના વિચારો સાથે જાતજાતનાં Plan કર્યા. 'શંકર મારા પડોશીને Double સુખી કરવા ચાહે છે. પણ હું પડોશીને Double દુઃખી કરી દઉં' આ વિચિત્ર ઈર્ષ્યા એ Planના પાયામાં હતી. આ માટે એ ખુદ દુઃખી થવા તૈયાર થઇ ગયો! એણે એક સવારે શંકરને પ્રાર્થના કરી કે 'મારી આંખ ફૂટી જાઓ.' વરદાન મુજબ આની એક આંખ ગઇ અને પડોશીની બે આંખ ગઈ. થોડા દિવસ બાદ એણે બીજી માંગણી કરી કે 'મારાં ઘરનાં આંગણામાં કાંઠા વિનાનો એક ખુલ્લો ઊંડો કૂવો બની જાય.' નિયમ મુજબ આનાં ઘરે એક કૂવો થયો અને પડોશીનાં ઘરે એવા બે કૂવા થયા. યુવાનની કાતિલ વિચારણા એ હતી કે પડોશી બે ય આંખે અંધ છે. એટલે ક્યારેક તો ભૂલ થવાથી-સરતચૂકથી કૂવામાં પડીને ખતમ થઇ જશે. બસ, એનું કાસળ નીકળી જાય. એ આપમેળેનું-માંગ્યા વિનાનું નુકસાન હોવાથી મને એવું નુકસાન નહિ થાય. બસ, પછી મારે લીલાલહેર. પછી હું દુનિયાભરની સમૃદ્ધિ માંગી મસ્તીથી જીવીશ. કોઇ પણ ભોગે બાજુવાળાને તો મારાથી Double સુખી નહિ જ થવા દઉં.''

પરંતુ ધાર્યું ક્યાં બધાનું થતું હોય છે? અચાનક એક દિવસ યુવાન સીડી પરથી એ રીતે પડ્યો કે એની બીજી આંખ ફૂટી ગઇ. દૃષ્ટિ ચાલી ગઇ. હવે એ સંપૂર્ણ અંધ થઇ ગયો. જીવનવ્યવહારોમાં પરાધીનતાથી એણે શંકરને કહ્યું : ''મને આ ગયેલી એક આંખ આપો.'' શંકરે કહ્યું : ''હમણાં જ આપું. પણ તારા પડોશીને Double એટલે કે બે ય આંખ પરત મળી જશે.'' ઈર્ષ્યાળુ યુવાન ફરી અકળાયો : ''હું કાણો રહું અને એ બન્ને આંખે દેખતો થઇ જાય એ મને નહિ પરવડે. તો પછી ભલે મારી સ્થિતિ આ જ રહી. મારા પડોશીને Double સુખી કરવાની તમારી મુરાદ બર નહિ જ આવવા દઉં.'' શંકર અદૃશ્ય થઇ ગયા.

યુવાનમાં ચંચળતા ખૂબ હતી. એથી દષ્ટિ સંપૂર્ણ જવા છતાં આમ-તેમ ચહલપહલ કર્યા જ કરે. જ્યારે એનો પડોશી દષ્ટિ ગયા બાદ ખૂબ સંયમિત બની ગયો હતો. કારણ વિના અને અન્યની સહાય વિના એ જતો-આવતો ન હતો. આખર એક વાર ન બનવાનું બન્યું. પેલો યુવાન ચંચળતાવશ ખુલ્લા કૂવા પાસેથી જતાં ચૂક્યો અને કૂવામાં પડી જઇ જીવન ગુમાવી બેઠો!

ધ્યાનથી વાંચીશું આ દષ્ટાંત તો એ સમજાશે કે વરદાન જેવું ઉન્નતિનું સબળ સાધન મળવા છતાં વિચિત્ર ઈર્ષ્યાના કારણે દુઃખી દુઃખી થઇને અંતે એ જીવન હારી ગયો.. 'ખાડો ખોદે તે પડે' એ ઉક્તિ પણ અક્ષરશઃ સાર્થક થઇ.

આ ઈર્ષ્યાથી મુક્ત થવા શાસ્ત્રો એક મજાની વિચારસરણી દર્શાવે છે. એ છે 'સર્વથા સહુ સુખી થાઓ'ની. જૈન પરિભાષામાં એને કહેવાય છે મૈત્રીભાવના. એક વાત ધ્યાનમાં રાખજો કે આપણી ચાહતમાત્રથી સૃષ્ટિના સહુ જીવો કે કોઇ ચોક્કસ વ્યક્તિ સુખી થઇ જ જશે એવી Guarantee નથી, તેમ આપણી ઈર્ષ્યામાત્રથી કોઇ ચોક્કસ વ્યક્તિ દુઃખી થઇ જ જશે એવી ય Guarantee નથી. પરંતુ તેવી ભાવનાના શુભ/અશુભ પરિણામો આપણને અવશ્ય Guaranteeથી મળે જ. આપણે જ્યારે અન્યના સુખની ભાવના કરીએ છીએ ત્યારે પુણ્યનો બંધ થાય છે અને ઈર્ષ્યાવશ અન્યનાં દુઃખની-પરેશાનીની ભાવના કરીએ તો પાપનો બંધ થાય છે. 'સહુ સુખી થાઓ'ની ભાવના પુણ્યબંધ કરાવી આપણને સુખ-સફળતા અપાવે છે, ઉપરાંત ઈર્ષ્યાની બળતરાથી મુક્ત કરે છે.

છેલ્લે, ઈર્ષ્યાની નાબુદી માટે મૈત્રીભાવના-સહુને સુખી જોવાની ભાવના અક્સીર હોવાનો ખ્યાલ આપતી શ્રી પ્રવીણભાઇ દેસાઇની એક ગીતપંક્તિ ટાંકીને સમાપન કરીએ કે :-

જેની જાગી'તી ઈર્ષ્યા મને, એની ઇચ્છું છું પ્રગતિ હવે;
સુખ એનું એ માણે ભલે, બળું શાને હું મારા હૃદયમાં...

✿ ✿ ✿



19

# ઉત્તમ આચરણ વ્યક્તિને દિવ્યતા બક્ષે છે...
# અધમ આચરણ વ્યક્તિને દાનવતા બક્ષે છે...

પંખીઓની સૃષ્ટિમાં વૈવિધ્ય ઘણાં બધાં મળે છે, તો વિશેષતાઓ ય ઘણી બધી મળે છે. મયૂરનું સૌંદર્ય બેમિસાલ, તો કોયલનું કંઠમાધુર્ય બેમિસાલ. પરંતુ ચિંતકો-કવિઓ, અરે! ગ્રન્થકારો માટે ય, પ્રિય પક્ષી હંસ હોય એમ અમને ભાસે છે. ઉદાહરણરૂપે જોઈએ તો, સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે જ્ઞાનસાર ગ્રન્થમાં મુનિને હંસની ઉપમા આપતા લખ્યું છે કે **''मुनिहंसो विवेकवान्''** મતલબ કે મુનિરૂપી હંસ વિવેકદષ્ટિથી સંપન્ન હોય છે. આ જ રીતે મૃત્યુની એક પ્રસિદ્ધ સજ્ઝાયની પંક્તિમાં પણ હંસની ઉપમા અપાઈ છે કે **''ઓ હંસારાણા! રહી જાઓ આજની રાત.''** ત્યાં આત્માને-જીવને હંસની ઉપમા આપવામાં આવી છે.

સવાલ એ થાય કે હંસનો આટલો મહિમા શા માટે? એનો ઉત્તર મળે છે હંસની રીતભાતમાં-જીવનશૈલીમાં. હમણાં ગત ચાતુર્માસમાં અમે સિદ્ધક્ષેત્ર-

પાલિતાણામાં હતા ત્યારે ત્યાં, પાલિતાણાના સમસ્ત શ્રમણ-શ્રમણીભગવંતો માટે વિવિધ સમુદાયના આચાર્ય ભગવંતોની વાચનાઓ 'વિમલાચલ વાચનાવૈભવ'રૂપે આ.શ્રી આત્મદર્શનસૂરિજીના માર્ગદર્શનાનુસાર યોજાઇ હતી. એમાં પ્રથમ વાચના હતી અમારી. અમે તેમાં ઉપરોક્ત ''मुनिहंसो विवेकवान्'' પંક્તિ લઇ હંસની ચાર વિશેષતાઓ વર્ણવી હતી. આવો, હંસની એ ચાર વિશેષતાઓને અહીં જૈન-અજૈન સહુને સ્પર્શે એ પદ્ધતિએ માણીએ. ખાસ નોંધપાત્ર બાબત અહીં એ છે કે દરેક વિશેષતાનાં વર્ણનમાં જે ઉદાહરણો લેવાશે તે સંપૂર્ણ સત્ય ઘટનામય છે અને અમારા ધર્મપરિચિત ઉષાબેન તરુણભાઇ પરિવારના દિવંગત વડિલના છે. એમનું નામ જયંતિભાઇ. વર્તમાનની ભોગપ્રધાન અને લાભ ખાતર નીતિનિયમોને-સિદ્ધાંતોને નેવે મૂકવાની શૈલી સામે એમની જીવનશૈલી અહોભાવ પ્રગટાવે તેવી આદર્શ હતી એમ એ ઘટનાઓથી અવશ્ય પ્રતીત થશે.

**(૧) હંસ બાહ્ય-અભ્યંતર બન્ને દૃષ્ટિએ શુભ્ર છે :-** શ્વેત વર્ણ તો હંસનો પણ છે અને બગલાનો પણ છે. પરંતુ હંસનું નામ આવતાં જ લોકમાનસમાં આદર જાગશે અને બગલાનું નામ આવતાં અનાદર જાગશે. કારણ એક જ કે બગલો બાહ્ય દૃષ્ટિએ ભલે શ્વેત છે, પરંતુ વૃત્તિથી-અભ્યંતર દૃષ્ટિથી કાજળ શો કાળો છે. બગલો એટલે દંભનો જીવંત અવતાર. તળાવમાં એ એક પગે એવો નિશ્ચલ ઊભો રહે કે જોનારને જાણે એ ધ્યાનસ્થ યોગી જ લાગે. પણ એનું એ ધ્યાન આત્મકલ્યાણ માટે નહિ, માછલાંઓની હિંસા માટે હોય છે. સ્થિર બગલો જોઇ માછલી જેવી નિકટ આવે એટલે બગલો એને તરત હડપ કરી લે. આમ બગલો બહારથી શ્વેત અને વૃત્તિથી કાળો હોવાથી લોકમાનસ માટે આદરપાત્ર નથી હોતો.

જ્યારે હંસ કદી નથી આવો દંભ કરતો કે નથી કોઇને પોતાનો શિકાર બનાવતો. એ કોઇને ઉપદ્રવ કર્યા વિનાનું શાંત અને નિર્દંભ જીવન જીવે છે. માટે એ બાહ્યથી-દેખાવથી અને અભ્યંતરથી-વૃત્તિથી પણ શ્વેત શુભ્ર છે.

માનવીએ ખરી ઉન્નતિ કરવી હોય તો જીવન બનાવવું જોઇએ હંસ જેવું કે જેમાં પ્રવૃત્તિનું સ્તર ઉજ્જવલ હોય તેમ વૃત્તિનું-વિચારોનું સ્તર પણ એકદમ ઉજ્જવલ હોય. માત્ર બાહ્ય વાતો ઉજ્જવલ હોય અને જીવનની અભ્યંતર નીતિ-રીતિ જુગુપ્સાપ્રેરક હોય તેવું બહુ વ્યાપકપણે અત્ર-તત્ર-સર્વત્ર નિહાળવા મળે છે. આવી વ્યક્તિઓ પ્રેરણાસ્રોત કે આદર્શરૂપ બની શકતી નથી. પ્રેરણાસ્રોત કે આદર્શરૂપ જીવન એમનું જ બની શકે કે જેઓ બાહ્ય અને અભ્યંતર અર્થાત્ પ્રવૃત્તિ અને વૃત્તિથી ઉજ્જવલ હોય-શુભ્ર હોય. ધ્યાનમાં રહે કે ઘણી વાર વ્યક્તિ આવી ઉજ્જવલતા ધરવાના મનોરથ ધરાવતી હોય અને એ મુજબની રજૂઆત-એ મુજબનું સામાન્ય સંયોગોમાં જીવનસ્તર પણ ધરાવતી હોય. કિંતુ એ મનોરથોની કસોટી થાય-પરીક્ષા આવે ત્યારે ટકી રહેનાર અને સિદ્ધાંતો મુજબ જીવી બતાવનાર બહુ વિરલ હોય છે. આદર્શરૂપ આવી વ્યક્તિઓ જ બને છે કે જેઓ કસોટીમાં ય અણિશુદ્ધ રહે છે. આ સંદર્ભમાં આપણે યાદ કરીએ પૂર્વોક્ત જયંતિભાઇનો એક પ્રસંગ :

વડોદરાની M.S. અર્થાત્ મહારાજા સયાજીરાવ Universityમાં તેઓ Dean હતા. તેઓ સિદ્ધાંતવાદી હતા. એથી Universityની પ્રવૃત્તિઓમાં સેવાનાં લક્ષ્યથી જોડાયા હતા, રાજકારણ ખેલવા નહિ. એમનું ગણિત સીધું-સાદું અને સ્પષ્ટ હતું કે આ હોદ્દા પર રહીને માત્ર શૈક્ષણિક સેવા કરવી. શૈક્ષણિક હેતુને જરા ય નુકસાન થાય તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહિ ને બનતી શક્યતાએ થવા ન દેવી.

એક વાર એમના આ વિચારોની આકરી કસોટી થઇ. બન્યું એવું કે એમના ઘરે વિના આમન્ત્રણે વડોદરાના તત્કાલીન Mayor અને Deputy Mayor આવ્યા. J.M. શાહને જરા આશ્ચર્ય તો થયું કે આ રાજકીય નેતાઓ વગર બોલાવ્યે ઘરે ક્યાંથી આવી ચડ્યા? થોડી પ્રાસંગિક વાતો કરી બન્નેએ પ્રસ્તાવ રજૂ કર્યો : ‘‘જુઓ J.M. શાહ! અમે ભલે રાજકીય ક્ષેત્રે હોઇએ. પણ સમાજ માટે કાર્યો કરીએ છીએ. તમે પણ સમાજ માટે કાર્ય કરો છો. અવસરે આપણે એક-બીજાને સાચવી લેવાના.’’

જયંતિભાઇને 'દાળમાં કાંઇક કાળું' હોવાનો અંદાજ આવ્યો. એમણે પૂછ્યું : ''એટલે?'' ''એટલે એમ કે દર વર્ષે Universityમાં પાંચ વિદ્યાર્થીઓ અમે જે કહીએ એ લેવાના. સમજો કે પાંચ Seat અમારા હસ્તકની રાખવાની.'' જયંતિભાઇએ તરત સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું : ''મહેરબાનો! એ ન બને. Universityમાં દરેક વિદ્યાર્થી Meritના આધારે જ સ્થાન મેળવશે. તમારી વાત માનું તો મારે Meritવાળા પાંચ વિદ્યાર્થીઓનો ભોગ લેવો પડે. એમાં શિક્ષણજગતનું અહિત થાય. માટે એ નહિ બને.''

''અરે! થોડા વ્યવહારું બનો. તમે આ કરશો તો તમારાં જરૂરી કામો અમે ય કરી આપીશું.'' Mayor - Deputy Mayor બોલ્યા. ''ના, એ નહિ જ બને. હું કોઇ સોદાબાજીમાં માનતો જ નથી.'' જયંતિભાઇએ કડક શબ્દોમાં કહ્યું. Mayor અને Deputy Mayor એની એ જ વાત બીજી બીજી રીતે સમજાવતા રહ્યા ત્યારે સિદ્ધાંતવાદી જયંતિભાઇનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠ્યો. એ ગુસ્સાથી ગર્જ્યા : ''મારે તમારી આવી વાત જરા ય સાંભળવી નથી. તમે મારા ઘરની બહાર નીકળો. જો જાતે હવે ઊભા નહિ થાવ તો હું તમારાં બાવડાં પકડીને ઘરની બહાર ધકેલી દઇશ. એમાં તમારું-તમારા પદનું માન નહિ રહે. ચાલ્યા જાવ અહીંથી.'' સ્તબ્ધ થઇ ગયેલ Mayor-Deputy Mayor વીલે મુખે ત્યાંથી વિદાય થઇ ગયા.

'બાવડાં પકડીને ઘરની બહાર ધકેલી દઇશ.' આ શબ્દો અક્ષરશઃ અમને જયંતિભાઇના સુપુત્ર તરુણભાઇએ એ ઘટનાના ભાગરૂપે કહ્યા ત્યારે અમને મહેસૂસ થયુ કે જયંતિભાઇ હંસની ઉપમાને યોગ્ય છે કે જ્યાં બાહ્ય-અભ્યંતર બે ય પ્રકારની ઉજ્જવલતા ઝળહળતી હતી...

**(૨) હંસ મોતીનો ચારો ચરે :–** આજની Advertisingની દુનિયામાં એક સૂત્ર પ્રચલિત છે કે ''ઊંચે લોગ ઊંચી પસંદ.'' આ સૂત્ર જેને એકદમ બંધબેસતું હોય તો તે છે હંસ. કેમ કે અન્ય પક્ષીને જે ચારો પસંદ ન હોય અથવા જે ચારો ચરી ન શકે તે ચારો હંસ ચરી શકે છે. એ ચારો એટલે મોતીનો ચારો. અરે! એક ગીતપંક્તિમાં તો હંસનું એક લક્ષણ જ આ દર્શાવાયું છે કે **''હંસપણું જો જાણવું હોય તો, મોતીનો ચારો ચરીએ.''** હંસ કાંકરા–માછલાં તો આરોગે જ નહિ.

હંસનું આ લક્ષણ જેમનાં જીવનમાં ચરિતાર્થ થતું હોય તેઓ મોતી જેવા ઉત્તમ વ્રતો–નિયમો આત્મસાત્ કરનાર હોય. મુશ્કેલીમાં હોય ત્યારે ય હંસ કાંકરા–માછલાં ન આરોગે, તેમ આવા પુણ્યવાનો મુશ્કેલીમાં હોય–કસોટીમાં મુકાય તો ય વ્રતમાં બાંધછોડ ન કરે. આદર્શ જીવનનું આ લક્ષણ પણ જયંતિભાઈમાં કેવું ઝળહળતું હતું તે એક પ્રસંગ દ્વારા નિહાળીએ :

જયંતિભાઈ U.P.S.G. અને U.G.C.ના Commissioning સભ્ય હોવાથી તેનાં કાર્યો માટે અવારનવાર દીલ્હીમાં તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સાથે Meetingમાં જવાનું થતું. ત્યારે દર ત્રણ મહિને તેની Meeting નહેરુ સાથે થતી. પરંતુ તકલીફ એ હતી કે Meetingનો સમય ઢળતી બપોરનો હોય અને એ પૂર્ણ થાય ત્યારે રાત્રિ શરૂ થઈ જાય. Meeting પછી સહુ સાથે ભોજન કરે. જયંતિભાઈ ચુસ્ત જૈન હોવાથી રાત્રિભોજનના સંપૂર્ણ ત્યાગ સાથે ચોવિહાર કરે. તેથી તેઓ Meeting પછી ભોજન વિના એકતરફ બેસી રહે.

બે–ચાર વાર આવું થયું એટલે નહેરુની નજર ગઈ. એમણે પૂછ્યું :''Mr. J. M. શાહ! તમે કેમ અમારી સાથે જમતા નથી? વાનગી તો બધી શાકાહારી છે.'' ''Sir ! હું ચુસ્ત જૈન છું. એથી મેં કાયમ માટે રાત્રિભોજનનો ત્યાગ કર્યો

છે. વાનગી ભલે શાકાહારી છે. પરંતુ રાત્રિ છે. માટે હું જમતો નથી.'' ''તો આ Meeting માટે તમે સાંજનું ભોજન છોડી દો છો એમ ને?'' નહેરુએ આશ્ચર્યથી પૂછ્યું. ''હા.'' જયંતિભાઇએ કહ્યું.

એમની આચારનિષ્ઠાથી-મોતીનો જ ચારો ચરવાની ટેકથી પ્રભાવિત થઇ ગયેલ નહેરુએ સૌજન્ય દાખવીને ત્યાં-Boardની Meetingમાં જાહેર કર્યું કે ''હવે પછીની બધી Meetingનો સમય એ રીતે રહેશે કે જે પાંચ વાગ્યા આસપાસ પૂર્ણ થઇ જાય અને આપણે સહુએ એ દિવસે સાયંભોજન અહીં કરવાનું રહેશે, રાત્રિભોજન નહિ!'' આ ઘટનાથી એ ચોક્કસ પ્રતીત થાય કે જયંતિભાઇ એ માનવહંસ હતા કે જેઓ વ્રતભંગરૂપ કાંકરાનો ચારો ન ચરે, બલ્કે વ્રતપાલનરૂપ મોતીનો ચારો ચરે.

છેલ્લે એક વાત :

**ઉત્તમ આચરણ વ્યક્તિને દિવ્યતા બક્ષે છે...**
**અધમ આચરણ વ્યક્તિને દાનવતા બક્ષે છે...**

✿ ✿ ✿



# 20

## ભક્તિની સાત્ત્વિક શ્રદ્ધાના માનસરોવરના હંસ બનીએ...
## માત્ર ભૌતિક લાલસાની અંધશ્રદ્ધાના શિકાર ન બનીએ...

સુભાષિતોનાં વિશ્વમાં અન્યોક્તિનાં સુભાષિતોનો એક આગવો મિજાજ-આગવો અંદાજ છે. આ પ્રકારનાં સુભાષિતો પોતાની કથનીય બાબતને કોઇ અન્ય વસ્તુ-વ્યક્તિ વગેરેનાં માધ્યમે અસરકારકપણે પ્રસ્તુત કરે. આવું એક વિખ્યાત સંસ્કૃતભાષામાં આ છે કે :-

''हंसा महीमण्डलमण्डनाय, यत्राऽपि तत्राऽपि गता भवन्ति।''
हानिस्तु तेषां हि सरोवराणां, येषां मरालैः सह विप्रयोगः।।

કોઇ મહાનુભાવ વ્યક્તિ સૃષ્ટિ પરથી ચિરવિદાય લે ત્યારે ખોટ-નુકસાન એ મહાનુભાવને નહિ, સૃષ્ટિને થતું હોય છે. આ બાબત સમજાવવા સુભાષિત મસ્ત પ્રસ્તુતિ કરે છે કે હંસો દુનિયાના અન્ય પ્રદેશો શોભાવવા જ્યારે સરોવર છોડીને ચાલ્યા જાય છે ત્યારે નુકસાન સરોવરને થાય છે, હંસને નહિ. કેમ કે હંસો જ્યાં

જશે તે પ્રદેશને શોભા બક્ષશે, જ્યારે સરોવર હંસ વિના વિલખું-શોભાવિહીન થઇ જશે. અમારે આંગળી મૂકીને એ દર્શાવવું છે કે આ અન્યોક્તિશ્લોકમાં હંસને કેવું માન-મરતબાભર્યું સ્થાન અપાયું છે! માટે જ અમે ગત લેખમાં જણાવ્યું હતું કે હંસ ગ્રન્થકારો-કવિઓ-ચિંતકો માટે પ્રિય પક્ષી છે-માનાર્હ પક્ષી છે.

હંસની આ મહત્તાનું કારણ એની કેટલીક મૌલિક વિશેષતાઓ છે. એ પૈકી ચાર મુખ્ય વિશેષતાઓ આપણે ગત લેખથી વિચારી રહ્યા છીએ. એમાં આજે વિચારીશું ત્રીજા-ચોથા ક્રમાંકની વિશેષતાઓ.

**(૩) હંસ પાસે અદ્‌ભુત વિવેક હોય છે :-** સંસ્કૃત ભાષાનુસાર 'વિવેક' શબ્દનો અર્થ થાય છે વિભાગીકરણ. સારું-નરસું જ્યાં મિશ્ર થઇ ગયું ત્યાં સારાં અને નરસા વચ્ચે ભેદ કરી સારાને સ્વીકારવું-સાર તારવી લેવો એનું નામ છે વિવેક. આ વિભાગીકરણ દ્વારા સાર ગ્રહણ કરવાની શક્તિ હંસને એક બાબતમાં જન્મજાત બક્ષિસરૂપે મળી છે. એનાથી જ હંસ વિવેકનો પર્યાય કે પ્રતીક બની ગયો છે. એ બાબત છે નીર-ક્ષીરવિવેક.

ધારો કે હંસ સમક્ષ પાણીમિશ્રિત દૂધનું પાત્ર ધરવામાં આવે તો હંસ એ પાત્રમાંથી માત્ર દૂધનો ભાગ જ આરોગશે અને પાણી પાત્રમાં જ રહેવા દેશે. હંસને આ કુદરતી વરદાન મળેલું છે કે આપણા માટે આ રીતના મિશ્રિત નીર-ક્ષીરનું જે વિભાગીકરણ અશક્ય છે તે એના માટે એકદમ સહજ-સામાન્ય છે! હંસની આ જન્મજાત વિશેષતા આપણને એ આદર્શ આપે છે કે જીવનની દરેક બાબતમાં સારા-નરસાનો વિવેક કરી સારાને પુરસ્કૃત કરો અને નરસાને તિરસ્કૃત-નાબૂદ કરો. આમાં પણ **એક અફલાતૂન વિવેક એ છે કે નરસી બાબતનાં નિવારણમાં ય વિવેક જોઇએ. ઉગ્રતા-રાડારાડી-ઝઘડાથી એનું નિવારણ કરવું એ વિવેક નથી. કોઇ અતિ વિશિષ્ટ ઘટનાને બાદ કરતાં ઉગ્રતાનું વલણ વિવેકભર્યું ન ગણાય. ખૂબ શાંત ચિત્તે યોગ્ય ઉપાયથી નરસી બાબતનું નિવારણ કરવું તે વિવેક કહેવાય.**

આવા વિવેકપૂર્ણ અભિગમથી અનિષ્ટનું નિવારણ કરનાર પુણ્યાત્માનો અદ્‌ભુત કહી શકાય તેવો પ્રસંગ જાણવો છે? તો યાદ કરીએ ગત લેખથી જેમની સત્ય ઘટનાઓ આવરી લેવાનો ઉપક્રમ અપનાવ્યો છે તે વડોદરાના દિવંગત પુણ્યાત્મા J.M. શાહને.

જયંતિભાઇ ચુસ્ત જૈન હોવાથી એમના ઘરમાં કંદમૂળનો સખત વિરોધ હતો. કંદમૂળ કદી એમનાં ઘરે આવી જ ન શકે. કારણ કે જૈન દર્શનની વાસ્તવિક નક્કર માન્યતા મુજબ કંદમૂળમાં અનંત જીવો હોવાથી એનાં ભક્ષણમાં અનંત જીવોની હિંસાનું પાપ લાગે. માટે કોઇ પણ ચુસ્ત જૈનનાં ઘરમાં અને જીવનમાં કંદમૂળ ભોજનને સ્થાન હોય જ નહિ. જયંતિભાઇના ચુસ્ત જૈન ઘરમાં પણ આ પ્રણાલિકા જ હતી.

પરંતુ એમના પુત્રવધૂ ઉષાબહેનને એવા વિચારો આવી જતા કે 'સસરાજી કંદમૂળ ન વાપરે તે એમનો નિયમ. પણ મારે ક્યારેક વાપરવું હોય તો એમાં શું વાંધો? રોજ કંદમૂળ વાપરવાની તો મારે ય ઇચ્છા નથી.' પિતૃપક્ષનું અલગ ઘડતર અને વિશેષ તો યુવાન વય : એટલે આવો સ્વતંત્ર વિચાર એમને આવ્યો. છતાં મર્યાદા અને શરમ જેવાં તત્ત્વ હતાં. એટલે ઉષાબહેને એમ વિચાર્યું કે સસરાજીને જરા ય ખબર ન પડે તે રીતે એક વાર આ શોખ પૂર્ણ કરવો.

એ માટે એમણે ઘરના એક સમવયસ્ક સ્વજનને સાથે રાખ્યાં. પુરુષવર્ગ ધંધાર્થે નીકળી જાય અને સસરાજી જમીને ઉપરના મજલાની Roomમાં જતા રહે પછી આ Plan અમલમાં લેવાનો એ બન્નેએ નિર્ણય કર્યો. જયંતિભાઇ એટલા નિયમિત-શિસ્તબદ્ધ હતા કે ક્યારે ય સાંજના ભોજનસમય પૂર્વે નીચે ન આવે. પણ...ઉષાબહેનના કમનસીબે (ખરેખર તો સદ્‌નસીબે) જે દિવસે ભોજાઇ-નણંદે કંદમૂળશોખનો Plan અમલમાં લીધો તે દિવસે અચાનક ઉપરના મજલે ગયેલ જયંતિભાઇ અર્ધા કલાકમાં કોઇ કાર્યવશ નીચે રસોડામાં આવ્યા. કંદમૂળ આરોગતા પુત્રવધૂ-પુત્રીને જોઇ એ સ્તબ્ધ થઇ ગયા. એમનાથી વધુ સ્તબ્ધતા અને આઘાત પુત્રવધૂ-પુત્રીને લાગ્યો! કેમ કે આવું બનવાની કોઇ ધારણા જ ન

હતી. એ ભય અનુભવી રહ્યા કે હમણાં જયંતિભાઇનો પુણ્યપ્રકોપ દુર્વાસાઋષિના ક્રોધની જેમ ફાટી નીકળશે.

એક જ ક્ષણ...અને સ્તબ્ધ જયંતિભાઇ એક અક્ષર બોલ્યા વિના ઉપર ચડી ગયા. બન્નેએ રડતી આંખે-ફફડતા હૈયે અધૂરું કંદમૂળભોજન પૂરું તો કર્યું. પરંતુ મન પર મણ-મણનો બોજ વ્યાપી ગયો. સાંજ પડી. રાત થઇ. પરંતુ જયંતિભાઇએ ઘરના અન્ય કોઇ સભ્ય સાથે આ ઘટનાની ન ચર્ચા કરી, ન બીજી રીતે આક્રોશ વ્યક્ત કર્યો.

બીજા દિવસે સવારે નવકારશી (સવારના નાસ્તા) માટે એ ઉપરથી નીચે ન આવ્યા. સમય ખૂબ ગયો. એથી ઉષાબહેન એમને બોલાવવા ઉપર ગયા. તો કહેઃ ''આજે મારે ઉપવાસ છે. મારાં ઘરમાં આ ઘટના બની. એટલે પ્રાયશ્ચિત્ત મારે કરવાનું છે.'' ઘણું સમજાવ્યા. પણ ન માન્યા. શરમિંદા બની નીચે ઉતરી ગયેલ ઉષાબહેનને આ ઘટનાએ એવી ચોટ લગાવી કે એમણે આજીવન કંદમૂળત્યાગ કર્યો! આજે દાયકાઓ પછી ઉષાબહેન ધર્મ-આરાધના માર્ગે ખૂબ આગળ વધ્યા છે. ઉપધાનાદિ આરાધનાઓ એમણે અમારી નિશ્રામાં કરી છે, તો અમારી પાસે ભવઆલોચના પણ એમણે લીધી છે. કિંતુ ધર્મ તરફ વળવાની પ્રક્રિયાનાં મંડાણ એમનાં જીવનમાં આ ઘટનાથી વિશેષરૂપે થયા.

કલ્પના કરો કે ઘરની મર્યાદા તોડતી ઉપરોક્ત ઘટનામાં જયંતિભાઇએ આવેશ-ક્રોધ વગેરે હાથવગા હથિયારો અજમાવ્યા હોત તો? તો ઉષાબહેનમાં જે આ સમ્યક્ પરિવર્તન આવ્યું તે ન આવ્યું હોત અને સંક્લેશ-મનદુઃખ વધી ગયા હોત. આવું કાંઇ ન

બન્યું એનું કારણ જયંતિભાઈનો વિવેક હતો કે જે હંસની એક આગવી વિશેષતારૂપ છે...

**(૪) હંસ માનસરોવરમાં મહાલે છે :-** હિમાલયની ગિરિમાળાઓ વચ્ચે આવેલ માનસરોવર સૃષ્ટિનું એવું શાંત-શીતલ-પ્રકૃતિરમ્ય સ્થાન છે કે જે અન્ય સ્થાનો-સરોવરો કરતાં એને અલગ-અદ્‌ભુત વિશેષતા બક્ષે. રાજહંસો આ માનસરોવરમાં મહાલતા હોય છે. હંસો-રાજહંસો કદી છિલ્લરમાં-નાના નાના ખાબોચિયામાં ન રમે.

એ જ રીતે જેઓ હંસ જેવું ઉત્તમ વ્યક્તિત્વ ધરાવે છે તેઓ જીવનમાં આવતી આસમાની સુલતાનીઓ-કસોટીઓ-મુસીબતો સામે દેવ-ગુરુ-ધર્મની નિતાંત શુદ્ધ શ્રદ્ધાના માનસરોવરમાં મહાલે, અશ્રદ્ધાના છિલ્લરમાં નહિ. ક્યાંક છિછરું વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓને એવું બોલતા સાંભળીએ છીએ કે ''મેં આટલી પ્રભુભક્તિ કરી, ધર્મ કર્યો. છતાં મને આવી તકલીફ આવી. તો ભગવાને મારું ધ્યાન શું રાખ્યું? ભક્તિ કર્યાનો કોઈ અર્થ નથી.'' આ શબ્દો અશ્રદ્ધાના દ્યોતક છે. હકીકત એ છે કે આવી આકાંક્ષાથી ઉપર ઊઠી પરિપક્વ ધર્મી તરીકે યોગ્યતા કેળવી ધર્મસાધના કરવી અને તકલીફ આવે ત્યારે આર્તધ્યાનમાં-હાયવોયમાં ન જતા પૂર્ણ શ્રદ્ધાથી ધર્મનાં શરણે જવું. પૂર્વોક્ત જયંતિભાઈમાં આ રીતે શ્રદ્ધાના માનસરોવરમાં મહાલવાનો અભિગમ કેવો મસ્ત હતો તે એમના આ અદ્‌ભુત પ્રસંગ દ્વારા નિહાળીએઃ

તેઓ પૂના હતા અને એમના ધર્મપત્નીને ગોધરામાં પ્રસૂતિ હતી. ગર્ભકાળના છેલ્લા દિવસો હતા અને અચાનક બાળક ગર્ભમાં જ મૃત્યુ પામી ગયું. એ યુગમાં વિજ્ઞાન આજના જેવું Advance ન હતું. એથી મૃત બાળકની

Delivery કરાવી માતાને બચાવવી લગભગ અશક્ય વાત હતી. કોઇ ઉપાય સૂઝતો ન હતો. ધર્મપત્ની Hospitalમાં હતા. સ્વજનો ચિંતાતુર હતા. કેમ કે Doctorએ કહ્યું હતું કે ''સમય જશે તેમ તેમ મૃત બાળકનાં કારણે શરીરમાં ઝેર ફેલાતું જશે. માતાનો બચાવ અશક્ય છે.''

જયંતિભાઇ પૂનાથી નીકળી ગયા હતા. ગોધરા આવતાંવેંત Hospital Bed પર રહેલ ધર્મપત્નીનો હાથ પોતાના હાથમાં લીધો અને પૂર્ણ શ્રદ્ધાથી જૈન જગતના સુપ્રસિદ્ધ બૃહત્શાંતિસ્તોત્રનો પાઠ બંધ આંખે તન્મયભાવે કરવા માંડ્યો. કેટલોક સમય થયો અને અચાનક Normal Courseમાં જ જીવંત બાળકની જેમ મૃત બાળકની પ્રસૂતિ થઇ ગઇ અને એમના ધર્મપત્ની બાલબાલ બચી ગયા! જયંતિભાઇની નિર્મલ શ્રદ્ધાનો આ ચમત્કાર હતો.

અહીં સમજવાની ખાસ વાત એ છે કે માત્ર ભૌતિક લાલસા પોષતા મંતર-જંતરને અમે ક્યાં ય પુરસ્કૃત નથી કરતા. બૃહત્શાંતિ એ સ્તરનું સ્તોત્ર નથી. એ તો શુદ્ધ પ્રભુભક્તિનાં માધ્યમે શાંતિ પ્રસરાવતું સાત્ત્વિક સ્તોત્ર છે કે જેને પૂર્વાચાર્યભગવંતોએ પ્રતિક્રમણ જેવાં પાપશુદ્ધિકારક અનુષ્ઠાનમાં સ્થાન આપ્યું છે. આવા સાત્ત્વિક ઉપાયો પરની શ્રદ્ધાને અમે શ્રદ્ધાનું માનસરોવર કહીએ છીએ. આ માનસરોવરમાં જયંતિભાઇ જેવા રાજહંસ આપણે બનીએ.

છેલ્લે, શ્રદ્ધાનો મહિમા દર્શાવતી શાયરીથી સમાપન કરીએ કે :-

**શ્રદ્ધાભરી જે જિંદગી, જગમાં કદી ફરતી નથી;**
**શ્રદ્ધાવિહોણી જિદંગી, જગમાં કદી ફળતી નથી...**

✿ ✿ ✿



21

# વિહારસેવા દ્વારા જૈન શ્રમણ-શ્રમણીસંઘની સુરક્ષાનો ઉત્તમ પ્રયોગ : વિહારસેવા Group

‘સ્વ’ની સાધના અને ‘સર્વ’જીવમાત્રનાં કલ્યાણની કામના સાથે વિચરતા રહી આ ધરતીને પાવન કરતાં જૈન શ્રમણ-શ્રમણીભગવંતો માટે **‘પંચસૂત્ર’** શાસ્ત્રમાં એક મધુર-આહ્લાદક અને સંપૂર્ણ સાર્થક વિશેષણ યોજાયું છે **‘परोवयारनिरया.’** મતલબ કે જૈન શ્રમણ પરોપકારમાં પરાયણ હોય છે - પાવરધા હોય છે.

જાતનાં કલ્યાણની સાધનાની સાથોસાથ જગતકલ્યાણની ધારા અખંડરૂપે બરકરાર રાખવી એ જૈન શ્રમણોની અદ્ભુત કમાલ છે. પ્રવચન-લેખન-આત્મહિતની વ્યક્તિગત કાળજી-આદર્શરૂપ આલંબનો : આ છે એમના વિધવિધ સ્વરૂપના પરોપકારની આછી ઝલકો ! જૈન શ્રમણોના ધારદાર પ્રવચનોએ કૈંક વાલિયાઓને વાલ્મીકિરૂપે પરાવર્તિત કર્યા છે, તો જૈન શ્રમણોની કરુણાનીતરતી હૃદયસ્પર્શી લેખિનીએ કંઈ કેટલા ય પતિતોને પાવન બનાવ્યા છે.

શ્રમણો સમષ્ટિગત - સામૂહિક ઉપકારકાર્યો જેટલાં કરે છે એથી અનેકગણા અધિક ઉપકારકાર્યો વ્યક્તિગતરૂપે દોષત્યાગ-વ્યસનત્યાગ-સ્વાર્થત્યાગ-સંસારત્યાગ વગેરે સ્તરે કરાવે છે. અને... એમનાં જીવનમાંથી સહજ પ્રગટતા આદર્શ આલંબનો ? એનાં તો અઢળક નોખા- અનોખા ઈતિહાસો છે. શ્રમણની આદર્શ ભિક્ષાચર્યા નિહાળી ઈલાચીકુમાર કેવલજ્ઞાન પામ્યા, તો એ જ જૈન શ્રમણોની આદર્શ વિહારચર્યા નિહાળી તામલિ તાપસ સમ્યગ્દર્શન પામ્યા. અરે! આજે પણ કેટલા ય અજૈન પરિચિતો અમને કહે છે કે ''સાધુ જીવનની સૌથી શ્રેષ્ઠ ઉંચાઈ અમને જૈન શ્રમણોમાં જ જોવા મળે છે.'' આ છે એમનાં જીવનમાંથી સહજ પ્રગટતા આદર્શ આલંબનો.

જૈન શાસનની અપેક્ષાએ વિચારીએ તો, જૈન શ્રમણોનો સર્વાધિક ઉપકાર છે શાસનપ્રભાવનાનો-શાસનરક્ષાનો. આજે જૈન શાસનમાં પ્રચુર પ્રમાણમાં દાન-શીલ-તપની સાધનાની જે છોળો ઊડે છે, પદયાત્રાસંઘો - જિનાલયાદિ નિર્માણો - સાધર્મિક સેવા - અનુકંપાકાર્યોના જે પૂર ઊમટે છે એના મૂળમાં નિઃસંદેહ શ્રમણ-શ્રમણી ભગવંતો છે. જો એ શ્રમણ - શ્રમણી સંઘ ન હોત તો જૈન શાસનનો ઉજ્જવલ ઈતિહાસ પણ ન હોત. આથી જ અમે પ્રવચનોમાં ઘણી વાર એક શાયરી ટાંકીએ છીએ કે :-

आकाशमें यदि तारे न होते, तो रात इतनी सुहानी न होती।
दुनियामें अगर साधु-साध्वी न होते, तो जैन धर्मकी कहानी न होती।।

ઉપર જણાવ્યું તેમ જે શ્રમણ-શ્રમણીસંઘ પરોપકારની વિરલ ધારા ઉત્કૃષ્ટપણે વહાવે છે તે શ્રમણ-શ્રમણીસંઘની વિહારસેવા અને એના દ્વારા સુરક્ષાનું મહાન આવશ્યક કાર્ય વર્તમાનમાં કાબિલેદાદરૂપે અદા કરે છે વિહારસેવા ગ્રુપ. એના પ્રેરક-પ્રણેતા અને દષ્ટા-સ્રષ્ટા છે પ્રવચન પ્રભાવક આ. મહાબોધિસૂરિજી મહારાજ. લગભગ પંદરેક વર્ષ પૂર્વે ભીવંડીમાં કોઈ સૌભાગી ક્ષણે એમના હસ્તક આ કાર્યનું એવું ઉત્થાન થયું કે આજે વિહારસેવા ગ્રુપ

કબીરવડની જેમ વિરાટ વિસ્તાર પામ્યું છે. એ સંસ્થાની માહિતી મુજબ ભારતના વિવિધ રાજ્યોમાં એની ચારસોથી વધુ શાખા વિસ્તરી છે અને તેમાં વીશ હજારથી વધુ વિહારસેવક-સેવિકાઓ છે. આ સહુ નિઃશુલ્કપણે માત્ર સ્વૈચ્છિક સેવાભાવે, વહેલી સવારે પદયાત્રા કરતાં શ્રમણ - શ્રમણી ભગવંતોની સુરક્ષા માટે પગપાળા વિહાર કરવા જોખમભરપૂર High-wayથી લઈને અંતરિયાળ જંગલમાર્ગો પર નીકળી પડે છે. આ એવી નિર્વિવાદ સેવાપ્રવૃત્તિ છે કે એને સમુદાય-પક્ષ-ગચ્છના સીમાડા સ્પર્શી શકતા નથી. અમારાં અંતરને સૌથી વધુ સ્પર્શતી વાત આ છે.

અલબત્ત, અમે એમ કહેવા નથી માંગતા કે આ ગ્રુપની સ્થાપના પૂર્વે વિહારસેવાની વ્યવસ્થા ન હતી. તે પૂર્વે ય વ્યવસ્થા હતી જ. જેમ કે મુંબઈની નિકટ વૈતરણા નદીના Railway-bridge ઊતરવાનો વિહાર અત્યંત કઠિન છે. ત્યાંના એક ભાઈ One man Army બની છેલ્લા ત્રીશથી વધુ વર્ષોથી એકલપંડે શ્રમણ-શ્રમણીભગવંતોની સાથે રહી વિહારસેવા અને સુરક્ષા કરે છે, તો શ્રમણસેવા ગ્રુપ-સમકિત યુવક મંડળ વગેરે સંસ્થાઓ આ જ કાર્ય સમૂહ સ્તરે કરે છે. પરંતુ અમારો નિર્દેશ એ છે કે ગામે ગામ-શહેરે શહેર અને રાજ્યે રાજ્ય વિહારસેવાને અને એ દ્વારા શ્રમણસુરક્ષાને વ્યાપક સ્તરે લઈ જવાનો યશ નિઃસંદેહ વિહારસેવા Groupને જાય છે. અમારું છેલ્લું ચાતુર્માસ શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાં હતું ત્યારે એના અંતિમ ચરણમાં, આ. શ્રી મહાબોધિસૂરિજીએ પાઠવેલ વિહારસેવા Groupનું વિવિધ સાહિત્ય મળ્યું. એના પર નજર ઠેરવતાં અંતરમાં જે અનુમોદનાનો આનંદસાગર લહેરાયો એનાં કેટલાંક અમીછાટણાં આજે 'ગુજરાત સમાચાર'ના લાખો વાચકો સમક્ષ પ્રસ્તુત કરવા છે. આવો, ઘટનાઓની તસવીરોમાં આપણે એનું મનભર-દિલબહાર દર્શન કરીએ :

(૧) મધ્યપ્રદેશનું શૈલાના ગામ. આ ગામના ભાવિક મૂકેશભાઈ જૈન શત્રુંજયગિરિરાજની નવ્વાણું (એકસો આઠ) યાત્રા કરવા ગયા હતા. પચાસેક દિવસના દીર્ઘ પુરુષાર્થના અંતે યાત્રાઓ પૂર્ણ કરી તેઓ સવારે ચાર વાગ્યે હજુ તો

ગામમાં પહોંચ્યા ત્યાં સમાચાર મળ્યા કે આજે વિહારમાં પદયાત્રાનો લાભ લેવાનો છે. કોઈ વ્યક્તિ સળંગ પચાસથી વધુ દિવસ ઘરથી દૂર રહી હોય અને ઘરે પહોંચતાવેંત આવો સંદેશ મળે તો શું એ તુરત-તુરત વિહારમાં જાય? અને એ ય નિત્ય સત્તાવનસો સોપાનની ચડ-ઊતર સાથેની યાત્રાઓ કરીને આવે ત્યારે ? ઘરનું જોડાણ અને થકાન, બે ય નાં કારણે આ અશક્ય લાગે. પરંતુ આ વિહારસેવક ભક્તિથી સળંગ વીશ કિલોમીટર ચાલી સંયમી ભગવંતોની સેવા-સુરક્ષામાં રહ્યાં ! વિહાર પૂર્ણ થયા બાદ ઘરે પહોંચી ૧૨.૩૦ ક. પચ્ચક્ખાણ પાર્યું. ત્યાં સુધી એમણે મુખમાં અન્નનો કણ અને જલનું બુંદ પણ લીધું નહિ. શું કહીશું આને ? ચોક્કસ જ વિહારસેવાનો રંગ.

(૨) મુંબઈ-ઘાટકોપરના હરેશભાઈ કોઠારી. વર્ષોથી સંયમી ભગવંતોના વિહારમાં જાય અને વિહારસંલગ્ન સેવાઓનો ભક્તિથી લાભ લે. અશાતાવેદનીય કર્મના ઉદયે તેઓ Cancerની બિમારીમાં સપડાયા. પરંતુ એમનો જોમ-જુસ્સો અને સંયમીઓની સેવા-સુરક્ષાના ભાવ બુલંદીપૂર્વક અકબંધ રહ્યા. Cancerની સ્થિતિમાં છેલ્લા બે વર્ષ એ વિહાર સેવામાં જોડાયેલ રહ્યાં. એટલું જ નહિ, એમની ચિરવિદાય પછી એમનો પુત્ર અને પૌત્ર એ સેવામશાલ જ્વલંત રાખવા વિહારસેવા ગ્રુપમાં જોડાઈ ગયા. Cancerને ય પડકારનારી આ ઝીંદાદિલી-જોશ પેલી પંક્તિને સાર્થક કરતી લાગે કે "**जोश एसा हो जिसपे फरिश्तेको भी नाझ हो.**"

(૩) એક વિહારસેવકની ધાર્મિક જીવનશૈલી આ રીતની સર્જાઈ છે કે તે નિત્ય નવકારશી-ચોવિહાર-

પ્રભુપૂજા કરે. દરેક પર્યુષણા પર્વમાં ચોસઠ પ્રહરી પૌષધ કરે. પ્રતિવર્ષ બન્ને શાશ્વતી ઓળીની આયંબિલ આરાધના કરે. મોટી વાત હજુ બે છે કે એ પોતાની વાર્ષિક આવકની પચાસ ટકા રકમ જૈન ધર્મના શુભ કાર્યોમાં વાપરે છે, તો હવેથી પદયાત્રા વિહારોમાં ચંપલનો ત્યાગ કરે છે. અને... હવે એમની સૌથી મોટી વાત. આ ભાઈ જન્મે જૈન નથી, અજૈન છે. એમનું નામ છે સુભાષભાઈ રાજપૂત. સંયમીઓનો સંસર્ગ જીવનમાં કઈ હદનું પરિવર્તન પ્રગટાવી શકે એનું આ ઉત્તમ ઉદાહરણ છે. યાદ આવે અહીં શંકરાચાર્યની એક સંસ્કૃત કૃતિની સદાબહાર પંક્તિઓ કે ''**क्षणमपि सज्जनसङ्गतिरेका, भवति भवार्णवतरणे नौका.**''

ભાવાર્થ કે સજ્જનની સાધુ-સંતની સંગતિની એક ક્ષણ પણ સંસારસાગરથી પાર ઉતારી શકે છે.

(૪)અમદાવાદ-સાબરમતી સંઘના વિહાર-Groupના યુવાનોએ શ્રમણ ભગવંતોની વિહારસુરક્ષા માટે નવતર પ્રયોગ કર્યો. એ મુખ્ય High-way પરના Tallbooth પર ગયા. ત્યાં જેટલા જેટલા ભારે વાહનો લાઈનમાં હતા તે તે દરેક વાહનોના ચાલકોને મીઠાઈ Box આપવા સાથે વિનંતિ કરી કે ''આ High-way પર જૈન શ્રમણ-શ્રમણીને ચાલતા જુઓ ત્યારે એમને અકસ્માત્ ન થાય એનું ધ્યાન રાખી Speed ઓછી કરજો.'' બે હજાર વાહનચાલકોને એમણે મીઠાઈ Box ભેટ ધર્યા. માનસશાસ્ત્રનો નિયમ છે કે વ્યક્તિ જ્યારે એક ધ્યેયને પૂર્ણ સમર્પિત બને છે ત્યારે એની પૂર્તિ માટે જે જે શક્ય હોય તે તે તમામ ઉપાયો અજમાવે. આ ઘટનામાં આ નિયમ પ્રતિબિંબિત થતો સરસ નિહાળાય છે.

(૫) જે સંયમીઓ વૃદ્ધ-અશક્ત-રોગગ્રસ્ત હોય એમના વિહાર માટે વર્તમાનમાં Chairની વ્યવસ્થા વ્યાપક છે. આ Chair ચલાવવા પગારદાર કર્મચારી ભાઈ-બહેનો

રખાય. જામનગર વિસ્તારમાં Chair ચલાવનાર આવી પાંચ બહેનો એકાએક વિહાર અધૂરો રાખી ચાલી જતાં વિહારસેવા Groupની પાંચ જૈન બહેનોએ ઘરકાર્ય છોડી આ સંયમીઓની વિહારસમસ્યા દૂર કરવાનો પડકાર ઝીલ્યો. એ પાંચ જૈન શ્રાવિકાઓએ સળંગ છ દિવસ પાંચ પાંચ Chair ચલાવી સંયમીઓની વિહાર સેવા કરી! જેઓ પોતાનાં ગૃહકાર્ય માટે કામવાળી બાઈઓ રાખતા હોય તે શ્રાવિકાઓ સ્વયં Chair ચલાવે તે સંયમીઓની સેવાના અનાહત નાદ સિવાય ક્યાંથી શક્ય બને? અમે સ્વયં પણ લાખો રૂપિયાની ઉછામણી બોલનાર શ્રીમંત પરિવારના સભ્યોને હોંશે હોંશે સંયમીઓની Chair ચલાવતા નિહાળ્યા છે કે જેઓ કોઇ Groupમાં નથી, માત્ર હૈયાના ઉલ્લાસથી સંઘમાં પધારતા સંયમીઓની આવી સેવા કરે છે. વૈયાવચ્ચની-સેવાની ભાવના જ એમાં પ્રધાનપણે કાર્યરત હતી.

(૬) ઘાટકોપર-સાંઘાણી સંઘના યુવાન નિકુંજભાઈ. એક વાર બપોરે એમને સાંજનો વિહારCall આવ્યો. એ તુર્ત વિહાર માટે સજ્જ થઈ ગયા. મહત્ત્વની વાત એ હતી કે તે જ સાંજે એમની વહાલી દીકરીનો Birthday કાર્યક્રમ હતો. ગૃહસ્થ વ્યક્તિ આવા કાર્યક્રમને પહેલી Priority આપે. પરંતુ આ નિકુંજભાઇએ Birthday Party ગૌણ કરી વિહારસેવાને પ્રાધાન્ય આપ્યું. એ Partyમાં નહિ, વિહારમાં ગયા. સંતાનની સુખાકારી કરતાં સાધુ-સંતની સુરક્ષા શ્રેષ્ઠ લાગી હોય ત્યારે આવી દઢતા પ્રગટે.

ચિક્કાર પ્રેરણાસ્પદ પ્રસંગોમાંથી અહીં પ્રસ્તુત ઝલકરૂપ પ્રસંગોનું સમાપન કરતાં અમે એ જ કહીશું કે **''જૈન શ્રમણ-શ્રમણી ભગવંતો સ્વ-પર કલ્યાણની સાધનાનું ઉત્તમ ઉદાહરણ છે, તો આ વિહારસેવક/સેવિકાઓ એમની સુરક્ષા ભક્તિનું ઉત્તમ ઉદાહરણ છે.''**

✿ ✿ ✿



22

# શત્રુંજયતીર્થાધિરાજનાં સાન્નિધ્યમાં સામૂહિક ચાતુર્માસાદિ પ્રસંગે ભાવવિભોર શત્રુંજયવંદના

જૈન જગતનું સર્વોચ્ચ મહાતીર્થ એટલે સૃષ્ટિશિરતાજ ત્રિભુવનતાજ ભવસાગર જહાજ પરમપદપાજ શ્રી શત્રુંજયગિરિરાજ. વિહરમાણ તીર્થંકર ભગવંત શ્રી સીમંધર-સ્વામીપ્રભુએ સ્વયં આ મહાનતમ તીર્થ માટે ફરમાવ્યું છે કે ''કોઇ અનેરું જગ નહિ, એ તીરથ તોલે.''

પ્રભુકૃપા-ગુરુકૃપાથી અમને એ પરમ સૌભાગ્ય સાંપડ્યું છે કે વિ.સં.૨૦૮૦નું ચાતુર્માસ અમે એ પરમ પવિત્ર શત્રુંજયગિરિરાજનાં સાન્નિધ્યમાં-પાલિતાણાની પુણ્યભૂમિમાં કરી રહ્યા છીએ. વિરાટસંખ્યક આરાધકો અને સ્વસમુદાયના નેવુંથી અધિક સંયમીભગવંતો સાથે શત્રુંજયગિરિરાજની એકદમ નિકટ ચેન્નઇભવનમાં અમારી સામૂહિક ચાતુર્માસ આરાધના-ઉપાધનતપ-નવાણુંયાત્રા અનુષ્ઠાન અને વિવિધ પદયાત્રાસંઘો યોજાનાર છે એને અમે શત્રુંજયસાન્નિધ્યની ધન્ય ક્ષણો-ધન્ય દિવસો માનીએ

છીએ. આ તા. ૨૦ જુલાઇથી એ આરાધનાઓ શરૂ થઇ રહી છે ત્યારે શત્રુંજય-ગિરિરાજ સંબંધી આ લેખ પ્રાસંગિક બની રહેશે.

જૈન પરંપરા હો કે અજૈન પરંપરા, એમાં ભગવાનના નામો એકથી વધુ યાવત્ એકસો આઠ વગેરે જોવા મળશે અને એનું સ્મરણ-જાપ પણ જોવા મળશે. પરંતુ એવું જવલ્લે જ જોવા મળશે કે ભગવાનના યાત્રાધામોના નામો એક-બે નહિ, એકસો આઠ હોય અને એનાં સ્મરણનો મહિમા હોય. શત્રુંજયગિરિરાજ આવું ધન્યતમ યાત્રાધામ છે કે આ ગિરિરાજના નામો એકસો આઠ છે અને એના પઠનનો-શ્રવણનો અદ્ભુત મહિમા છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો શત્રુંજયાભિધાન લઘુસ્તોત્રનો આ શ્લોક કે :-

नामान्यमूनि यः प्रातः, पठत्याकर्णयत्यपि।
भवन्ति सम्पदस्तस्य, व्रजन्ति विपदः क्षयम्।।

ભાવાર્થ કે શત્રુંજયગિરિરાજના આ પવિત્ર નામોનું જેઓ નિત્ય પ્રભાતે પઠન કે શ્રવણ કરે છે તેમની વિપત્તિઓ વિલય પામે છે અને સંપત્તિઓ-અનુકૂલતાઓ સર્જન પામે છે. શત્રુંજય-સિદ્ધક્ષેત્ર-પુંડરીકગિરિ-પુણ્યરાશિ આદિ એ પ્રત્યેક નામો પવિત્ર છે અને એમાં પ્રેરણાભર્યો ઇતિહાસ સંલગ્ન છે. આપણે એ નામોને ભાવપૂર્ણ વંદન કરીએ અને બે નવાં વિશેષણો એવાં વિચારીએ કે જે ભલે કલ્પનાનું ફરજંદ હોય છતાં ગિરિરાજની વિશેષતાઓ બહુ નક્કરપણે-વાસ્તવિકપણે ઉજાગર કરે.

**(૧) આશ્રયતીર્થ :-** આશ્રય એવું સ્થાન છે જે વ્યક્તિને શાતા આપે-શાંતિ આપે. એથી ય વિશેષ કેટલાક આશ્રય એવા હોય છે કે જે વ્યક્તિને સુવિધા-સુરક્ષા આપે. ભરબપોરે માર્ગ પર ચાલ્યો જતો પ્રવાસી વૃક્ષનો આશ્રય લે ત્યારે વૃક્ષ એને માત્ર શાતા-શાંતિ આપે છે, સુવિધા-સુરક્ષા નહિ. જ્યારે માતાની ગોદનો આશ્રય લેતા શિશુને એ ગોદ શાતા-શાંતિ ઉપરાંત સુવિધા - સુરક્ષા ય

આપે. શત્રુંજયગિરિરાજ એવું આશ્રયતીર્થ છે કે જે શાતાથી લઇને સુરક્ષાનું ય દાન કરે. એ પણ એવી શાતા-સુરક્ષા કે જે માત્ર બાહ્ય નહિ, અભ્યંતર-આત્મિક મુખ્યત્વે હોય. એથી આપણે એ ગિરિરાજને આશ્રયસ્થાન નહિ, આશ્રયતીર્થ કહીએ છીએ. કેવું અદ્ભુત છે એ આશ્રયતીર્થ? એ જાણવા આપણે દૃષ્ટિપાત કરીશું એક પ્રાચીન વિલક્ષણ ઘટના પર :

'શત્રુંજય' નામકરણનો ઇતિહાસ આલેખતા પ્રાચીન ગ્રન્થો કહે છે કે બહુ પ્રાચીન કાળમાં ચન્દ્રશેખર નામે એક રાજા થઇ ગયો. એનું બાહ્ય જીવન અને અભ્યંતર જીવન સાવ જુદું હતું : જાણે બાહ્ય જીવનમાં એ રામ હતો, તો આંતરિક જીવનમાં રાવણ! અરે! રાવણ તો હજુ કદાચ સારો કે જેણે પરસ્ત્રી પર કુદૃષ્ટિ ઠેરવી હતી, જ્યારે આ ચન્દ્રશેખરે તો સગી બહેન ચન્દ્રાવતી પર કુદૃષ્ટિ ઠેરવી હતી. બહેનના લગ્ન થાય તે પૂર્વે યુવાવસ્થામાં એ બહેન સાથે વ્યભિચારની તમામ મર્યાદા ઓળંગી ગયો હતો. પૂર્વજન્મના વિચિત્ર ૠણાનુબંધ કોઇ એવા હતા કે ચન્દ્રાવતી પણ એના પ્રત્યે બેહદ આકર્ષણ ધરાવતી હતી. એથી વ્યભિચારની ઘટના એકાદ-બે વારના આવેગ પૂરતી ન રહી, બલ્કે વર્ષોના વર્ષોપર્યંત-ચન્દ્રાવતીના લગ્ન પછી પણ દીર્ઘકાળ આ વ્યભિચારનો સિલસિલો ચાલ્યો. છતાં આશ્ચર્ય એ હતું કે કોઇને એની ગંધ સુદ્ધા ન આવી.

રાજા ચન્દ્રશેખરે રૂપપરાવર્તનની વિદ્યા સિદ્ધ કરી હતી. એનાં બળે એણે પોતાના બનેવી રાજા શુકરાજને કેટલોક સમય સીફતથી રાજ્યભ્રષ્ટ કર્યા અને ચન્દ્રાવતી સાથે પાપલીલા ચલાવી. છતાં શુકરાજને કે કોઇને આછો ય ખ્યાલ ન આવ્યો કે આ કારસ્તાન ચન્દ્રશેખર રાજાનું છે. રાજ્ય પુનઃ પ્રાપ્ત કર્યા પછી રાજા શુકરાજે શત્રુંજયમહાતીર્થનો ભવ્ય પદયાત્રાસંઘ યોજ્યો. એમાં નિકટના સ્વજનરૂપે રાજા ચન્દ્રશેખર પણ હતો. શત્રુંજયગિરિરાજના દિવ્ય પરમાણુઓને સ્પર્શતા એની ભીતરમાં જબરજસ્ત હલચલ મચી ગઇ. ભલે કોઇએ એ કલંકકથા જાણી ન હતી. પણ હવે એના મનમાં એનો ભાર વધવા માંડ્યો. આવા કુકર્મથી થનાર નિશ્ચિત દુર્ગતિના વિચારે એ થથરી ઉઠ્યો.

**'કમ્મે શૂરા સો ધમ્મે શૂરા'** આ ઉક્તિ સાર્થક કરતો હોય એમ એણે સર્વપ્રથમ શત્રુંજયગિરિરાજ પર જ્ઞાનીભગવંત પાસે પોતાના પાપોની રજેરજ કબૂલાત કરી : કોઇ જ ખોટી શરમ રાખ્યા વિના! આનાથી એનો માનસિક ભાર ઉતર્યો અને ચિત્તને સાચી શાતા-શાંતિ પ્રાપ્ત થઇ. શત્રુંજયગિરિરાજના પવિત્રતમ પરમાણુઓએ રાજા ચન્દ્રશેખરના ભાવ આથી પણ આગળ વધાર્યા. એણે ભાવપૂર્વક સંયમ સ્વીકાર્યો, શત્રુંજયગિરિરાજ પર જ ઉગ્ર તપસાધના-ધ્યાનસાધના કરી એણે ભયંકર ચીકણા કર્મો ખતમ કર્યા અને એ જ ભવમાં કેવલજ્ઞાન પામી મોક્ષ વર્યા! આ રીતે એ આત્માને સંભવિત દુર્ગતિથી બચાવી શાશ્વત કાળ માટે સુરક્ષિત બનાવનાર શત્રુંજયગિરિરાજ ખરા અર્થમાં શાતાદાનથી સુરક્ષાદાન કરી ઉત્તમ આશ્રય તીર્થ પુરવાર થયો!

કવિરાજ પંડિત વીરવિજયજી મહારાજે શત્રુંજયના ૨૧ ખમાસણદુહામાં આ સમગ્ર દીર્ઘ ઘટનાને આ રીતે વર્ણવી છે કે :-

**ચન્દ્રશેખર રાજા પ્રમુખ,**
**કર્મ કઠિન મળધામ;**
**અચલપદે વિમલા થયા,**
**તેણે વિમલાચલનામ.**

આ પંક્તિ એ જણાવે છે કે ચન્દ્રશેખરરાજા જેવા ઘોર પાપીને વિમલ એટલે કે કર્મમલથી શત્રુંજયગિરિરાજે મુક્ત કર્યા માટે એનું નવું નામકરણ થયું વિમલાચલ..

**(૨) આકર્ષણતીર્થ :-** બાળકને પસંદગી પીપરની હોય તો એને પચીશ-પચાસવાર પીપર મળે તો ય હજુ પીપરની અભિલાષા રહે જ એ છે આકર્ષણ.

ગમતું-મનપસંદ ગીત અનેક વાર સાંભળ્યા પછી ય એને વારંવાર સાંભળવાનું મન થયા કરે એ છે આકર્ષણ. Favorite Picture પાંચ-સાત વાર જોયા પછી પણ એ ઉપરાઉપરી જોવાનું મન થતું રહે એ છે આકર્ષણ. આ કે આવાં આવાં ઉદાહરણોમાં નોંધપાત્ર બાબત એ છે કે તે તમામ ઇન્દ્રિયોના મનગમતા વિષયોસ્વરૂપ છે. જ્યારે શત્રુંજયગિરિરાજની યાત્રા-ગિરિરાજસ્પર્શના ઇન્દ્રિયના મનગમતા વિષયસ્વરૂપ નથી. સાડા ત્રણ હજાર સોપાન ચડીએ ત્યારે થતી એની યાત્રા ઈન્દ્રિયોની અને કાયાની દૃષ્ટિએ તો કષ્ટદાયક છે. આમ છતાં ત્યાંની પવિત્ર ઉર્જાને કારણે-એ ક્ષેત્રમાં થયેલ અનંત આત્માની કર્મમુક્તિનાં કારણે એનું આકર્ષણ અગણિત આરાધકોને હોય છે. એથી એ છે આકર્ષણતીર્થ. કેટલા ય આરાધકો આજે પણ એવા છે કે જે ગિરિરાજની એકાદ-બે નહિ, સેંકડો, સેંકડો નહિ હજારો યાત્રાઓ કેવલ ગિરિરાજ પ્રત્યેની ભક્તિથી-આકર્ષણથી કરતા હોય છે. આજે જ્યારે મહાનગરના લોકો Apartmentના પહેલા-બીજા મજલે જવા માટે ય Liftને પ્રથમ પસંદગી આપે છે ત્યારે સાડા ત્રણ હજાર પગથિયા ચડીને કરાતી એકેક યાત્રા વિપુલ સંખ્યામાં કરવાનો ભાવ/પુરુષાર્થ અહોભાવ જન્માવે તેવો જ ગણી શકાય. આપણે એક સત્ય ઘટના આવી જોઈએ :

પર્યાયવૃદ્ધ આચાર્ય શ્રી લલિતશેખર સૂરીશ્વરજી મહારાજના પરિવારના એક મુનિવર. માત્ર ૨૮/૩૦ વર્ષના દીક્ષાપર્યાયમાં એમણે બસો વીશ જેટલી આયંબિલ ઓળી કરી છે! એટલે કે સંયમનો મોટો ભાગ એમણે આયંબિલ કર્યા છે. એમાં ય લગભગ એકવીશ વર્ષ ઠામચોવિહાર આયંબિલ! ઠામચોવિહાર એટલે આયંબિલના સમયે જ પાણી વાપરવાનું. એ પહેલા કે એ પછી નહિ. વિચાર કરો કે દિવસમાં એક જ વાર ભોજન, એ વળી આયંબિલનું એટલે માત્ર

બાફેલ અનાજનું ભોજન અને પાણી માત્ર એ સમયે જ વાપરવાનું : આવો ઘોર તપ એકવીશ વર્ષો કરવો એ જ અદ્ભુત અને વંદનીય ઘટના છે.

આ મુનિવરે એક મનોરથ એવો કર્યો કે મારે સિદ્ધગિરિરાજની નવાણું વાર નવાણું યાત્રા કરવી. ખ્યાલ રહે કે એક નવાણુમાં એકસો આઠ વાર શત્રુંજયગિરિરાજની યાત્રા કરવાની હોય છે. આવી યાત્રા દશ હજાર વાર કરવાનો મનોરથ અને તે પણ ઉપરોક્ત ભીષ્મ તપશ્ચર્યા વચ્ચે! શત્રુંજયગિરિરાજ પ્રત્યે ઉત્કટ આકર્ષણ હોય-બહુમાનજન્ય ભક્તિ હોય તો જ આવા મનોરથ શક્ય બને ને? એ મુનિવરે ઘોર તપ વચ્ચે આ મનોરથ અમલમાં લીધો અને જોતજોતામાં સત્યોતેર નવાણું એમણે કરી પણ લીધી. સત્યોતેર નવાણું એટલે? સાત હજાર આઠસો જેટલી ગિરિરાજયાત્રા!

કમનસીબી એટલી જ કે આ મુનિવરને આ વર્ષના (વિ.સં. ૨૦૮૦ના) ચૈત્રમાસમાં પદયાત્રા-વિહાર દરમ્યાન ગોઝારો અકસ્માત્ નડ્યો. જો અકસ્માત્ ન નડ્યો હોત તો તેઓ નવાણું વાર નવાણું યાત્રાનું લક્ષ્ય અવશ્ય સિદ્ધ કરી શકત. આ મુનિવરનું નામ છે શ્રી હિતશેખરવિજયજી મહારાજ.

આવો, આ આશ્રયતીર્થ-આકર્ષણતીર્થ શત્રુંજયગિરિરાજ માટે આપણે ગાઈએ કે :-

**ઉત્તુંગ જેના શિખર ઊર્ધ્વગતિતણાં વરદાન દે,**
**ઉત્તુંગ જેના મંદિરો જિનભક્તિનાં વરદાન દે;**
**ઉત્તુંગ મહિમા જેહનો શિવમાર્ગનું પ્રસ્થાન દે,**
**તે વિમલગિરિને વિમલ હૃદયે ભાવથી કરું વંદના.**

✿ ✿ ✿



23

# પાલિતાણાના ૧૨૩ માસક્ષમણતપસ્વીઓના વંદનીય તપપ્રસંગો : તપસ્વીનો જયજયકાર

આકાશમાંથી વરસતું જલબિંદુ ભલે સરેરાશ-સામાન્ય હોય. પરંતુ એને ક્ષેત્ર-સ્થાન કેવું મળે છે એના આધારે એની ગુણવત્તામાં ધરખમ હાનિ-વૃદ્ધિ થાય. જો એ જલબિંદુ ગટરમાં પડે તો એ મલિન થઇ ગટરરૂપ બની જાય, એ જો ગંગાનદીમાં પડે તો ગંગાજલરૂપે સ્થાન-માન પામે અને જો એ જલબિંદુ સ્વાતિનક્ષત્રના યોગમાં છીપનાં મુખમાં જાય તો તો એ સ્વયં મોતી બની જઇ લાખો રૂપિયાનું મૂલ્ય ધરાવતું થઇ જાય! જલબિંદુ તો એનું એ જ છે. એની ગુણવત્તામાં જે ચડાવ-ઉતાર આવ્યો એમાં સૌથી અસરકારક ભૂમિકા એને પ્રાપ્ત થયેલ ક્ષેત્રની-સ્થાનની છે. ક્ષેત્ર કેવું બલવાન આલંબન છે તે આના પરથી સમજાય છે.

આથી જ જૈન પરંપરામાં આરાધના-ધર્મસાધના અંગે ક્ષેત્રનું આગવું મહત્ત્વ અમૂક હદ સુધી સ્વીકારાયું છે. ઉદાહરણરૂપે, જે આરાધના વ્યક્તિ ઘરે રહીને કરે એ જ આરાધના એ જો કોઇ તીર્થનાં ઊર્જાવંત-પ્રભાવસંપન્ન ક્ષેત્રમાં જંજાળમુક્ત

બનીને કરે તો એનાં ફળમાં જમીન-આસમાનનો તફાવત આવી જાય અને એ જ આરાધના જો શત્રુંજયતીર્થાધિરાજ જેવા સર્વોચ્ચ મહાતીર્થનાં સાન્નિધ્યમાં કરાય તો ફળ અન્યાન્ય તીર્થ કરતાં ય સો-હજાર-લાખ યાવત્ અનંતગણું પણ મળી શકે! ક્ષેત્રનો આ ગજબનાક પ્રભાવ હોવાથી આત્માર્થી આરાધકો વિશિષ્ટ સાધના માટે પસંદગી શ્રી શત્રુંજયતીર્થાધિરાજની-પાલિતાણાની કરે છે.

આ જ દૃષ્ટિબિંદુથી, હૈયે પાંચ વર્ષોથી ઘુંટાતા માસક્ષમણતપ સ્વયં કરવાના ભાવોને સાકાર કરવા શ્રી શત્રુંજયગિરિરાજની પાવન છાયાની ભૂમિ અમે પસંદ કરી અને ત્યાં અમારા માટે બિલકુલ અશક્ય ગણાય તેવી સળંગ ત્રીશ ઉપવાસ-માસક્ષમણની ઉગ્ર-ઉત્તમ આરાધના કેવલ પ્રભુકૃપા-ગુરુકૃપાનાં બળે આરંભી. અમારી સાથે એક-બે નહિ, બત્રીશ-બત્રીશ સંયમીભગવંતો અને ગૃહસ્થ મળી કુલ એકસો ત્રેવીસ તપસ્વીઓ માસક્ષમણ કરી રહ્યા છે. દશ દિવસીય ભવ્ય મહોત્સવના અંતે તા.૨૫-૮-૨૦૨૪ના તમામ તપસ્વીઓનો શાનદાર પારણાસમારોહ પાલિતાણામાં છે. આવો, આજે એ ૧૨૩ માસક્ષમણ-તપસ્વીઓમાંથી કેટલાક તપસ્વીઓના અતિ વિરલ-વંદનીય પરાક્રમની બાબતો નિહાળીએ:

**(૧) વયમાં બાલ... પણ કરી ખરેખર કમાલ :-** પાલિતાણામાં અમારી સાથે ચાતુર્માસસ્થિત નેવું સંયમીઓના વિશાલ પરિવારમાં સૌથી નાના માત્ર અગિયાર વર્ષના એક બાલમુનિ છે. નામ એમનું જિનાંશરત્નવિજયજી. મહાવીરપ્રભુના જાણે અઈમુત્તામુનિવર હોય એવા એ લાગે છે. અમે જ્યારે માસક્ષમણનો ભાવ વ્યક્ત કર્યો ત્યારે અન્ય શ્રમણો સાથે આ નાનકડા મુનિવરે પણ આંગળી ઊંચી કરી કે ''મારે પણ માસક્ષમણ કરવું છે.'' અમારા જેવા શ્રમણોનાં મનમાં ત્યારે પાકી ધાસ્તી હતી કે આ બાલમુનિ સળંગ ત્રીશ ઉપવાસ કરે એ લગભગ શક્ય નથી. અલબત્ત, એમણે દીક્ષા પૂર્વે ઉપધાનતપ અને નવપદની આઠ આયંબિલઓળીના તપ કર્યા છે. પરંતુ સળંગ ત્રીશ ઉપવાસ બધા કરતા અલગ અને અતિ કઠોર તપશ્ચર્યા છે. બધાએ મનમાં વિચાર્યું કે બાલમુનિને ઉલ્લાસ છે તો ભલે બે-ચાર ઉપવાસ કરે. પછી એ જ પારણાનું કહેશે.

પણ... બાલમુનિ તો સિંહબાળ નીકળ્યા. ડગ્યા વિના સળંગ ઉપવાસમાં હસતા હસતા આગળ વધ્યા અને આજે પૂર્ણતાના આરે આવી ગયા છે. એમના ઉલ્લાસનું એક જ ઉદાહરણ ટાંકીએ. તેઓ નિત્ય અમારી સાથે જિનાલયનું દેવવંદન કરે છે. એમાં સ્તવન આવે એટલે તેઓ સ્વયંસ્ફૂર્ત ભાવથી સ્તવન ગાય. ગઈ કાલે-બાવીશમા ઉપવાસે પણ એમણે સાથે સ્તવન ગાયું. આપણે એમને ભાવથી કહીએ કે **'નાના મહારાજ..જલ્દી લેજો મોક્ષનું રાજ.'**

**(૨) સ્વયં ૪૫ ઉપવાસ... સમગ્ર પરિવારનું માસક્ષમણ :-** અમારા શ્રમણવૃંદમાં ત્રણ વર્ષ પૂર્વે મુંબઇ-કાંદિવલીમાં પતિ-પત્ની અને બે તરુણ વયના પુત્રો સહિત સમગ્ર પરિવારે સંયમ સ્વીકાર્યો છે. મૂળ એ પરિવાર પાલિતાણાનો હતો. સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાં ચાતુર્માસપ્રવેશ થયો અને માસક્ષમણનો મહાદુંદુભિનાદ બજ્યો ત્યારે એ સમગ્ર પરિવારે માસક્ષમણમાં ઝુકાવ્યું. પરિવારના મોભી મુનિવર શૌર્યરત્નવિજયજીએ તો એમનાં નામને અનુરૂપ ખરેખર શૌર્ય દાખવ્યું. એમણે દીક્ષાના પ્રથમ વર્ષે માસક્ષમણ કર્યું, બીજા વર્ષે અઢારસો કિલોમીટરની પદયાત્રા વચ્ચે વર્ષીતપ કર્યો કે જેનું પારણું હજુ અઢીમાસ પૂર્વે થયું હતું. બસ, એ અઢી માસના વિરામ બાદ એમણે ત્રીશ નહિ, પીસ્તાલીશ ઉપવાસ કર્યા ! આગામી, તા. ૨૫/૮નાં એમનાં આ મહાતપનું પણ સમાપન થશે. લગભગ પીસ્તાલીશ વર્ષનું વય, સંસારમાં મુંબઇની Lifeમાં કદી વિહારો ન કર્યા હોય અને વિહારો વચ્ચે આ તપશ્ચર્યાઓ વાંચવી જેટલી આસાન છે, કરવી એટલી જ કઠિન છે. આપણે આ સમગ્ર સંયમી પરિવાર માટે ગાઇએ કે :- **''ધન ધન શાસનમંડન મુનિવરા...''**

**(૩) સૌથી ઉત્કૃષ્ટ તપસ્વી... સૌથી ઉત્કૃષ્ટ તપસ્યા :-** જૈન ધર્મની જ Monopoly ગણાય એવો એક તપ છે આયંબિલ. એમાં ચોવીશ કલાકમાં એક વાર ભોજન હોય ખરું. પણ એમાં માત્ર બાફેલ અનાજ જ હોય. એમાં ઘી-તેલ-દૂધ-ફ્રુટ વગેરેનો તો સર્વથા ત્યાગ હોય જ. ઉપરાંત વઘાર જેવું ય કાંઇ ન હોય. સાવ મોળો-ફિક્કો ગળે ન ઊતરે એવો આહાર હોય. આ જ કારણસર ઘણાને ઉપવાસતપ કરતાં ય આયંબિલતપ વધુ કઠિન લાગે છે.

આ ભૂમિકા પર હવે વાંચો આ શ્વાસ થંભાવી દે અને મસ્તક અહોભાવથી ઝુકાવી દે એવી તપઘટના. અમારા નિશ્રાવર્તી એક યુવાસાધ્વીજીનું નામ છે ધ્યાનદર્શિતાશ્રીજી. એમણે વચ્ચે એક પણ બિયાસણાં-પારણાં વિના સળંગ એક હજાર આઠ આયંબિલ કર્યા! આ સળંગ આયંબિલતપ દરમ્યાન એમણે ગિરનારમહાતીર્થની ત્રણસો અડસઠ યાત્રાઓ કરી અને પગપાળા વિહારો પણ કર્યા! પછી ફક્ત અઢી માસનો વિરામ લઈ એમણે પુનઃ સળંગ આયંબિલ શરૂ કર્યા. પાલિતાણાના સામૂહિક માસક્ષમણનો પૂર્વદિવસ આવ્યો ત્યારે એમના સળંગ આયંબિલ થયા સાતસો સિત્તેર! સહુની સાથે આ સાધ્વીજીને પણ ભાવ પ્રગટ્યો કે હું પણ માસક્ષમણ કરું. અને.. માનશો? સળંગ એ સાતસો સિત્તેર આયંબિલ પર એક પણ પારણા વિના એમણે સળંગ ત્રીશ ઉપવાસ-માસક્ષમણની તપસાધના કરી છે! અક્કલને ચક્કર આવી જાય અને Doctorના તમામ ગણિત ના-કામિયાબ નીવડે એવી આ તપશ્ચર્યા અમારી દૃષ્ટિએ પાલિતાણાના એકસો ત્રેવીશ માસક્ષમણની શિરમોર ઘટના છે. આપણે એ સાધ્વીજીને-એમનાં તપને અન્તઃકરણથી વંદન કરતાં કહીએ કે **'તપસ્વી! તમને વંદન... તમારાં તપને વંદન.'**

**(૪) વૃદ્ધ વય..છતાં વર્ધમાન પરાક્રમ :-**

તપ માટે અત્યંત નાની વય અને અત્યંત વૃદ્ધ વય અવરોધક બનતી હોય છે. કેમ કે બાલવયે શારીરિક સામર્થ્ય ખીલ્યું-વિકસ્યું ન હોય અને વૃદ્ધવયે એ સામર્થ્ય ક્ષીણ થઈ ગયું હોય. છતાં કેટલાક સત્ત્વશાળી પુણ્યાત્માઓ વયનો આ અવરોધ ઓળંગી જતા હોય છે. બાલવયસંબંધી પરાક્રમ આ ચાતુર્માસમાં પૂર્વોક્ત બાલમુનિનું છે, તો વૃદ્ધવયસંબંધી ઉદાહરણ છે અમારા નિશ્રાવર્તી સા.

વિશ્વયશાશ્રીજીનું. એમની વય છે ઓગણએંશી વર્ષ. દેહ છે અત્યંત દુર્બલ. પરંતુ મનોબળ છે એમનું એકદમ મક્કમ. અત્યાર સુધીમાં તેઓ અલગ અલગ અનેક તપ કરી ચૂક્યા છે ને પગપાળા વિહારો ય કરે છે. ખૂબી એ છે કે હજુ ગત વર્ષે જ વિ.સં.૨૦૭૯માં અમારી નિશ્રામાં વડોદરામા સામૂહિક ચારસો સત્તાવન માસક્ષમણો થયા ત્યારે તેઓએ માસક્ષમણ કર્યું હતું. એથી આ વર્ષે એમના માટે અમારી ધારણા ન હતી. પરંતુ માસક્ષમણનો મહાનાદ ગુંજતા તેઓએ પણ માસક્ષમણની ભાવના દર્શાવી અને બિલકુલ સ્વસ્થતાથી એમણે માસક્ષમણ પૂર્ણ કર્યું. તેઓ જાણે આપણને કહી રહ્યા છે કેઃ- **''ખાવું શું ને પીવું શું... તપ કરવામાં બીવું શું?''**

**(૫) Hat trickથી પણ એક કદમ આગળ તપ :-** Cricketની રમતમાં સતત ત્રણ દડે ત્રણ Wicket લે એ Bollarની સિદ્ધિ Hat-trick ગણાય છે. અમારી નિશ્રામાં થયેલ સામૂહિક માસક્ષમણમાં એક તપસ્વી એવા છે કે જેમણે એકાદ નહિ, સળંગ ચાર-ચાર વર્ષ સમૂહ માસક્ષમણમાં જોડાઈને પ્રતિવર્ષ ચડતા ક્રમે મોટી સંખ્યાના સળંગ ઉપવાસ કર્યા છે. ઇ.સ. ૨૦૨૧માં સળંગ ત્રીશ ઉપવાસ-માસક્ષમણ, ઇ.સ. ૨૦૨૨માં સળંગ પીસ્તાલીશ ઉપવાસ, ઇ.સ. ૨૦૨૩માં સળંગ એકાવન ઉપવાસ અને આ વર્ષે ઇ.સ. ૨૦૨૪નાં પાલિતાણાનાં ચાતુર્માસમાં સળંગ અડસઠ ઉપવાસ! તપનાં ક્ષેત્રે તેઓ જાણે Champion છે. પાલિતાણા- સમૂહ ચાતુર્માસમાં રહી આ મહાતપ કરી રહેલ તપસ્વીનું નામ છે હર્ષાબેન ગિરીશભાઇ શાહ. તેઓ જાણે કહી રહ્યા છે કે **''તપ મારો શ્વાસ...તપ મારો વિશ્વાસ.''**

**(૬) શારીરિક તકલીફ વચ્ચે માસક્ષમણ :-** પાલિતાણા ગામના સંઘના રહેવાસી છે એક આરાધક. આ

ચાતુર્માસમાં ગામના સંઘમાં અમારા શિષ્યરત્ન આચાર્ય ધર્મરત્નસૂરિજીની નિશ્રામાં આરાધના થતા ગામમાંથી સત્તાવીશ માસક્ષમણો થયા છે. એમાં આ આરાધકે માસક્ષમણ આરંભ્યું. ત્રીજા જ ઉપવાસથી પૂરા શરીરમાં ખુજલીનો ઉપદ્રવ શરૂ થયો. Doctorનાં Injectionથી એનું શમન શક્ય હતું. પરંતુ સ્વજનોનો ભાવ એ હતો કે તપ Doctorની સહાય વિના કરવો. એથી તેઓએ કોઇ જ ઉપચાર વિના ખુજલીની પીડા સમતાથી સહન કરી માસક્ષમણ કર્યું. ઉપવાસ-ઉપસર્ગ અને ઉપાસના : આ ત્રિપદી એમનાં તપમાં અવતરિત થઇ!

નાના બાળકોનું માસક્ષમણ, એક Kidneyનું દાન પછી ય માસક્ષમણ, સ્વજનોની હાજરી વિના-સહાય વિના વયસ્કોનાં-વૃદ્ધોનાં માસક્ષમણ, સળંગ સોળ ઉપવાસનાં પચ્ચક્ખાણ એક સાથે લેનાર સત્ત્વશીલ તપસ્વીઓનાં માસક્ષમણ વગેરે અઢળક વિશેષતાઓ પાલિતાણાના સમૂહ માસક્ષમણઅનુષ્ઠાનમાં છે. આપણે એ સર્વ તપસ્વીઓને ભાવપૂર્ણ નમન કરતા કહીએ કે :-

**સર કર્યાં છે આપે માસક્ષમણનાં સોપાન,**
**અમ સહુનાં છે આપને લાખ લાખ વંદન...**

✿ ✿ ✿



24

# મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર આચાર્યપ્રવર ધર્મસૂરીશ્વરજી મહારાજ

ગુરુતત્ત્વનો મહિમા જૈનપરંપરામાં એવો અદ્‌ભુત પ્રસ્તુત થયો છે કે જે વાંચીએ ત્યારે દિલ-દિમાગ અહોભાવથી પુલકિત થઇ જાય. ચૌદસો ચુમ્માલીશ ગ્રન્થકર્તા સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે ગંભીર રહસ્યપૂર્વક **'ગુરુ-દેવ'** શબ્દપ્રયોગ કરીને ચોક્કસ દૃષ્ટિબિંદુથી ગુરુતત્ત્વને ભગવાનથી ય અધિક પ્રાધાન્ય આપ્યું છે, તો સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે 'ગુરુતત્ત્વવિનિશ્ચય' નામે સ્વતન્ત્ર ગ્રન્થ રચીને ગુરુતત્ત્વનું મહિમાગાન કર્યું છે.

માત્ર જૈન પરંપરા જ શા માટે? અજૈન પરંપરામાં પણ અધિકૃત ધર્મગ્રન્થોમાં ગુરુતત્ત્વનો મહિમા હૃદયને સ્પર્શી જાય એ રીતે પ્રસ્તુત કરાયો છે. હમણાં નજર ગઇ 'યોગવાશિષ્ઠ' ગ્રન્થના એક શ્લોક પર. ગુરુતત્ત્વની દુર્લભતા વિશે એ સરસ રજૂઆત કરે છે કે :-

**यावन्नानुग्रहः साक्षाज्-जायते परमेश्वरात्।**
**तावन्न सद्गुरुं कश्चिच्-छास्त्रवान्नपि प्रापयेत्।।**

ભાવાર્થ કે વ્યક્તિ ભલે ને શાસ્ત્રજ્ઞાતા-વિદ્વાન હોય. પરંતુ જ્યાં સુધી પ્રભુનો સાક્ષાત્-પ્રત્યક્ષ અનુગ્રહ ન થાય ત્યાં સુધી એને સદ્ગુરુની પ્રાપ્તિ સુલભ થતી નથી. આ શ્લોક વાંચતા યાદ આવી ગયો જૈન વર્ગમાં વર્તમાનમાં ખૂબ પ્રચલિત એક Sloganનો પૂર્વાર્ધ કે ''प्रभुकृपासे गुरु मीले'' પ્રભુની પ્રત્યક્ષ કૃપા વિના જેની પ્રાપ્તિ શક્ય નથી એ ગુરુતત્ત્વ કેવું અલૌકિક-અદ્ભુત ગણાય? આ અલૌકિક ગુરુતત્ત્વનું સાન્નિધ્ય માણીશું આજે વર્તમાન જૈન શાસનની શિરતાજ એક વિભૂતિનાં ગુણસંકીર્તન દ્વારા. એ વિભૂતિ એટલે મહાન શાસનજ્યોતિર્ધર સમર્થ સંઘનાયક યુગદિવાકર આચાર્યવર્ય શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ. આ શ્રાવણ શુદિ-૧૧, તા. ૧૬-૮-૨૦૨૪ના જેમના ૧૨૧મા જન્મદિનની ઉજવણી પાલિતાણાની પુણ્યભૂમિમાં અમારા સહિત નેવું સંયમી-ભગવંતોનાં સાન્નિધ્યમાં સામૂહિક ચાતુર્માસઆરાધકો સહિત બારસોથી વધુ ભાવિકો વચ્ચે તેમજ અન્યત્ર મુંબઇ વગેરે સ્થળે ઠેર ઠેર વિશાલ સંખ્યામાં થઇ રહી છે તે પૂજ્ય યુગદિવાકર ગુરુદેવ વિશે આપણે સર્વપ્રથમ સંક્ષિપ્ત તવારીખી માહિતી મેળવીએ.

સત્યોતેર વર્ષનો જીવનપર્યાય, બાસઠ વર્ષનો સંયમપર્યાય, માત્ર ચૌદ વર્ષના દીક્ષાપર્યાયમાં છ હજાર શ્લોકપ્રમાણ સંસ્કૃત સુમંગલા-નવતત્ત્વટીકાનું સર્જન, ક્ષેત્રસમાસ-પંચમકર્મગ્રન્થ-ષટ્ત્રિંશિકાચતુષ્કપ્રકરણ-શ્રાદ્ધપ્રતિક્રમણ-વંદિત્તુસૂત્રસંસ્કૃતટીકાદિ ગ્રન્થોનાં વિદ્વત્તાસભર વિવેચનો, દ્રવ્યાનુયોગ-જૈન કર્મવાદ પર વિરલ વ્યાખ્યાનશૈલી, એમનાં 'ભગવતીસૂત્રનાં પ્રવચનો' ગ્રન્થની છ-છ વાર પુનરાવૃત્તિ, ઉપદેશલબ્ધિ દ્વારા મુખ્યત્વે વીશ વર્ષના સમયખંડમાં એકસો પાંત્રીશ જિનમંદિરોનાં અને ચોર્યાશી ઉપાશ્રયોનાં ભવ્ય નિર્માણ, બહોંતેર દિવસીય બે હજાર યાત્રિકોયુક્ત પદયાત્રાસંઘ આદિ વિવિધ પદયાત્રાસંઘો, સાધર્મિકભક્તિ-અનુકંપાદિ માટે ક્રોડો રૂ.ની દાનગંગા, અઢી લાખ ભાવિકોયુક્ત એકવીશ કિ.મી. દીર્ઘ અંતિમયાત્રા-પાલખી અને ચોપન સ્થળે ગુરુમંદિરનિર્માણ : આ છે યુગદિવાકર ગુરુદેવનો સંક્ષિપ્ત જીવનપરિચય.

આવો, હવે આપણે સ-દ્-ગુ-રુ આ ચાર અક્ષરના આધારે એ ચાર પ્રથમાક્ષરથી શરૂ થતાં પૂજ્યશ્રીના ચાર ગુણસ્વરૂપોનું સંકીર્તન કરીએ :

**(૧) સમતાનિધાન :-** પંચસૂત્રગ્રન્થમાં શ્રમણનું એક વિશેષણ છે '**पसंतगंभीरासया.**' મતલબ કે શ્રમણનો સ્વભાવ શાંત-પ્રશાંત તેમજ ગંભીર હોય. સ્વભાવનાં આ બન્ને વિશેષણો ગુરુદેવમાં સંપૂર્ણ સાર્થક કરતા હતા. આપણે એમાંથી અહીં વિષયને અનુરૂપ સમતાગુણ નિહાળવાનો છે.

લગભગ સાડા પાંચ દાયકા પૂર્વેની વાત. એક જૈન પત્રકારે અખબારમાં ગુરુદેવ વિશે એક ટીકાટિપ્પણ કરી કે ''સાધુએ અલગ અલગ સ્થાને વિચરવું જોઇએ. પરંતુ ધર્મસૂરીશ્વરજી મ. છેલ્લા અમૂક વર્ષોથી મુંબઇમાં જ વિચરે છે.'' જો કે આ ટીકા ઉપરછલ્લી-દીર્ઘ વિચાર વિનાની હતી. કારણ કે ગુરુદેવની એ સ્થિરતામાં મુંબઇમાં સોથી વધુ સંઘોમાં જિનમંદિરોનાં અને ઉપાશ્રયોનાં નિર્માણ થયા હતા. બીજી વાત એ હતી કે પૂજ્યશ્રીનાં ચાતુર્માસો અલગ અલગ સંઘોમાં થતા હતા અને ત્રીજી વાત એ હતી કે તેઓ શેષકાળમાં ગુજરાતના વડોદરા-અમદાવાદ વગેરે સ્થળે અને મહારાષ્ટ્રના પૂના-નાસિક વગેરે સ્થળે ધર્મપ્રભાવનાર્થે વિચરતા હતા.

ગુરુદેવની લોકપ્રિયતા એવી વ્યાપક હતી કે અખબારમાં ઉપરોક્ત ટીકા પ્રગટ થતાંવેંત અગ્રણી શ્રાવકો એનો સણસણતો ઉત્તર તૈયાર કરી પૂજ્યશ્રીને મળવા આવ્યા. તેમના વિચારો સાંભળ્યા બાદ એના પર ઠંડુ પાણી રેડી દેતાં ગુરુદેવે આ સંસ્કૃત શ્લોક કહ્યો કે :-

**अरुन्तुदैर्वचः शस्त्रै-तुद्यमानो विचिन्तयेत्।**
**चेत्तथ्यमत्र कः कोपः?, अथवोन्मत्तभाषितम्।।**

ભાવાર્થ કે તીક્ષ્ણ વચનશસ્ત્રો દ્વારા કોઇ આપણને વીંધી નાંખતું હોય ત્યારે વિચલિત થયા વિના એટલું વિચારવું કે જો આમાં તથ્ય છે તો ગુસ્સો નથી કરવો-સુધારો કરવો છે અને જો આમાં તથ્ય નથી તો આ ઉન્મત્ત વ્યક્તિનો પ્રલાપ છે. માટે એની ઉપેક્ષા કરવી. આપણે આ સુભાષિતને અનુસરી ઉત્તર નથી આપવો, માત્ર ઉપેક્ષા કરવી છે.

કેવો સમતામય-સ્વસ્થ-સંતુલિત ઉત્તર? યાદ આવે પેલી વ્યાખ્યા કે **''સમતામાં રમે એ સાધુ.''**

**(૨) દયાનિધાન :-** ગુરુદેવની હયાતિમાં એમના માટે પ્રયોજાતાં વિવિધ સાન્વર્થ વિશેષણોમાં એક વિશેષણ હતું કરુણાવતાર. ગુરુદેવ સાચે જ કરુણાના-દયાના અવતાર હતા. એમની દયા-કરુણાના અઢળક પ્રસંગોમાંથી માત્ર બે પ્રસંગો સંક્ષેપમાં નિહાળીએ :

* ઈ.સ. ૧૯૭૭માં ગુરુદેવની પ્રેરણાથી, મુંબઈથી શત્રુંજયમહાતીર્થનો બે હજાર યાત્રિકોયુક્ત પદયાત્રામહાસંઘ યોજાયો. મનોરના જંગલમાંથી પસાર થતાં આ સંઘના કાર્યકરોએ ત્યાંના આદિવાસીઓને અર્ધનગ્ન હાલતમાં ઠીકરામાં ભીખ માંગતા જોયા. પદયાત્રા સંઘનો અનુકંપા વિભાગ સંભાળતા સુરેશભાઈ ઝવેરી અને ભરતભાઈ ઝવેરી નામે બે કાર્યકરે ગુરુદેવને ઉપરોક્ત હકીકત જણાવી આ આદિવાસીઓ માટે કાંઈક કરવા વિનંતિ કરી. કરુણાવતાર ગુરુદેવે એક જ દિવસમાં નિત્ય સાંજે ૫ થી ૭માં ગરીબો માટે વાસણસેટ-સાડી-ચણિયા-ધોતી-ઝભ્ભાનું દાન શરૂ કરાવ્યું. વાસણના દશ-દશ હજાર સેટ તો માત્ર પૂર્વોક્ત ઝવેરી ભાઈઓના હાથે અપાયા! પદયાત્રાસંઘની પૂર્ણતા સુધી આ અનુકંપાદાનની પ્રવૃત્તિ જારી જ રહી.

* ગુરુદેવના કાર્યકાળમાં મુંબઈમાં શ્રી ધર્મસૂરીશ્વરજી કાશીવાળાના સમુદાયના પરમ વિદ્વાન શાસ્ત્રાભ્યાસી પંન્યાસ પૂર્ણાનંદવિજયજી મ. (કુમારશ્રમણ) પણ વિચરતા હતા. ઘણા સ્થળે ઉપાશ્રયોમાં એ સાથે હોય ત્યારે ગુરુદેવની પ્રવૃત્તિઓનું એ નિરીક્ષણ કરે. એ અન્ય સમુદાયના હોવા છતાં ગુરુદેવના પરમ ગુણાનુરાગી હતા. ગુરુદેવની

શાસનપ્રભાવનાઓથી તો એ પ્રભાવિત હતા જ. ઉપરાંત સાધર્મિકભક્તિ-અનુકંપાપ્રવૃત્તિથી ખૂબ રાજી થઇ ગુરુદેવનાં કાલધર્મ પછીના એક લેખમાં એમણે લખ્યું કેઃ- ''એમના બન્ને હાથ વસ્તુપાલ-તેજપાલ જેવા દાનેશ્વરી હતા. ક્યારે કોને કેટલું અપાવ્યું તેના લેખા-જોખા કોઇની પાસે નથી. માનવશરીરે જન્મીને દેવ તરીકે જીવન જીવનારા પ્રસન્નચિત્ત ઉદારમના સહૃદય તથા સમાજ માટે યથાશક્ય અને યથાપરિસ્થિતિ અભૂતપૂર્વ બલિદાન દેનારા પ.પૂ. સ્વર્ગસ્થ આચાર્ય વિજય ધર્મસૂરીશ્વરજી મ.ની નોંધ ભાવિકાળના ઇતિહાસકારોને લીધા વિના છૂટકો નથી.'' ધ્યાનમાં રહે કે આ સમગ્ર બયાન એમના કોઇ શિષ્ય-પ્રશિષ્યનું નથી. અન્ય સમુદાયના વિદ્વાન મહાત્માનું છે. જે પૂજ્યશ્રીનાં હૈયે છલકતી દયાને અને શાસનનિષ્ઠાને પ્રતિબિંબિત કરે છે.

(૩) ગુણનિધાન :- ગાંભીર્ય-ઔદાર્ય-ઔચિત્ય-વાત્સલ્ય-નિઃસ્પૃહતાદિ અઢળક ગુણો ગુરુદેવમાં એટલી ઉત્કૃષ્ટ કક્ષાએ વિલસતા હતા કે આ ત્રીજા મુદ્દામાં કયા એક ગુણનો ઉલ્લેખ કરવો એ મૂંઝવણ થઇ પડે. છતાં અમને જે ગુણ પ્રત્યે વિશિષ્ટ લગાવ છે એ 'ગુરુસમર્પણ' પૂજ્યશ્રીમાં કેવું પરાકાષ્ઠાએ વિલસતું હતું એનો એક પ્રસંગ જોઇએ :

ઇ.સ. ૧૯૭૭. મુંબઇથી ઐતિહાસિક પદયાત્રાસંઘ સાથે પાલિતાણા પધારેલ ગુરુદેવનું સાહિત્યમંદિરમાં ચાતુર્માસ. આ એ સમયખંડ હતો કે જેમાં ગુરુદેવ કારકીર્દિના સર્વોચ્ચ શિખરે હતા. તે સમયના અન્ય એક મહાન પ્રભાવક આચાર્યદેવ ચન્દ્રોદયસૂરીશ્વરજી મહારાજે આ સમયખંડના પત્રમાં ગુરુદેવને લખ્યું હતું કે ''જન્મજન્માંતરની અને આ જીવનની કરેલ શાસનપ્રભાવનાઓનાં સર્વોત્કૃષ્ટ ફળનો અનુભવ આપશ્રી કરી રહ્યા છો.'' આવા સમયખંડમાં ત્યાં બાળમુમુક્ષુરૂપે સાથે રહેલ અમે એક દશ્ય રોજ નિહાળ્યું હતું

કે સાંજે પૂજ્યશ્રી પોતાના ૮૭ વર્ષીય ગુરુદેવને વંદન માટે પધારે, વિધિપૂર્વક ઊભા થવા સાથે વંદન કરે, પછી દિવસભરની તમામ ઘટનાઓનું બયાન એમની સમક્ષ કરે. નોંધપાત્ર વાત એ હતી કે વીશ-પચીશ Minute ના એ વાર્તાલાપમાં તેઓ સ્વગુરુદેવ સાથે સમ આસને તો ન બેસે, નીચે પણ ન બેસે. તેઓ તમામ માહિતી ઊભા રહીને જ આપે! સાથે ગુરુજી જે ઇચ્છા દર્શાવે તેને કોઇ દલીલ-ચર્ચા વિના 'તહત્તિ' કરે. શાસનના સમર્થ નાયક બન્યા પછી પણ આવા ભાવ ઉત્કૃષ્ટ ગુરુસમર્પણ વિના શે સંભવે?

**(૪) જ્ઞાનનિધાન :-** 'રુ' અક્ષરનો અર્થ છે પ્રકાશ. ગુરુના સંદર્ભમાં એ પ્રકાશ જ્ઞાનનો હોય, એથી 'રુ' અક્ષરના સંદર્ભમાં આપણે 'જ્ઞાનનિધાન' ગુણ લીધો છે. આ માટે આપણે ટાંકીશું સ્વ. ડૉ. રમણલાલ ચી. શાહનો અભિપ્રાય. તેઓ મુંબઇ યુનિવર્સીટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી હતા. તેઓ સળંગ ચારેક વર્ષ ગુરુદેવ પાસે રાત્રિતત્ત્વજ્ઞાન ચર્ચા માટે આવતા. એમાં એમણે પોતાનો અનુભવ આ શબ્દોમાં લખ્યો છે કે ''પૂ. આચાર્યમહારાજે આપણા શાસ્ત્રગ્રન્થોનું ઘણું ઊંડું અધ્યયન કર્યું છે. પ્રત્યેક વિષયનો તેમની પાસે તરત શાસ્ત્રીય ઉત્તર હાજર હોય. શાસ્ત્રોની સેંકડો પંક્તિઓ તેમને કંઠસ્થ હતી. અમારા દરેક પ્રશ્નોની તેઓ વિવિધ દૃષ્ટિકોણથી સવિગત છણાવટ કરતા. જેથી અમને પૂરો સંતોષ થતો. વળી તેમની દૃષ્ટિ હંમેશા વ્યવહારનય અને નિશ્ચયનયના સમન્વયની રહેતી...'' પૂજ્યશ્રીના અગાધ શાસ્ત્રજ્ઞાનની જાણે કે આ મહોરછાપ છે..

છેલ્લે ગુરુદેવને હૃદયાંજલિ આપતા આ પંક્તિ લખી સમાપન કરીશું કે :-

**जैसे गगनांगणमें चमके, सूरज-चाँद-सितारे।**
**वैसे जिनशासनमें चमके, धर्मसूरीश्वर गुरुवर हमारे।।**

✿ ✿ ✿



## 25

# પ્રૌઢપ્રભાવશાળી દર્ભાવતીતીર્થોદ્ધારક આચાર્યપ્રવર શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ને દશમી પુણ્યતિથિએ હૃદયાંજલિ

પૂર્વ વગેરે દિશાઓ ચાર છે, તો ઈશાન વગેરે વિદિશાઓ પણ ચાર છે. જાપ-આરાધના-ધર્મકાર્યો વગેરેમાં દિશા બહુ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એથી જ જિનમંદિરાદિકાર્યોમાં દિશા-વિદિશા નક્કી કરી એ દિશા-વિદિશામાં જ ખનન-શિલાન્યાસાદિ કાર્યો થતા હોય છે, તો જાપ-આરાધનાદિમાં ય પૂર્વ-ઉત્તર દિશાને વિશેષ પ્રાધાન્ય અપાય છે. આ રીતે દિશા-વિદિશાનું વિશેષ મહત્ત્વ હોય છે.

શ્રમણજીવનમાં રોજ રોજ નવાં સ્થળે વિચરવાનું હોય ત્યાં તુર્ત દિશાનિર્ણય કરવો શી રીતે? એ માટે કેટલાક શ્રમણો નાનકડું હોકાયન્ત્ર રાખતા હોય છે. એનાથી દિશાનિર્ણય આસાન - ત્વરિત થઇ જાય. એમાં ખૂબી એ હોય છે કે આ હોકાયન્ત્રને વ્યક્તિ ગમે તે દિશામાં મૂકે, તો ય એનો કાંટો માત્ર ને માત્ર ઉત્તર દિશામાં જાય. ઉત્તર દિશા નક્કી થાય એટલે બાકીની બધી દિશા આપોઆપ નક્કી થઇ જાય.

હોકાયન્ત્રની આ વિશેષતાના સંદર્ભમાં એક વિચાર આવે છે કે **હોકાયન્ત્રનો કાંટો જેમ એક જ દિશા-ઉત્તર દિશા જ બતાવે તેમ સદ્‌ગુરુ સદા ય ઉત્તમ દિશા જ બતાવે!** જે સદ્‌ગુરુના સંપર્કમાં આવે એનાં જીવનને અધમ દિશા તરફ જવાનો અર્થાત્ અધમ-પાપી કાર્યોમાં જોડાવાનો સમય કદી ન આવે. એને મળે માત્ર ઉત્તમ દિશા અર્થાત્ ઉત્તમ પરિણતિ-ઉત્તમ પ્રવૃત્તિમાં જ જોડાવાનો અવસર. સદ્‌ગુરુની આ ક્ષમતા હોવાથી 'સિંદૂર પ્રકર' ગ્રન્થમાં એમના માટે '**भवजलनिधिपोत:**' અર્થાત્ 'સંસારસાગર તરાવનાર જહાજ' જેવું માતબર વિશેષણ પ્રયોજાયું છે.

આવો, આજે આપણે આવા એક સદ્‌ગુરુનું ગુણસ્મરણ કરીએ એમની પુણ્યતિથિનાં નિમિત્તે. એ સદ્‌ગુરુ એટલે અમારા જીવનશિલ્પી પરમોપકારી ગુરુદેવ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક આચાર્યપ્રવર શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. આ જેઠ વદિ-૩, તા. ૨૪-૬-૨૦૨૪ ના એમની દશમી પુણ્યતિથિ છે ત્યારે આ ગુણસ્મરણ ખૂબ પ્રાસંગિક બની રહેશે.

ગુજરાતના પ્રાચીન દર્ભાવતીતીર્થે જન્મ, માત્ર સોળ વર્ષની ખૂલતી યુવાનીમાં યુગદિવાકર પરમગુરુદેવ આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે દીક્ષા, ન્યાયશાસ્ત્રો - સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રો - સંસ્કૃત સાહિત્યગ્રન્થો પર બેજોડ પ્રભુત્વ, જૈનાગમો તથા તત્ત્વાર્થાદિ શાસ્ત્રોનો ગહન અભ્યાસ, આજીવન ગુરુકુલવાસ દ્વારા અજોડ ગુરુસમર્પણ, યુગદિવાકરશ્રીના તમામ શાસનકાર્યોમાં સર્વાધિક યોગદાન, યુગદિવાકરશ્રીની ચિરવિદાય બાદ એક્યાશી જિનાલય+ઉપાશ્રયનિર્માણ, ત્યાશી પ્રતિષ્ઠાઓ, પ્રાચીન દર્ભાવતીતીર્થોદ્ધાર, ધર્મધામ-નાગેશ્વરતીર્થસ્થાપના, પંદર પદયાત્રાસંઘો, વીશ ઉપધાનતપ, અનેક અંજનશલાકાઓ-દીક્ષાઓ, ચિરવિદાય બાદ સંપૂર્ણ પગપાળા ઓગણત્રીશ કી.મી.ની પાલખીયાત્રામાં સવા લાખની મેદની અને અલગ અલગ સ્થળે ચોપન ગુરુમંદિરોનું નિર્માણ : આ છે એમનાં જીવનનો માહિતીભર્યો સંક્ષિપ્ત આલેખ.

હવે આપણે નિહાળીએ 'સ્' અક્ષરથી શરૂ થતી એમની ગુણસંપદા :

**(૧) સત્ત્વશીલતા :-** સંસ્કૃત સાહિત્યમાં એક ઉક્તિ છે કે **''सर्वं सत्त्वे प्रतिष्ठितम्'.** મતલબ કે સફલતા - સિદ્ધિ - યશ વગેરે તમામ બાબતો સત્ત્વથી પ્રાપ્ત થાય છે. સત્ત્વ એટલે? પરાક્રમ. સંકટથી નહિ હારવાની વૃત્તિ. અલબત્ત સત્ત્વના આ સિવાયના અર્થો પણ પ્રસિદ્ધ છે. પરંતુ આપણે અહીં આ સંદર્ભમાં પ્રસ્તુતિ કરવાની છે. ગુરુદેવની સત્ત્વશીલતા કેવી જબરજસ્ત હતી તેનો આશ્ચર્યચકિત કરી દેતો પ્રસંગ નિહાળીએ તેઓની દીક્ષા પૂર્વેનો.

ઇ.સ. ૧૯૪૪. ત્યારે દર્ભાવતીતીર્થે ચાતુર્માસ પધાર્યા હતા પ્રવચનપ્રભાવક આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મહારાજ. એમના પ્રશિષ્યરત્ન યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ (ત્યારે પંન્યાસ) પાસે ગુરુદેવ ધર્માભ્યાસ કરતા હતા. વય માત્ર બાર વર્ષની. નામ એમનું સેવંતીકુમાર. એ ચાતુર્માસમાં સંયમનો રંગ એમને એવો લાગ્યો કે School છોડી યુગદિવાકરશ્રી સાથે સંયમતાલિમ માટે રહેવાનો એમણે દૃઢ સંકલ્પ કર્યો. પરંતુ પરિવારજનો અઢાર વર્ષની વય પૂર્વે કોઇ જ સંમતિ આપવા તૈયાર ન હતા. **સેવંતીકુમારનો નિર્ણય અફર હતો કે 'ચાહે તેવા વિઘ્નો આવે, મારે હવે રહેવાનું તો ગુરુકુલવાસમાં જ.' માત્ર નવ માસના સમયખંડમાં તેઓ એક-બે નહિ, કુલ સત્તર-સત્તર વાર ઘરેથી ભાગી ગયા.** દરેક તબક્કે એ યુગદિવાકરશ્રી પાસે પહોંચી જાય અને પિતાજી એમને ત્યાંથી લઇ આવે. આ એ યુગ હતો કે જ્યારે વાહનવ્યવહારની સુવિધાઓ ઓછી હતી. બે - ત્રણ Train બદલાય, બે-ત્રણ વાર બસથી જવાય ત્યારે ચોવીશ કે છત્રીશ કલાકે ગુરુભગવંત પાસે પહોંચાય. માત્ર બાર વર્ષનો બાળક એકલપંડે અજાણ્યા ગામ-નગરોમાં આવા સાહસો કરીને જાય એ ઘટના સત્ત્વશીલતાનું પ્રતીક તો છે જ, ઉપરાંત આશ્ચર્યચકિત કરી દે એવી ય છે. હવે નિહાળીએ એ સાહસયાત્રાના કેટલાક દિલધડક પ્રસંગો :

* સેવંતીકુમાર ભાડાની રકમ ભેગી ન કરી શકે એ માટે વાપરવાની રકમ આપવી બંધ કરી દેવાઇ. ઉપરાંત સ્વજન-સંબંધીઓને સૂચના અપાઇ કે આને કોઇએ એક રૂપિયો આપવો નહિ. આમ છતાં સેવંતીકુમાર હિંમત ન હાર્યા. એ

Ticket વિના કપડવંજની ગાડીમાં બેસી ગયા. અધવચ્ચે ચેકીંગ માટે T.C. આવ્યો. Ticket તો હતી નહિ. એ મનોમન નવકારમન્ત્ર ગણવા માંડ્યા. આમની શ્રદ્ધા ફળી કે જે થયું. પરંતુ T.C. વાતો કરતાં કરતાં આમને છોડી આગળની હરોળમાં જતો રહ્યો. સેવંતીકુમાર આબાદ બચી ગયા. એમને ખ્યાલ હતો કે કપડવંજમાં સમુદાયના અને જાણીતા સાધ્વીજી કુસુમશ્રીજી હતા. એમની પાસે પહોંચી જવાથી સાધ્વીજીએ ભાડાની આગળની રકમની વ્યવસ્થા કરાવી આપી. આ રીતે, અલગ અલગ ઉપાયો દ્વારા પણ એમણે વગર પૈસે પોતાની સાહસયાત્રા બાર વર્ષની વયે વણથંભી રાખી.

* એ ભાગી ન જાય એ માટે એમના વડિલબંધુ હીરાભાઇ દિવસભર ચોકીદારી માટે સાથે ને સાથે જ રહેતા. પણ સેવંતીકુમાર એવા ચાલાક કે અલગ અલગ તરકીબો અજમાવી મોટાભાઇને ચકમો આપી દે અને પોતે બસ પકડી વડોદરા પહોંચી જાય. ત્યાંથી છુપાઇ છુપાઇને આગળનો પ્રવાસ કરે.

* એમાં એક વાર બહુ મોટી કસોટી થઇ. પિતાજીએ નિયમ કર્યો કે રાત્રે એમને ઘરના સૌથી ઉપરના ત્રીજા મજલે એક ખંડમાં જ સૂવાનું અને એ ખંડને બહારથી તાળું મારી દેવાનું. ખંડની બહાર માત્ર અગાશી. આનો ઉપાય જલ્દી શક્ય લાગતો ન હતો. છતાં ખૂબ વિચારી એમણે આનો જોખમી ઉપાય શોધી કાઢ્યો. એ મુજબ, એક રાત્રે સહુ નિદ્રાધીન હતા ત્યારે રાત્રિના બે વાગ્યે ખંડમાંથી એ બહાર આવ્યા. અગાશીની બાજુમાં પાણીનો લોખંડનો પાઇપ હતો. એ ઠેઠ નીચે સુધી જતો હતો. સેવંતીકુમાર એ પાઇપ પકડી આસ્તે આસ્તે નીચે ઊતર્યા. ત્યાંથી ચાલતા Busstand પર સૂમસામ રાત્રે પહોંચ્યા અને ત્યાંથી ઈષ્ટ ગામે જવા નીકળી ગયા. આવા

અપ્રતિમ સાહસ દ્વારા તેઓ જાણે કહી રહ્યા હતા કે :-

**સંકટભરી આ જિંદગીથી હારનારો હું નથી,**
**સાગર ડુબાડી દે એવો કિનારો હું નથી;**
**મારે સદા અજવાળવા અંધારઘેર્યા પંથ સહુ,**
**ચમકી અને તૂટી પડે એવા સિતારો હું નથી...**

આ સાહસ સત્તરમી વારનું હતું. એ એવું જોખમી હતું કે પિતાજી પણ એનાથી ઝૂકી ગયા અને સેવંતીકુમારને યુગદિવાકર ગુરુભગવંત પાસે સ્કૂલ છોડીને રહેવાની પરવાનગી મળી ગઇ. બાર વર્ષની વયે આવું હેરતભર્યું સાહસ એમની સત્ત્વશીલતાનું દ્યોતક છે.

આ સત્વશીલતાનું એક સમજદારીભર્યું પાસું પણ રોમાંચક હતું. ગુરુભગવંત પં. ધર્મવિજયજીગણિવરનો અભિગમ એ રહેતો કે પિતાજી લેવા આવે ત્યારે કોઇ રકઝક વિના બાળક એમને સોંપી દે. સેવંતીકુમાર ગુરુભગવંતની આમન્યા રાખી કોઇ માથાઝીંક વિના પિતાજી સાથે જતા રહેતા. અપ્રતિમ સાહસ સાથે આવી સદ્‌ગુરુઆમન્યાની સમજદારીનો સંગમ બહુ વિરલ ગણી શકાય.

આ સત્ત્વશીલતાના-આફતો સામે અડગતાના પ્રસંગો ઘણા છે. પરંતુ અહીં માત્ર એમની જીવનસંધ્યાનો જ એક પ્રસંગ ટાંકીશું કે જેમાં અમે ક્ષણે ક્ષણના સાથી અને સાક્ષી હતા :

ઇ.સ. ૨૦૦૪. મુંબઇ-ઘાટકોપરના ત્રિમજલી તીર્થસદશ જગડૂશાજિનાલયને કાયદાકીય ક્ષતિવશ જમીનદોસ્ત કરવાનો Order આવ્યો. ત્યારે ચુમ્મોતેર વર્ષની જૈફ વયના ગુરુદેવે Court અને પ્રશાસનનો પડકાર ઝીલી લેવાનો નિર્ણય કરી સ્વયં ઘાટકોપર સ્થળ પર જવાની ઘોષણા કરી. ગુરુદેવ અને

અમે સહુ જગડૂશાતીર્થે પહોંચ્યા. રવિવારે તીર્થરક્ષાસભા યોજી. એમાં સાઠ હજારની જંગી મેદની એકત્ર થઇ.

મુંબઇ જ નહિ, ગુજરાત અને અન્ય રાજ્યોના જૈન સંઘોમાં આ વિષય Hot Topic બની ગયો. મુંબઇના અખબારોમાં આ મંદિરનો મુદ્દો Headline બનીને ચગ્યો હતો. પરંતુ એના મુખ્ય કેન્દ્ર ગુરુદેવનાં મુખ પર કોઇ ભય-ચિંતા ન હતી. અમને યાદ છે કે ત્યારે Interview લેવા આવતાં પત્રકારો જાત-જાતના પ્રશ્નો કરતા. એમાંના એકે પૂછ્યું કે ''મંદિર તૂટે ત્યારે પ્રભુમૂર્તિઓ સચવાય એની વ્યવસ્થા શી કરી છે?'' ગુરુદેવે સત્ત્વથી-ખુમારીથી ધગધગતો ઉત્તર આપ્યો કે''મંદિર તૂટવાનું જ નથી. માટે મૂર્તિઓની વૈકલ્પીક વ્યવસ્થાની જરૂર જ નથી.'' એ Magazineમાં ગુરુદેવની તસવીર પર એ પત્રકારે ગુરુદેવના શબ્દો મૂક્યા હતા કે ''મંદિર પરનું વિઘ્ન નહિ હટે ત્યાં સુધી હું અહીંથી જવાનો નથી!''આનાથી વધુ સત્ત્વશીલતા શી હોઇ શકે? ખરેખર બન્યું પણ એવું જ. Court રાહે મંદિર બચવાનો માર્ગ આવ્યો પછી જ ગુરુદેવે ત્યાંથી વિહાર કર્યો.

એમની દરેક વાર્ષિક પુણ્યતિથિએ 'સ્' અક્ષરથી આરંભાતી અલગ અલગ ગુણસંપદા પ્રસ્તુત કરવાની ભાવના સાથે આ લેખનું સમાપન કરતાં ગુરુદેવને અમે એ જ કહીશું કે :-

આંખ-અંતર ને અરમાન આપને અર્પણ,
એક શું? ત્રણ ભુવન આપને અર્પણ ;
હવે તો એ જ વિચારે મન મનાવું છું કે,
જીવનની હર ક્ષણ આપને અર્પણ...

✿ ✿ ✿



26

# કદંબગિરિથી શત્રુંજયમહાતીર્થનો પદયાત્રા સંઘ : આવો, નિહાળીએ કદંબગિરિનો રોમાંચક ઈતિહાસ

સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરે શ્રી ઋષભદેવસ્તવનામાં એક સદાબહાર પંક્તિ લખી છે કે ''ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતા, ધન્ય તે રાત ને ધન્ય દિહા.'' મતલબ કે હે પ્રભુ, હૃદય જ્યારે સતત તમારામાં લીન હોય–તમારું જ સ્મરણ કરતું હોય એ રાત અને દિવસ ખરેખર ધન્ય છે. આ પંક્તિ તીર્થંકરપ્રભુની ભક્તિના સંદર્ભની છે.

અમને લખતાં અતિશય આનંદ થાય છે કે છેલ્લા સળંગ સાડા ચાર માસથી અંતરમાં આ પંક્તિ અનુભૂતિનાં સ્તરે સતત ગુંજી રહી છે કે ''ધન્ય તે રાત ને ધન્ય દિહા.'' ફર્ક થોડોક એ છે કે અહીં તીર્થંકરપ્રભુની ભક્તિ ઉપરાંત મુખ્ય સંદર્ભ તીર્થની ભક્તિનો છે. એ તીર્થ એટલે જૈન જગતમાં સર્વોચ્ચ અને તીર્થાધિરાજરૂપે સુપ્રસિદ્ધ શત્રુંજયમહાતીર્થ! અમે નેવું સંયમીભગવંતો સાથે વિ.સં.૨૦૮૦ના છેલ્લા સતત ચાર માસથી આ તીર્થનું એકદમ નિકટનું પ્રત્યક્ષ સાન્નિધ્ય માણી રહ્યા છીએ. પ્રારંભે ચતુર્વિધ સંઘના આઠસો આરાધકો સાથે

ચાતુર્માસ, એમાં જીવનનાં સ્વર્ણિમ સ્વપ્ન સમાન માસક્ષમણતપસાધનાનો વ્યક્તિગત થયેલ મહાન લાભ અને તેની સાથે બત્રીશ સંયમી સહિત કુલ એકસો ત્રેવીશ આરાધકોનાં માસક્ષમણ, તે પછી બસો એકસઠ તપસ્વીઓના ભવ્ય ઉપધાનતપ અને હવે ચારસો આરાધકોની સમૂહ શત્રુંજયનવાણું-યાત્રા તથા પાંચ-પાંચ પદયાત્રાસંઘો.

આ સર્વ આરાધનાઓ દરમ્યાન એક ચિરંજીવ યશસ્વી આયોજન થયું 'શત્રુંજય-સૂર્યોદયધામ' નિર્માણનું. છ્યાશી હજાર squar feetના વિરાટ ભૂમિખંડ પર શિખરબદ્ધ જિનાલય-એકસો ચોર્યાશી ખંડો સાથે વિરાટ આલીશાન ધર્મશાળા-પાંચ પાંચ હજાર feetના ત્રણ અતિ ભવ્ય Pillerless Hall-બે ઉપાશ્રયો-ભોજનશાળા-આયંબિલશાળાયુક્ત આ આયોજન અંગે પાલિતાણા આવ્યા ત્યાં સુધી આછો ય વિચાર ન હતો. એ એકાએક પ્રભુ-ગુરુકૃપાથી થયું. એનો ય હૈયે સાત્ત્વિક આનંદ છે. ચાતુર્માસ અને ઉપધાનતપ દરમ્યાન નિત્ય સેંકડો આરાધકો સાથે શ્રી શત્રુંજયગિરિરાજની તળેટીયાત્રા માટે જઇએ ત્યારે ક્ષણેક્ષણ એ વિચારો ઘુંટાય કે કેવા ધન્ય આ શ્રેષ્ઠ દિવસો છે કે જેમાં નિત્ય ગિરિરાજભક્તિ થાય છે. અમારાં આરાધનાસ્થાન ચેન્નઇભવનમાં અમારો ખંડ એવો છે કે એની બારીમાંથી ગિરિરાજનું પૂર્ણ દર્શન થાય. દિવસમાં કંઇ કેટલીય વાર હાથ જોડી અમે ગિરિરાજને વંદન કરીએ, તો વહેલી પ્રભાતે નિત્ય સાડાત્રણ વાગ્યે જાગતાંવેંત એ બારીમાંથી ગિરિરાજને નમન કરીએ. ત્યારે દિલમાં અક્ષરશઃ મહેસૂસ થાય કે ''ધન્ય તે રાત ને ધન્ય દિહા.''

હવે એ ગિરિરાજની સમૂહ નવાણુંયાત્રાની સાથોસાથ વિવિધ પદયાત્રાસંઘોનો પ્રારંભ થયો છે. એમાં કાર્તિક વદિમાં પહેલો સંઘ યોજાયો છે શ્રી કદંબગિરિતીર્થથી શ્રી શત્રુંજયમહાતીર્થનો. આવો, આપણે આ પુણ્ય નિમિત્તે કદંબગિરિતીર્થનો એક પ્રાચીનતમ ઇતિહાસ અને એક નિકટના ભૂતકાળનો ઇતિહાસ સંક્ષેપમાં છતાં રસપ્રદ રીતે નિહાળીએ. તે પૂર્વે એક સ્પષ્ટતા ખાસ સમજવી કે કદંબગિરિ-હસ્તગિરિ વગેરે શત્રુંજયગિરિરાજના જ ભાગ છે. એથી જ શાસ્ત્રોએ શત્રુંજયગિરિરાજના એકસો આઠ નામોમાં આ નામોનો ઉલ્લેખ કર્યો

છે. ફર્ક એટલો છે કે પ્રણાલિકાથી મુખ્યત્વે શત્રુંજયરૂપે મરુદેવ ટૂંક ગણાય છે. ત્યાંથી કદંબગિરિ વગેરે થોડા દૂર છે. માટે લોકમાનસમાં એની છાપ શત્રુંજયગિરિરાજના વિભાગ ઉપરાંત અલગ તીર્થ તરીકેની ય છે.

'શત્રુંજયમાહાત્મ્ય' ગ્રન્થ કદંબગિરિનો પ્રાચીનતમ ઈતિહાસ દર્શાવે છે ગત ચોવીશીથી. એ ગ્રન્થ કહે છે કે આદીશ્વરપ્રભુના સમયમાં પ્રભુના શિષ્ય નાભગણધર આ કદંબગિરિમાં વિરાજમાન હતા ત્યારે આદીશ્વરદાદાના પુત્ર ચક્રવર્તી ભરતદેવ નાભગણધરને વંદન કરવા પધાર્યા હતા. ચક્રવર્તીએ ત્યારે કદંબગિરિનો ઈતિહાસ જાણવાની જિજ્ઞાસા દર્શાવતા ગણધરપ્રભુએ કહ્યું :''ગત ચોવીશીના ચોવીશમા તીર્થંકર સંપ્રતિભગવાનના 'કદંબ' નામે ગણધર આ શિખર પર એક ક્રોડ મુનિવરો સાથે અનશનપૂર્વક મોક્ષપદ પામ્યા ત્યારથી આ ગિરિનું નામ કદંબગિરિરૂપે વિખ્યાત થયું.'' ગણધરપ્રભુનાં મુખેથી આનો વિસ્તૃત વૃત્તાંત સાંભળી ચક્રવર્તીએ સૌધર્મેન્દ્રની અનુમતિપૂર્વક આ ગિરિ ઉપર ભાવિ તીર્થંકર શ્રી મહાવીરપ્રભુના વિરાટ જિનપ્રાસાદનું નિર્માણ કર્યું! આ કદંબગિરિ માટે 'શત્રુંજયમહાત્મ્ય' ગ્રન્થ એક સ્થળે મજાની વાત કરે છે કે ''શ્રી યુગાદિદેવના પગલાયુક્ત રાયણવૃક્ષ જ્યાં છે તે શત્રુંજયના મુખ્ય શિખરની જેમ તેનું આ કદંબગિરિશિખર પણ પાપોનો નાશ કરનારું છે.'' સમજાય છે આ કથનનો આશય? એ શત્રુંજયમહાતીર્થરૂપે વર્તમાનમાં પ્રસિદ્ધ મુખ્ય વિભાગ જેટલું જ મહત્ત્વ આ કદંબગિરિનું હોવાનું સમજાવે છે.

એક અન્ય વાત એવી ય છે કે ગત ચોવીશીના બીજા તીર્થંકર શ્રી નિર્વાણીપ્રભુના ગણધર કદંબઋષિ આ તીર્થ પર અનશન કરી મોક્ષે પધાર્યા ત્યારથી આ તીર્થનું નામ કદંબગિરિ સ્થપાયું છે. પૂર્વે જે ગત ચોવીશીના ચોવીશમા પ્રભુના ગણધરની વાત કરી એના કરતા ય વધુ પ્રાચીન કાળથી આ ગિરિ કદંબગિરિરૂપે પ્રસિદ્ધ છે તેમ આ મતથી પુરવાર થાય છે...

હવે નિહાળીએ નિકટના ભૂતકાળનો ઈતિહાસ. ઇ.સ. ૧૯૧૦ (વિ.સં. ૧૯૬૬) માં આ સ્થાને તત્કાલીન જૈન શાસનના મૂર્ધન્ય મહાપુરુષ શાસનસમ્રાટ

આ.શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ પધાર્યા ત્યારે આ ગિરિ પર ખૂબ ઊંચે કદંબગણધરની પાદુકાની નાનકડી દેરી સિવાય કોઇ પૂજાસ્થાન ન હતું. શાસનસમ્રાટશ્રીએ ત્યારે આ પ્રાચીન તીર્થના ઉદ્ધારનો દૃઢ સંકલ્પ કર્યો અને વર્ષોની જહેમત બાદ તીર્થનો સર્વાંગીણ ઉદ્ધાર કરાવ્યો. અમારા મિત્ર આ.શીલચન્દ્રસૂરિજી મહારાજે 'શાસનસમ્રાટ' ગ્રન્થમાં આ ઉદ્ધારનું વિગતસભર વર્ણન કર્યું છે. આપણે એમાંની કેટલીક બાબતોને અહીં નિહાળીશું :

(૧) એ સમયે ત્યાં કામળિયા દરબારોનું વર્ચસ્વ હતું. ગિરિની તળેટીમાં એમનો નાનકડો નેસડો હતો, તો ઉપર એમના કુળદેવી કામળીમાતાનું મંદિર હતું. તેઓ આ તીર્થને કામળીમાતાનો ડુંગર કહેતા. આ દરબારો વ્યસનોમાં પૂરા અને ધીંગાણું કરવામાં શૂરા હતા. નેમિસૂરિદાદાએ ઉપદેશ દ્વારા આવી પ્રજાને સન્માર્ગે વાળી. એમને વ્યસનોનો ત્યાગ કરાવ્યો. એટલી હદે એ પ્રજા પર એમણે અસર સર્જી કે એમના મુખ્ય આગેવાન દરબાર આપાભાઇ શાસનસમ્રાટશ્રીનો પડ્યો બોલ ઝીલે એવા ભક્ત થઇ ગયા. આ અજૈન પ્રજાના મહારાજશ્રી પ્રત્યેના આદરનો એક પ્રસંગ ખૂબ હૃદયસ્પર્શી અને ઉલ્લેખનીય છે.

આચાર્યભગવંતે જિનાલયનિર્માણ માટે કેટલાક ભૂમિખંડો ગિરિ પર અલગ અલગ સ્થળે પસંદ કરી એ આણંદજી કલ્યાણજી પેઢીને વેચાણ આપવાનું સૂચન કર્યું. કુલ નવ Plot હતા. દરબારો કહે : ''અમે આ Plot ગુરુમહારાજને ભેટ આપીએ, પણ પેઢીને વેચાણ ન આપીએ.'' મહારાજશ્રીએ મક્કમભાવે ઇન્કાર કર્યો કે ''હું જૈન સાધુ છું. મારા નામે કોઇ Plot ન લેવાય. તમારે એ Plot પેઢીને જ આપવા અને એ ય વેચાણ જ આપવા, ભેટ

નહિ.'' આ શબ્દોમાં શાસનસમ્રાટશ્રીની આચારનિષ્ઠા ઝળકતી હતી, તો Plot ભેટ ન લેવાના વલણમાં ભાવિ સુરક્ષાની દૂરંદેશિતા ઝળહળતી હતી. દરબારો પણ Plot મહારાજશ્રીને ભેટ આપવામાં મક્કમ હતા. છેવટે માર્ગ એ અપનાવાયો કે પેઢી સાથે થયેલ વેચાણ દસ્તાવેજમાં દરબારોએ આ શબ્દો લખાવ્યા કે ''પૂજ્યશ્રીએ અમોને (કામળીયા દરબારોને) ઉપદેશ આપી અમારા દુર્વ્યસનો છોડાવ્યા છે.'' Plot આપવાનાં કારણમાં આ શબ્દો લખાવનાર અજૈન દરબારોનાં મનમાં શાસનસમ્રાટ પ્રત્યે કેવો સદ્ભાવ પ્રવર્તતો હશે તે એ શબ્દોમાં પ્રતિબિંબિત થાય છે...

(૨) કામળિયા દરબારોનો નેસડો એટલે સાવ નાનકડું ગામ. લગભગ જંગલ જ ગણાય તેવો વિસ્તાર. ત્યાં શાસનસમ્રાટશ્રીની પ્રેરણાથી ઇકોતેર કુલિકાયુક્ત ભવ્ય શ્રી મહાવીર-સ્વામીજિનપ્રાસાદનું નિર્માણ થયું. તેનો અંજનશલાકા-પ્રતિષ્ઠામહોસવ યોજાયો ઇ.સ. ૧૯૩૩ (વિ.સં. ૧૯૮૯)માં. બાવીશ દિવસનો ઐતિહાસિક મહોત્સવ હતો. નિત્ય હજારો ભક્તો ત્યાં રહેવાના હતા. પ્રતિષ્ઠાદિને પચીશ હજારની મેદની એકત્ર થવાની હતી. આ માટે તમામ વ્યવસ્થા ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહે કરાવી હતી. રાજા સાથે દૃઢ ધર્મસંબંધ હોય તો આ શક્ય બને. મંત્રીઓ આવે, Photosession જેવી ઉપરછલ્લી મુલાકાત લઇ વિદાય થાય : એનાથી શાસનની નક્કર પ્રભાવના શક્ય ન બને.

(૩) એ કાળે અંજનશલાકા વિધાન અતિ દુર્લભ હતું. એમાં અવિધિ થાય તો મોટું નુકસાન થાય તેવી પ્રબળ માન્યતા હતી. છતાં શાસનસમ્રાટશ્રીએ અંજનશલાકાનું વિધાન યોજ્યું. અલગ અલગ સ્થળની એક

હજાર પ્રતિમાઓ અંજનશલાકા માટે આવી હતી. જાણે મૂર્તિઓનું નગર અવતર્યું હોય તેવો માહોલ હતો. વીશ દિવસ તો ઉત્સાહ-ઉમંગથી નિર્વિઘ્ન પસાર થયા. જે રાત્રિએ મુખ્ય અંજનવિધાન હતું એ રાત્રિએ ભયાનક વાવાઝોડું આવ્યું. તમામ પ્રતિમાઓ મંડપમાં જ હતી. 'આવું કાંઇક વિઘ્ન આવશે' તેવો આગોતરો અણસાર પામી જઇ મહારાજશ્રીએ પાછળની રાત્રિએ દરેક થાંભલે પાંચ-સાત શ્રાવકો ઊભા રાખ્યા. બરાબર સાડા પાંચથી છમાં અર્ધો કલાક વાવાઝોડું ત્રાટક્યું, પરંતુ દરેક થાંભલા મજબુતાઇથી પકડી રખાતાં મંડપને-પ્રભુપ્રતિમાઓને જરા ય નુકસાન ન થયું. મહારાજશ્રીની આ સાવધાનીને શું કહીશું? અગમનું જ્ઞાન?

(૪) શાસનસમ્રાટશ્રીના એક પ્રખર વિદ્વાન પ્રશિષ્ય હતા આચાર્ય નંદનસૂરીશ્વરજીમહારાજ. આ અંજનશલાકામાં જ નહિ, મહારાજશ્રીનાં દરેક કાર્યમાં તેઓ પડછાયાની જેમ સાથે રહેતા. એમણે ઇ.સ. ૧૯૩૭ (વિ.સં. ૧૯૯૩)માં માત્ર એક જ દિવસમાં છંદબદ્ધ સંસ્કૃતભાષામય તેત્રીશ શ્લોકોનું કદંબગિરિસ્તોત્ર રચ્યું. એમાં આ તીર્થ પ્રત્યેની એમની ભક્તિ અને કાવ્ય-વ્યાકરણવિષયક વિદ્વત્તા : બન્ને છલકે છે. ભલે ને સંસ્કૃત સમજનાર ઓછા હોય. પરંતુ ભક્તિ-વિદ્વત્તા આછી પણ સમજવા એમાંનો એક શ્લોક અહીં ટાંકીને આપણે લેખનું સમાપન કરીશું કે :-

नमस्ते कादम्बामरनरनमस्याय च नमो,
नमस्ते कादम्बाधरितपरतीर्थाय च नमः।
नमस्ते कादम्बावनितलललामाय च नमो,
नमस्ते कादम्बाद्भुतगुणनिधानाय च नमः।।

✿ ✿ ✿



27

# અયોધ્યાપુરમ્‌થી શત્રુંજયમહાતીર્થ પદયાત્રા સંઘ : સિદ્ધગિરિના ઈતિહાસના સ્વર્ણિમ પૃષ્ઠનું રંગદર્શન

જૈન તીર્થોની સૃષ્ટિમાં શ્રી શત્રુંજયગિરિરાજનું સ્થાન એવું આગવું-અનોખું અને અનુપમ છે કે એ માત્ર તીર્થરૂપે નહિ-માત્ર મહાતીર્થરૂપે નહિ, બલ્કે તીર્થાધિરાજરૂપે વિખ્યાત છે. આ વિખ્યાતિ ફક્ત લોકમાનસની શ્રદ્ધા પર જ આધારિત નથી. બલ્કે એથી ય આગળ મહાન આર્ષપુરુષો દ્વારા રચાયેલ પ્રાચીન પવિત્ર શાસ્ત્રો પર પણ આધારિત છે. આપણે એની બે-એક ઝલકો નિહાળીએ.

શ્રી શત્રુંજયગિરિરાજનો મહિમા દર્શાવતો પ્રાચીન ગ્રન્થ 'શત્રુંજયમાહાત્મ્ય' હોવાની જાણ કેટલા ય આરાધકોને છે. એ ગ્રન્થના સર્જક પૂર્વાચાર્યભગવંત શ્રી ધનેશ્વરસૂરીશ્વરજી મહારાજની ગુરુકુલિકા ગિરિરાજ પર છે. ગિરિરાજના યાત્રિકો એ સ્થાને વંદન-નમન કરતા હોવાથી તેઓ આટલા ઇતિહાસથી પરિચિત હોય છે. પરંતુ એ ગ્રન્થ અને સર્જકની વાત માત્ર આટલી જ સીમિત નથી. ઈતિહાસ આનાથી ય વિશેષ અને અહોભાવથી મસ્તક ઝુકાવી દે તેવો છે.

સંક્ષેપમાં નિહાળીએ તો, પ્રથમ તીર્થંકર યુગાદિદેવ શ્રી ઋષભદેવ ભગવાનનાં મુખેથી શ્રી શત્રુંજયગિરિરાજનો અપૂર્વ મહિમા સાંભળી સર્વપ્રથમવાર 'શત્રુંજયમાહાત્મ્ય' નામે શાસ્ત્રગ્રન્થનું કથન કર્યું પ્રભુના પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામી ભગવંતે. આ જ તીર્થાધિરાજ પર મોક્ષની પ્રાપ્તિ કરનાર પુંડરીકસ્વામીએ રચેલ એ ગ્રન્થ હતો સવા લાખ શ્લોક પ્રમાણ!

તે પછી ચોવીશમા તીર્થંકર પરમાત્મા મહાવીરદેવના પંચમ ગણધર ગણસંપદાસમૃદ્ધ સુધર્માસ્વામીએ પ્રભુની આજ્ઞાથી એ શાસ્ત્રનો સંક્ષેપ બોધની સરલતા માટે કર્યો. એ સંક્ષિપ્ત ગ્રન્થ હતો ચોવીશ હજાર શ્લોકપ્રમાણ. તે પછી વલ્લભી સામ્રાજ્યના અધીશ્વર શત્રુંજયભક્ત સમ્રાટ શિલાદિત્યના સમયમાં મહાન જ્ઞાની આચાર્યપ્રવર ધનેશ્વરસૂરીશ્વરજી મહારાજે હજુ સંક્ષેપ કરી નવ હજાર શ્લોકપ્રમાણ શત્રુંજયમાહાત્મ્યગ્રન્થ સર્જ્યો. જે આજે ય ઉપલબ્ધ છે. શ્રી તીર્થંકરભગવંતોએ સ્વયં જેનું મહિમાદર્શન સ્વમુખે કર્યું હોય અને ગણધર-ભગવંતોએ જેનું મહિમાગુંથન કર્યું હોય એ શત્રુંજયગિરિરાજ તીર્થાધિરાજરૂપે વિખ્યાતિ વરે જ ને!

હવે નિહાળીએ શાસ્ત્રસંબંધી બીજી ઝલક. અતિમુક્ત નામે કેવલીભગવંતે શત્રુંજયગિરિરાજનો જે મહિમા નારદઋષિ સમક્ષ વર્ણવ્યો હતો તેના પરથી રચાયો છે 'શત્રુંજયલઘુકલ્પ' ગ્રન્થ. આ ગ્રન્થની એક ગાથા અમારાં અંતરને ખૂબ સ્પર્શી ગઇ છે. એ ગાથા આ છે કે :-

जं किंचि नामतित्थं, सग्गे पायालि माणुसे लोए।

तं सव्वमेव दिट्ठं, पुंडरीए वंदिए संते।।

ભાવાર્થ કે સ્વર્ગલોક-પાતાલલોક અને માનવલોકમાં જેટલા તીર્થો છે તે તમામ તીર્થોનાં દર્શન-વંદનનો લાભ શ્રી શત્રુંજયગિરિરાજનાં દર્શન-વંદનથી પ્રાપ્ત થાય છે. કેવી અદ્ભુત વાત. ભક્તિ એક શત્રુંજયગિરિરાજની અને લાભ તમામ તીર્થોની ભક્તિનો!

એક ઔર વાત. કેટકેટલા ય તીર્થો એવાં છે કે જ્યાં તીર્થંકર ભગવંતો પધાર્યા હોવાથી યા એમનાં કલ્યાણકો થયા હોવાથી એ સ્થાનો તીર્થરૂપે પ્રસિદ્ધિ વર્યા છે. જેમ કે અહિચ્છત્રાતીર્થ-કલિકુંડતીર્થ-પાવાપુરી-ચંપાપુરી વગેરે તીર્થો. જ્યારે શત્રુંજયતીર્થાધિરાજની વિરલ વિશેષતા એ છે કે તે સ્થાન અનાદિકાલથી સ્વયંસિદ્ધ તીર્થરૂપ હોવાથી તીર્થંકરભગવંતો સામેથી આ તીર્થસ્થાને પધારે છે. મતલબ કેઆ મહાન તીર્થનો મહિમા તીર્થંકરપ્રભુના પદાર્પણ પર આધારિત નથી. એ સ્વયંસિદ્ધ તીર્થ છે. આ મહાતીર્થની સૌથી મહાન વિશેષતા છે એનાં એકેક કણ-કણ પર અનંત અનંત આત્માઓની સિદ્ધિ-મોક્ષપ્રાપ્તિ. ઉત્કૃષ્ટ સત્ત્વ અને ઉત્કૃષ્ટ શૌર્યથી સાધના કરી આ તીર્થભૂમિ પર એટલા અનંત અનંત આત્માઓ સિદ્ધ થયા છે કે શત્રુંજયતીર્થાધિરાજ માટે ઉક્તિ પ્રસિદ્ધ છે ''કાંકરે કાંકરે અનંતા સિદ્ધયા.''

એ મહાન સાધકોની પ્રત્યેકની વિશિષ્ટ સત્ત્વકથા-શૌર્યકથા હોવાની સંભાવના લક્ષ્યમાં રાખીએ તો,ઉપરોક્ત પંક્તિના લયમાં કહી શકાય કે ''કાંકરે કાંકરે અનંતા ઈતિહાસ.'' આપણે એ અનંત ઈતિહાસને તો જાણતા નથી. પરંતુ નિકટના સૈકાઓમાં કેટલાક ઈતિહાસ અહીં એવા સર્જાયા છે કે જે આપણાં આંખ-અંતરને અહોભાવની ભીનાશથી તર-બ-તર કરી દે. આવો, આજે આ સૌથી મોટાં તીર્થના સૌથી મોટા જિનાલયનો રોમાંચક ઈતિહાસ નિહાળીએ. એ જિનાલય એટલે નવ ટૂંકમાંની સવા-સોમા ટૂંકનું વિરાટ ચૌમુખ જિનાલય. ઈતિહાસનો ઘટનાક્રમ કાંઈક આવો છે :

સૌરાષ્ટ્રનું એક પ્રસિદ્ધ શહેર વણથલી. ગરવા ગઢ ગિરનારથી થોડાં અંતરે આવેલ એ શહેરમાં એક માલેતુજાર જૈન વ્યાપારીનું એકચક્રી વ્યાપારસામ્રાજ્ય પથરાયેલું હતું. નામ હતું એમનું સવચંદ શેઠ. મોટી પેઢી, મોટા વ્યાપાર અને મોટા હિસાબ-કિતાબ. પૈસો એટલો ભરપૂર કે આસપાસના ગામોના રાજાઓ-દરબારો શેઠની પેઢીએ લાખો રૂ.ની થાપણ મૂકી જાય. જ્યારે જોઈએ ત્યારે અડધી રાતે ય દરબારોને વ્યાજસહિત થાપણ પરત મળી જાય. શેઠની પેઢી એટલે કુબેરદેવની પેઢી એવો સૌને આંખો મીંચીને વિશ્વાસ હતો.

પણ...ભલા, એક સરખા દિવસો ક્યારે ય કોઈના હોય છે ખરા? સવચંદ શેઠનાં મોટાં વહાણો દરિયાપારના વ્યાપારો માટે જતા હતા એ તોફાનોમાં ફસાયાં. વહાણો ડૂબી ગયા કે સલામત છે એના ય કોઈ વાવડ ન હતા. એથી અન્ય વ્યાપારોમાં રકમની તંગી સર્જાવા માંડી. પવનની પાંખે વાતો વિવિધરૂપે ફેલાવા માંડી. શેઠના વિરોધીઓને આમાં શેઠને નીચાજોણું કરાવવાની મોટી તક મળી ગઈ. એક ઈર્ષ્યાળુ વિરોધીએ ગરાસદાર દરબારની ભંભેરણી કરી કે ''શેઠની પેઢી કાચી પડી છે. તમારી થાપણ વ્યાજ સાથે વહેલામાં વહેલી લઈ લો. નહિ તો પૈસા ડૂબી જશે ને રાતે પાણીએ રડવાનો વારો આવશે.''

કાચા કાનના દરબાર બીજે જ દિવસે શેઠની પેઢીએ પહોંચી ગયા અને ઘરમાં નાણાંભીડ આવવાથી તમામ રકમ એક સાથે વ્યાજસહિત લઈ લેવાની માંગણી કરી. વિચક્ષણ શેઠ સમજી ગયા કે વહાણો ફસાયાની વાત સાંભળીને દરબારે સર્જેલ મુશ્કેલીનો આ વંટોળ છે. રકમ એટલી મોટી હતી કે તાત્કાલિક આપવી શક્ય ન હતી. દરબારની જીદ્દી જાત શંકાનાં કારણે બધી રકમ લીધા વિના રહેશે નહિ. વળી એને પૂરી રકમ નહિ અપાય તો શંકા વધતી જવાથી નવા લેણદારો ય જાગશે. માટે કોઈ પણ ભોગે આને તમામ રકમ આપવી જરૂરી છે. પણ તત્કાલ આટલી વ્યવસ્થા કરવી ક્યાંથી? શેઠનાં મનના મહાસાગરમાં મૂંઝવણનાં મોજાં ઉછાળા મારી રહ્યાં.

અચાનક શેઠે એક સાહસભર્યો નિર્ણય કર્યો. એમણે એક હૂંડી લખીને તૈયાર કરી. દરબારને એ પત્ર આપતા શેઠે કહ્યું : ''આ પત્ર લઈ એના સરનામે અમદાવાદ પહોંચો. ત્યાંથી તમને પૂરી રકમ મળી જશે.''

વ્યાપારીઓની આવી રીતરસમ સારી રીતે જાણતા દરબાર તુર્ત જ હૂંડી લઇ અમદાવાદ નીકળી ગયા. બીજે દિવસે સરનામાની જગ્યાએ એ પહોંચી ગયા. એ સોમચંદ શેઠની પેઢી હતી. વણથલીની પેઢી કરતાં ય અહીંનો કારોબાર મોટો હતો. સોમચંદ શેઠના મહેતાજીએ હૂંડી મુજબની રકમ ચુકવવા લણદારોની ખાતાવહી કાઢી. બે કલાક મથ્યા પછી ય વણથલીના સવચંદ શેઠનું કોઇ ખાતું ન મળતાં એણે સોમચંદ શેઠને વાત કરીને ઉમેર્યું : ''આ નામ જ મારા માટે નવું છે. હૂંડી વાંચતાવેંત મને લાગતું હતું કે આ શેઠનું કોઇ ખાતું આપણે ત્યાં છે જ નહિ.''

ધીર-ગંભીર શેઠે પોતે હૂંડી લઇ બે વાર વાંચી. એમને સમજાતું ન હતું કે જ્યાં ખાતું ન હોય એ પેઢીમાં કોઇ વ્યાપારી ઉઘરાણીની હૂંડી કેમ મોકલે? અચાનક એમની નજર હૂંડીની વચ્ચે ગઇ. ત્યાંના અક્ષરો ચેરાઇ ગયા હતા. ચતુર શેઠ મર્મ પામી ગયા કે 'આ આબરૂદાર વ્યાપારીની ઇજ્જત ધજાગરો થવાની અણી પર હશે. એટલે એણે રડતી આંખે આ હૂંડી મારા વિશ્વાસે લખી હશે. મારી ફરજ છે કે મારે એ વિશ્વાસ સાર્થક કરી એની ઇજ્જત બચાવવી.' શેઠે મહેતાજીને કહ્યું : ''આ તમામ રકમ મારા ખર્ચ ખાતે લખી દરબારને સંપૂર્ણ રકમ ચૂકવી દો.'' આશ્ચર્યસ્તબ્ધ મહેતાજીએ ચિટ્ઠીના ચાકર બની દરબારને લાખોની રકમ આપી દીધી. વણથલી પહોંચીને દરબારે સવચંદ શેઠની હૂંડીના ભરપેટ વખાણ કર્યા. શેઠની ઇજ્જત તો સચવાઇ ગઇ. ઉપરાંત નવા કોઇ લેણદારે શેઠ પર શંકા કરવાનો વિચાર સુદ્ધા ન કર્યો.

આ ઘટનાનાં થોડા વર્ષ બાદ એક વહેલી સવારે અમદાવાદના સોમચંદ શેઠની પેઢી પર રાણીછાપ સિક્કાની થેલીઓની થેલીઓ ઊતરવા માંડી. મુનીમોએ થેલીઓ

ઉતારનારને પૂછ્યું : ''પહેલા એ તો કહો કે આ રકમ કોની છે?'' ઉતારનારાઓએ હસીને કહ્યું : ''જેમની રકમ છે એ શેઠ પાછળ જ આવે છે. પણ એમણે તમામ થેલીઓ તમારી પેઢીએ ઉતારવાનું કહ્યુ છે.'' સોમચંદ શેઠ પણ આશ્ચર્યમાં હતા કે આ રકમ મોકલનાર કોણ? ત્યાં વણથલીના સવચંદ શેઠ આવ્યા. કહે : ''વર્ષો પહેલા અણીના સમયે તમે મારી ઈજ્જત બચાવી હતી. એ ઉપકારનો બદલો તો હું કદી નહિ વાળી શકું. માત્ર એ રકમ વ્યાજ સાથે પરત આપવા આવ્યો છું.'' સોમચંદ શેઠે દૃઢતાથી ઇન્કાર કર્યો : ''એ તો ભાઇ ભાઇને અણીના સમયે સાચવી લે એવી વાત હતી. એ રકમ પરત ન લેવાય. વળી મારાં ચોપડે તમારું કોઇ ઉધાર ખાતું છે જ નહિ. વ્યાપારી માટે તો ચોપડો એ જ શાસ્ત્ર.'' બન્નેમાંથી કોઇ એ રકમને હાથ લગાવવા તૈયાર ન થયું. આખરે એ રકમમાં ઉમેરા સાથે બન્નેએ શ્રી શત્રુંજયગિરિરાજ પર ચતુર્મુખ પ્રભુનું ઉત્તુંગ જિનાલય સર્જવાનો નિર્ણય કર્યો. એ જિનાલય એટલે જ આજની સવા-સોમા ટૂંકનું ચૌમુખ જિનાલય. સિદ્ધગિરિરાજનું એ સૌથી ઉત્તુંગ જિનાલય છે.

જેના કણ કણમાં આવા તો કૈંક ઇતિહાસો ધરબાયેલા છે તે શત્રુંજયગિરિરાજનો છ'રી' પાલક પદયાત્રા સંઘ, અમારી નિશ્રામાં અયોધ્યાપુરમ્‌થી તા. ૮ થી ૧૩ ડિસેમ્બર દરમ્યાન યોજાયો છે, તો હજુ હમણા જ ગિરિરાજનાં સાન્નિધ્યમાં યુવામુમુક્ષુ કુ. ઋત્વી સંઘવીનો દીક્ષામહોત્સવ - બસો સાઠ ઉપધાન તપસ્વીઓ પૈકી માળતપસ્વીઓનું મોક્ષમાળવિધાન થઇ ચૂક્યું છે અને ચારસો યાત્રિકોની નવાણુંયાત્રા થઇ રહી છે.

આ પુણ્ય પ્રસંગે સિદ્ધગિરિરાજને હૃદયથી વંદના કરતા ગાઇએ કે :-

એકેકું ડગલું ભરે, શત્રુંજય સામું જેહ;
ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ...

✿ ✿ ✿



28

# ઘોઘાતીર્થથી શત્રુંજયમહાતીર્થનો પદયાત્રાસંઘ : ‘‘ભવસાગર તરવાને કાજે ગિરિવર નૈયા છે...’’

કેટલાક નામ-ધામ આ સૃષ્ટિમાં એવાં છે કે જે પ્રાચીન હોવા ઉપરાંત પવિત્ર-પુણ્યવંતા હોય. આ કક્ષાની વિચારણામાં સૌથી શ્રેષ્ઠ-સર્વોચ્ચ નામ-ધામ આવે શાશ્વત શ્રી શત્રુંજયગિરિરાજનું. જૈન શાસ્ત્રોની માન્યતા અનુસાર આ તીર્થાધિરાજની પ્રાચીનતા અનાદિકાલીન છે, તો એની પવિત્રતા-પુણ્યાઢ્યતા કલ્પનાતીત- શબ્દાતીત છે.

ભલે શ્રી શત્રુંજયગિરિરાજની હરોળમાં આવે તેવાં નામ-ધામ અન્ય ન હોય. પરંતુ પ્રાચીનતા અને પવિત્રતાના સંદર્ભમાં યાદ કરી શકાય તેવાં અન્ય નામો-ધામો ભારતભૂમિમાં છે ખરા. આવું એક નામ છે ઘોઘાતીર્થ. એની પ્રાચીનતાના સીધા પુરાવામાં એક છે કહેવતો. જેમ કે ગુજરાતીમાં બે ઉક્તિ પ્રસિદ્ધ છે કે ‘‘લંકાની લાડી ને ઘોઘાનો વર’’ તેમજ ‘‘હીરો ઘોઘે જઇ આવ્યો, ડેલે હાથ દઇ આવ્યો.’’ આ ઉપરાંત તવારીખી તાસીરમાં ય ઘોઘાની પ્રાચીનતા પ્રતિબિંબિત

થાય છે. માત્ર પ્રાચીનતા જ નહિ, પવિત્રતા ય એની એવી છે કે એનાં કારણે જૈન પરંપરાના એકસો આઠ પાર્શ્વનાથતીર્થોમાં એક સ્થાન આ ઘોઘાતીર્થને અપાયું છે. શ્રી શત્રુંજયગિરિરાજનાં સાન્નિધ્યમાં સતત સાત માસની અમારી શાસનઆરાધનામય-પ્રભાવનામય સ્થિરતાના અંતિમ ચરણમાં હાલ અલગ-અલગ તીર્થોથી શ્રી શત્રુંજયતીર્થાધિરાજના પાંચ પદયાત્રાસંઘોનો ઉપક્રમ ચાલે છે. તેમાં ત્રીજો પદયાત્રાસંઘ છે આ ઘોઘાતીર્થથી. બારસો ઉપરાંત યાત્રિકો અને કુલ સત્તરસોની સંખ્યામાં યોજાયેલ આ પદયાત્રાસંઘનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે, આપણે આ ઘોઘાતીર્થ અને શત્રુંજયતીર્થાધિરાજ : બન્નેના પુણ્ય ઈતિહાસની થોડી શી ઝલકનાં દર્શન આ લેખ દ્વારા કરીએ.

ઘોઘાતીર્થના મૂલનાયક છે શ્યામલવર્ણા પ્રશમરસનિમગ્ન શ્રી નવખંડાપાર્શ્વપ્રભુ. વિ.સં.૧૧૬૮માં એટલે કે આજથી નવસો તેર વર્ષ પૂર્વે આ પ્રતિમાનું નિર્માણ ઘોઘાનગરના જ જૈન ભાવિક હીરાભાઇએ કરાવ્યું હતું. એ પ્રભુનું અંજનવિધાન તત્કાલીન મહાન આચાર્યવર્ય શ્રી મહેન્દ્રસૂરીશ્વરજી મ.ના હસ્તે થયું હતું. એવા શ્રેષ્ઠ મુહૂર્તે અને ઉત્કટ ભાવધારાએ એ વિધાન દ્વારા પ્રતિમામાં પ્રભુતાનું પ્રાગટ્ય થયું કે જોતજોતામાં ઘોઘાની ખ્યાતિ આ પ્રભુનાં કારણે શતદલ કમલની જેમ મહેંકી રહી. ત્યારે ઘોઘામાં અન્ય જિનાલયો હતા જ. પરંતુ આ પ્રભુના પ્રભાવે ઘોઘાને તીર્થનું સ્થાન-માન વર્યું. વિ.સં.૧૪૩૧માં અર્થાત્ આજથી છસો પચાસ વર્ષ પૂર્વેની એક કૃતિમાં ખરતરગચ્છીય આચાર્ય શ્રી જિનેન્દ્રસૂરિજી ઘોઘાતીર્થે આ પ્રભુની યાત્રા કર્યાનો ઉલ્લેખ કરે છે, તો મહાન શાસ્ત્રકાર ન્યા.ન્યા. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર આજથી ત્રણસો ચોસઠ વર્ષ પૂર્વે સર્જેલ એમના પ્રસિદ્ધ ગ્રન્થ 'સમુદ્ર વહાણ સંવાદ'ના પ્રારંભે જ મંગલાચરણમાં આ પંક્તિથી આ પ્રભુનું સ્મરણ કરે છે કે **''શ્રી નવખંડ અખંડ ગુણ, નમી પાસ ભગવંત.''**

પ્રશ્ન એ થાય કે આ પ્રભુનું નામ નવખંડા કેમ? ઉત્તરમાં ધર્મઝનૂનની કલંકકથા રહી છે. ભારતવર્ષનો ઘણો ઈતિહાસ વિધર્મી સામ્રાજ્ય સમયે જૈન તીર્થોના-હિંદુ તીર્થોના નાશનો રહ્યો છે. એ ધર્મઝનૂનના વા-વંટોળમાં

ઘોઘાતીર્થનું આ જિનાલય સપડાયું. ઝનૂન એ તીવ્રતાએ પહોંચ્યું કે જિનાલયનો તો ધ્વંસ કરાયો જ. પણ એથી ય વધુ ભયંકર બાબત એ બની કે પ્રભુપ્રતિમાના નવ નવ ટુકડા કરાયા! એ ખંડિત ટુકડા એક પોટલામાં બાંધી કૂવામાં ફગાવી દેવાયા : જાણે કે આ પ્રભુનું નામ-નિશાન પણ ન રહે એવી મેલી મુરાદ અને કાળાં કરતૂત !

સમય જ્યારે અધોગતિનો ચાલતો હોય ત્યારે અધિષ્ઠાયકાદિ શક્તિઓ પણ નિષ્ક્રિય રહે-ઉપેક્ષાવંત રહે. એથી વિપરીત કાળ જ્યારે પ્રગતિનો-ઉન્નતિનો હોય ત્યારે એ જ અધિષ્ઠાયકાદિ શક્તિઓ જાગૃત-પ્રભાવવંત થઈ જાય. તીર્થોન્નતિનો સમય પાક્યો હશે. તેથી અધિષ્ઠાયક શક્તિએ ઘોઘાના જૈન ભાવિકને સ્વપ્નમાં સંકેત કર્યો કે 'ભાવનગરના બાપેસરા કૂવામાં આ પ્રભુ ખંડિત અવસ્થામાં પોટલામાં છે. તમે એને બહાર લાવો.' ભાવિકે શ્રદ્ધાપૂર્વક પ્રયાસ કર્યો અને પ્રભુ સ્વપ્નસંકેત અનુસાર બહાર પધાર્યા. દૈવી શક્તિએ હવેના ક્રમનો પણ સંકેત કર્યો કે 'પ્રતિમાના નવે ય ભાગને યથાવત્ ગોઠવી નવ મણ લાપસીમાં નવ દિવસ રાખો. એનાથી પ્રતિમા અખંડ બની જશે.' શ્રદ્ધાળુ ભક્તજનોએ આ સંકેતનો પણ અમલ કર્યો. સહુ પ્રતીક્ષામાં હતા કે નવ દિવસ બાદ અધિષ્ઠાયકનો પ્રભાવ કેવો રંગ લાવે છે!

બરાબર આઠ દિવસ વ્યતીત થયા અને નવમા દિવસે પ્રભાતે નવી બાબત બની. ભરુચથી એક યાત્રાસંઘ સમુદ્રમાર્ગે પ્રસ્થાન કરી ઘોઘાથી સિદ્ધગિરિરાજ જવા આવ્યો. એ સંઘને સિદ્ધગિરિરાજને ભેટવાની ખૂબ ઉતાવળ હતી, સાથે જ ઘોઘાના પાર્શ્વપ્રભુનાં દર્શનની ય ઉત્કંઠા હતી. એમણે ભાવાવેગમાં આગ્રહ કર્યો કે 'અમને પ્રભુનાં દર્શન હમણાં જ કરાવો. તો જ અમે સમયસર પાલિતાણા જઇ શકીએ.' સ્વપ્નસંકેત અનુસાર હજુ એક દિવસ બાકી હોવાથી પ્રભુ બહાર લાવવા ઉચિત ન હતું. છતાં વિવેકની સામે ભક્તિની ઘેલછા જીતી ગઇ. પ્રભુ લાપસીમાંથી બહાર લવાયા. સમયાવધિ સંપૂર્ણ ન થઇ હોવાથી પ્રભુપ્રતિમાના નવ સાંધા પૂરેપૂરા ભરાયા નહિ. પ્રતિમા અખંડ થઇ, પરંતુ સાંધા ય સ્પષ્ટ રહ્યા. આજે પણ આ પ્રતિમામાં નવ સાંધા સ્પષ્ટ નિહાળવા મળે છે. એ આપણને જાણે

કે મહત્ત્વપૂર્ણ સંદેશ આપે છે કે આરાધનાનાં હર કોઇ ક્ષેત્રે ઘેલછાને નહિ, વિવેકને મહત્ત્વ આપો.

અહીં એક પ્રશ્ન ઉદ્ભવી શકે કે જે પ્રતિમાનાં અંગ ખંડિત થાય તે પ્રતિમા પૂજનીય ન રહી શકે. એનું વિસર્જન કરવું પડે. આ સામાન્ય નિયમ છે. તો અહીં નવ નવ ખંડ થઇ ગયા, છતાં પ્રતિમા પૂજનીય કેમ રખાઇ? ઉત્તર એનો એ હોઇ શકે કે દૈવી શક્તિના નિર્દેશ અનુસાર એનું પુનઃ સર્વાંગસંયોજન થયું હોવાથી એની પૂજનીયતા બરકરાર રખાઇ હશે. આ ઉપરાંત તત્કાલીન ગીતાર્થ આચાર્યશ્રીઓએ અન્યાન્ય પ્રબળ કારણો ય લક્ષ્યમાં રાખીને પ્રતિમાની પૂજનીયતાને માન્ય કરી હશે. આ પ્રભુના પ્રભાવે ઘોઘાતીર્થ ઉન્નતિના શિખરે રહ્યું. મુંબઇના મહારાજા પ્રભુ ગોડીજી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા ઘોઘાના વતની કલ્યાણજી કાનજી પરિવારે આજથી બસો તેર વર્ષ પૂર્વે કરી છે, તો શત્રુંજયગિરિરાજ પરની બાલાજી ટૂંકનું નિર્માણ ઘોઘાના વતની દીપચંદ કલ્યાણજીએ કરાવ્યું છે. આ ઉપરાંત ઘોઘાના અનેક ભાવિકોએ જાજરમાન પદયાત્રાસંઘો યોજ્યા છે. આ છે ઘોઘાતીર્થના ઇતિહાસનું સ્વર્ણિમ સંક્ષિપ્ત દર્શન.

અને...હવે નિહાળીશું તીર્થાધિરાજ સૃષ્ટિશિરતાજ શ્રી શત્રુંજયગિરિરાજના ભક્તિરંગમઢ્યા સ્વર્ણિમ ઇતિહાસનું માત્ર એક પાવન પૃષ્ઠ. કારણ કે શત્રુંજય ગિરિરાજ તો ભક્તિ-સમર્પણ-શુદ્ધિ-સિદ્ધિના ઇતિહાસનો એવો અખૂટ ભંડાર છે કે એના માટે ઉક્તિ છે ''કહેતા નાવે પાર.'' આ અપાર અદ્ભુત ઇતિહાસ ધરાવતા શત્રુંજયગિરરાજ માટે ભક્તોની ભાવના-શ્રદ્ધા ય એવી અપાર છે કે જે કૈંક પ્રાચીન-અર્વાચીન કૃતિઓમાં હૈયે વસી જાય એ રીતે ઝળહળે છે. હમણાં આ લખાઇ રહ્યું છે

ત્યારે જ અમારા કર્ણપટલ પર પદયાત્રાસંઘના કાર્યક્રમમાં ગવાઇ રહેલ ભક્તિગીતના આ શબ્દો સંગીતસૂરાવલિ સાથે પ્રસરી રહ્યા છે કે :-

**મારાં ભાગ્ય ખૂલ્યા મારાં પાપો હર્યા,**
**આ ભરતક્ષેત્રમાં જન્મ થયો,**
**ને પરમપવિત્ર શાશ્વતતીર્થ,**
**શ્રી શત્રુંજયનો સ્પર્શ થયો;**
**એના કણકણમાં હર રજકણમાં,**
**અનંતા જીવો તરીયા રે,**
**જ્યાં વારે વારે આદિપ્રભુએ,**
**પાવન પગલા કરીયા રે..**

આ શબ્દોમાં ઝળહળતી ભક્તિને વૃત્તિ-પ્રવૃત્તિમાં ઝળહળતી નિહાળવી છે? તો વાંચો આ ભક્તિછલકતી ગિરિરાજઘટના :

સમગ્ર ભારતવર્ષના જૈન સંઘનું નેતૃત્વ જેમની પાસે હતું તે અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈ. પિતાનું તાજું મૃત્યુ થયું હતું અને યુવાન વયની એક માત્ર બહેનના લગ્ન કરાવવાના બાકી હતા. યુવાન નગરશેઠે બહેનને પિતાની ગેરહાજરી જરા ય સાલે નહિ એવા ઠાઠથી અને લખલૂંટ ખર્ચથી બહેનના લગ્નનો નિર્ધાર કર્યો. લગ્નનાં આયોજનો એવાં થયાં કે શેઠની ધારણા સવાયી સાર્થક ઠરી. શેઠે માત્ર કરિયાવર-દાયજારૂપે એક-બે નહિ, પાંચસો પાંચસો ગાડા ભરાવ્યા. દરેક ગાડામાં એકેકથી ચડિયાતી ચીજ-વસ્તુઓ હતી. ભાઈનાં મનમાં હતું કે આ અપ્રતિમ ઉદારતાથી બહેન ખુશીથી ઝૂમી ઊઠશે. પરંતુ એવું કાંઈ બન્યું નહિ. બહેનના ચહેરા પર કોઈ પ્રતિભાવરેખા અંકિત ન થઈ.

વિસ્મયચકિત ભાઈએ બહેનને પૂછ્યું : ''ઊજમ ! હજુ કાંઈ તારે જોઈએ છે? તો બોલી જા. બધું જ થશે. મારી ભાવના માત્ર તારા રાજીપાની છે.'' ઊજમે કહ્યું : ''ભાઈ ! આ પાંચસો ગાડાનો કરિયાવર હોય કે ન હોય. એનાથી મને કાંઈ ફર્ક પડતો નથી. મારી ભાવના એક જ છે કે શત્રુંજયગિરિરાજ પર મારી અભિલાષા મુજબનું એક દેરાસર બને. તું એ કરી આપ તો હું રાજી રાજી.'' તત્ક્ષણ પ્રેમાભાઈ શેઠે પાંચસો એકમું ગાડું મંગાવ્યું. એના પર મોટા અક્ષરે લખાણ હતું : ''શત્રુંજયગિરિરાજ. ઊજમફઈનું દેરાસર.'' ઊજમફઈના ચહેરા પર સ્મિતનો સાગર લહેરાયો.

ઈતિહાસ ગવાહ છે કે એ પછી પ્રેમાભાઈ શેઠે તડામાર તૈયારીઓ સાથે શત્રુંજયગિરિરાજ પર ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું. ઊજમફઈની ભાવના અનુસાર, એમાં શાશ્વત નંદીશ્વરદ્વીપમાં જે રીતે જે જે પર્વતો-જિનાલયો છે તે રીતે તે તે પર્વતો-જિનાલયો રચાવાયા. એટલે કે એક અંજનગિરિ-ચાર દધિમુખ પર્વત-આઠ રતિકર પર્વત મળી એક દિશામાં તેર પર્વત-તેર જિનાલયો સર્જાયા અને એ જ પદ્ધતિએ અન્ય ત્રણ દિશામાં મળી કુલ બાવન પર્વત-બાવન જિનાલયનાં નિર્માણ થયા! શત્રુંજયગિરિરાજ પર નવ ટૂંક પૈકી છટ્ઠી ટૂંકરૂપે શોભતું આ જિનાલય 'ઊજમફઈની ટૂંક' અથવા 'નંદીશ્વર ટૂંક' રૂપે પ્રસિદ્ધ છે. આ લખાય છે એના બે દિવસ પૂર્વે અમે શત્રુંજયગિરિરાજ પરની, આ શાસ્ત્રકથિત બાવનજિનાલયનો સાક્ષાત્કાર કરાવતી, એ ટૂંકની ચૈત્યવંદના-યાત્રા કરી છે.

અંતે, શ્રી શત્રુંજયગિરિરાજસંબંધી ઈતિહાસના આ સ્વર્ણિમ પૃષ્ઠનું સમાપન કરતાં એ જ ગાઈશું કે :-

ભવસાગર તરવાને કાજે ગિરિવર નૈયા છે...
શાશ્વતગિરિનાં દર્શન કરતાં હર્ષિત હૈયાં છે...

✿ ✿ ✿



29

# ઘોઘા-શત્રુંજય મહાતીર્થ સંઘ પ્રસંગે 'સમુદ્ર-વહાણ સંવાદ' ગ્રન્થની પ્રેરણાપ્રસાદી તથા 'પુણ્ય-પાપની બારી'નો ઈતિહાસ

પોતાના પરમ શ્રદ્ધાકેન્દ્ર ભગવાનના વિશિષ્ટ સ્થાનોની–તીર્થોની યાત્રા કરવાની પદ્ધતિ લગભગ દરેક ધર્મોમાં નિહાળવા મળે છે : પછી એ ધર્મ જૈન હો, હિંદુ હો, મુસ્લીમ હો કે ખ્રીસ્તી હો. પરંતુ જૈન ધર્મની શાસ્ત્રીય શૈલીની યાત્રા એવી છે કે એની વિશિષ્ટતા ઊડીને આંખે વળગે તેવી બની રહે અને 'યાત્રા' શબ્દની નિરુક્ત વ્યાખ્યાને અક્ષરશઃ સાર્થક કરે. સંસ્કૃત ભાષાનુસાર 'યાત્રા' શબ્દની એક નિરુક્ત વ્યાખ્યા આ છે કે ''या त्रायते पापात्  सा यात्रा'' મતલબ કે જે પાપોથી બચાવે તેનું નામ છે યાત્રા.

આ અર્થના સંદર્ભમાં જૈન ધર્મની શાસ્ત્રીય શૈલીની યાત્રા એકદમ Perfact પુરવાર થાય છે. એ યાત્રામાં કુલ છ નિયમો એવા છે કે જેમાં અંતે 'રી' અક્ષર આવે. આથી એને છ'રી'પાલક યાત્રા કહેવાય છે. આ તમામ નિયમો યાત્રિકને પાપોથી દૂર રાખનાર–બચાવનાર છે. આપણે એ પૈકી માત્ર એક જ નિયમ

ઉદાહરણરૂપે નિહાળીએ તો તે છે 'બ્રહ્મચારી.' મતલબ કે તીર્થયાત્રા દરમ્યાન યાત્રિકે વાસનાઓથી-વિકારોથી બચીને બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરવું જોઇએ. સાર એ થયો કે આ નિયમ યાત્રિકને વાસનાજન્ય પાપોથી બચાવે છે. આવું દરેક નિયમોમાં છે.

હાલમાં અમે જૈન ધર્મના સર્વોચ્ચ મહાતીર્થ શત્રુંજયગિરિરાજના વિવિધ છ'રી'પાલક યાત્રાસંઘોમાં છીએ. આ પૂર્વે અલગ અલગ તીર્થ સ્થાનોથી શત્રુંજયમહાતીર્થના ત્રણ યાત્રાસંઘો પરિપૂર્ણ કરી ચૂક્યા છીએ. એ દરેક સંઘો સમયે પ્રારંભસ્થાનના તીર્થનો અને શત્રુંજયતીર્થાધિરાજનો મહિમા આવરી લેતા લેખો આ વિભાગમાં પ્રકાશિત થયા છે. તેમાં ત્રીજો યાત્રાસંઘ ઘોઘાતીર્થથી શત્રુંજયગિરિરાજનો હતો અને તેમાં ઘોઘાતીર્થમંડન નવખંડા પાર્શ્વપ્રભુના ઈતિહાસની પ્રસ્તુતિ થઇ ચૂકી હતી. હવે આ ચોથો યાત્રાસંઘ પણ ઘોઘાતીર્થથી શત્રુંજયમહાતીર્થનો છે. તેથી આજે પ્રભુના ઈતિહાસની પુનરુક્તિ કરવાના બદલે ઘોઘાતીર્થ સાથે સંલગ્ન એક કાવ્યગ્રન્થની બે-ત્રણ ઉપદેશાત્મક ઝલકો અને શત્રુંજયમહાતીર્થ સંબંધિત ઐતિહાસિક ઘટનાનું નિરૂપણ આ લેખમાં કરીશું.

ઘોઘાતીર્થ સાથે સંલગ્ન એ ગ્રન્થ આજથી ત્રણસો ચોસઠ વર્ષ પૂર્વે ઘોઘામાં રચાયો છે. એના સર્જક છે સમર્થ શાસ્ત્રકાર ન્યા.ન્યા. મહોપાધ્યાય શ્રી યશોવિજયજીગણિવર. ગ્રન્થનું નામ છે **'સમુદ્ર-વહાણ સંવાદ'**. વાત એમ હતી કે આજની જેમ જ તે કાળે પણ ઘોઘાતીર્થના જિનાલય-ઉપાશ્રય એકદમ સમુદ્રતટે હતા. ઉપાશ્રયમાં રહ્યા રહ્યા સમુદ્ર અને એમાં મહાલતા વહાણો નિહાળી શકાય. બસ, આ દૃશ્યો વારંવાર નિહાળીને વિ.સં.૧૭૧૭ના ચાતુર્માસમાં તેઓએ બસો છ્યાશી કડીનો આ કલ્પનાસભર ગ્રન્થ રચ્યો. એમાં સમુદ્ર અને વહાણ વચ્ચેના કાલ્પનિક સંવાદ દ્વારા અહંકારત્યાગનો ઉપદેશ બહુ રસપ્રદ રીતે અપાયો છે. આવો, આપણે એ કાવ્યગ્રન્થ નમૂનારૂપ ઝલકો સંક્ષેપમાં નિહાળીએ :

સાગરને પોતાની અફાટ જલરાશિનો અહંકાર હતો, તો પોતાની ભીતરમાં રહેલ રત્નરાશિનું પણ જબ્બર અભિમાન હતું. આ અને આવાં સાચાં-ખોટાં

કારણોનો અહંકાર સાગર વહાણને સંભળાવી રહ્યો હતો ત્યારે વહાણે ખૂબ ઠાવકાઈથી સમુદ્રને કહ્યું કે તમે ચાહે તેવા ગુણવાન હો, તો પણ એ ગુણોનો-વિશેષતાઓનો મદ-અહંકાર કરવો યોગ્ય નથી. વહાણના મુખે ગ્રન્થકાર આ પંક્તિ બોલાવે છે કે **''તો પણ ગુણમદ કરવો, તુમને નવિ ઘટે રે.''** આ પંક્તિનાં માધ્યમે ગ્રન્થકાર એ સમજાવે છે કે ગુણ હોય-વિશેષતા હોય તો પણ વ્યક્તિએ એના અહંકારથી દૂર રહેવું જોઇએ. જેઓ પોતાના ગુણોની પ્રશંસા સાંભળી ગર્વોન્નત તો ન થાય, બલ્કે લઘુતાથી-નમ્રતાથી શરમ-સંકોચ અનુભવે તેમની ગુણપ્રશંસા સ્વયમેવ કેવી અદ્ભુત વિસ્તરે એનું મસ્ત નિરૂપણ કરતા વહાણ કહે છે કે :-

**જે નિજ ગુણસ્તુતિ સાંભળી, શિર નીચું ધરે રે;**
**તસ ગુણ જાયે ઊંચા, સુરવરને ઘરે રે...**

પોતાની પ્રશંસા-મહત્તા સર્જાતી હોય ત્યારે જેઓ નમ્રતાવશ શરમ અનુભવે-નીચી નજર કરે એમનો યશ આપોઆપ અત્યંત વિસ્તાર પામે એ સમજાવવા ગ્રન્થકાર મજાની કલ્પના કરે છે કે એમનો યશ તો ઉપર દેવેન્દ્રોનાં આંગણાં સુધી-દેવલોક સુધી પહોંચી જાય! સાર આ નિર્દેશનો એ જ કે પોતાની પ્રશસ્તિ થાય ત્યારે વ્યક્તિએ નમ્ર બનવું જોઇએ, ગર્વિષ્ઠ નહિ. કેવી એ નમ્રતા હોય તે નિહાળવું છે? તો વાંચો આ હૃદયસ્પર્શી ઘટના :

રાજ્યનો નવાબ હતો મુસ્લિમ. પરંતુ ઉદારતામાં અને સંસ્કારમાં વિસ્મિત થઇ જવાય તેવો એ શિરમોર હતો. યાચકોને-કવિઓને દાન એ ખોબે ખોબે આપતો. એમાં ય વિશેષતા એ હતી કે દરેક દાન આપતાં નવાબની નજર નીચી જ રહે. અરે! દાન લેનારની સામે ય એ નજર ન માંડે. રખે ને અહંકાર આવી જાય તો? એક ચારણ કવિ નવાબની આ વિશેષતા નજરોનજર નિહાળી આફરીન થઇ ગયો. એણે નવાબને બિરદાવતા પંક્તિ રચી કે :-

**शीखी कहां नवाबने, ऐसी दैनी देन?**
**ज्यों ज्यों कर ऊंचो करे, त्यों त्यों नीचा नैन।।**

કવિએ પ્રશંસા માટે જ આ પ્રશ્ન કર્યો હતો કે હાથ અને નયન કાંઇ ત્રાજવાનાં પલ્લાં થોડાં છે કે હાથ ઊંચો થાય તેમ આંખો નીચી થાય? નવાબે આ પંક્તિમાં રહેલ પ્રશંસા પરખી લીધી અને પરાકાષ્ઠાની નમ્રતા દર્શાવતી નવી પંક્તિ રચી કે :-

देवनहारा और है, जो देवे दिन-रैन।
लोग भरम हम पर करे, ता ते नीचा नैन।

મતલબ કે આપવાવાળો તો કોઇ બીજો જ-ઉપરવાળો જ છે કે જે રાત-દિવસ આપવા માટે તત્પર છે. લોકો મને વ્યર્થ યશ આપે છે, માટે શરમથી મારાં નયન નીચા ઢળી જાય છે!

હવે વિચારીએ 'સમુદ્ર-વહાણ સંવાદ' ગ્રન્થની અન્ય ઉપદેશ પંક્તિઓ. ત્રીજી ઢાળના પ્રારંભિક બે દુહાઓમાં ગ્રન્થકાર સજ્જનસંસર્ગનો લાભ અને દુર્જનસંગનું નુકસાન સરસ ઉદાહરણો સાથે પ્રસ્તુત કરે છે કે ચન્દ્રની અંદર અંકિત હરણ ભલે મલિન-શ્યામ છે. પણ ચન્દ્ર જેવા ઉત્તમ તત્ત્વનો સંયોગ મળવાથી એ પણ રાત્રે પ્રકાશ રેલાવવામાં સહભાગી બને છે. આ છે સજ્જનસંગનો પ્રભાવ. એથી વિપરીત, શ્રીફળનું જલ ભલે મધુર-સરસ છે. પરંતુ એમાં જો કપૂર ભળે તો એ મૃત્યુનું કારણ બની જાય. શ્રીફળજલને ય નુકસાનકારક બનાવવામાં કારણ બને છે કપૂર. એ દુર્જનસંગના ખતરનાક પરિણામનો નિર્દેશ કરે છે. ગ્રન્થકારનાં ઉપરોક્ત નિરૂપણોની મજાની પંક્તિઓ આ છે કે :-

મેલો પણ મૃગ ચંદલે, જિમ કીજે સુપ્રકાશ;
તિમ અવગુણના ગુણ કરે, સજ્જનનો સહવાસ.
ગુણ કરતાં અવગુણ કરે, તે તો દુર્જન ક્રૂર;
નાલિકેરજલ મરણ કરે, જો ભેલિયે કપૂર.''

(-ઢાળ ૩. ગાથા ૪+૫)

હજુ એક ઔર ઉપદેશપંક્તિ નિહાળીએ. ઘણી વ્યક્તિઓ પોતાની ખામીઓ છાવરવા સંયોગો-સ્થાન વગેરે પર દોષારોપણ કરે છે. આવાઓને બોધપાઠ આપતા ગ્રન્થકાર લખે છે કે હંસ-સિંહ-ગજરાજ જ્યાં જાય ત્યાં મહત્ત્વ પામે છે એમ જે વ્યક્તિ સાધુ-સજ્જન સુશીલ હોય એ જ્યાં જાય ત્યાં મહિમા જ વરે. સ્થાન એમાં કોઇ અવરોધ લાવી શકે નહિ. ગ્રન્થકારના મસ્ત શબ્દો આ છે કે :-

હંસ-સિંહ-કરિવર કરે, જિહાં જાઇ તિહાં લીલ;
સર્વ ઠામિ તિમ સુખ લહે, જેહ છે સાધુ સુશીલ.

'આપ ભલા તો જગ ભલા' કહેવતને અનુરૂપ આ કેવી સચોટ પ્રસ્તુતિ છે!

હવે નિહાળીએ અઢળક અદ્ભુત ઇતિહાસોના અખૂટ ખજાનારૂપ તારક તીર્થાધિરાજ શત્રુંજયગિરિરાજની 'પુણ્ય-પાપની બારી'નો રસપ્રદ અને પ્રેરક ઇતિહાસ. આજે પણ ગિરિરાજના મુખ્ય શિખર પર વિદ્યમાન આ 'પુણ્ય-પાપની બારી'માં ઉત્તુંગ સાંઢણી પર સવાર શ્રેષ્ઠીનું શિલ્પ છે. 'સાંઢણીના બે પગ વચ્ચેથી જે નીકળી શકે તે પુણ્યશાળી અને ન નીકળી શકે એ પાપી' આવી લોકમાન્યતા-લોકવાયકા આ શિલ્પ સાથે સંલગ્ન હોવાથી એ 'પુણ્ય-પાપની બારી' સ્વરૂપે પ્રસિદ્ધ છે. પરંતુ એનો મૂળ ઇતિહાસ કાંઇક આવો છે :

આજથી આઠ શતાબ્દીઓ પૂર્વે પાટણ શહેરના મણિયાતીપાડામાં પ્રતાપદાસ નામે જૈન શ્રેષ્ઠી રહે. શેઠના બે નિયમો જગપ્રસિદ્ધ અને અફર હતા. એક, આજીવન બ્રહ્મચર્યવ્રત. અને બે, દરેક કાર્તિકી પૂર્ણિમાએ ચોવિહાર અટ્ઠમ સાથે સિદ્ધગિરિરાજયાત્રા. કાર્તિક શુદિ ચૌદશે સાંજે પ્રતિક્રમણ કરી એ જોજનવેગી સાંઢણી પર આરૂઢ થઇ પાટણથી નીકળે.

પૂનમે બપોર સુધીમાં એ અચૂક ગિરિરાજની ગોદમાં પહોંચી જઇ યાત્રા કરે. દાયકાઓ સુધી આ નિયમ અફર રહ્યો.

એમાં એક વર્ષ આવ્યું દુષ્કાળનું. કાળઝાળ ગરમી કાર્તિક માસમાં ય ત્રાટકી. પાટણવાસીઓએ શ્રેષ્ઠીને કહ્યું કે ''આ વર્ષે ચોવિહાર -અટ્ઠમ રહેવા દો. કાળ કપરો છે.'' પરંતુ વ્રતમાં હિમાલય શા અડગ શેઠ મક્કમતાથી ચોવિહાર અટ્ઠમ કરી ચૌદશે રાત્રે શત્રુંજયગિરિરાજ તરફ નીકળ્યા. કાળઝાળ ગરમીએ ભયંકર કસોટી કરી. સાંઢણી દર વર્ષની જેમ દોડી ન શકી. માંડ માંડ પૂનમે સાંજે એ ગિરિરાજ સુધી પહોંચી અને સખત થાક-તરસવશ શેઠ-સાંઢણી અને રબારી, ત્રણે ય ભવિતવ્યતાવશ ગિરિરાજની તળેટીએ મૃત્યુ વર્યા!

શેઠની દૃઢ ધર્મનિષ્ઠાની સ્મૃતિમાં ભાવિકોએ ગિરિરાજના મુખ્ય શિખર પર સાંઢણીસવાર શેઠનું આબેહૂબ શિલ્પ સર્જ્યું. એવું જ ચિત્ર પાટણમાં શેઠની હવેલીમાં અંકિત કરાયું. પાછળથી ભાવુકજનોએ ગિરિરાજ પરના શિલ્પની સાંઢણીના પગ વચ્ચેથી પસાર થવાની પદ્ધતિ સર્જી. એને નામ અપાયું પુણ્ય-પાપની બારી! અમે સિદ્ધગિરિ પર તો આ પુણ્ય-પાપની બારીનું શિલ્પ નિહાળ્યું જ છે. ઉપરાંત વિહારયાત્રામાં પાટણમાં શેઠની હવેલીએ જઇ એ ચિત્ર પણ નિહાળ્યું છે. આપણે પ્રતાપદાસ શેઠની દૃઢ ધર્મનિષ્ઠાને વંદન કરીએ અને એમની સ્મૃતિની આ પુણ્ય-પાપની બારી સંદર્ભે ટાંકીએ એક શાયરી કે :-

लाखो आते लाखो जाते, कोई नहि निशानी है।
जिसने कुछ करके दिखलाया, उनकी अमर कहानी है।

✿✿✿



30

# પાલિતાણામાં ભવ્ય શત્રુંજય-સૂર્યોદયધામ :
# પ્રભુની અને ગુરુની કૃપાને કોઇ કિનારા નથી હોતા

પરમતારક પરમાત્મા શ્રી તીર્થંકરભગવંતો માટે 'પંચસૂત્ર' નામે જૈન ગ્રન્થમાં એક મજાનું સૂત્ર છે કે ''अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो वीयरागा'' મતલબ કે પરમાત્મા અચિંત્ય શક્તિસંપન્ન છે. અચિંત્યનો અર્થ છે કલ્પના પણ ટૂંકી પડે તેવી.

પ્રભુનાં સામર્થ્યને દર્શાવતું જેમ આ વિશેષણ મળે છે, તેમ ગુરુદેવનાં સામર્થ્યને દર્શાવતી સરસ વિશેષતા 'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રન્થમાં મળે છે. ગુરુ માટે એ ગ્રન્થમાં પંક્તિ લખાઇ છે ''गुरुप्पसाया उ अट्ठसिद्धिओ.'' ભાવાર્થ કે ગુરુની કૃપાથી સામાન્ય જ નહિ, બલ્કે સંસારની સૌથી વિશિષ્ટ આઠ-આઠ સિદ્ધિઓ પણ પ્રાપ્ત થઇ શકે છે.

જૈન પરંપરામાં દેવ અને ગુરુને સર્વાધિક મહત્ત્વ અપાયું છે. એથી જ ત્યાં મોટામાં મોટી ધાર્મિક-આધ્યાત્મિક ઉપલબ્ધિઓમાં ય 'દેવ-ગુરુપસાય' જેવો શબ્દપ્રયોગ થાય છે. પ્રશ્ન એ થાય કે એ અચિંત્ય શક્તિનો અનુભવ કેવી રીતે

થાય? એકદમ સરલ ઉત્તર છે ભક્તિ અને સમર્પણથી. હજાર Voltage નો પ્રકાશ પાથરવાની ક્ષમતા ભલે એક Bulbમાં હોય. પરંતુ જગતને એ પ્રકાશનો અનુભવ ત્યારે થાય કે જ્યારે Switch On થાય. પ્રભુ અને ગુરુ હજાર Voltageના Bulbનાં સ્થાને જો છે, તો ભક્તિ અને સમર્પણભાવ Switch On કરવાની પ્રક્રિયાનાં સ્થાને છે. ભક્તિભાવ-સમર્પણભાવ વિકસ્વર બને એટલે પ્રભુકૃપા-ગુરુકૃપા વરસે જ. આ પ્રબુદ્ધ જનોનું મંતવ્ય છે.

અમે એ લખતાં રોમાંચ અનુભવીએ છીએ કે અમારા માટે આ મંતવ્ય માત્ર જાણકારીનો વિષય જ નહિ, બલ્કે છલોછલ અનુભૂતિનો વિષય રહ્યો છે. એટલે જ અમે આત્મશ્લાઘા માટે નહિ, બલ્કે તટસ્થતાથી એ જણાવીએ છીએ કે અન્યોને પ્રગતિ માટે જે બાબતોનું આકર્ષણ હોય છે તે બાબતોનું આકર્ષણ અમને નથી થતું. કોઇને જ્યોતિષનું આકર્ષણ હોય છે, કોઇને મન્ત્ર-તન્ત્રનું આકર્ષણ હોય છે; તો કોઇને શંખ-ગ્રહોના નંગ વગેરેનું આકર્ષણ હોય છે. અમને આવાં કોઇ તત્ત્વોનું આકર્ષણ નથી. છે માત્ર પ્રભુકૃપાનું અને ગુરુકૃપાનું આકર્ષણ. અમે માનીએ છીએ કે પ્રભુકૃપા-ગુરુકૃપા બાહ્ય અને અભ્યંતર, બન્ને પ્રકારની પ્રગતિ કરાવે છે. અભ્યંતર પ્રગતિ તો નિશ્ચિત કલ્યાણ કરાવે જ. એમાં મીનમેખ નથી. પરંતુ બાહ્ય પ્રગતિ ઘણી વાર અહંકાર વગેરે દૂષણો સર્જવા દ્વારા અકલ્યાણ પણ કરાવે. કિંતુ એક વાત સો ટકાનું સત્ય છે કે પ્રભુકૃપા-ગુરુકૃપાનાં કારણે સર્જાતી બાહ્ય પ્રગતિ ક્યારે ય અહંકાર વગેરે દૂષણો પ્રગટાવતી નથી. એ તો આસમાનની ઊંચાઇને આંબે તેવી બાહ્ય પ્રગતિ વચ્ચે ય વ્યક્તિને આ માનવા-બોલવા પ્રેરિત કરે કે 'દેવ-ગુરુપસાય.'

અમે આ 'દેવ-ગુરુપસાય'ની ભાવધારામાં અહીં લખીશું મુખ્યત્વે 'શત્રુંજય-સૂર્યોદયધામ'ના ઉદ્‌ગમની વાત. જૈનોના સર્વોચ્ચ તીર્થધામ શત્રુંજયગિરિરાજની છાયામાં પાલિતાણામાં અમારું ગત ચાતુર્માસ નેવું સંયમીભગવંતો સાથે થયું. આ ચાતુર્માસમાં સાતસો પચાસ આરાધકોની સામૂહિક ચાતુર્માસ આરાધના, ઉપધાનતપ, સામૂહિક નવાણુંયાત્રા અને ચાર-ચાર પદયાત્રાસંઘો પૂર્વનિર્ધારિત હતા. આ તમામ ધર્મકાર્યો તો પ્રભુ-ગુરુકૃપાથી અદ્‌ભુતસ્વરૂપે ઉત્કૃષ્ટ ઉલ્લાસપૂર્વક થયા જ. પરંતુ એ સિવાયનાં ચાર વિશિષ્ટ

ધર્મકાર્યો એવાં ય થયાં કે પાલિતાણામાં પ્રવેશસમયે જેનો કોઇ વિચારમાત્ર ન હતો.

એમાંનું પ્રથમ કાર્ય એટલે પવિત્રતમ સિદ્ધગિરિરાજ ઉપર બાબુના દેરાસરપરિસરમાં, અમારા તારક ગુરુદેવ દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના ગુરુમંદિરની પ્રતિષ્ઠા. આમ તો અત્યાર સુધીમાં તેઓના ગુરુમંદિરો ચોપન નક્કી થયા છે અને તે પૈકી આ પચાસમી ગુરુમૂર્તિપ્રતિષ્ઠા થઇ. પરંતુ આ પ્રતિષ્ઠા સિદ્ધગિરિરાજ પર થઇ એનો અમને સર્વાધિક આનંદ છે...બીજું કાર્ય થયું બે યુવામુમુક્ષુઓની દીક્ષાનું. ઓગણીશ વર્ષના શ્રીરાજકુમારની અને ત્રેવીશવર્ષીય કુ. ઋત્વીની દીક્ષા દોઢેક વર્ષ બાદ થાય તેવી ધારણા હતી. પરંતુ સિદ્ધક્ષેત્રની પુણ્યભૂમિમાં બન્નેના ચારિત્રભાવ તીવ્રતમ બન્યા અને સિદ્ધગિરિરાજ ઉપર જ બન્નેના દીક્ષામહોત્સવો થયા...ત્રીજું કાર્ય થયું પાંચમા પદયાત્રા સંઘનું. માત્ર અમારી નિશ્રાના જ નહિ, પાલિતાણાના આ વર્ષના તમામ સંઘોમાં શિરમોર બની રહે તેવો આ પદયાત્રા સંઘ ઉદારતા-વ્યવસ્થા-પ્રભાવના-ભક્તિ-પાલિતાણામાં પ્રવેશસ્વાગત વગેરે સર્વ બાબતોમાં ઉત્કૃષ્ટ હતો. એમાં બારસો નેવું તો યાત્રિકો હતા જેમાં Youngstersનું પ્રમાણ સૌથી વધુ હતું! તો સંઘપતિની ઉદારતા એવી અદ્ભુત હતી કે પ્રત્યેક યાત્રિકની એમણે કુલ રૂ.૨૮૦૦૦ની પ્રભાવનાભક્તિ કરી!

ચોથું અને મહાન ચિરઃસ્થાયી ધર્મકાર્ય એટલે 'શત્રુંજય-સૂર્યોદયધામ' નિર્માણ. અમે પાલિતાણાની પુણ્યભૂમિમાં પ્રવેશ કર્યો ત્યારે અંતરનાં એક ખૂણે આછો પણ કોઇ આવા ધર્મસંકુલનિર્માણનો વિચારમાત્ર ન હતો. અમારું લક્ષ્યાંક એ ચાતુર્માસમાં હતું માસક્ષમણ કરવાનું. પ્રભુ-ગુરુકૃપાથી, માસક્ષમણ કરવાનું લક્ષ્ય આસમાનને આંબવા જેવું હોવા છતાં સિદ્ધ થયું. માસક્ષમણ શરૂ થયું તે પૂર્વેથી લઇને માસક્ષમણ દરમ્યાન મુંબઇથી આવતા ભાવિકોનો અને ચાતુર્માસમાં સાથે વિરાજમાન શ્રમણીવૃંદોનો સતત તીવ્ર અનુરોધ રહ્યો કે 'આ સિદ્ધક્ષેત્રમાં સેંકડો ભાવિકો એક સાથે એક જ સ્થળે આરાધના કરી શકે તેવું ધર્મસંકુલ આપની પ્રેરણાથી થવું જ જોઇએ.' અમારું વિચરણ પાલિતાણા તરફ ખૂબ અલ્પ હોવાથી આ બાબતે અમારો પ્રતિસાદ મોળો હતો. પરંતુ જાણે કે પ્રભુકૃપા-ગુરુકૃપા આ

કાર્ય કરાવવા જ ઇચ્છુક-ઉત્સુક હોય તેમ માસક્ષમણના અટ્ઠાવીશમા ઉપવાસે એકાએક વિરાટ ભૂમિખંડની વાત આવી, પાંચ Minute માં અમારો નિર્ણય થયો અને ફક્ત એક કલાકમાં ભૂમિખંડ ખરીદાઇ પણ ગયો! પ્રસ્તાવિત ધર્મસંકુલનું નામ વિચારાયું 'શત્રુંજય-સૂર્યોદયધામ.'

બે દિવસ બાદ, સામૂહિક એકસો ત્રેવીશ માસક્ષમણોના ઐતિહાસિક પારણાસમારોહમાં રજૂ થયેલ લાભયોજનામાં લાભ લેવા ભાવિકોએ પડાપડી કરી. તે પછી દશ દિવસ જેટલા અલ્પ સમયમાં બે મોટા લાભો સાથે કુલ આયોજનનું પંચોતેર ટકા દાન તો ઘોષિત પણ થઇ ગયું. ધ્યાનાકર્ષક બાબત એ છે કે અટ્ઠાવીસમાં ઉપવાસે જ્યારે અચાનક આનો નિર્માણનિર્ણય થયો ત્યારે એક પણ લાભાર્થી પૂર્વનિશ્ચિત ન હતો. કેમ કે આવાં કોઇ આયોજનનો વિચારમાત્ર કે યોજનામાત્ર હતી જ નહિ. પછી ત્યારે લાભાર્થીની વાત જ ક્યાંથી હોય? આમ છતાં આ વિરાટ પ્રકલ્પનો મહદંશ લાભ માત્ર દશ દિવસમાં ભાવિકો લઇ લે એ ચોક્કસ અનરાધાર વરસતી પ્રભુકૃપાનું અને ગુરુકૃપાનું જ પરિણામ માની શકાય.

પર્યુષણામહાપર્વ બાદ ભાદરવા શુદિ અગિયારશના ભૂમિગ્રહણદિને, પાલિતાણામાં ચાતુર્માસસ્થિત તપાગચ્છીય મૂળ પરંપરાના તમામ પૂ. આચાર્યભગવંતોએ આ ભૂમિ પર પધારી ભૂમિગ્રહણવિધિમાં નિશ્રા આપવાપૂર્વક વાસક્ષેપવિધાન કર્યું, નૂતન વર્ષના કાર્તિક શુદિ ત્રીજે સંકુલનું ભૂમિપૂજન-ખનનવિધાન થયું અને માગશર શુદિ ત્રીજે આ જ ભૂમિખંડ પર સાડા ત્રણ હજાર ભાવિકોની ઉપસ્થિતિમાં ઉપધાનતપ-માળારોપણ સમારોહમાં ત્રિશિખરીય ભવ્ય જિનાલયના શિલાન્યાસની ભવ્ય ઉછામણીઓ થઇ. આ ધર્મસંકુલના તમામ વિભાગોની કુલ એકસો ત્રેપન શિલાઓનો સ્થાપનાસમારોહ પોષ વદિ-તેરશ, તા.૨૭ જાન્યુઆરીએ પંદરસો ભાવિકોની

ઉપસ્થિતિમાં શાનદાર સ્વરૂપે યોજાયો છે. એ જ દિવસે અમે ઘોઘાતીર્થથી શત્રુંજયમહાતીર્થના પદયાત્રા સંઘ સાથે ધર્મસંકુલની ભૂમિ પર પદાર્પણ કરીશું.

આ વિરાટ ધર્મસંકુલમાં ઉચ્ચતમ મકરાણા સંગેમરમરીય ત્રિશિખરીય કલાત્મક જિનપ્રાસાદનું નિર્માણ થશે. તેમાં મુખ્ય ગર્ભગૃહમાં એકાવન ઇંચના ભવ્ય આદીશ્વરદાદા અને આસપાસના બે ગર્ભગૃહમાં એવા જ વિશાલ નેમિનાથદાદા તથા શંખેશ્વરપાર્શ્વનાથદાદા પ્રતિષ્ઠિત થશે. આ ઉપરાંત અન્ય પ્રભુજીઓ-અમારા બન્ને દિવંગત ગુરુદેવોના ગુરુમંદિરો - અધિષ્ઠાયક કુલિકાઓ અને સિદ્ધગિરિરાજનાં પાંચે ય ચૈત્યવંદનોના આલંબનો, જિનપ્રાસાદ તથા તેના પરિસરમાં પ્રતિષ્ઠિત થશે. શ્રમણ-શ્રમણીભગવંતોની સ્થિરતા માટેના બે સ્વતંત્ર આલીશાન ઉપાશ્રયો, જયપુરી રાજમહેલની યાદ અપાવે તેવા કુલ એકસો ચોર્યાશી ખંડોના પાલિતાણાના સૌથી વિરાટ અતિથિભવનો, વૃદ્ધ-ગ્લાન શ્રમણીભગવંતોની સંપૂર્ણ વૈયાવચ્ચયુક્ત શ્રમણીશાતાધામો, અદ્યતન ભોજનશાળા, કાયમી આયંબિલશાળા, સરસ્વતીસદન, બન્ને દિવંગત ગુરુવર્યોનું જીવનદર્શન કરાવતી અદ્યતન Art Gallery વગેરે યુક્ત આ સંકુલનું નિર્માણ એ રીતે થશે કે એક સાથે આઠસો યાત્રિકો-આરાધકો આ સંકુલમાં આરાધના કરે તો પણ મંડપ વિના જ નિવાસ-ભોજન-પ્રવચન થઈ શકે. જો એમણે વિશેષ સમારોહ કરવો હોય તો મંડપ માટે ચૌદ હજાર ફુટનું ખુલ્લું મેદાન પણ આ જ સંકુલમાં છે. 'દેવ-ગુરુપસાય'ની વિચારધારા-ભાવધારા કેવા ઉત્તમ બાહ્ય પરિણામો પણ પ્રગટાવે એની પ્રતીતિ આ શત્રુંજય-સૂર્યોદયધામની ઉદ્‌ગમકથા-ઉન્નતિકથા કરાવી જાય છે.

**'દેવ-ગુરુપસાય'**ની ભાવધારાના બાહ્ય અર્થાત્ નજરે નિહાળાતા અમારાં જીવનના પરિણામોમાં (૧)

માસક્ષમણ, ચોવિહાર છટ્ઠ સહિત સાત યાત્રા, વર્ષીતપ જેવી અમારી શારીરિક ક્ષમતા સંદર્ભની અશક્ય તપશ્ચર્યાઓ (૨) ધર્મધામ નાગેશ્વર તીર્થ, ધર્મ-સૂર્યોદયધામ-જીરાવલાપાર્શ્વતીર્થ, શત્રુંજય યુગાદિદેવ દિવ્ય-વસંતધામતીર્થ, શંખેશ્વર-સૂર્યોદયધામતીર્થ, અન્ય વિહારધામો તેમજ વિવિધ સંઘોમાં સંપૂર્ણ જીર્ણોદ્ધારો-નૂતન જિનાલયો-ઉપાશ્રયો આદિ અને (૩) બન્ને ગુરુદેવો સંબંધી ગ્રન્થપ્રકાશનો ગણી શકાય. એ પૈકી એક ઉલ્લેખ કરવો છે **'યુગદિવાકર' મહાગ્રન્થ તથા 'તમે સૂરજ થઇને ચમક્યા' મહાગ્રન્થનો.**

અમારા ઉત્કટ શ્રદ્ધાકેન્દ્ર પરમ ગુરુદેવ યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજનો જીવનગ્રન્થ અમારા માટે બાળવયથી જીવનસ્વપ્ન સમો હતો.

સોળ વર્ષની વયે મુંબઇ-ચેમ્બુરતીર્થમાં તેઓની સમાધિભૂમિ પર પ્રાર્થના કરી હતી કે ''ગુરુદેવ! જીવનમાં બીજું એકે ય પુસ્તક ન લખી શકું તો ચાલશે. પરંતુ આપનો જીવનગ્રન્થ તો લખાવજો જ.'' સચ્ચાઇભરી એ પ્રાર્થનાએ ગુરુકૃપા એવી વરસાવી કે પરમગુરુદેવની જન્મશતાબ્દી પ્રસંગે વિશાલ કદનો સાતસો પેજનો દલદાર એ 'અથેતિ' જીવનગ્રન્થ આલેખાયો-પ્રકાશિત થયો. અમારા કુલ એકસો નવ પુસ્તકોમાં આ **'યુગદિવાકર'** ગ્રન્થ અને ગુરુદેવશ્રીનો તેટલો જ વિરાટ **'તમે સૂરજ થઇને ચમક્યા'** મહાગ્રન્થ અમારા માટે લેખનક્ષેત્રે 'દેવ-ગુરુ પસાય'ની સર્વોત્તમ-સર્વશ્રેષ્ઠ ઉપલબ્ધિ છે.

આ બાહ્ય ઉપરાંત દોષનાશ-ગુણવિકાસના અભ્યંતર અને ઉત્તમ આત્મકલ્યાણકર લાભો 'દેવ-ગુરુપસાય'ની ભાવધારાથી થાય છે એ અલગ. આ જ ભાવધારામાં સમાપન કરતા અમે એ જ કહીશું કે :-

**''प्रभुकृपासे गुरु मीले... गुरुकृपासे प्रभु मीले...''**

✿ ✿ ✿

# વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટના 215 પુસ્તકોની સૂચિ

## પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

## પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૧) ધર્મવાણી
(૨) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૩) શ્રદ્ધાનું સંગીત
(૪) પર્યુષણાની પાવન પ્રેરણા
(૫) જીવનનું ઝવેરાત
(૬) પજુસણ આવ્યાં રે..
(૭) પગલું પડે તો પંથ ખૂલે
(૮) વન્દના...પાપનિકન્દના
(૯) રેતીમાં મોતી
(૧૦) રણ બને ઝરણ
(૧૧) મેઘધનુષ
(૧૨) દિવ્યધામ દર્ભાવતી
(૧૩) માયાનાં મૃગજળ
(૧૪) નમામિ વીરમ્
(૧૫) શ્રુતસૌરભ
(૧૬) શૂલ વચ્ચે ફૂલ
(૧૭) જીવન બને ઉપવન
(૧૮) આંખ ફરે અંતર ઠરે
(૧૯) પાઠશાળા પ્રવેશિકા
(૨૦) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૨૧) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૨૨) कथा-कल्पवल्लि: (संस्कृत)
(૨૩) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૨૪) દર્શનં મોક્ષસાધનમ્
(૨૫) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૨૬) સ્વાતિનાં મોતી
(૨૭) પ્રેરણાનાં પુષ્પો
(૨૮) આવો આરાધના કરીએ
(૨૯) તમે મન મૂકીને વરસ્યા
(૩૦) सुगंध (हिन्दी)
(૩૧) નવપદ ધરજો ધ્યાન
(૩૨) દીવડો ધરો ...તિમિર હરો
(૩૩) સૌરભ
(૩૪) હૈયાના હસ્તાક્ષર
(૩૫) અંતરજ્યોત
(૩૬) મયૂરપંખ
(૩૭) વંદન હોજો વાર હજાર
(૩૮) પ્રેરણાદીપ
(૩૯) આદર્શોનું અમૃત
(૪૦) પાનું ફરે ...સોનું ઝરે ...
(૪૧) ધર્મધારા
(૪૨) ધર્મસિન્ધુ
(૪૩) યુગદિવાકર મહાગ્રન્થ
(૪૪) વિમલાચલ-વન્દના
(૪૫) ધર્મસેતુ
(૪૬) હૈયે કરજો વાસ
(૪૭) મોતીની ખેતી
(૪૮) અમૃતનો આસ્વાદ
(૪૯) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૫૦) ખૂશ્બુનો ખજાનો
(૫૧) એક મૂઠી મોતી
(૫૨) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૫૩) ભીતર દીવા હજાર
(૫૪) વન થી વૃંદાવન
(૫૫) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૫૬) હયાતિના હસ્તાક્ષર
(૫૭) હસતા અક્ષર
(૫૮) માનસરોવરનાં મોતી
(૫૯) અજવાળાના અવતરણ
(૬૦) દરવાજે દસ્તક
(૬૧) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૬૨) અમૃતનું આચમન
(૬૩) વ્રત ધરીએ...ભવ તરીએ
(૬૪) મહામાનવ મોતીશાહ
(૬૫) પ્રેરણાનો પયગામ
(૬૬) પ્રેરણાના પારિજાત
(૬૭) પ્રેરણાનો પરાગ
(૬૮) પ્રેરણાની પરબ
(૬૯) પ્રેરણાનું પંચામૃત
(૭૦) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૭૧) ચાલો શિખરજી જઈએ
(૭૨) ઝાકળભીનો ઉજાસ
(૭૩) હૃદયદીપ
(૭૪) સુખનું સરનામું
(૭૫) સુખના સૂરજમુખી
(૭૬) અમૃતની અંજલિ
(૭૭) નંદનવનનાં પુષ્પો
(૭૮) તિમિરથી તેજ
(૭૯) પરમને પ્રાર્થના
(૮૦) મંદિર પધારો સ્વામી ! સલૂણાં
(૮૧) તમે સૂરજ થઈને ચમક્યાં મહાગ્રન્થ
(૮૨) મહેંક માર્ગાનુસારિતાની ...
(૮૩) વિચારસેતુ
(૮૪) આનંદનું એવરેસ્ટ
(૮૫) વાસંતી વાયરા
(૮૬) ભવ આલોચના
(૮૭) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૮૮) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૮૯) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૯૦) જ્યોત
(૯૧) વૈભવ
(૯૨) સુગંધનું સરનામું
(૯૩) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૯૪) અક્ષરના દીવા
(૯૫) ઉદ્યોત
(૯૬) સાહિબ ! તમે મારા છો
(૯૭) રત્નકિરણ
(૯૮) ઉન્મેષ
(૯૯) દૃષ્ટાંતદર્પણ
(૧૦૦) અહો ! માસક્ષમણમ્
(૧૦૧) ગિરિરાજ ગુંજન
(૧૦૨) 'અમૃતવેલ'ની આનંદયાત્રા
(૧૦૩) ગૌરવ
(૧૦૪) પર્યુષણાનો પયગામ
(૧૦૫) મહેંક
(૧૦૬) પ્રમોદ પમરાટ
(૧૦૭) પ્રમોદ પરિમલ
(૧૦૮) પ્રસ્તાવના પમરાટ
(૧૦૯) પ્રસ્તાવના પરિમલ
(૧૧૦) પાથેય (આગામી)
(૧૧૧) નજરાણું (આગામી)
(૧૧૨) બોજ વિનાનો બોધ (આગામી)
(૧૧૩) ઉજાસ (આગામી)
(૧૧૪) સૂર (આગામી)
(૧૧૫) 'ધર્મરત્ન'નો ઝળહળાટ (આગામી)
(૧૧૬) ઐશ્વર્ય (આગામી)
(૧૧૭) માસક્ષમણની મહાસફર (આગામી)

## પૂ.આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧) नमामि नित्यं गुरुधर्मसूरिम् (संस्कृत)
(૨) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૩) प्रसंगपुष्पाञ्जलि: (संस्कृत)
(૪) ચિંતનની ચાંદની
(૫) મનનનાં મોતી
(૬) Treasure of Qualities
(૭) સૂર્યોદયનું સૌંદર્ય
(૮) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૯) Entity of Supremacy
(૧૦) Bharat Chakravarti
(૧૧) Karma
(૧૨) A Step towards purity-I (આગામી)
(૧૩) A Step towards purity-II (આગામી)
(૧૪) A Step towards purity-III (આગામી)
(૧૫) प्रेरणाप्रपा (આગામી)
(૧૬) પ્રેરણાસેતુ (આગામી)

## પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી પ્રકાશિત ઈંગ્લીશ સાહિત્ય

૧ થી ૬૧ પુસ્તકો

આ ઉપરાંત પૂજ્યશ્રીના સંયમસુવર્ણવર્ષે નવા 50 પુસ્તકોના પ્રકાશનો સાથે ટ્રસ્ટની કુલ પ્રકાશન સંખ્યા 265 થશે.